# અંકશાસ્ત્રદર્શન


| પ્રકરણ | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | કબાલા અને અંકશાસ્ત્ર | ૧–૮ |
| ૨. | મુખ્ય અને મિશ્ર અંકો | ૯–૧૧ |
| ૩. | અંક–૧ અને તેના મિશ્ર અંકો કે અષ્ટકો | ૧૨–૧૮ |
| ૪. | અંક–૨ અને તેના મિશ્ર અંકો કે અષ્ટકો | ૧૯–૨૬ |
| ૫. | અંક ૩ અને તેના ,, ,, ,, | ૨૭–૩૫ |
| ૬. | અંક–૪ અને તેના ,, ,, ,, | ૩૬–૪૩ |
| ૭. | અંક-૫ ,, ,, ,, ,, | ૪૪–૫૧ |
| ૮. | અંક–૬ ,, ,, ,, ,, | ૫૨–૫૯ |
| ૯. | અંક–૭ ,, ,, ,, ,, | ૬૦–૬૮ |
| ૧૦. | અંક–૮ ,, ,, ,, ,, | ૬૯–૭૬ |
| ૧૧. | અંક–૯ ,, ,, ,, ,, | ૭૭–૮૬ |
| ૧૨. | નામ અને નામાંક | ૮૭–૯૮ |
| ૧૩. | જન્મ તારીખ અને જન્માંક કે જીવનપંથ | ૯૯ ૧૦૪ |
| ૧૪. | આશ્ચર્યકારક છતાં ય સત્ય ? | ૧૦૫–૧૧૭ |
| ૧૫. | અંક ૧, ૨, ૪ અને ૭ વિષે વિશેષ | ૧૧૮–૧૨૦ |
| ૧૬. | અંક ૪ અને અંક ૮ | ૧૨૧–૧૩૨ |
| ૧૭. | ૧૩ના અંકની વધારે પડતી બીક | ૧૩૩–૧૩૭ |
| ૧૮. | નામાંક, જન્માંક અને અપનાવેલું નામ | ૧૩૮–૧૪૬ |
| ૧૯. | જન્મવર્ષ, જન્મવર્ષાંક અને યાદગાર વર્ષો | ૧૪૭–૧૬૪ |
| ૨૦. | વર્ષના નવ વિભાગો વગેરે | ૧૬૫-૧૭૬ |

| | | |
|---|---|---|
| ૨૧. | સાર્વત્રિક દિવસો, મહિનાઓ અને વર્ષો | ૧૭૭–૧૮૮ |
| ૨૨. | અંગત દિવસો, માસ અને વર્ષો. | ૧૮૯–૨૦૬ |
| ૨૩. | તમારા માટે પડકાર કે ચેલેન્જ | ૨૦૭–૨૧૭ |
| ૨૪. | કર્મપાઠ અને કુદરતી શક્તિઓ | ૨૧૮–૨૨૩ |
| ૨૫. | પરાકાષ્ઠાઓ કે સર્વોચ્ચ શિખરો | ૨૨૪–૨૩૧ |
| ૨૬. | ભાગ્યનો પિરામિડ | ૨૩૨–૨૩૫ |
| ૨૭. | પૂર્ણ જન્મતારીખના અંકોના અર્થ | ૨૩૬–૨૪૩ |
| ૨૮. | નામના પ્રથમ અક્ષર ઉપરથી ભાવિકથન | ૨૪૪–૨૬૧ |
| ૨૯. | મૂળ અંકો અને રોગ | ૨૬૨–૨૬૮ |
| ૩૦. | ભાગ્યપ્રવાહ અને ભાગ્યચક્રો | ૨૬૯–૨૭૬ |

તમારી જન્મ તારીખ, જન્મ માસ, જન્મ વર્ષ અને તમારા નામ અને સહી ઉપર તમે તમારો સ્વભાવ, ગુણધર્મો, ઉણપો અને ભવિષ્ય સહેલાઈથી જાણી શકશો. જ્યોતિષની માફક અઘરા ગણિતની જરૂર પડતી નથી. તમે તમારો સારો અને ખરાબ સમય, સારા અને નરસા દિવસો તથા વર્ષો, કોની સાથે પ્રેમ લગ્ન કે ભાગીદારી કરવાથી લાભ કે નુકસાન થશે, તબિયતમાં ક્યારે અને કેવી જાતના સારા-નરસા ફેરફારો થશે વગેરે જાણી શકશો કોઈ અગત્યના કામ માટેની મુલાકાત, ઇન્ટરવ્યુ તથા ઉપરી અધિકારી સમક્ષ પ્રમોશન વગેરેની માગણી ક્યા સમયે નક્કી કરવી તે પણ તમે જાણી શકશો. તમારા માટે ક્યા સ્થળો, શહેરો અને સંસ્થાઓ ભાગ્યશાળી કે ભાગ્યહીન છે તે પણ સહેલાઈથી જાણી શકાશે.

# અર્પણ

સરળ, નિખાલસ, ભોળા તથા સેવાભાવી સ્વભાવના મારા પૂજ્ય પિતાશ્રી પૂનમભાઈ નાગરભાઈ પટેલને

હરહંમેશ કામમાં મગ્ન રહેતાં; સ્નેહાળ તથા ત્યાગમૂર્તિ પૂજ્ય માતુશ્રી સ્વર્ગસ્થ ઝવરબા પૂનમભાઈ પટેલને

તથા

વ્યવહારકુશળ હોવાથી મારો કૌટુમ્બિક અને સાંસારિક બોજો સારા પ્રમાણમાં ઊઠાવી લઈને મને મારા અભ્યાસ અને લેખનકાર્યમાં પરોક્ષ રીતે મદદ કરનાર મારી પત્ની અ. સૌ. કાન્તાબેન રણછોડભાઈ પટેલને

બ્લોક નં. ૩, પ્રોફેસર્સ બ્લોક્સ રણછોડભાઈ પુનમભાઈ પટેલ
વલ્લભ વિદ્યાનગર (જિ. ખેડા)
તા. ૧૧-૧૧-૧૯૭૨

# પ્રસ્તાવના

જ્યોતિષશાસ્ત્રમાં કુંડળી વગેરે બનાવતાં અને દશાની ગણતરી ગણિતની સારી એવી જરૂર પડે છે. તદુપરાંત જ્યોતિષમાં માટે અનેક મતમતાંતરો હોવાથી ફળકથન કરવું ઘણું જ કઠિન બની જાય છે. હસ્તરેખાશાસ્ત્રમાં જીવનના મહત્વના બનાવોની ચોક્કસાઈથી આગાહી કરવી કઠિન છે. અને આ બાબતમાં અંકશાસ્ત્ર (Numerology) ની મદદ ઘણી જ ઉપયોગી થઈ પડે છે. મહાન જ્યોતિષી અને હસ્તરેખાશાસ્ત્રી કીરો (Cheiro) પણ ભવિષ્યકથન માટે અંકશાસ્ત્રનો ઉપયોગ કરતા હતા. જ્યોતિષ અને હસ્તરેખા શાસ્ત્ર કરતા અંકશાસ્ત્ર ઘણી જ સહેલાઈથી શીખી શકાય છે. સામાન્ય ગણિત આવડતું હોય અને નવીન વસ્તુ શીખવાનો શોખ અને ઉત્સાહ હોય તો કોઈ પણ વ્યકિત અંકશાસ્ત્રમાં જરૂર પ્રવીણ બની શકે છે. આ શાસ્ત્ર શીખ્યા પછી વાંચકો પોતાનું તથા પોતાના મિત્રો અને સગાસંબંધીઓનું ચરિત્ર, સ્વભાવ, ઉણપો અને ભવિષ્યકથન સહેલાઈથી જાણી શકશે. તેઓ તેમનો સારો અને ખરાબ સમય, કોની સાથે પ્રેમ, લગ્ન કે ભાગીદારી કરવાથી લાભ થશે તબિયતમાં કયારે અને કેવી જાતના સારાનરસા ફેરફાર થશે ત
ઇન્ટરવ્યુ, મુલાકાત, પ્રમોશન વગેરે માટેના યોગ્ય અને શુભ સ
જાણી શકશે. કયાં સ્થળો અને કઇ સંસ્થાઓ તેમના માટે ભ
શાળી કે ભાગ્યહીન બનશે તે પણ જાણી શકાશે.

પ્રાચીન સમયમાં ભારતમાં અંકશાસ્ત્ર સારી રીતે
હશે તે ચોક્કસ છે, કારણ કે કેરલ પ્રશ્ન જ્યોતિષ અને સ્વ
શાસ્ત્ર ઘણા પુરાણા સમયથી પ્રચલિત છે અને તેમાં અંક
સારા પ્રમાણમાં ઉપયોગ થયેલો છે. પશ્ચિમના અંકશાસ્ત્રના
જેવા કે કીરો. સેફ્રીઅલ વગેરે પણ તેમના પુસ્તકોમાં
છે કે તેઓ જ્યોતિષ, અંકશાસ્ત્ર વગેરે ગૂઢ વિદ્યાઓ ભા
પાસેથી શીખ્યા હતા. પણ અર્વાચીન સમયમાં ભારતમાં
વિકાસ નહિવત્ છે તેમ કહીએ તો ખોટું નથી. કેરલ પ્ર

અને સ્વરોદયશાસ્ત્ર તો ઘણાં જ જૂનાં છે અને તેમાં આપણે સંશોધન કરીને ઉમેરો કરી શકયા નથી. આધુનિક સમયમાં પશ્ચિમમાં આ શાસ્ત્રનું ઘણું જ ખેડાણ થયેલું છે. પશ્ચિમમાં આ વિષયના વિદ્વાનો જેવા કે સેફેરીઅલ, કારો, રફેલ, મોન્ટ્રોઝ, ડો. ક્રુનાઇક કોત્ત, વિન્સેટ લોપેઝ, ટેલર (Taylay), ચિસ્લે (Cheasley) જેવાં એ વિવિધ પ્રકારનાં સંશોધનો કરીને અંકશાસ્ત્રને ઘણું જ સમૃદ્ધ બનાવ્યું હવે ભારતમાં અત્યારે કેવી સ્થિતિ છે તે જોઇએ! જે પુસ્તકો અંગ્રેજીમાં છે તે મોટે ભાગે પશ્ચિમનાં આ શાસ્ત્રના વિદ્વાનોએ લખેલાં છે અથવા તો તેમના પુસ્તકો ઉપરથી રૂપાંતરો કરેલાં છે. હિન્દીમાં આ વિષયનાં પાંચ છ પુસ્તકો છે અને મરાઠીમાં એક બે. પણ ગુજરાતીમાં આ વિષય ઉપર એક પણ સ્વતંત્ર પુસ્તક મારી દૃષ્ટિએ પડયું નહીં. ઘણાં વરસોથી મને આ ખોટ સાલ્યા કરતી હતી. તે ખોટ થોડેઘણે અંશે પૂરી થશે એમ માનીને મેં આ પુસ્તક લખ્યું છે. આ પુસ્તકનાં પ્રથમ છ પ્રકરણો જ્યોતિષના પ્રખ્યાત માસિક "જ્યોતિ વિજ્ઞાન"માં પ્રકાશિત કરવા બદલ તેના સંપાદકશ્રી પંડિત હરિકૃષ્ણ રેવાશંકર માન્તિકનો હૃદયપૂર્વક આભાર માનું છું. તદુપરાંત તેને છપાવીને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત રવાની હિંમત કરવા બદલ મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેના સંચાલકશ્રી મિનીકુમાર જાગુષ્ટેનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

પુસ્તક લખવાનો આ મારો પ્રથમ જ પ્રયાસ છે. આ શાસ્ત્રના ્ઞાતો ગુજરાતમાં છે જ. અને તેઓ મારી ત્રુટિઓ બતાવશે મનાં સૂચનોનો હૃદયપૂર્વક સ્વીકાર કરીશ અને આ પુસ્તકની આવૃત્તિ વખતે યોગ્ય સુધારાવધારા કરીશ. અંગ્રેજી ભાષાના મ જ્ઞાનવાળા લોકો માટે આ આ પુસ્તક ઘણું જ ઉપયોગી શે. ગુજરાતની જ્યોતિષપ્રેમ જનતા મારા આ પુસ્તકને શે એવી આશા સાથે વિરમું છું.

રણછોડભાઈ પુનમભાઈ પટેલ

૧-૭૨ બ્લોક નં-૩, પ્રોફેસર્સ બ્લોકસ

વલ્લભ વિદ્યાનગર (જિ. ખેડા.)

# પ્રકરણ ૧

## કબાલા અને અંકશાસ્ત્ર

પ્રથમ તો કબાલા એટલે શું તે જોઇશું. કબાલા એ હિબ્રૂ લોકોની ગૂઢ વિદ્યાઓ ગણાય છે. હિબ્રૂ લોકો હાલ જેને પેલેસ્ટાઇન કે ઇઝરાઇલ કહેવામાં આવે છે તેના વતનીઓ હતા. હિબ્રૂઓની માન્યતા પ્રમાણે કબાલા એટલે "ઇશ્વર તરફથી પ્રાપ્ત થયેલ દર્શન, જ્ઞાન કે પ્રકાશ" થાય છે. મહાન જ્યોતિષી સેફારિયલ (Sepharial) ના મતે "The word Kabala means Traditonal Knowledge" "કબાલા શબ્દનો અર્થ પરંપરાગત જ્ઞાન" થાય છે. પશ્ચિમના દેશોના શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે પ્રથમ ઇશ્વરે દેવદૂતોને આ કબાલાનું જ્ઞાન આપ્યું અને તે દેવદૂતોએ તે જ્ઞાન આદમ અને નોઆને આપ્યું. અને તેમણે બીજા મનુષ્યોને આ જ્ઞાન આપ્યું. અને આ રીતે આ જ્ઞાનનો ફેલાવો થયો. અંકશાસ્ત્ર (Numerlogy) આ કબાલાનો જ એક વિષય અથવા ભાગ છે.

અંકશાસ્ત્ર વિષે જોઇએ તે પહેલાં અંકો વિષે વિચાર કરીશું. અંકો એટલે આંકડાઓ, સંખ્યાઓ કે નંબરો નંબર (Number) અંગ્રેજી શબ્દ છે અને તેના ઉપરથી ન્યુમરોલોજી Numerology) શબ્દ બન્યો છે. અંકો તો પ્રાગૈતિહાસિક એટલે કે અતિ પ્રાચીન કહી શકાય. એક મત પ્રમાણે એમ મનાય છે આ

અંકોની શોધ ઈ. પૂર્વે ૩૫૦૦ ની આસપાસ કરી. આ મત પ્રમાણે તો અંકો ૫૫૦૦ વર્ષ જેટલા જૂના ગણાય. હિન્દુઓ પણ અંકોના જ્ઞાનમાં પાછળ ન હતા. તેઓ યજ્ઞયાગાદિ માટેની વેદીની રચના માટે અંકોનો ઉપયોગ કરતા હતાં. એટલે અંકોને અને અંકશાસ્ત્રને પિરામિડો અને વેદોથી પણ પ્રાચીન ગણીએ તો તેમાં કંઈ ખોટું નથી. પ્રોફેસર મેકસ મૂલરના કથન મુજબ આરબોએ અંકોના ઉપયોગની શરૂઆત કરી. પણ બીજા એક પ્રચલિત મત અનુસાર એમ કહેવાય છે કે આરબો હિન્દુઓ પાસેથી અંકોનો ઉપયોગ શીખ્યા. તેથી અંકોનું મૂળ સ્થાન ભારત ગણી શકાય. પણ ખરેખર તો અંકો પ્રથમ કોણે શોધ્યા તે નક્કી કરવું અશક્ય છે. મહાન ગણિતશાસ્ત્રી પાયથાગોરસ અંકોનો નિષ્ણાત મનાતો હતો. તેનો જીવનકાળ ઈ. સ. પૂર્વે ૫૬૯ થી ૫૦૦ સુધીનો મનાય છે. તેણે અંકોના જ્ઞાનના અભ્યાસ અને પ્રચાર માટે ઈજિપ્ત અને ભારતમાં ઘણો સમય ગાળ્યો હતો. પણ તેના અંકો વિષેના વિચારો અતિશય જટિલ અને ગૂંચવણ ભરેલા હતાં. પાયથાગોરસે ભૂમિતિની પણ શોધ કરી હતી. લગભગ ૨૦૦ વર્ષ પછી પ્લેટોએ પાયથાગોરસની ભૂમિતિને તત્વજ્ઞાનનું રૂપ હતું. આમ પ્લેટો અને પાયથાગોરસ બંને આજથી લગભગ ૨૬૦૦ વર્ષ પૂર્વે અંકોને સારી રીતે સમજતા હતા. તેમના મત મુજબ "Nunber is the ruler of foms and ideas and is the cause of Gods and demons." અંક એ વિચારો અને આકારો ઉપર અમલ કરનાર અને દેવો તથા દાનવોના કારણરૂપ છે."

તમે કદીય વિચાર કર્યો છે કે આંકડાઓ ન હોત તો

શું થાત ? ઘડીભર થોભો અને વિચાર કરો કે અત્યારેના યુગમાં આંકડાઓ ન હોય તો શું થાય ? આંકડાઓ વિના સ્કૂલો, કોલેજો, ગાડીઓ, મોટરો, જહાજો, વિમાનો, પ્રયોગશાળાઓ, દુકાનો, પેઢીઓ, સંસ્થાઓ, બેન્કો, શેર બજારો, વિજ્ઞાન, ખેતીવાડી, ઇજનેરી વગેરેનાં કામો શક્ય બની શકે ? અરે ? આંકડાઓ વિના માણસે ચંદ્રની ધરતી ઉપર પગ મૂકયો તે બની શકત ? તમે કોઈ પણ કામ એવું વિચારી શકો છો જેમાં આંકડાઓની થોડી ઘણી પણ જરૂર ન પડતી હોય ? સાચે જ ! આપણે આંકડા સિવાયનું કોઈપણ કામ વિચારી શકતા નથી જ. આંકડા વિનાની દુનિયા એટલે અંધકારમય યુગની કલ્પના જ માની લો ને ?

હવે આપણે અંકશાસ્ત્ર ( Numeiology ) વિષે જોઇએ. અતિ પ્રાચીન સમયમાં હિન્દુઓ, ઇજિપ્ત વાસીઓ, ગ્રિકો, હિબ્રૂઓ કાલ્ડીઅનોને આ અંકશાસ્ત્રનું જ્ઞાન હતું. ભારતમાં બ્રાહ્મણો અને તેમાં ય જોષી બ્રાહ્મણો કે જે જ્યોતિષ વગેરેનું કામ કરે છે તેઓ આ શાસ્ત્રનું જ્ઞાન હજારો વર્ષથી ધરાવે છે કીરો અને સેફારીઅલ જેવા પશ્ચિમના આ શાસ્ત્રના નિષ્ણાતો પણ કબૂલ કરે છે કે તેમણે આ શાસ્ત્રનું જ્ઞાન ભારતમાં આવીને બ્રાહ્મણો પાસેથી મેળવ્યું હતું, પણ આ જ્ઞાનને સામાન્ય અને અનધિકારી માણસો જાણી ન જાય તે માટે ઘણું જ ગુપ્ત રાખવામાં આવતું. મોટે ભાગે તો આ જ્ઞાન મૌખિક રીતે આપવામાં આવતું અને તેને માટે કોઈ પુસ્તકો વગેરે લખવામાં આવતાં નહીં. તેઓ તેમનું જ્ઞાન વંશપરંપરાની રીતે તેમના વારસદારોને કે શિષ્ય પરંપરાની રીતે તેમના શિષ્યો કે અનુયાયીઓને એવી ગુપ્ત અને રહસ્યમય રીતે તથા સાંકેતિક ભાષામાં આપતાં

કે જેથી સામાન્ય માણસને તો તેમાં કંઈ સમજ જ ન પડે. કેટલીક વખત તો આ જ્ઞાનને ગુપ્ત રાખવા માટે જ્ઞાન પ્રાપ્ત કરનારે તેના ગુરૂની સમક્ષ સોગંદ ખાવા પડતા કે પ્રતિજ્ઞા લેવી પડતી હતી. અને આવી વધારે પડતી સાવચેતીઓને લીધે આવા ગૂઢ જ્ઞાનના રહસ્યને ઉકેલવા માટેની ચાવીઓ ખોવાઈ જતી. અને એ રીતે આપણું એ કીંમતી જ્ઞાન વહેમ, અંધશ્રધ્ધા, દંભ, ઢોંગ અને સ્વાર્થમાં દટાઈને નાશ પામ્યું. અત્યારે પણ આપણા દેશમાં પણ આપણા દેશમાં ઘણા બ્રાહ્મણો આવા પ્રકારનું ગૂઢ જ્ઞાન ધરાવે છે. અને તેની મદદથી સચોટ ભવિષ્યકથન પણ કરી શકે છે. પણ તેઓ તેમનું તે જ્ઞાન બીજાઓને શીખવતા નથી. આવી સ્વાર્થવૃતિને લીધે આપણા અતિ પ્રાચીન અને ગૂઢ જ્ઞાનનો નાશ થાય તો તેમાં નવાઈ શી ? પશ્ચિમના દેશોમાં પણ લગભગ આવી દશા હતી. અંકશાસ્ત્રની વ્યાખ્યા આપવી ઘણી જ અઘરી છે. અંકશાસ્ત્ર વિષેની વોલ્ટર બી. ગિબ્સનની નીચેની વ્યાખ્યા મનનીય છે.

"ગણિતશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંતોનો મનુષ્યના ભૌતિક અસ્તિત્વ માટે (એટલે કે સુખ સમૃધ્ધિ માટે) થતો વ્યાવહારિક ઉપયોગ એજ અંકશાસ્ત્ર છે."

સંતો અને મહર્ષિઓના કહેવા મુજબ આ વિશ્વ, ધ્વનિ, શબ્દ અને આંદોલનોથી અસ્તિત્વમાં આવ્યું. અત્યારે પણ આપણું સારું યે વિશ્વ અને તેમાંનો દરેક પદાર્થ સ્પન્દનશીલ છે. એવા સ્પન્દનશીલ વિશ્વમાં આપણે રહીએ છીએ. તેથી આ દુનિયામાં જન્મ લેનાર દરેક વ્યક્તિને તેનું પોતાનું વિશિષ્ટ, સ્પંદન, તરંગ કે

આંદોલન (vibrition) હોય છે. દરેક વ્યક્તિનું આંદોલન અન્ય વ્યક્તિઓના આંદોલનોથી જુદું હોય છે. અને તે રીતે દરેક વ્યક્તિ દુનિયામાં પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ અંકશાસ્ત્રની પાછળ આંદોલનોનો અગમ્ય નિયમ રહસ્ય તરીકે રહેલો છે. એક વ્યક્તિનાં આંદોલનો બીજી વ્યક્તિનાં આંદોલનો સાથે સુસંગત (સુમેળમાં) કે અસંગત (વિસંવાદી) હોઈ શકે છે અને તે રીતે તે વ્યક્તિ અન્ય વ્યક્તિ સાથે સારા કે નરસા સંબંધો ધરાવે છે કે નહીં તે નક્કી કરી શકાય છે. આ પદ્ધતિમાં અંગ્રેજી મૂળાક્ષરોને અમુક ચોક્કસ અંકો આપવામાં આવે છે. અને તેની મદદથી વ્યક્તિ કે સ્થળનો નામાંક (Name-Number), મનઃસ્થિતિ) અંક ( Mental state number ) અને વ્યક્તિત્વાંક શોધી કાઢવામાં આવે છે. આ ઉપરાંત જન્મ દિવસ અને જન્મ તારીખ ઉપરથી વ્યક્તિનો જન્માંક (Birth-Number), જન્મપથ (Birth-path) કે ભાગ્યાંક (Destiny-number) પણ શોધી કાઢી શકાય છે, આ જન્માંક કે ભાગ્યાંક ચાવીરૂપ હોય છે, આ જન્માંકનાં આંદોલનો તેજ અંકવાળા ગ્રહના આંદોલનો સાથે સુસંવાદી (સુમેળમાં) હોય છે, અને તેથી તે જન્માંકવાળી વ્યક્તિ ઉપર તે ગ્રહની અસર વિશેષ રૂપે થાય છે, જન્માંકનાં તરંગો કાયમી સ્વરૂપનાં હોય છે અને તેની અસર વ્યક્તિ ઉપર સારીએ જિંદગી રહ્યા કરે છે. આ આંદોલનો બદલી શકાતાં નથી કારણ કે વ્યક્તિની જન્મ તારીખ પણ ન બદલી શકાય તેવી કાયમી હોય છે, પણ વ્યક્તિનું નામ તો બદલી શકાય છે, અને તેથી તેનો નામાંક, વ્યક્તિત્વાંક અને મનઃસ્થિતિ અંક પણ બદલી શકાય છે. એવું બને કે વ્યક્તિના જન્માંકનાં આંદોલનો તેના પોતાના, અન્યના કે

કોઈ સ્થળના નામાંકના આંદોલનો સાથે સંવાદી ન હોય, આવા કિસ્સાઓમાં વ્યક્તિના નામ વગેરેમાં ફેરફાર કરીને તેના નામાંકને બીજાના નામાંક સાથે સંવાદી બનાવી શકીએ છીએ, આ માટેની રીત આપણે આગળના પ્રકરણોમાં જોઈશું.

પશ્ચિમમાં કીરો, મોન્ટ્રોઝ, સેફારીઅલ, ડોકટર ક્રોસ, જેમ્સ લી વગેરે અંકશાસ્ત્રીઓ (Numerslogists) એ અનેક પદ્ધતિઓ અપનાવી છે, પણ બધી જ પદ્ધતિઓમાં આપણે ઊંડા ઊતરી શકીશું નહીં. મોટે ભાગે તો કીરો અને મોન્ટ્રોઝની પદ્ધતિને અનુસરીશું, આ પદ્ધતિ મને અનુભવે ઉત્તમ લાગી છે. એમ મનાય છે કે ખાલ્ડિયનોએ આ પદ્ધતિ શરૂ કરી અને હિબ્રૂઓએ તેમની પાસેથી આ વિદ્યા શીખી લીધી હતી. હિબ્રૂમાંથી અંગ્રેજીમાં કરેલું ભાષાંતર દરેકે યાદ રાખવું જરૂરી છે સાથેસાથે ગુજરાતી નામને અંગ્રેજીમાં લખતાં પણ શીખી લેવાની જરૂર છે. તેમાં દરેક અંગ્રેજી અક્ષરને અંકમાં કીમત આપવામાં આવે છે. અને દરેક અંકનો ખાસ ગૂઢાર્થ હોય છે એમ માનવામાં આવે છે.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| A | B | C | D | E | F | G | H | I | J | K | L | M |
| 1 | 2 | 3 | 4 | 5 | 8 | 3 | 5 | 1 | 1 | 2 | 3 | 4 |
| N | O | P | Q | R | S | T | U | V | W | X | Y | Z |
| 5 | 7 | 8 | 1 | 2 | 3 | 4 | 6 | 6 | 6 | 5 | 1 | 7 |

અથવા યાદ રાખવા માટે તેમને નીચે પ્રમાણે પણ લખી શકાય.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| A | B | C | D | E | U | O | F |
| I | K | G | M | H | V | Z | P |
| Q | R | L | T | N | W | | |
| J | | S | | X | | | |
| Y | | | | | | | |

આ પદ્ધતિમાં ૯ના અંકનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. આનું કારણ એમ બતાવવામાં આવે છે કે પ્રાચીન સમયના આ શાસ્ત્રના નિષ્ણાતો ૯ ના અંકને બ્રહ્મ અને પરમેશ્વરના નામને રજૂ કરવું માનતા હતા અને તેથી જ કોઈ પણ અક્ષરને ૯ નો અંક આપવામાં આવ્યો ન હતો. છતાં ય કીરો, સેફારીઅલ, મોન્ટ્રોઝ વગેરે આધુનિક અંકશાસ્ત્રીઓએ ૯ અને ૦ નો પણ ગૂઢાર્થ આપ્યો છે અને તેનો ઉપયોગ જન્માંક, નામાંક, ભાગ્યાંક, મનઃસ્થિતિ અંક અને વ્યક્તિત્વાંકના અર્થ સ્ફોટનમાં કરવામાં આવ્યો છે.

આ શાસ્ત્ર નામને મળતું આવતું પણ એક શાસ્ત્ર છે. તેને આંકડાશાસ્ત્ર (Statisties) કહે છે. તેમાં તથ્થો, હકીકતો, બનાવો, બાબતો વગેરેના આંકડાઓ એકત્ર કરીને તેનો વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉપયોગ કરવામાં આવે છે. આ શાસ્ત્રને આપણા અંકશાસ્ત્ર ( Numerology ) સાથે જરા પણ સંબંધ નથી.

## અંકશાસ્ત્રનો ઉપયોગ

વકીલો, ડૉક્ટરો, ધર્માચાર્યો, શિક્ષકો, પ્રચારકો, સેલ્સમેન, વિમાનો એજન્ટો વગેરે કે જેમને જનસમાજના સંપર્કમાં રહેવું પડે છે તેમને માટે આ અંકશાસ્ત્ર ઘણું ઉપયોગી છે. કારખાના સંસ્થાઓ અને પેઢીઓના વ્યવસ્થાપકો, કારભારીઓ, વહીવટકર્તાઓ અને મેનેજરોને, માટે પણ તે ઉપયોગી સાબિત થયું છે, સામાન્ય માણસને પણ તેના રોજબરોજના કામકાજ માટે ઓછું ઉપયોગી નથી, તેની મદદથી આપણે ભૂત, વર્તમાન અને ભવિષ્ય વિષે, અને સારા કે ખરાબ દિવસ તથા સમય વિષે જાણી શકીએ છીએ, ઉપરી અધિકારીને પગાર વધારા કે બીજા અગત્યના કામ માટે કયા સમયે મળવું કે નોકરી કે અન્ય, કામ માટે મુલાકાત માટેનો શુભ સમય પણ આ શાસ્ત્રની મદદથી જાણી શકાય છે. તેની મદદથી આપણે કઈ વ્યક્તિ, કયા સ્થાન અને કયા સમાજ સાથે સુમેળ સાથે રહી કે જીવી શકીશું તે જાણી શકાય છે, દુનિયામાં આવીને આપણે દરેકે કંઈ ને કંઈ કાર્ય તો કરવાનું હોય છે જ, તેની મદદથી આપણે કોની સાથે સંબંધ રાખવો કે ન રાખવો તે સારી રીતે જાણી શકીએ છીએ અને આપણું તથા બીજાઓનું ભલું કરી શકીએ છીએ. આપણે આપણું કાર્ય ઉત્તમ રીતે કરીએ તેનાથી બીજી કઈ વસ્તુ સારી હોઈ શકે ?

બીજા પ્રકરણમાં અંકોના પ્રકાર વિષે જોઈશું.

---

# પ્રકરણ—૨

## મુખ્ય અથવા મૂળ અંકો અને મિશ્ર અંકો

આપણે હવે અંકોના પ્રકાર જોઈશું. અંગ્રેજીમાં જેને numbers digits કે figures કહેવામાં આવે છે તેને આપણે અંકોથી ઓળખીશું. અંકો માટે ગુજરાતીમાં આંકડા, સંખ્યા અને નંબરો પણ વપરાય છે. આ શબ્દોનો કોઈ કોઈ વખત ઉપયોગ કરીશું. પણ મુખ્યત્વે તો આપણે અંક શબ્દ જ વાપરીશું.

એ વાતની ના પાડી શકાય તેમ નથી કે સૂર્યમંડળના કુલ ગ્રહોની સંખ્યા ૯ છે અને મુખ્ય કે મૂળ અંકોની કુલ સંખ્યા પણ ૯ છે. આ મૂળ અંકોની મદદથી જ આપણે બધા પ્રકારની ગણતરીઓ કરી શકીએ છીએ. નવ પછીના અંકો, મુખ્ય અંકોની પુનરાવૃત્તિ માત્ર જ છે, જેમકે ૧૨=૧+૨=૩, ૨૫=૨+૫=૭ વગેરે, ગમે તેટલા મોટા આંકડાવાળી મોટી સંખ્યાને ઉપરોક્ત સરવાળાની રીતથી મૂળ અંકમાં ફેરવી શકાય છે. દા. ત. ૯૨૧=૯+૨+૧ =૧૦=૧+૦=૧ અને ૧૫૭૬=૧+૫+૭+૬=૧૯=૧+૯=૧૦ =૧+૦=૧. તેથી બધા જ અંકોને બે પ્રકારમાં વહેંચી નાખવામાં આવ્યા છે. ૧ થી ૯ સુધીના અંકો મુખ્ય કે મૂળ અંકો કહેવાય છે, જ્યારે ૧૦ અને ૧૦ પછીના અંકો મિશ્ર અંકો કહેવાય છે. મુખ્ય અંકોને સાદા, નિરાળા કે એકાંકી અંકો પણ કહેવામાં આવે છે.

સૂર્યમંડળના નવ ગ્રહોને અતિ પ્રાચીન સમયથી

અંકો સાથે અગમ્ય રીતે જોડવામાં આવ્યા છે. દરેક ગ્રહને તેનો ખાસ અંક આપવામાં આવ્યા છે. એટલે ૧ થી ૯ સુધીના મુખ્ય અંકો જુદા જુદા ગ્રહોનું પ્રતિનિધિત્વ રજૂ કરે છે. મૂળ અંકો પુરુષ અથવા સ્ત્રી બીજાઓ પર કેવો પ્રભાવ પડે છે એટલે કે તેઓ બીજાઓની દૃષ્ટિએ કેવાં લાગે છે તે દર્શાવે છે. બીજી રીતે કહીએ તો મૂળ અંકો કોઈપણ વ્યક્તિ, પદાર્થ, બાબત કે બનાવની ભૌતિક કે દુન્યવી બાજુ દર્શાવે છે. તેથી મૂળ અંકોને વ્યક્તિત્વ અંકો ( individuality numbers ) પણ કહે છે. કારણકે તે મનુષ્યના વ્યક્તિત્વનું આપણને દર્શન કરાવે છે.

૧૦ તથા ૧૦થી શરુ થતા બધા જ અંકોને મિશ્ર અંકો કહેવામાં આવે છે. મિશ્ર અંકો માનવજીવનના પડદા પાછળની ગુપ્ત તથા છૂપી અસરને છતી કરે છે અને રહસ્યમય રીતે વ્યક્તિના ભાવિને અથવા કુદરત કે ભગવાનની ઇચ્છા વ્યક્ત કરવામાં મદદરૂપ બને છે. દરેક મિશ્ર અંકને સરવાળાથી મૂળ અંકમાં ફેરવી શકાય છે, તેમ છતાંય દરેક મિશ્ર અંકને તેના મૂળ અંક કરતાં જુદો એવો પોતાનો વિશિષ્ટ અર્થ પણ હોય છે. દાખલા તરીકે ૫૭ લઇએ. આ અંકને સરવાળાથી મૂળ અંકમાં ફેરવીએ તો (૫+૭=૧૨=૧+૨=૩) તેનો મૂળ અંક ૩ આવે, પણ ૫૭ના મિશ્ર અંકને તેના મૂળ અંક ૩ના અર્થથી ભિન્ન એવો તેનો પોતાનો વિશિષ્ટ અર્થ પણ હોય છે. કેટલાક અંકશાસ્ત્રીઓ મિશ્ર અંકો ૫૨ સુધી ગણે છે તો કેટલાક ૭૨ સુધી પણ ગણે છે, અને તેને માટે જુદા જુદા કારણો રજૂ કરે છે. આપણે તેની તાત્વિક ચર્ચામાં નહીં ઉતરીએ પણ ફક્ત તેના અર્થ વિષે વિચારીશું.

અંકોના અર્થોનું જ્ઞાન ઘણા જૂના સમયથી હિન્દુઓ, એસિરીઅનો, ગ્રિસવાસીઓ, ઇજિપ્તવાસીઓ અને હિબ્રુઓને હતું. આ બધામાં હિબ્રુઓની અંકશાસ્ત્રની પદ્ધતિ સૌથી જૂની હોવાનું વિદ્વાનો માને છે. આ અંકોનો સર્વ સંમત એવાં પ્રતીકો અતિ પ્રાચીન સમયથી ચિત્રના રૂપમાં અસ્તિત્વ ધરાવે છે અને અત્યારે પણ આ ચિત્રપ્રતીકો Tarat Cards-ટેરટ કાર્ડઝમાં ગૂઢ રીતે અંકિત થયેલાં જોવા મળે છે. ઘણાં જ પ્રાચીન હોવાથી આ ચિત્રો ક્યારે શરૂ થયાં તે કહેવું લગભગ અશક્ય છે. ફીરો સેકારીઅલ, મોન્ટ્રોઝ, ડૉક્ટર ક્રોસ જેવા પશ્ચિમના આ શાસ્ત્રના નિષ્ણાતોએ આ રહસ્યમય ચિત્રો ઉપરથી અંકોના જે અર્થ તારવ્યા છે તે હવે પછીનાં પ્રકરણોમાં આપવામાં આવશે.

મુખ્ય તેમજ મિશ્ર અંકોના ગૂઢાર્થોને નવ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યા છે. દરેક વિભાગમાં પ્રથમ મુખ્ય અંક અને તે પછી તે મુખ્ય અંક સાથે સંબંધિત મિશ્ર અંકોના અર્થ આપવામાં આવ્યા છે. દાખલા તરીકે આઠમા વિભાગમાં મુખ્ય અંક ૮ અને તેના મિશ્ર અંકો ૧૭, ૨૬, ૩૫, ૪૪, ૫૩, ૬૨ અને ૭૧ના અર્થ આપવામાં આવ્યા છે.

ડૉક્ટર ક્રોસે મુખ્ય અંકોને નીચે પ્રમાણે ત્રણ વિભાગોમાં વહેંચી નાખ્યા છે.

(૧) માનસિક અને આધ્યાત્મિક અંકો:-૩, ૬, ૯.

# પ્રકરણ ૩જું

## અંક ૧ અને તેના મિશ્ર અંકો કે અષ્ટકો

અંકોની શરૂઆત જ આ અંકથી થાય છે. તેથી આ અંકને આરંભનો પ્રતીક કહ્યો છે. તેની મદદથી જ બાકીના અંકોનું સર્જન થાય છે. બધા જ અંકોનો આધાર કે પાયો આ અંક છે. સારાયે જીવનનો, સારાયે વિશ્વનો આધાર પણ એક ઈશ્વર જ છે. અને તેથી આ અંક પરમેશ્વરના પ્રાદુર્ભાવનો પ્રતીક મનાય છે. નવે ગ્રહો તેમના ઉપગ્રહો સાથે સૂર્યમાંથી ઉત્પન્ન થયેલા છે તથા સૂર્યની આસપાસ ઘૂમે છે એમ વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે. આ રીતે સૂર્ય એ સૂર્યમંડળનો વડો કે ઉપરી છે. તે સારાયે સૂર્યમંડળને પ્રકાશ અને ગરમી આપે છે. તેના વિના આપણી પૃથ્વી ઉપર જીવન શક્ય બન્યું ન હોત. અને તેથી જ આ અંકનો પ્રતીક ગ્રહ સૂર્ય ગણાય છે. તે જ્ઞાન, પ્રેમ અને પ્રકાશનો પણ પ્રતીક છે. સૂર્યની સંજ્ઞા વર્તુળ અને તેના કેન્દ્ર સ્થાને બિન્દુ રાખવામાં આવ્યું છે. સૂર્યની સંજ્ઞા ૦ છે.

કોઈ પણ માસની ૧લી, ૧૦મી, ૧૯મી કે ૨૮મી તારીખે જન્મેલ વ્યક્તિ આ અંકની અસર નીચે આવે છે. જો તે વ્યક્તિનો જન્મ ૨૧મી જુલાઈથી ૨૮મી ઓગસ્ટ અને ૨૧મી માર્ચથી ૨૮મી એપ્રિલ સુધીના સમયમાં ઉપરોક્ત તારીખોએ થયો હોય તો તેમની ઉપર આ અંકની ખાસ કે વિશેષ અસર થાય છે.

આ અંકની અસરવાળા લોકો સર્જનાત્મક, સંશોધનાત્મક વૃત્તિવાળા, દૃઢ વ્યક્તિત્વવાળા અને તેમના અભિપ્રાયો ને વિચારોમાં ચોક્કસ તથા મક્કમ હોય છે. તેઓ તેમના કાર્ય માટે દૃઢ નિશ્ચયી ને ગાંડપણની અંશે જક્કી હોય છે. તેઓ મહત્વાકાંક્ષી હોય છે. તેમને નિયમો, નિયંત્રણો અને બંધનો ગમતાં નથી. તેઓ જે નોકરી ધંધામાં કામ કરતા હોય છે તેમાં તેઓ ઉપરી અધિકારી બનવાનું ઇચ્છે છે. અને તેમાં તેઓને જરૂરથી સફળતા મળે છે. તેઓ તેમના હાથ નીચેના માણસોથી સન્માન તથા આદર પણ મેળવે છે તેઓ તેમના વિચારો અને કાર્યોમાં મક્કમ હોવાથી તેમને મિત્રો કરતાં દુશ્મનો વધારે હોય છે. અને તેથી તેઓ લોકો અને સમાજમાં અપ્રિય કે અળખામણા પણ બને છે. તેમને અન્યના હાથ નીચે કામ કરવાનું પસંદ હોતું નથી. તેથી જો તેમને સ્વતંત્ર રીતે કામ કરવાની તક મળે તો તેઓ સારી પ્રગતિ સાધી શકે છે. આ લોકો વેપારધંધા, લોનશેર વગેરેની દલાલી, કોઈ સંસ્થાના વડા, લશ્કરી નોકરી, કળાકારીગીરી અને પૈસા પ્રાપ્ત કરી શકાય તેવાં સામાજિક કાર્યો તરફ આકર્ષાય છે અને તેવાં કામ તેઓ અપનાવે છે.

ડોકટર ક્રોસના મતે આ અંક દુન્યવી અને નક્કર વસ્તુઓની અસર દર્શાવે છે. તે વ્યક્તિની અસ્મિતા, અહં અને હુંપદનો દ્યોતક છે.

આ અંક સત્તા, નિશ્ચય, દૃઢ ચારિત્ર્ય, ધ્યેયસિદ્ધિ માટે સતત પ્રયત્ન અને મહત્વાકાંક્ષાનો દ્યોતક છે. જો આ અંક સાથે બુધનો અંક ૫ અને ગુરુનો અંક ૩ સાનુકૂળ

બનતો હોય એટલે કે તેની ઉપર કૃપાદૃષ્ટિ રાખતો હોય તો આ ગુણોનો સારી રીતે વિકાસ થાય છે. તેથી જો ૧ અંકવાળા માણસોએ સાચા રસ્તે વિકાસ કરતો હોય અને જીવનમાં સફળતા મેળવવી હોય તો તેમની જન્મતારીખમાં ૩, ૬ કે ૯ જેવા આધ્યાત્મિક અંકોની ઘણી જરૂર પડે છે. આનાથી ઊલટુ જો તેમની જન્મ તારીખમાં ઉપરોક્ત માનસિક અંકને બદલે ૨, ૫ કે ૮નો લાગણીપ્રધાન અંક હોય તો તેઓ ગેરરસ્તે કે ખોટા માર્ગે દોરવાઈ જવાનો સંભવ છે.

આ અંકવાળા લોકો મોટે ભાગે સફળ બને છે કારણ કે તેઓ સ્વાશ્રયી ને દૃઢ નિશ્ચયી હોય છે. અને તેઓ તેમના માર્ગ અને ધ્યેયમાંથી જરાપણ ડગતા નથી. ઉપરાંત તેઓ તેમને જે કંઈ તક મળે છે તે તરત જ ઝડપી લે છે. વધારામાં તેઓ જન્મજાત લડવૈયા (મુશ્કેલીઓનો સામનો કરનારી) અને સારી એવી જીવનશક્તિ ધરાવનારા હોય છે અને તેથી તેઓ કદાચ બીમાર પડે તો પણ થોડા સમયમાં જ પાછા સાજા થઈ જાય છે.

આ અંક સર્વશક્તિશાળી ( all powerful ) અંક ગણાય છે, છતાંય તેને પણ ખરાબ–નબળી બાજુ છે. જો વ્યક્તિની જન્મ તારીખમાં આ અંકની બે કે તેથી વધુ વખત પુનરાવૃત્તિ થતી હોય તો તે પુરુષને દેખાવ કરનારો, દંભી, હલકટ ને વાણી, વર્તન તથા રીતભાતમાં તોછડો ને ઉદ્ધત બનાવે છે. તથા સ્ત્રીને નીચ તથા હલકટ સ્વભાવની અને વધારે પડતી પુરુષત્વવાળી કે ભાયડાછાપ બનાવે છે. તદુપરાંત આવી વ્યક્તિઓ વિરોધીઓ અને દુશ્મનો સાથે ઘાતકી અને નિર્દય રીતે વર્તે છે.

તેમના માટે કોઈ પણ માસની ૧લી, ૧૦મી, ૧૯મી અને ૨૮મી તારીખો ભાગ્યશાળી છે. રવિવાર અને સોમવાર તેમના માટે શુભ દિવસ કે વાર છે જો આ દિવસો અને તારીખો ૨૧મી જુલાઇથી ૨૮મી ઓગસ્ટ અને ૨૧મી માર્ચથી ૨૮મી એપ્રિલ સુધીના સમયમાં આવતી હોય તો તે ઘણા જ ભાગ્યશાળી બને છે.

તેઓ ૧, ૨, ૪ અને ૭ અંકી લોકો એટલે કે કોઈ પણ માસની ૧, ૨, ૪, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૬, ૧૯, ૨૦, ૨૨, ૨૫, ૨૮, ૨૯ અને ૩૧ તારીખોએ જન્મેલી વ્યક્તિઓ સાથે સારા સંબધો, મિત્રતા અને ભાગીદારી રાખી શકે છે.

તેમના માટે આછાથી માંડીને ઘાટા પીળા કેસરી અને સોનેરી રંગો શુભ છે.

ભાગ્યશાળી નંગ કીંમતી પથ્થર કે ઝવેરાત, માણેક પોખરાજ (Tofpz), એમ્બર (Amber), પીળો હીરો અને તેવા જ રંગના કીંમતી નંગો છે.

આ અંકની અસર નીચે જન્મેલી મહાન વ્યક્તિઓ.

| | |
|---|---|
| ૧. ગ્રિસના રાજા મહાન અલેકઝાન્ડર | ૧ લી જુલાઈ |
| ૨. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ મનરો | ૨૮ મી એપ્રિલ |
| ૩. એની બેસન્ટ | ૧ લી ઓકટોબર |
| ૪. એલેઝાન્ડર ડુમા (લેખક) | ૨૮ મી જુલાઈ |
| ૫. વિમાન શોધક ઓલિવર રાઈટ | ૧૯ મી ઓગસ્ટ |
| ૬. મહાન જ્યોતિષી અને હસ્તરેખાશાસ્ત્રી કીરો | ૧લી નવેમ્બર |
| ૭. જર્મન તત્ત્વવેત્તા ગેટે (Goethe) | ૨૮ મી ઓગસ્ટ |

૮. કવિ તથા લેખક એડગર એલન પો ૧૯ મી જાન્યુઆરી
૯. સાહસયાત્રી અને પ્રવાસી સંશોધક કેપ્ટન કુક
૨૮ મી ઓકટોબર
૧૦. જર્મનીના પ્રિન્સ બિસ્માર્ક ૧ લી એપ્રિલ

## અંક ૧ ના મિશ્ર અંકો

૧૦. તેનું પ્રતીક ભાગ્યચક્ર (Wheel of Fortune) છે. આ અંક સાહસ, હિંમત, માન મરતબો, શ્રદ્ધા, આત્મવિશ્વાસ અને ચિરસ્થાયી સફળતાનો પ્રતીક છે. આ લોકો તેમની ઈચ્છા પ્રમાણે સારાં કે નરસાં કાર્યો માટે પ્રખ્યાત બને છે, તેમની સારા કે ખરાબ યોજનાઓ પાર પાડે છે, અને એ પ્રમાણે તેઓ સારી કે ખરાબ માણસ બની શકે છે. વ્યક્તિની ઈચ્છાઓ પૂરી પાડનારો અને સફળતા પ્રાપ્ત કરાવનારો આ અંક શુભ ગણાય છે. જો આ લોકો પ્રાપ્ત થયેલી તકોનો સારી રીતે ઉપયોગ નહીં કરે તો તેમને પસ્તાવાનો સમય આવે છે.

૧૯. આ અંકનું પ્રતીક સૂર્ય છે. સૂર્યને "સ્વર્ગનો રાજકુંવર" (Prince of heaven) કહેવામાં આવે છે. આ અંક માણસને સ્વમાની, અભિમાની, પવિત્ર, લડાયક અને તેજસ્વી બનાવે છે આ અંક અત્યંત સાનુકુળ, લાભદાયી ને ભાગ્યશાળી છે. તે માનમતરબો, સુખ સમૃદ્ધિ, અને ભવિષ્યના આયોજનોમાં સફળતાનો દ્યોતક છે.

૨૮. આ અંક અનેક વિરોધાભાસોથી ભરપૂર છે. આ અંક વ્યક્તિ માટે ઉજ્જવળ અને આશાસ્પદ ભાવિ સૂચવે

છે. પણ જો તે વ્યક્તિ કાળજીપૂર્વક વિચાર કરીને ભવિષ્ય માટે બચત ન કરે તો તે તેનું સર્વસ્વ ગુમાવે છે. આ અંક કાયદાકાનૂન કે કોર્ટકચેરીથી ધન ગુમાવવું, બીજાઓમાં વધારે પડતો વિશ્વાસ મુકવાથી નુકસાન થવું તથા કામધંધામાં વિરોધ અને હરીફાઇને લીધે જીવનમા વારંવાર ભારે નુકશાન થવાની શકયતા સૂચવે છે. અને તેથી જ તેમને જીવનને નવેસરથી વારંવાર શરૂ કરવું પડે છે. તેમની કઠોર વાણીને લીધે પણ તેમને જીવનમાં ઘણી ચડતીપડતી જોવી પડે છે. આ લોકોએ જીવનભર દરેક પ્રકારની મુશ્કેલીનો સામનો કરવા તૈયાર રહેવું પડે છે.

૩૭. આ અંક ભય અને ચિંતામાંથી મુક્તિ સૂચવે છે. આ અંક વિજાતીય વ્યક્તિ સાથેના સંબંધમાં, પ્રેમમાં અને મિત્રતા માટે, બધા જ પ્રકારની ભાગીદારી માટે અને ભવિષ્યના કાર્યો અને બનાવો માટે ઘણો જ ભાગ્યશાળી છે. આ અંક ૩૬ના અંક સાથે સુમેળમાં હોય છે.

૪૬:- આ અંકવાળા લોકો વિદ્વાન, બુધ્ધિશાળી, ઉચ્ચ આદર્શો ધરાવનારા તથા વૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક અને સંશોધન વૃત્તિ ધરાવનારા હોય છે. ઉચ્ચ આદર્શોવાળાં હોવાથી તેઓ ઘણુા જ અવ્યવહારૂં હોય છે. તેમને ઉચ્ચ આદર્શોવાળી પણ અવ્યવહારુ યોજનાઓ ઘણી જ ગમે છે. અને આવી યોજનાઓ પાછળ તેઓ પોતાનું સર્વસ્વ ગુમાવી દે છે. અને જીવનમાં કોઈ કોઈ વખત નવેસરથી શરૂઆત કરવાની રહે છે. આ અંકવાળા લોકોએ તેમની મહત્વાકાંક્ષાઓને અકુંશમાં-નિયમનમાં રાખવાની જરૂર

હોય છે કે જેથી અવ્યવહારુ યોજનાઓમાં ફસાઈ ન પડે અને એકધારી, સ્થિર પ્રગતિ કરી શકે. આ લોકો સમાજમાં લોકપ્રિય હોય છે. આ અંક જીવનમાં વારંવાર ચડતીપડતી તથા સુખદુઃખ સૂચવે છે.

૫૫. આ આંક નેતૃત્વશક્તિનો દ્યોતક છે. તેઓ બીજાઓ ઉપર સત્તા ચલાવનારા, બુદ્ધિશાળી અને પ્રામાણિક હોય છે. ઘણી વખત તેઓ નૈતિક અને ધાર્મિક વૃત્તિવાળા પણ હોય છે. તેઓ પ્રેરણા અને ઉત્સાહ સાથે બીજાઓને સત્ય અને પ્રકાશનો માર્ગ દેખાડવામાં મોખરે રહે છે. આ અંક ભાવિમાં શુભ પરિવર્તન સૂચવે છે. આ લોકોએ બીજાઓના હાથા કે હોળીનું નાળિયેર બનવું નહીં, નહીં તો તેમને તેમના શ્રમનું પૂરેપૂરું ફળ મળતું નથી.

૬૪. આ અંકવાળા લોકો બીજાઓની નજરે ન પડતી વસ્તુઓ કે બાબતો જોઈ કે વિચારી શકે છે. તેઓ તેમને મળેલ તક કે સમયનો સારી રીતે લાભ ઉઠાવી શકે છે. મોટે ભાગે તેઓ વ્યક્તિત્વવાદમાં માનનારા હોય અને કોઈ કોઈ તો જિંદગીભર અપરણિત કે કુંવારા રહે છે. તેમને વ્યાપારી કામ કરતાં ધંધાકીય કામ (Professional work) વધારે અનુકૂળ રહે છે. સામાન્ય રીતે સાહિત્ય અને સાહિત્ય સેવા પ્રત્યે આકર્ષાય છે.

૭૩. આ અંક ડહાપણ અને શાણપણનો દ્યોતક છે.

# પ્રકરણ ૪

## અંક ૨ અને તેના મિશ્ર અંકો કે અષ્ટકો

### અંક ૨

આ અંક ચંદ્રનો પ્રતીક છે. ચંદ્ર બે અંકોનું પ્રતિનિધિત્વ રજૂ કરે છે. આ અંકો ૨ અને ૭ છે. અંક ૨ ઋણ આંદોલનો ઉત્પન્ન કરે છે, જ્યારે અંક ૭ ધન આંદોલનો ઉત્પન્ન કરે છે. અંક ૨ નો પ્રતીક અમાવાસ્યાનો ચંદ્ર મનાય છે, જ્યારે અંક ૭ નો પ્રતીક પૂર્ણિમાંનો ચંદ્ર મનાય છે. ચંદ્ર સાપેમતા, સ્પંદનશીલતા, ક્ષુબ્ધતા, અસ્થિરતા કલ્પનાશીલતા, લાગણીશીલતા, ચંચળતા અને અસ્થિરતાનો દ્યોતક છે. ચંદ્ર આકાર અને રૂપનો તથા તેમની વૃદ્ધિ અને ક્ષયનો પણ દ્યોતક છે. તે સૂર્યના નારી જાતિના ગુણોનું પ્રતિનિધિત્વ ધરાવે છે. ચંદ્રની સંજ્ઞા D છે.

કોઈ પણ માસની ૨ જી, ૧૧ મી, ૨૦ મી, અથવા ૨૯ મી તારીખે જન્મેલી વ્યક્તિ આ અંકની અસર નીચે આવે છે, પણ જો તેનો જન્મ ૨૦ મી જૂનથી ૨૭મી જુલાઈ સુધીમાં થયો હોય તો તેમની ઉપર આ અંકની વિશેષ અસર થાય છે.

અંક ૧ અને અંક ૨ ના ગુણધર્મો એકબીજાથી વિરૂદ્ધ હોવા છતાં એકબીજાના પૂરક છે. અને તેથી તેમના તરંગો એકબીજાને સુસંગત-સુમેળમાં હોય છે. અંક ૧ વાળા

લોકોની જેમ તેઓ શોધક હોય છે, પણ તેમના વિચારોને અમલમાં મૂકવામાં તેઓ અંક ૧ વાળા જેટલા શક્તિશાળી હોતા નથી. શારીરિક શક્તિની દૃષ્ટિએ પણ તેઓ અંક ૧ વાળા કરતાં ઉતરતા હોય છે. તેમની શક્તિ તથા ગુણધર્મો શારીરિક કરતાં માનસિક પ્રકારનાં વધારે હોય છે. તેઓ કલ્પનાશીલ કળા કૌશલ્યની સૂઝવાળા અને રોમાન્ચક (રોમાન્ટિક) હોય છે. ડોકટર ક્રોસના મતાનુસાર અંક ૨ મિતાચાર, મધ્યમ માર્ગ અને પરિમિતતાનો પ્રથમ કક્ષાનો પ્રતીક છે. તે જીવનના જોમને મંદ કરનાર તથા ઉત્પાત મચાવનાર વસ્તુઓ કે બાબતો ઉપર નિયંત્રણ મૂકનાર છે. તે આવેશોને અંકુશમાં રાખવાનું અને ઊર્મિઓને પરિમિત બનાવવાનું કામ કરે છે.

આ લોકો અસ્થિર મનના તથા નરમ અને નમતું મૂકવાના સ્વભાવવાળા હોય છે. તેઓ સચ્ચારિત્રવાળા હોય છે. તેમનામાં સંજોગો અને વ્યક્તિઓને સાનુકૂળ થવાની શક્તિ હોય છે. સંજોગો અને પરિસ્થિતિની તેમના સ્વભાવ ઉપર સારી એવી અસર થાય છે. તેમનું હૃદય પ્રેમથી દ્રવિત થઈ જાય છે. છતાં ય તેમને પ્રેમનું પ્રદર્શન ગમતું નથી. તેમનામાં લોકોમાં મેળ કરવાની, સમાધાન કરવાની, સમન્વય કરાવવાની અને સંગઠિત કરવાની શક્તિ હોય છે. ખાનગી, વ્યાપારી કે ઔદ્યોગિક સાહસો, યોજનાઓ અને પ્રગતિના મૂળમાં તેમની શક્તિ રહેલી હોય છે. જો આ '૨' નો અંક જન્મ તારીખમાં પુનરાવૃત્તિ પામતો હોય તો જરૂરથી તેઓ તેમનો સ્વભાવ વારંવાર બદલતા રહે છે અને એક સ્થળે કે એક ધંધામાં લાંબો સમય ટકીને રહી શકતા નથી.

જ્યાં '૨' નો અંક ભાગ્યાંક હોય છે ત્યાં તેમનો જીવનમંત્ર સેવા અને જીવનમાર્ગ સ્નિગ્ધતા હોય છે આ લોકો માનવતાની સેવા કરનારા, સુમેળ કરાવનારા, સમન્વય સાધનારા, અને એક બીજાને નજીક લાવનારા હોય છે.

તેઓ ગૂઢવિદ્યા તરફ આકર્ષાય છે અને મંત્ર વિદ્યા, જાદુઈ વિદ્યા, હિપ્નોટીઝમ, અધ્યાત્મવિદ્યા વગેરેના જ્ઞાતા બને છે. તેઓ સમાજના માનીતા હોય છે અને સારા યે સમાજનું ઘર્ષણ ઘટાડનાર ઊંજણ (લુબ્રિકન્ટ) જેવા હોય છે. તેમને અભિનય, મુત્સદ્દીગીરી, રાજકારણ, મંત્રીપદ સેલ્સમેનશીપ, વકીલાત વગેરે ધંધાઓ પ્રત્યે આકર્ષણ હોય છે. તેમને પ્રવાહી પદાર્થો સાથે ગાઢ સંબંધ હોય છે. અને તેથી તેઓ સારા ડોકટરો, કેમિસ્ટ, ડ્રગિસ્ટ, દવાની દુકાનવાળા, તેલ, કેરોશીન અને ઓઈલ જેવા પ્રવાહી પદાર્થના વેપારી બની શકે છે.

આ લોકોના સ્વભાવની નબળી બાજુ પણ છે. તેઓ ચંચળ, અજંપાવાળા, અસ્થિર મનોવૃત્તિવાળા અને વધારે પડતા લાગણીશીલ હોય છે. તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે. તેમના વિચારો, કાર્યો અને યોજનાઓમાં સાતત્યનો અભાવ હોય છે. જો સારા અને સાનુકૂળ સંજોગો પ્રાપ્ત થતા નથી તો તેઓ નિરાશ અને ઉદાસ બની જાય છે.

આ અંકવાળાઓ અંક ૧ અને ૭ વાળા લોકો એટલે કોઈપણ માસની ૧લી, ૭મી, ૧૦મી, ૧૬મી, ૧૯મી, ૨૫મી અને ૨૮મી તારીખોએ જન્મેલાઓ સાથે તથા

૨–અંકવાળા (૨જી, ૧૧મી, ૨૦મી ને ૨૯મીએ જન્મેલાઓ) લોકો સાથે સારા સંબંધો સ્થાપી શકે છે તથા સુમેળ રાખી શકે છે. તેમને માટે રવિવાર, સોમવાર અને શુક્રવાર શુભ દિવસો છે. જો આ દિવસો ૨૦મી જૂનથી ૨૭મી જુલાઈ સુધીના સમયમાં અને ૨જી, ૧૧મી, ૨૦મી કે ૨૯મી તારીખે આવતા હોય તો તે ઘણા જ ભાગ્યશાળી બને છે.

ભાગ્યશાળી રંગો:–તેમના માટે આછાથી માંડીને બધી જ ઝાંયવાળા લીલા રંગો, સફેદ અને ક્રિમ રંગ (ઝાંખો પીળો) ભાગ્યશાળી છે, તેમણે શક્ય હોય ત્યાં સુધી ઘેરો લાલ, કત્થઈ આછો તથા ઘેરો જાંબલી અને કાળા રંગ જેવા ઘેરા રંગોથી દૂર રહેવાની જરૂર છે.

શુકનિયાળ નંગ તથા ઝવેરાતઃ–મોતી, ચંદ્રકાન્ત મણિ અને લીલા રંગના કીમતી પથ્થરો (Jade) છે.

## આ અંક નીચે જન્મેલી મહાન વ્યક્તિઓ

| | જન્મ દિન |
|---|---|
| ૧. મહાન વૈજ્ઞાનિક થોમસ અલ્વા એડિસન | ૧૧મી ફેબ્રુઆરી |
| ૨. મહાત્મા ગાંધી | ૨જી ઓકટોબર |
| ૩. લાલ બહાદુર શાસ્ત્રી | ૨જી ઓકટોબર |
| ૪. બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન ગ્લેડસ્ટન | ૨૯મી ડીસેમ્બર |
| ૫. સ્વામીશ્રી રામકૃષ્ણ પરમહંસ | ૨૦મી ફેબ્રુઆરી |
| ૬. અંગ્રેજ લેખક થોમસ હાર્ડી | ૨જી જૂન |

| | |
|---|---|
| ૭. ગુજરાતના ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. જીવરાજ મહેતા | ૨૯મી ઓગસ્ટ |
| ૮. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ હાર્ડિંગ | ૨જી નવેમ્બર |
| ૯. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ આદમ્સ | ૧૧મી જુલાઈ |
| ૧૦. અભિનેત્રી માલાસિન્હા | ૧૧મી નવેમ્બર |
| ૧૧. શ્રી મોરારજી દેસાઈ | ૨૯મી ફેબ્રુઆરી |
| ૧૨. એડોલ્ફ હિટલર | ૨૦મી એપ્રિલ |
| ૧૩. મુસોલિની | ૨૯મી જુલાઈ |
| ૧૪. આશાપારેખ (અભિનેત્રી) | ૨જી ઓકટોબર |
| ૧૫. અભિનેતા દિલીપકુમાર | ૧૧મી ડિસેમ્બર |

## અંક ૨ના મિશ્ર અંકો અથવા અષ્ટકો

૧૧. આ અંકનું ચિત્રપ્રતીક સખત રીતે વાળેલી મુઠ્ઠી "a clenched hand" અને મોંઢા ઉપર શીકલી બાંધેલો સિંહ "a muzzled lion" છે. આ અંક અપશુકનિયાળ અને કમનશીબ છે. આ અંક બીજાઓ તરફથી ગુપ્ત ભય, કસોટી, સતામણી, દગો ફટકો ને વિશ્વાસઘાતની ચેતવણી આપે છે, આ અંકવાળી વ્યક્તિને જીવનમાં મહાન મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, આ લોકોએ બીજાઓ સાથે શાંતિ, સાવચેતી અને કુનેહથી કામ લેવું જોઈએ. તેમણે મિત્રો તથા સંબંધીઓનો વિશ્વાસ ન કરવો અને ઝગડાઓથી દૂર રહેવું.

૨૦. આ અંકના ચિત્રપ્રતીકમાં પાંખવાળો એક દેવદૂત શરણાઈ વગાડતો બતાવવામાં આવ્યો છે, અને નીચેથી એક પુરુષ, એક સ્ત્રી અને એક બાળક પ્રાર્થના માટે હાથ

જોડયા હોય તેવી સ્થિતિમાં કમરમાંથી ઊઠતા બતાવ્યા છે, તેથી આ અંકને "જાગૃતિ" અને "ચૂકાદા" નો અંક કહેવામાં આવે છે જાગૃતિનો અર્થ નવીન ધ્યેય, નવીન હેતુઓ, નવીન યોજનાઓ અને કોઈ ઉચ્ચ ધ્યેય, હેતુ કે ફરજ માટેની હાકલ થાય છે. આ અંક ભૌતિક કે દુન્યવી ગણાતો નથી. તેથી આ એક દુન્યવી સફળતા અને ભૌતિક સુખ સમૃદ્ધિ માટે શંકાસ્પદ મનાય છે.

બીજા એક મત પ્રમાણે આ અંક લોભ. કંજુસાઈ, અસ્થિર અને ઢીલુંપોચું મન, આત્મવિશ્વાસનો અભાવ, તરંગી અને મનસ્વી સ્વભાવ, સ્થળ, વિચાર, કાર્ય અને યોજનાઓમાં વારંવાર ફેરફારો અને આર્થિક નુકસાનનો દ્યોતક છે.

આ અંકનો ઉપયોગ ભાવિ બનાવો માટે કરવામાં આવે તો તે વ્યક્તિની યોજનાઓમાં વિલંબો અને વિઘ્નો સૂચવે છે. આ વિઘ્નો તથા વિલંબો વ્યક્તિના માનસિક અને આધ્યાત્મિક વિકાસથી જ જીતી શકાય છે. સખત પરિશ્રમ અને દૃઢ નિશ્ચય બળથી તેમને સફળતા પ્રાપ્ત થાય છે.

૨૯. આ અંક બીજાઓ તરફથી અચોક્કસાઈ, બેદરકારી, અનિશ્ચિતતા, દગો, વિશ્વાસઘાત અને છેતરપિંડી દર્શાવે છે, તથા કસોટી, સતામણી, આફત, અણધાર્યો ભય અને જોખમો, અવિશ્વસનીય મિત્રો અને વિજાતીય વ્યક્તિઓ તરફથી દુઃખ, ચિંતા, શોક અને છળકપટની આગાહી કરે છે બીજા એક મતે આ એક અસ્થિર, વ્યગ્ર અને ઢીલુંપોચું

મન તથા વિચારોમાં વારંવાર પરિવર્તન સૂચવે છે.

ભાવિ બનાવો માટે આ અંક અશુભ સૂચક છે.

૪૮. કોઈ કોઈ વખત આ અંક કલેશ, વિખવાદ, ઝગડા, ગેરસમજ, જુદાઈ અને ભંગાણુ પેદા કરે છે. આધ્યાત્મિક રીતે જોતાં આ અંક ઘણો જ પ્રબળ મનાય છે જયાં જયાં સુમેળ સંવાદિતા અને સંપ હોય છે ત્યાં આ અંક તેમાં વધારો કરે છે, પણ જયાં કુમેળ, કુસંપ અને વિસંવાદિતા હોય છે ત્યાં તે જૂઠાણું ધૂર્તતા, અને છેતરપિંડી લાવે છે. તેથી આ અંકની શક્તિ અચોક્કસ કહેવાય છે, આ અંક જ્ઞાનતંતુઓ ઉપર પણ અસર કરે છે, ભાવિ બનાવોના સંબંધમાં જયારે આ અંક દેખા દે ત્યારે તેનાથી સાવચેત રહેવું જોઇએ અને મક્કમતાથી પરિસ્થિતિનો સામનો કરવો જોઇએ.

બીજા એક મત પ્રમાણે આ અંક દુઃખ, દુશ્મનાવટ, ખરાબ સ્વાસ્થ્ય અને આર્થિક મુશ્કેલીઓનો સૂચક છે, આ લોકોએ શંકાસ્પદ બાબતોથી દૂર રહેવું જોઇએ.

૪૭. આ અંક ૧૧, ૨૦, ૨૯ ને ૩૮ ના જેવો અચોક્કસ તથા અસ્થિર મનાય છે, વધારામાં આ અંક પાણીથી ભય કે નુકસાન સૂચવે છે. આ અંકવાળા લોકો સાનુકૂળ, સહકારને સમાધાનની ભાવનાવાળા, કુનેહવાળા સમયસૂચક અને વિવેકશીલ હોય છે, તેઓ પૈસા, આંકડાશાસ્ત્ર હિસાબીકામ વગેરેમાં હોંશિયાર હોય છે અને તેથી શરાફ તરીકે કે બેન્કની નોકરીમાં સારું કામ કરી શકે છે.

પણ ભાવિ બનાવોના સંબંધમાં આ અંક આવે ત્યારે તેમણે તેને ભયચિહ્ન માનીને રાહ જોવાની, અટકવાની અને ધ્યાનથી સાંભળવાની જરૂર હોય છે.

૫૯. આ અંક બીજાઓની ઉપર સત્તા ચલાવનાર ને બીજાઓને પ્રેરણા આપનાર છે. તેઓ ધન, સંપત્તિ ને પ્રતિષ્ઠા મેળવે છે, તેઓ લાગણીશીલ અને માનસિક રીતે અશાંત અને બેચેન હોય છે. તેઓ કોઈ કોઈ વખત અયોગ્ય મહત્વાકાંક્ષાઓને તાબે થાય છે. તેમણે તેમની લાગણીઓને કાબૂમાં રાખતાં શીખવાની ખાસ જરૂર છે.

બીજા એક મત પ્રમાણે આ અંક સાહસ, હિંમત, પ્રવૃત્તિમયતા અને કોઈ કોઈ વખત નિષ્ફળતા સૂચવે છે.

૬૫. આ અંકને પવિત્ર માનવામાં આવે છે તે સુખી લગ્નજીવન અને શક્તિશાળી આશ્રયદાતાઓ (patrons) બને છે. સાથે સાથે આ અંક નુકસાન, ઈજાઓ અને ભયનો પણ સૂચક છે.

# પ્રકરણ ૫

## અંક ૩ અને તેના મિશ્ર અંકો અથવા અષ્ટકો

આ અંક ગુરુ અને બૃહસ્પતિના ગ્રહનો પ્રતીક છે. સૂર્યમંડળના બધા જ ગ્રહોમાં ગુરુ સૌથી મોટો છે. અને તેથી જ તેનું નામ ગુરુ રાખવામાં આવ્યું છે. તેનો રંગ આંખો પીળો છે. તેને ૧૨ ઉપગ્રહો અથવા ચંદ્રો છે. તેમાંથી ૪ મોટા અને ૮ ઘણા નાના છે. બીજી રીતે લઇએ તો ગુરુ એટલે શિક્ષક પણ થાય છે. આપણા દેશમાં શિક્ષક તરીકે બ્રાહ્મણો કામ કરતા હતા. બ્રાહ્મણોનું મુખ્ય કાર્ય જ્ઞાન પ્રાપ્ત કરવાનું તથા જ્ઞાન આપવાનું હતું. અત્યારે પણ આ વસ્તુ થોડેઘણે અંશે સત્ય છે તેથી આ અંક શિક્ષણ તથા સંસ્કાર માટે સારો ગણાય પણ ભૌતિક સુખસમૃદ્ધિ માટે સારો ગણાતો નથી. જ્યોતિષશાસ્ત્ર અને હસ્તસામુદ્રિકશાસ્ત્ર અને અંકશાસ્ત્રમાં ગુરુનું ઘણું જ મહત્વ હોય છે. ૧ થી ૯ સુધીના બધા જ અંકોમાં ૩ના અંકની શક્તિનો પ્રવાહ વહે છે. ૩, ૬ અને ૯ અંકવાળા લોકો પરસ્પર સહાનુભૂતિ દર્શાવે છે. આ અંકોને ગમે તે રીતે ગોઠવીને તેમનો ગમે તે રીતે એટલે કે આડો અથવા ઊભો સરવાળો કરવામાં આવે તો છેવટે મૂળ અંક તરીકે ૯નો અંક જ આવે છે.

જેમકે

૩ + ૬ + ૯ = ૧૮ = ૧ + ૮ = ૯

૬ + ૯ + ૩ = ૧૮ = ૧ + ૮ = ૯

૯ + ૩ + ૬ = ૧૮ = ૧ + ૮ = ૯

——— ——— ——— ———   ———   ———

૧૮   ૧૮   ૧૮   ૫૪   ૨૭

૯   ૯   ૯   ૯   ૯

આ અંકની પ્રતિનિધિ ગ્રહ ગુરુની સંજ્ઞા ♃ છે.

કોઈપણ માસની ૩જી, ૧૨મી, ૨૧મી કે ૩૦મી તારીખે જન્મેલ વ્યક્તિઓ અને તેમાં પણ ખાસ કરીને ૧૯મી ફેબ્રુઆરીથી ૨૧મી કે ૨૭મી માર્ચ સુધી અને ૨૧મી નવેમ્બરથી ૨૧મી કે ૨૭મી ડિસેમ્બર સુધીના સમય ગાળામાં ઉપરોક્ત તારીખોએ જન્મેલી વ્યક્તિઓ આ અંકની અસર નીચે ખાસ કરીને આવે છે.

સેફારીઅલના મતે આ અંક "વિકાસ, વૃદ્ધિ, ઉત્સાહ આશાવાદ, ઊભરો, વિશ્વાસ, આનંદ, તાજગી, સ્ફૂર્તિ, અભિરુચિ, ઉત્પાદકતા, સફળતા, સંપૂર્ણતા અને આ અંકના સારી કે ખરાબ અસર પ્રમાણે ઉદારતા કે ઉડાઉ-પણું તથા ખાનદાની કે ખોટો ભપકો, ડોળ અને દંભ દર્શાવે છે. ચિરલોના કથન મુજબ જો અંક ૩ ભાગ્યાંક હોય તો તે વ્યક્તિનું જીવનધ્યેય આત્મ–અભિવ્યક્તિ (self–expression) અને તેનો મુદ્રાલેખ ધૈર્ય હોય છે. આ અંકવાળા લોકો તેમને નીચલી પાયરીની જગ્યાઓથી સંતોષ થતો નથી. તેમના જીવનનું ધ્યેય દુનિયામાં આગળ આવવાનું અને બીજાઓ ઉપર સત્તા ચલાવવાનું હોય છે. તેમને શિસ્ત, નિયમિતતા અને વ્યવસ્થા ગમે છે. તેઓ

હુકમનો અમલ ઉત્તમ રીતે કરી જાણે છે અને જરૂર પડે આજ્ઞાનું પાલન પણ સારી રીતે કરે છે. બીજાઓ તેમની આજ્ઞાઓનું પાલન સારી રીતે કરે તેમ તેઓ ઇચ્છે છે તથા તેનો આગ્રહ રાખે છે. તેઓ તેમની ફરજ ચીવટ અને કાળજીથી અદા કરે છે.

બીજા એક મતે જો આ અંક ભાગ્યાંક હોય તો તે જીવનમાં ઘણી મુશ્કેલીઓ તથા વિપત્તિઓ ઊભી કરે છે. જો બુધનો અંક ૫ અને શનિનો અંક ૮ પ્રબળ અને અનુકૂળ હોય તો પણ આ ગુરુનો અંક વ્યક્તિનું જીવન ૩૫મા કે ૩૯મા વર્ષ સુધી તો મુશ્કેલીઓ અને ઝંઝાવાતોથી ભરપૂર બનાવે છે.

જો આ અંક જન્મ તારીખમાં આવતો હોય તો તેવી વ્યક્તિની માનસિક શક્તિ સારી હોય છે. તેથી તેઓ ઉત્તમ શિક્ષકો, કેળવણીકારો, તત્વચિંતકો અને અધ્યાત્મશાસ્ત્રમાં પ્રવીણ બને છે. તેઓ સ્વતંત્ર અને મૌલિક વિચારો ધરાવનારા તથા ઉચ્ચ પ્રકારની માનસિક શક્તિવાળા હોય છે. આ લોકો દેખાવમાં આકર્ષક તથા પ્રભાવશાળી, બુદ્ધિશાળી અને આદરણીય હોય છે. આ લોકો સ્વચ્છ, સુઘડ, સુંદર અને કીમતી વસ્ત્રો પહેરે છે. તેઓ ઘર, ઓફિસ વગેરેના સુશોભનમાં પણ સારો રસ ધરાવે છે. જો કોઈ સ્ત્રીની જન્મ તારીખમાં આ "૩"નો અંક આવતો હોય તો તે ધાર્મિક કે શૈક્ષણિક ક્ષેત્રે જવાબદારીભર્યું સ્થાન શોભાવનારી, પ્રમાણિક અને અંતરાત્માના અવાજને અનુસરીને ચાલનારી હોય છે. આ અંક ઘણો જ આધ્યાત્મિક ગણાય છે. આ લોકો

વર્તે છે રીતરિવાજોને અનુસરનારા તથા જૂનવાણી હોય છે. તેઓ ધંધા, નોકરી, વ્યાપાર કે જીવનના કોઈપણ ક્ષેત્રમાં ઘણું ઊંચું સ્થાન પ્રાપ્ત કરે છે તથા શોભાવે છે. જો તેમને સાનુકૂળ સંજોગો પ્રાપ્ત થાય તો તેઓ સમાચારપત્રોના તથા સામયિકોના તંત્રીઓ, વિવેચકો, નિબંધકારો તથા લેખકો પણ બની શકે છે.

તેઓ સ્વતંત્ર મિજાજના હોવાથી તેમને કોઈપણ પ્રકારનાં બંધનો ને નિયમનો ગમતાં નથી. તેઓ અભિમાની હોય છે અને તેથી તેમને બીજાઓના અહેશાનમાં આવવાનું ગમતું નથી. તેમની મોટી નબળાઈ કે ખામી એ છે કે તેઓ સરમુખત્યાર બનવા પ્રયત્ન કરે છે. તેમનો બોલ તેજ નિયમ અને કાયદો એ રીતે તેઓ વર્તવા પ્રયત્ન કરે છે, તેઓ તેમના વિચારો, કાર્યો અને યોજનાઓના અમલ માટે હઠાગ્રહી બને છે. તેઓ મિથ્યાભિમાની. દંભી, ડોળદમામવાળા, અસહિષ્ણુ અને જુલમી પણ બને છે. અને તેથી તેઓ ઝઘડાખોર ન હોવા છતાં અનેક વિરોધીઓ અને દુશ્મનો ઊભા કરે છે, આથી તેમણે લોકશાહીની રીતરસમો શીખવાની અને અપનાવવાની ખાસ જરૂર હોય છે.

તેમના માટે મંગળવાર, ગુરુવાર અને શુક્રવાર ભાગ્યશાળી છે. તેમાંય ગુરુવાર ઉત્તમ છે, અને જો આ દિવસોએ ૩ અંકી તારીખો (૩જી, ૧૨મી, ૨૧મી કે ૩૦મી) અથવા થોડેઘણે અંશે ૬–અંકી કે ૯–અંકી તારીખો (૬ઠ્ઠી, ૯મી, ૧૫મી, ૧૮મી, ૨૪મી કે ૨૭મી) આવતી હોય અને વધારામાં જો આ દિવસો ૧૯મી ફેબ્રુઆરીથી ૨૭ માર્ચ

અને ૨૧મી નવેમ્બરથી ૨૭મી ડિસેમ્બર સુધીના સમય ગાળામાં આવતા હોય તો સવિશેષ શુભ બને છે તેમણે આ દિવસો, તારીખો અને સમયમાં તેમનાં અગત્યના કાર્ય અને યોજનાઓ શરૂ કરવી જોઇએ કે અમલમાં મૂકવાં જોઇએ. આ ૩-અંકી લોકોને (૩જી, ૧૨મી, ૨૧મી કે ૩૦મી એ જન્મેલા) બીજા ૩ અંકી લોકો, ૬-અંકી લોકો (૬ઠ્ઠી, ૧૫મી, ૨૪મી એ જન્મેલા) અને ૯-અંકી લોકો (૯મી, ૧૮મી કે ૨૭મી એ જન્મેલા) સાથે સારો મેળ હોય છે. અને તેથી તેવા લોકો સાથેની મિત્રતા કે ભાગીદારી તેમને માટે લાભદાયક બની રહે છે.

**ભાગ્યશાળી રંગો**:-આ લોકોને માટે આછાથી માંડીને ઘેરી ઝાંય (shades)વાળા ભગવા, જાંબલી, ભૂરા, કીરમજી અને ગુલાબી રંગો શુકનિયાળ છે. તેમણે આ રંગવાળા વસ્ત્રો અને આભૂષણો પહેરવાં જોઇએ અને રહેવાના ઓરડાનો કે મકાનનો રંગ પણ આ રંગોમાંનો એક હોય તો વધુ સારું.

**ભાગ્યશાળી નંગો કે ઝવેરાત**:-નીલમ કે નીલમણિ (Amethyst) તથા પોખરાજ કે પુષ્પરાજ છે.

આ અંકની અસર નીચે જન્મેલી મહાન વ્યક્તિઓ

| | જન્મદિન |
|---|---|
| ૧. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદ | ૩જી ડિસેમ્બર |
| ૨. સ્વામી વિવેકાનંદ | ૧૨મી જાન્યુઆરી |

૩. ગ્રેટબ્રિટનના રાજા પંચમ જયોર્જ ૩જી જૂન
૪. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અને ગુલામોના
તારણહાર અબ્રાહમ લિંકન ૧૨મી ફેબ્રુઆરી
૫. અમેરિકન લેખક અને તત્વચિંતક
માર્ક ટવેઈન ૩૦મી નવેમ્બર
૬. અંગ્રેજ લેખક અને કવિ રૂડયાર્ડ
કિપ્લિંગ ૩૦મી ડિસેમ્બર
૭. બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન
વિન્સ્ટન ચર્ચિલ ૩૦મી નવેમ્બર
૮. ઉત્ક્રાન્તિવાદી ડાર્વિન ૧૨મી ફેબ્રુઆરી
૯. ફ્રાન્સના ક્રાંતિકારી લેખક વોલ્ટેર ૨૧મી નવેમ્બર
૧૦. અંગ્રેજ નવલકથાકાર ડિન સ્વિફ્ટ ૩૦મી નવેમ્બર
૧૧. તત્વવેત્તા કાર્ડિનલ ન્યુમન ૨૧મી ફેબ્રુઆરી
૧૨. સ્ટેલિન ૨૧મી ડિસેમ્બર
૧૩. અભિનેતા શમ્મીકપૂર ૨૧મી ઓકટોબર
૧૪. અમેરિકાના ઉદ્યોગપતિ હેનરી ફોર્ડ ૩૦મી જુલાઈ
૧૫. ઇજિપ્તના ભૂતપૂર્વ પ્રમુખ નાસર ૨૧મી જાન્યુઆરી

## અંક ૩ના મિશ્ર અંકો કે અષ્ટકો

૧૨:-આ અંક મનની અસ્થિરતા, વ્યગ્રતા, અજંપો, બેચેની, દુઃખ, મુશ્કેલીઓ, ચિંતા, આત્મસમર્પણ અને બલિદાન દર્શાવે છે, તે અન્યના ભોગ કે શિકાર બનવાનું પણ સૂચવે છે. બીજાઓની યોજનાઓ, ખટપટ કે કાવતરાં માટે વ્યક્તિનો ભોગ કે બલિદાન દર્શાવે છે. આ લોકો ઘણી વખત દીનદુઃખીઓએ તથા દલિતો માટે સ્વેચ્છાએ સારો એવો ભોગ આપે છે. આ અંકને ભાવિ બનાવોની

દષ્ટિએ તથા દુન્યવી સફળતા માટે શુભ ગણવામાં આવતો નથી.

૨૧:-આ અંકનું પ્રતીક "વિશ્વ" અથવા "બ્રહ્માંડ" અને "મોજીનો તાજ" અથવા "કાંટાળા તાજ" છે. તે બઢતી, પ્રગતિ, ઉત્કર્ષ, ઉન્નતિ, પ્રતિષ્ઠા અને સફળતાનો દ્યોતક છે તે લાંબી લડત પછી વિજયપ્રાપ્તિ અને સફળતા સૂચવે છે, કારણ કે મૈત્રીનો તાજ અસંખ્ય મુશ્કેલીઓ અને કસોટીઓમાંથી પસાર થયા પછી જ મેળવી શકાય છે. તે કળાકૌશલ્યની શક્તિ, કાવ્ય અને સાહિત્યનો દ્યોતક છે. જ્ઞાન, પ્રેમ, પ્રકાશ, સંપૂર્ણતા, આત્મસાક્ષાત્કાર, મોક્ષ અને પુનર્જીવન સાથે પણ આ અંક સંબંધિત છે જો આ અંક જન્મપથ કે ભાગ્યાંક તરીકે હોય તો તે વ્યક્તિને કલાત્મક શક્તિ બક્ષે છે. આવી વ્યક્તિ કુદરતી સૌંદર્યના દશ્યોના ચિત્રકાર, સૌંદર્યનાં સાધનો અને સુગંધી પદાર્થોના વિક્રેતા વગેરે બને છે. આ લોકો બેફિકરા અને મસ્ત હોય છે. આધ્યાત્મિક પ્રગતિ તથા ભાવિ બનાવોના સંબંધમાં આ અંક ભાગ્યશાળી છે.

૩૦. આ અંક બુદ્ધિ, ડહાપણ, ઉચ્ચ વિચારો અને આધ્યાત્મિકતા સૂચવે છે. આ અંક માનસિક સ્તર-કક્ષા સૂચવે છે. તેથી આ અંક શક્તિશાળી હોવા છતાં ભાગ્યશાળી કે કમનશીબ ગણાતો નથી, પણ તટસ્થ ગણાય છે, કારણ કે સુખ કે દુઃખ, સફળતા કે નિષ્ફળતા અને ભાગ્ય અને દુર્ભાગ્ય આ બધી જ બાબતો મનુષ્યની માનસિક દષ્ટિ ઉપર આધાર રાખે છે. એકને માટે સુખ તે અન્યને

માટે દુઃખ અને એકને માટે દુઃખ તે અન્યને સુખ બની શકે છે. એકનું અમૃત તે બીજાનું ઝેર અને એકનું ઝેર તે બીજાનું અમૃત બની શકે છે મોટા ભાગે આવી વ્યક્તિઓ માનસિક સુખ અને આનંદમાં માનનારી હોવાથી ભૌતિક કે દુન્યવી સુખસગવડની, સમૃદ્ધિની કે પૈસા ભેગા કરવાની ઇચ્છા કે પરવા કરતી નથી. ઊંચી કક્ષાએ આ અંક નાટક, સિનેમા તથા સંગીતનો શોખ, બાળકો તથા પ્રાણીઓ પ્રત્યે પ્રેમ તથા વૈદ્ય, ડોકટર, નર્સ, દવાઓ તથા રસાયણોનો ધંધો સૂચવે છે. નીચલી કક્ષાએ આ અંક દગોફટકો, છેતરપિંડી, વિશ્વાસઘાત ને બીનવફાદારી બતાવે છે. આ લોકોએ આર્થિક નુકસાન તથા કોર્ટકચેરીના ઝગડાઓથી સંભાળવાની જરૂર છે. વ્યક્તિ જે રીતે ઉપયોગ કરે તે રીતે આ અંક શક્તિશાળી કે નિર્બળ તથા સારો કે નરસો બને છે.

૩૯. આ અંક સુંદર સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, મિત્રતા અને પ્રેમનો દ્યોતક છે. આ અંક નૈઋત્ય દિશા સાથે સંબંધ ધરાવે છે. તે પ્રગતિ તથા અધોગતિ પણ સૂચવે છે નીચલી કક્ષાએ તે જુલ્મ, ક્રૂરતા અને દુઃખનો દ્યોતક છે. આ લોકોએ પણ કોર્ટકચેરીના ઝગડાઓથી દૂર રહેવાની જરૂર છે.

૪૮. આ અંકની અસર "૩"ના અંક જેવી છે. આ અંક પ્રેમાળ, મિલનસાર, મળતાવડો અને આનંદપ્રિય સ્વભાવનો દર્શક છે તે સુખી લગ્નજીવન અને જીવનમાં સામાન્ય સફળતાનો દ્યોતક છે. આ અંકવાળા લોકો આરામપ્રિય, સ્વાર્થી, આત્મપરાયણ અને થોડે અંશે

સ્વછંદી હોય છે તે કળાકૌશલ્ય, નાટકસિનેમા ને આનંદ પ્રમોદમાં સફળતા સૂચવે છે. ઉચ્ચ કક્ષાએ તે થોડી મહેનતે પણ સફળતા ને સુખસમૃદ્ધિ અપાવે છે, પણ નિમ્ન (નીચલી) કક્ષાએ તે આળસુ અને સ્વાર્થી બનાવે છે. આ લોકોએ બીજાઓનું ભુંડું બોલવું નહીં તથા અણધારી આપત્તિઓનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઇએ.

૫૭. આ અંકવાળા લોકો આનંદી ને મિલનસાર સ્વભાવના હોય છે. તેમને દેખાવ, ભપકો અને ટાપટીપ વધારે પસંદ હોય છે. સામાન્ય રીતે તેઓ તંદુરસ્ત, પ્રવૃત્તિશીલ, સમૃધ્ધિવાન, સુખી ને નોકરીધંધામાં સફળતા પ્રાપ્ત કરનારા હોય છે.

૬૬. અંક "૩૦"ના જેવો અર્થ છે.

૭૫. અંક "૩૦"ના જેવો અર્થ છે.

# પ્રકરણ ૬

## અંક ૪ અને તેના મિશ્ર અંકો કે અષ્ટકો

આ અંકનો પ્રતિનિધિ ગ્રહ યુરેનસ છે. તેને પ્રજાપતિ કે હર્ષલ પણ કહે છે. તેની શોધ ઈ. સ. ૧૭૮૧માં હર્ષલ નામના વૈજ્ઞાનિકે કરી હતી. તે રંગે લીલો અને પૃથ્વી કરતાં ૬૦ ગણો મોટો છે. તે સૂર્યની આસપાસ ૮૪ વર્ષમાં એક આંટો ફરે છે. તેને ૫ ઉપગ્રહો છે. તે પોતાની ધરી ઉપર પૃથ્વીની માફક પશ્ચિમથી પૂર્વ તરફ ફરવાને બદલે પૂર્વથી પશ્ચિમ તરફ ફરે છે. અને તેથી યુરેનસ ઉપર સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગે છે અને પૂર્વમાં આથમે છે અને યુરેનસ અંક ૧ના પ્રતીક સૂર્ય સાથે સંબંધિત છે એમ માનવામાં આવે છે. તેથી જ અંકશાસ્ત્રમાં અન્ય ગૂઢ વિદ્યાઓમાં ૧-૪ સાથે જ લખાય છે. સેફારીઅલ યુરેનસને ઋણ સૂર્ય ( Negative Sun ) પણ કહે છે. તેમના મત પ્રમાણે આ અંક વિરોધ, વિદ્રોહ અને વિસ્ફોટન (ઓચિંતો પ્રચંડ ધડાકો)નો સૂચક છે. આ ગ્રહની સંજ્ઞા $\left|\overset{+}{\circ}\right|$ છે.

કોઈ પણ માસની ૪થી, ૧૩મી, ૨૨મી કે ૩૧મી તારીખે જન્મેલાઓ આ અંકની અસર નીચે આવે છે. અને જો તેઓ ૨૧મી જૂનથી ૨૭મી ઓગસ્ટ સુધીના સમયમાં જન્મ્યા હોય તો આ અંકની અસર તેમના વ્યક્તિત્વ ઉપર વિશેષ થાય છે.

આ અંકવાળા લોકોને તેમના પોતાના કહેવાય તેવા ખાસ ગુણો હોય છે. તેઓ દરેક વસ્તુ કે બાબતને બીજા-

ઓથી ભિન્ન કે વિરૂધ્ધ દૃષ્ટિથી જુએ છે. કોઈપણ વિષયની ચર્ચામાં તેઓ વિરૂધ્ધ પક્ષે દલીલો કરે છે. અને તેથી તેઓ સારા એવા છૂપા દુશ્મનો ઉત્પન્ન કરે છે. તેમને વિરોધનો પણ સામનો કરવો પડે છે. તેઓ નિયમો, અંકુશો, નિયંત્રણો અને બંધનો સામે બળવો પોકારે છે. શક્ય હોય તો તેઓ કુટુંબ, સમાજ કે સરકારમાં ક્રાંતિકારી ફેરફારો કરે છે. તેઓને સામાજિક પ્રશ્નો અને સમાજ-સુધારણામાં ભારે રસ હોય છે. તેમના વિચારો ને મંતવ્યો અસાધારણ અને ક્રાંતિકારી હોય છે. આમ છતાંય તેમને થોડા પણ સાચા અને વિશ્વાસુ મિત્રો હોય છે. અને તેઓ આ મિત્રોને ઘણા જ વફાદાર હોય છે.

તેઓ ભૌતિક સુખસંપત્તિ પ્રાપ્ત કરવામાં અને સાંસારિક બાબતોમાં ભાગ્યે જ સફળતા મેળવે છે. તેઓને ધન એકઠું કરવાની જરાય પરવા હોતી નથી. અને કદાચ તેઓ ધન પ્રાપ્ત કરે છે તો તેઓ એનો ઉપયોગ સામાન્ય માણસને આશ્ચર્ય પમાડે તેવી રીતે કરે છે. ઉપર જણાવેલ અર્થઘટન કીરો, સેફારીઅલ અને મોન્ટ્રોઝનું છે.

પણ ડોક્ટર ક્રોસનો મત કીરો અને સેફારીઅલના ઉપરોક્ત મતથી જુદો પડે છે, તેમના મતે આ અંક સામાન્ય માણસને જીવનમાં સફળતા અપાવનારો અને ભાગ્યશાળી છે. આ અંક વિવેચક કે દોષદર્શી દૃષ્ટિ અને કસીને સોદા કરવાની વૃત્તિ બતાવે છે. જો વ્યક્તિનો ભાગ્યાંક આ, અંક હોય તથા તેની જન્મ તારીખમાં પણ આ અંક આવતો હોય તો તેઓને જીવનની સારી વસ્તુઓ ભોગવવી અને તેનો આનંદ માણવો ગમે છે તેઓ શાંતિ

અને સંતોષમાં માનનારા હોય છે. વધુમાં, ડૉક્ટર ક્રોસ કહે છે કે આ અંકવાળી વ્યક્તિની આસપાસ બંને જાતિના (પુરુષ તેમજ સ્ત્રી) મિત્રો ટોળે વળે છે કે એકઠા થાય છે કારણ કે તેમની સાથે કામ કરવું અનુકૂળ અને સહેલું હોય છે, તેમના ભરોસે (વિશ્વાસે) જીવવામાં કંઈ જ નુકસાન નથી. જીવનની હાડમારીઓ અને ઝંઝાવાતોમાં તેઓ સારા એવા આશ્રયદાતા બને છે. આ લોકો શેરસટ્ટા, લોટરી વગેરે બાબતોમાં ભાગ્યશાળી હોય છે, જો ભાગ્યાંક ચાર હોય તો જીવનધ્યેય ભૌતિક ચીજોનું ઉત્પાદન બને છે અને મુદ્રાલેખ સેવા હોય છે. આ લોકો સહેલાઈથી એન્જિનિયરો, શિક્ષકો, મિકેનિક, કેમિસ્ટ, ઇલેક્ટ્રિશિયન, આર્કિટેકટ કે ધંધાદારી બની શકે છે. જે કામ માટે શક્તિ, બુદ્ધિ, અને શારીરિક સહનશીલતાની જરૂર પડે તેવાં કામ તેઓ સારી રીતે કરી શકે છે.

તેમની મુખ્ય ખામી એ છે કે તેઓ ઘણા જ લાગણીશીલ હોય છે અને તેમને નજીવી વાત કે બાબતમાં તેમને ખોટું લાગી જાય છે. ઘણી વખત તેમને એકલવાયાપણું કે સૂનાપણું લાગે છે, દુનિયામાં તેમનું કોઈ નથી તેવી લાગણી તેમને થયા કરે છે, જો તેમને જીવનમાં સફળતા નથી મળતી તો તેઓ નિરાશ અને હતાશ બની જાય છે.

તેમના ભાગ્યશાળી દિવસો શનિ, રવિ અને સોમવાર છે, અને જો આ દિવસોએ ૪, ૧૩, ૨૨ અને ૩૧ તારીખો આવે તો તે દિવસો વધારે ભાગ્યશાળી બને છે. જો આ તારીખો અને દિવસો ૨૧મી જૂનથી ૨૭મી ઓગસ્ટ

સુધીના સમય ગાળામાં આવે તો તે ઘણા જ શુભ સાબિત થાય છે.

ભાગ્યશાળી રંગોઃ—ચળકતા, ચમકદાર તથા ધૂપ-છાંય રંગો તથા ભૂરા, ભૂખરા અને ખાખી રંગો તેમના માટે ભાગ્યશાળી રંગો છે.

ભાગ્યશાળી નંગ કે ઝવેરાતઃ—આછા કે ઘેરા રંગના નીલમણિ કે નીલમ (Saphire) છે.

આ અંકની અસર નીચે જન્મેલી મહાન વ્યક્તિઓ

| | જન્મદિવસ |
|---|---|
| ૧. મહાન વૈજ્ઞાનિક માઈકલ ફેરેડે | ૨૨મી ઓકટોબર |
| ૨. અંગ્રેજ લેખક અને તત્વચિંતક થોમસ કાર્લાઈલ | ૪થી ડિસેમ્બર |
| ૩. સ્કાઉટની પ્રવૃત્તિની સ્થાપક બેડન પોવેલ | ૨૨મી ફેબ્રુઆરી |
| ૪. અંગ્રેજ કવિ અને લેખક લોર્ડ બાયરન | ૨૨મી જાન્યુઆરી |
| ૫. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જ્યોર્જ વોશિંગટન | ૨૨મી ફેબ્રુઆરી |
| ૬. શોર્ટહેન્ડ પદ્ધતિના શોધક સર આઈઝેક પિટમન | ૪થી જાન્યુઆરી |
| ૭. જાસુસી નવલકથાઓના પ્રથમ લેખક સર આર્થર કોનન ડોઇલ | ૨૨મી મે |

| | |
|---|---|
| ૮. તત્વવેત્તા થોમસ હક્સ્લે | ૪થી મે |
| ૯. દાદાભાઈ નવરોજજી | ૪થી સપ્ટેમ્બર |
| ૧૦. સરદાર વલ્લભભાઈ પટેલ | ૩૧મી ઓકટોબર |
| ૧૧. જર્મન તત્વવેત્તા કેન્ટ | ૨૨મી એપ્રિલ |
| ૧૨. શેઠશ્રી જમનાલાલ બજાજ | ૪થી નવેમ્બર |
| ૧૩. અભિનેત્રી વૈજયન્તી માલા | ૧૩મી ઓગસ્ટ |
| ૧૪. સ્વામી શ્રી રામાનુજાચાર્ય | ૪થી એપ્રિલ |
| ૧૫. શ્રી મોહનલાલ સુખડિયા | ૩૧મી જુલાઈ |
| ૧૬. અભિનેતા અશોકકુમાર | ૧૩મી ઓકટોબર |
| ૧૭. સંગીતકાર જયકિશન | ૪થી નવેમ્બર |

## અંક ૪ના મિશ્ર અંકો કે અષ્ટકો

૧૩. પશ્ચિમના દેશોમાં આ અંકને ઘણો જ અશુભ માનવામાં આવે છે. પણ આ અંક માનવામાં આવે તેટલો અશુભ નથી જ. હિન્દુઓ તેરસને શુભ માને છે. ટેરટના ચિત્રમાં અંક ૧૩ માટે "હાડપિંજર" અથવા "મૃત્યુ"નું પ્રતીક રજૂ કરવામાં આવ્યું છે. આ ચિત્રમાં નવા ઊગેલા ઘાસના ખેતરમાં ચારે બાજુએ નવા ચહેરાઓ અને મસ્તકો ફૂટી નીકળેલાં દેખાય છે. અને હાડપિંજર આ ચહેરાઓ લણતું હોય તેમ દેખાય છે. આ અંકનું પ્રતીક ચિત્ર એવું ભયંકર છે કે લોકો તેના ઉપરથી આ અંકને અશુભ માની લે. પ્રાચીન સમયના વિદ્વાનોનો મત છે. "He who understands the number 13, will be given Power and dominion."

"જે કોઈ આ અંકને (સાચી રીતે) સમજશે; તેને સત્તા અને રાજ્ય મળશે."

"It is a number of upheaval and destwction."

"આ જલદ અને મહાન પરિવર્તનો અથવા વિપ્લવ કે ઊથલપાથલ અને વિનાશનો અંક છે."

આ અંક સ્થળ, કાર્ય, યોજના વગેરેમાં ફેરફારો દર્શાવે છે. આ અંક સત્તાનું પ્રતીક છે, પણ જો કોઈ પણ વ્યક્તિ તેને મળેલી સત્તાનો દુરુપયોગ કરે છે તો તેનો વિનાશ થાય છે જો આ અંક ગણતરીમાં, ભાવિ બનાવો માટે આવે તો તે અગમ્ય, અણધારી ને ન કલ્પેલી મુશ્કેલીઓ સૂચવે છે. ઉપરનો મત કીરો તથા મોન્ટ્રોઝનો છે.

બીજા કેટલાકના મતે આ અંક હિંમત, સાહસ, શૌર્ય અને અગ્રેસરતાનો દ્યોતક છે. આ લોકોને કીર્તિ તથા આબરુ મળે છે. તેમના માટે ઉદ્યોગધંધા કરતાં નોકરી સારી છે

૨૨. તેનું પ્રતીક ચિત્ર નીચે પ્રમાણે છે. 'A good man behinded by the enors of others with a Knahsack on his back full of errors."

"એક ભલો માણસ તેની પીઠ ઉપર ભૂલોથી ભરપૂર એવો થેલો ઉપાડીને જાય છે. તે બીજાઓની ભૂલો તથા પ્રપંચોનો ભોગ થયેલ છે." એક ભયંકર વાઘ તેની ઉપર હુમલો કરે છે, પણ તેનો જરા ય સામનો કરતો નથી. આ અંક ભ્રમ, ભ્રમણા, વંચના ખોટી આશાઓ અને મૃગ-

જળની પાછળ પડવા માટે ચેતવણીનો સૂર પુરાવે છે. આ અંક મૂર્ખાઓના સ્વર્ગમાં જીવનાર, ભ્રમ અને તરંગોમાં રાચનાર અને સ્વપ્નાંઓ સેવનાર કે જે ભયને જોયા વિના જાગૃત થતો નથી તેવા મનુષ્યનો પ્રતીક છે. તદુપરાંત આ અંક બીજાઓની અસર કે લાગવગથી ખોટા નિર્ણયો કે ચુકાદા દર્શાવે છે. જીવન દરમિયાન આ લોકોએ ચિંતા, અવરોધો, ઉદ્યોગ ધંધામાં મુશ્કેલીઓ તથા નુકસાન, આર્થિક ચઢતીપડતી વગેરેનો સામનો કરવો પડે છે ગણતરી કરતી વખતે જો આ અંક ભાવિ બનાવો માટે આવે તેને ભય સૂચક ગણવો જરૂરી છે.

૩૧. ભૌતિક સુખસંપત્તિની દૃષ્ટિએ આ અંક ભાગ્યશાળી નથી. આ અંકવાળી વ્યક્તિ આત્મપરાયણ, આત્મસંતુષ્ટ, એકાંતપ્રિય અને અલગતાવાદી (એટલે કે બીજાઓથી અલગ પડી ગયેલી) હોય છે. આ લોકો પોતાના સિવાય બીજાઓનો વિચાર કરી શકતા નથી અને તેથી તેઓ ઘણી વખત સ્વાર્થી પણ બને છે. આ અંક વધુ પડતા ખર્ચ, ઓછી બચત અને ચિંતાઓનો ઘોતક છે.

૪૦. આ લોકો પૈસાની બાબતમાં કાળજીવાળા અને સાવચેત હોય છે. તેઓ મુદ્રણકલા (છાપવાનું કાર્ય) તથા સાહિત્યમાં પ્રવીણ હોય છે. તેઓ વ્યવસ્થિત રીતે અને પધ્ધતિસર જીવન જીવે છે. તેઓ કંઈક અંશે ઓછા સ્વાર્થી અને અન્ય સાથે ઉદારતાથી વર્તનારા હોય છે. તેઓ વેપાર ધંધામાં તથા સાહિત્યની રચનામાં સફળ બની શકે છે. તેઓ દરેક વસ્તુને ઓછી ગંભીરતાથી જુએ છે. અને કામમાં થોડા ઢીલા હોય છે. તેઓ પૈસાનું સારી રીતે રોકાણ કરીને પણ લાભ મેળવી શકે છે.

બીજા એક મત પ્રમાણે આ આ અંક ભૌતિક કરતાં આધ્યાત્મિક ઉન્નતિ અને સફળતા માટે સારો છે. તેમને વિઘ્નો અને મુશીબતો પછી સારી સફળતા મળે છે. તેઓ સામાન્ય સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

૪૯. આ લોકો સ્થિર બુદ્ધિવાળા, બીજાઓ સાથે સુમેળ રાખનારા અને સામાન્ય રીતે કુનેહવાળા અને મુત્સદ્દી હોય છે. ઊંચા સ્તરે તેઓ આધ્યાત્મિક, સદ્ગુણી અને ચારિત્રશીલ હોય છે. પણ હલકી કક્ષાએ આ અંક ધિક્કાર, આત્મસ્તુતિ, અહંભાવ દંભ તથા ઢોંગ સૂચવે છે. કોઈ મિત્રતા માટે હાથ લંબાવે તો તેમણે જરૂરથી તેનો સ્વીકાર કરવો જોઈએ. આ અંક જીવનમાં મધ્યમ કક્ષાની સફળતા અને સમૃદ્ધિ સૂચવે છે.

૫૮. આ અંકવાળા લોકો સારી તંદુરસ્તીવાળા, આંખ અને દૃષ્ટિ ઉપર સારું નિયમન રાખી શકનારા, પ્રેમાળ, માયાળુ ને નિખાલસ હોય છે. તેઓ સારા ડૉકટર અને ગૂઢ વિદ્યાર્થીઓના જ્ઞાતા પણ બની શકે છે. પણ આ અંક અસ્થિર અનિશ્ચિત અને ડગુમગુ હોવાથી તેઓ કોઈ પણ બાબતમાં પૃથક્કરણ કરી, સારી એવી તપાસ કરી ઊંડા ઊતરી શકતા નથી.

૬૭ તથા ૭૬. આ ૧૩ના જેવા અર્થવાળા છે.

# પ્રકરણ ૭મું

## અંક–૫ અને તેના મિશ્ર અંકો કે અષ્ટકો

આ અંકનો પ્રતિનિધિ બુધનો ગ્રહ છે. તે સૂર્યની સૌથી નજીકનો તથા બધા ગ્રહોમાં સૌથી નાનો છે. તે પીળાશ પડતા કે કેસરી રંગનો છે, તે સૂર્યાસ્ત પછી કે સૂર્યોદય પહેલાં થોડા સમય માટે દેખાય છે. તે સૂર્યની આસપાસ ૮૮ દિવસમાં એક આંટો ફરે છે. તે તેની એક બાજુ હંમેશાં સૂર્ય તરફ રાખીને ફરે છે. તે ચંદ્રની જેમ કળા કરે છે અને આ કળાઓ સારા દૂરબીનથી જોઈ શકાય છે. તેને એક પણ ઉપગ્રહ કે ચંદ્ર નથી.

અંગ્રેજીમાં બુધને માટે Mercury શબ્દ વપરાય છે. Mercuryનો બીજો અર્થ પારો પણ થાય છે. તેથી અંક ૫ અને બુધ પારાના ગુણધર્મો ધરાવતા હોય તેમ માનવામાં આવે છે. પશ્ચિમના દેશોમાં બુધને પાંખોવાળો દેવદૂત માનવામાં આવે છે. હિન્દુશાસ્ત્રોમાં બુધને ઈન્દુપુત્ર એટલે ચંદ્રનો પુત્ર ગણ્યો છે. બુધને શાણપણ વિદ્યા, વક્તૃત્વ-શક્તિ, માનસિક શક્તિઓ, બહુમુખી પ્રતિભા, વિજ્ઞાન, વ્યાપાર, વિવિધતા, પત્રવ્યવહાર, વાહનવ્યવહાર અને પરિવર્તનનો દેવ માનવામાં આવે છે. બુધની સંજ્ઞા ☿ છે.

આ અંક ઘણો જ શક્તિશાળી મનાય છે. આ અંક-વાળા લોકોમાં "પારા" જેવા ગુણધર્મો હોય છે. તેઓ પારા જેવા ચંચળ, અસ્થિર, ઝડપી, ગતિશીલ, ચળકાટ-વાળા તથા તેજસ્વી હોય છે તેઓ ઉતાવળીઆ સ્વભાવના તથા ઝડપી નિર્ણય ઉપર પહોંચનારા હોય છે. પારાની

જેમ આવેગશીલ, અજંપાવાળા તથા અસ્થિર અને ચંચળ સ્વભાવના હોવાથી તેઓ એક સ્થાને કે એક નોકરી કે ધંધો અપનાવે છે. તેમને શારીરિક શ્રમ કરવાનું કે વેઠ વેતરું કરવાનું સહેજ પણ ગમતું નથી. તેઓ નવીન સંશોધનો અને વિચારો દ્વારા સારા પૈસા કમાઈ શકે છે. આ લોકોની પ્રકૃતિ રબરના જેવી સ્થિતિસ્થાપક હોય છે. તેથી તેઓ ભારેમાં ભારે ફટકા પછી પણ તરત જ ઊભા થઈ શકે છે. નસીબ કે દૈવના ઘાની અસર તેઓ ઉપર લાંબો સમય રહેતી નથી. તેઓ સહેલાઈથી મિત્રો બનાવી શકે છે, અને બધાની સાથે તેમને સારા સંબંધો હોય છે. જો આ અંક જન્મતારીખમાં આવે તો તે બીજા અંકોની અસરને વધારે દૃઢ કે તીવ્ર કરે છે.

ડોકટર ક્રોસ પ્રમાણે આ અંક આત્મા અને સંવેદનાઓનો અંક છે. તેમના મત પ્રમાણે આ લોકો મહત્વાકાંક્ષી, અશાંત અને અજંપાવાળા હોય છે. તેઓ "આગે બઢો"ના જુસ્સાવાળા તથા સાહસિક હોય છે. તમે જ્યારે જુઓ ત્યારે તેઓ કોઈને કોઈ પ્રકારની પ્રવૃત્તિમાં મશગુલ માલુમ પડશે. તેઓ પ્રવાસના શોખીન, વાતોડિયા સ્વભાવના, સમાજમાં ઘૂમવાની ટેવવાળા અને વિરૂદ્ધ જાતિના માનીતા હોય છે, જો આ અંક, અંક ૮ સાથે સંબંધિત હોય તથા તેનાથી સબળ બનતો હોય તો તે રહસ્યમય સ્વભાવ ઉત્પન્ન કરે છે. આ અંક જિજ્ઞાંસાવૃત્તિનો દર્શક હોવાથી લોકો વૈજ્ઞાનિક અભ્યાસ અને સંશોધનો તરફ પણ વળે છે. ડોકટર ક્રોસના મત મુજબ આ અંક સફળતા માટે જન્મતારીખમાં હોવો આવશ્યક છે. તેના વિના કોઈ પણ પ્રકારની અસામાન્ય સફળતા મળવી શક્ય નથી. જો આ

અંક ભાગ્યાંક તરીકે આવતો હોય તો વ્યક્તિનું જીવન મોટે ભાગે પરિવર્તન, ઉશ્કેરાટ ઉત્તેજના તથા સાહસથી ભરપૂર બને છે. આ અંકવાળાઓ માનસિક રીતે ઘણી તાણ, ઉત્તેજના અને ઉશ્કેરાટ અનુભવે છે. તેઓ તેમની માનસિક શક્તિ ઉપર જીવે છે અને ઉત્તેજના તથા ઉશ્કેરાટને તીવ્ર રીતે ઝંખે છે. તેઓ જુગાર અને શેરસટ્ટા તરફ આકર્ષાયા વિના રહી શકતા નથી. તેઓ જન્મસિદ્ધ સટોડિયા હોય છે, તેમને સાહસ તથા જોખમ પ્રિય હોય છે. જે ધંધાઓમાં પ્રવાસ, પરિવર્તન, વિવિધતા બહુશ્રુતતા, સાહસ અને જોખમની જરૂર પડતી હોય તેવા ધંધાઓ તેમને ગમે છે. તેથી તેઓ સેલ્સમેન, ડોક્ટર, જાહેરાતનો ધંધો, પત્રકારિત્વ, વકીલાત, શિક્ષણ, વ્યાપાર કે સેક્રેટરીનો વ્યવસાય સ્વીકારે છે. તેમનો મુદ્રાલેખ સંપ અને એકતા છે. તેમનો જીવનધ્યેય વિવિધ અનુભવો પ્રાપ્ત કરવાનો છે.

આ લોકોની મોટી મુશ્કેલી એ છે કે તેઓ તેમની માનસિક શક્તિ એટલી હદ સુધી ખચીં નાખે છે કે તેઓ માનસિક ખેંચ કે તાણ અનુભવે છે તથા માનસિક સમતોલપણું ગુમાવી દઈને માનસિક રીતે ભાંગી જાય છે, આવા સમયે તેઓ સહેલાઈથી ચીઢાઈ જાય છે કે ગુસ્સે થાય છે, અને એ રીતે તેમને નુકસાન સહન કરવું પડે છે, આ લોકોમાં થોડીઘણી મુત્સદ્દીગીરી કે ખંધાઈ તો હોય છે, પણ જો તેઓ નીચલી કક્ષાએ સરી પડે છે તો તેઓ ખિસ્સાકાતરું, સાહિત્યની કે લખાણની ચોરી કરનારા, ચોર, લુચ્ચા, ઠગ, ધુતારા તથા દાણચોર પણ બની શકે છે. તેઓ અસ્થિર મન અને નિર્ણય શક્તિના અભાવથી હલકા ચારિત્રવાળા બને છે અને આબરુ ગુમાવે છે.

આ અંકવાળાઓએ તેમનાં અગત્યનાં કાર્યો તથા યોજનાઓ કોઈપણ માસની ૫મી, ૧૪મી, કે ૨૩મી તારીખે શરૂ કરવી જોઇએ, તેમના માટે બુધવાર તથા શુક્રવાર શુભ દિવસો છે. જો ઉપરોક્ત તારીખો અને દિવસો ૨૧મી મેથી ૨૦મા કે ૨૭મી જૂન સુધીના અને ૨૧મી ઓગસ્ટથી ૨૦મી કે ૨૭મી સપ્ટેમ્બર સુધીના સમય ગાળામાં આવતા હોય તો તે અતિ શુભ બને છે.

તેમને માટે સફેદ, ભૂખરા તથા રાખોડી રંગો તથા ચળકતા અને ઝગઝગાટવાળા પદાર્થો શુભ છે, તેમના માટે ઝાખા રંગવાળાં કપડાં શુભ છે, તેમણે ઘેરા રંગનો પોષાક તથા પદાર્થો ઉપયોગમાં લેવી જોઇએ નહીં.

ભાગ્યશાળી નંગ તથા ઝવેરાતઃ–તેમના માટે પન્ના હીરો અને ઝગમગાટવાળી ચીજો શુભ છે. તેમણે ચાંદી અને પ્લોટનમનાં ઘરેણુંનો ઉપયોગ કરવો જોઇએ અને શકય હોય તો હીરાજડિત પ્લેટિનમ કે ચાંદીની વીંટી પહેરવી જોઇએ.

આ અંકની અસર નીચે જન્મેલી મહાન વ્યક્તિઓ

| | | |
|---|---|---|
| | | જન્મદિવસ |
| ૧. | વિશ્વવિખ્યાત નાટયકાર શેકસપિયર | ૨૩મી એપ્રિલ |
| ૨. | વૈજ્ઞાનિક અને સંશોધક સર હેત્રિ બિસિમર | ૧૪મી માર્ચ |
| ૩. | થર્મોમીટરના શોધક ફેરનહાઈટ | ૧૪મી મે |
| ૪. | સમાજવાદના પ્રણેતા કાર્લ માર્કસ | ૫માં મે |

૫. પંડિત જવાહરલાલ નહેરુ — ૧૪મી નવેમ્બર
૬. ફ્રાંસનો રાજા ૧૬મો લૂઈ — ૨૩મી ઓગસ્ટ
૭. મેસ્મેરીઝમ-હિપ્નોટીઝમવાળા મેસ્મર — ૨૩મી મે
૮. કવિ ટોમસ હુડ — ૨૩મી મે
૯. સુભાષચંદ્ર બોઝ — ૨૩મી જાન્યુઆરી
૧૦. ફ્રાન્સના રાજા સેંટ લૂઈ — ૨૩મી મે
૧૧. સિંધિ સંત સ્વામી પરમાનંદ — ૧૪મી જાન્યુઆરી
૧૨. મહાન વૈજ્ઞાનિક અને ગણિતશાસ્ત્રી આલ્બર્ટ આઈન્સ્ટાઈન — ૧૪મી માર્ચ
૧૩. લોકમાન્ય તિલક — ૨૩મી જુલાઈ
૧૪. અભિનેતા રાજકપૂર — ૧૪મી ડિસેમ્બર
૧૫. અભિનેત્રી કામિની કૌશલ — ૧૪મી ફેબ્રુઆરી

## અંક ૫ ના મિશ્ર અંકો અને અષ્ટકો

૧૪. આ અંક ગતિ, હલનચલન, માણસો અને પદાર્થોના જોડાણ કે મેળાપ સંયમ, નિગ્રહ, કાન્તિ, શક્તિ, અચોક્કસતા અને દ્વિધાનો દર્શક તે આંધી, રેલ સંકટ, આગ અને ધરતીકંપ જેવી કુદરતી આફતોનો ભય પણ સૂચવે છે. તે અજ્ઞાન, વિસ્મરણ અને બેધ્યાનપણાનો પણ સૂચક છે. આ લોકોએ વાવચેતીથી અને દૂરંદેશીપણાથી કામ કરવાની જરૂર છે. ઘણી વખત તેમણે બીજાઓના અવિચારીપણા અને કાર્યોને લીધે ભય તથા જોખમનો સામનો સામનો કરવો પડે છે, આ અંક માણસો અને વસ્તુઓના જોડાણનો સૂચક હોવાથી આ અંકવાળા લોકો પૈસાની લેવડદેવડમાં, શેરસટ્ટાના ધંધામાં અથવા ધંધાની ફેરફારીમાં

ઘણા જ નસીબદાર હોય છે. આ અંક પુનરુદ્ધાર અને પ્રગતિનો સૂચક છે. ઊંચી કક્ષાએ આ અંક પ્રેમ, આત્મ-સમર્પણ, સ્વાર્પણ, ભક્તિ અને સેવા સૂચવે છે. પણ નીચલી કક્ષાએ તે વિષયાસક્તિ અને પાશવિક વૃત્તિઓ સૂચવે છે. આ લોકો ઉચ્ચ અને પવિત્ર આદર્શોથી લાભ મેળવી શકે છે તથા પ્રગતિ કરી શકે છે. તેમણે જુઠ્ઠા અને કપટી મિત્રોથી સાવચેત રહેવું જોઇએ તથા લડાઈ ઝગડા-ઓથી દૂર રહેવું જોઇએ.

૨૩. આ અંકને "સિંહનો શાહી તારક" "The Royal Star of Lion" કહે છે. આ અંક સફળતા, વડીલો તથા ઉપરી અધિકારીઓ તરફથી મદદ, ઊંચું સ્થાન ધરાવનારાઓ તરફથી રક્ષણ અને કીર્તિનો દ્યોતક છે. આ લોકો કુનેહવાળા, પ્રામાણિક, વિશ્વાસુ, ઉત્સાહી, સાહસિક, તેજસ્વી બુદ્ધિવાળા, સહેલાઇથી વિદ્યા પ્રાપ્ત કરનારા, સારા લેખક અને સારા વક્તા હોય છે. પ્રગતિ અને વિકાસ માટે તેમને ઘણી તકો મળી રહે છે. યોજ-નાઓની સફળતા માટે લાભદાયી છે. આ લોકો વાતને પેટમાં રાખી શકે છે અને મુશ્કેલીઓને સફળતાપૂર્વક સામનો કરી જાણે છે. તેઓને ટૂંકી મુસાફરીનો શોખ હોય છે. આ અંક ઘણો જ નસીબવંત છે.

૩૨. આ અંક અંક ૫ની જેમ જાદુઈ શક્તિ ધરાવે છે. સામાન્ય રીતે આ અંક લોકો અને દેશો તથા રાષ્ટ્રોના જોડાણ સાથે સંબંધિત હોય છે. જો આ અંકવાળા લોકો તેમના પોતાના નિર્ણયો અને અભિપ્રાયોને દૃઢપણે વળગી

રહે તો તેમના માટે આ અંક ઘણો જ નસીબદાર છે. જો તેઓ તેમ ન કરે તો તેમની યોજનાઓ બીજાઓની મૂર્ખતા અને જીદને લીધે ભાંગી પડે છે. આ અંકવાળાઓને અનેક મિત્રો તથા સામાજિક અને ધંધાદારી સંબંધો અને ઓળખાણો હોય છે. તેમનું વાણી ઉપરનું પ્રભુત્વ સારું હોય છે. તેઓ વિદેશી ભાષાઓ ઉપર ઝડપથી પ્રભુત્વ મેળવી શકે છે. આ અંકની ખરાબ બાજુ એ છે કે તે ચારિત્રની શિથિલતા અને આધ્યાત્મિકતાનો અભાવ દર્શાવે છે. ભાવિ બનાવોના સંબંધમાં આ અંક શુકનિયાળ છે.

૪૧. આ અંક ભાવિ બનાવોના સંબંધમાં સાનુકૂળ છે. જો ક્રોધ, આવેશ, વિષયાસક્તિ અને છોકરમત ઉપર કાબૂ રાખવામાં આવે અને નુકસાનકારક વસ્તુઓથી દૂર રહેવામાં આવે તો આ અંકવાળા લોકો ઇચ્છિત વસ્તુઓ પ્રાપ્ત કરી શકે છે. તેમણે મિત્રો તરફ સારો વર્તાવ રાખવો જોઇએ.

૫૦. આ અંક વિષે એમ કહેવાય છે કે આ અંકવાળા લોકોએ હિંસક પ્રાણીઓ તથા ખતરનાક શસ્ત્રોઓથી ગભરાવાની જરૂર નથી. જોકે મૃત્યુનો પડછાયો તેમને સ્પર્શી જાય છે. છતાંય તેમનું અકાળે અવસાન થતું નથી. આ લોકો હંમેશાં સખત મહેનત કરે છે અને તેથી તેમને ભારે સફળતા અને કીર્તિ મળે છે. આ અંક લોકોને જાહેર જીવનમાં, સમાજ તથા સમૂહમાં અને જાહેર સમારંભોમાં ભાગ લેવા માટે પ્રેરે છે. અંક ૨૩ની જેમ આ અંક વાકચાતુર્ય બક્ષે છે. આ લોકો તીવ્ર દૃષ્ટિ અને

શ્રવણશક્તિ તથા સ્વચ્છ અને તેજસ્વી આંખો ધરાવે છે. સત્તા, નેતૃત્વ, સેનાપતિપદ, ન્યાય, વ્યવસ્થા અને કાયદાનો પણ આ અંક દ્યોતક છે.

૫૯. આ અંક વ્યક્તિને ભય અને હાનિથી સુરક્ષિત રાખે છે. તેમનું જીવન બનાવો અને મુસાફરીઓથી ભરપૂર રહે છે. દરિયાઈ વસ્તુઓ અને કામકાજ સાથે તેમને ખાસ સંબંધ રહે છે. અને તેમાં તેઓ સફળ પણ બને છે. અપ્રમાણિક સટ્ટાની લતે ન ચઢે તો તેઓ સારા શરાફ અને દલાલ બની શકે છે. તેમનું આયુષ્ય લાંબુ હોય છે. તેઓ વિજેતા બને છે. આ લોકોને ઘણા પ્રકારના અનુભવો થાય છે અને તેઓ રાજા બને તેવી શકયતા રહેલી છે. આ લોકોની નબળાઇ એ છે કે તેઓ શેરસટ્ટા અને જુગાર પ્રત્યે આકર્ષાય છે તથા અનીતિ, અપ્રમાણિકતા, જૂઠ અને કપટના હાથમાં રમવા પ્રેરાય છે. તેથી તેઓએ આત્મ-સંયમ કેળવવો જોઇએ અને ઉચ્ચ પ્રકારનું નીતિમય જીવન જીવવા પ્રયત્ન કરવો જોઇએ.

અંક ૬૮ અને અંક ૭૭નું અર્થઘટન અંક ૧૪ની જેમ થાય છે.

# પ્રકરણ ૮મું

## અંક-૬ અને તેના મિશ્ર અંકો કે અષ્ટકો

આ અંક શુક્રના ગ્રહનો પ્રતિનિધિ છે, બધા ગ્રહોમાં તે સૌથી વધારે ચકચકિત છે. તે પૃથ્વીની સૌથી નજીકનો ગ્રહ છે. તેની આસપાસ વાયુઓનું ગાઢ વાતાવરણ છે અને તેથી તેમાં સૂર્યના પ્રકાશનું સારું પરાવર્તન થાય છે. તેથી તે તેજસ્વી દેખાય છે. તેને એક પણ ઉપગ્રહ કે ચંદ્ર નથી, તે પણ તે બુધની માફક ચંદની જેમ કળા કરે છે, તે સૂર્યાસ્ત પછી કે સૂર્યોદય પહેલાં એક બે કલાક માટે દેખાય છે, તે લગભગ પૃથ્વી જેટલો મોટો છે, તેને સૂર્યની આસપાસ એક આંટો ફરતાં ૨૨૫ દિવસ લાગે છે.

હિન્દુ શાસ્ત્રો પ્રમાણે શુક્રાચાર્ય અસુરો કે રાક્ષસોના ગુરુ હતા. પશ્ચિમના દેશોમાં શુક્ર માટે Venus શબ્દ છે, અને તે પ્રેમ અને સૌંદર્યની દેવી ગણાય છે, તેથી આ અંક પ્રેમ અને સૌંદર્યનો પણ પ્રતિનિધિ ગણાય છે. શુક્રના ગ્રહની સંજ્ઞા ♀ છે.

કોઈપણ માસની ૬ઠ્ઠી, ૧૫મી કે ૨૪મી એ જન્મેલી વ્યક્તિ આ અંકની અસર નીચે આવે છે, જો આ તારીખો ૨૦મી એપ્રિલથી ૨૦મી કે ૨૭મી મે અને ૨૧મી સપ્ટેમ્બરથી ૨૦મી કે ૨૭મી ઓકટોબર સુધીના સમય ગાળામાં આવતી હોય તો તેમની ઉપર આ અંકની વિશેષ અસર થાય છે.

આ અંકવાળા લોકોને સુંદર વસ્તુઓ પ્રત્યે પ્રેમ હોય છે. એટલે કે તેઓ સૌંદર્યના ચાહક કે પૂજારી હોય છે. તેઓ સંગીત, નૃત્ય, નાટક, ચિત્રકલા તથા શિલ્પના શોખીન હોય છે. જો તેમની આર્થિક સ્થિતિ સારી હોય તો તેઓ કળા અને કળાકારની સારી કદર પણ કરી જાણે છે. તેમનો પોષાક સુઘડ, સુંદર અને આકર્ષક હોય છે. તેમનું ઘર અને ઓફિસ કળાત્મક રીતે સુશોભિત કરેલાં હોય છે. તેમનું વ્યક્તિત્વ ઘણું જ પ્રભાવશાળી તથા આકર્ષક હોય છે, બીજાઓ તેમના પ્રત્યે આકર્ષાય છે અને તેમની હાથ નીચેના માણસો તેમને ચાહે છે અને કોઈ કોઈ તો તેમને દેવ જેવા પણ માને છે. આ લોકોને ઘણા મિત્રો હોય છે અને તેઓ જાતે પણ સાચા, વિશ્વાસુ અને વફાદાર મિત્રો પૂરવાર થાય છે. મિત્રતાની બાબતમાં તેમની બરાબરી ૫ અંકવાળા લોકો સિવાય કોઈ કરી શકે તેમ નથી. તેમને મિત્રો તથા સંબંધીઓનું આતિથ્ય તથા સત્કાર કરવામાં ઘણો જ આનંદ આવે છે, તેમને સ્વાદિષ્ટ વાનગીઓ ભાવે છે અને તેવી વાનગીઓ તેમના મિત્રો અને સંબંધીઓને આગ્રહપૂર્વક જમાડવામાં તેમને મજા આવે છે, તેઓ ઉત્તમ પ્રકારના યજમાન હોય છે. તેમને દ્વેષ, કુસંપ અને વિસંવાદિતા જરાય ગમતાં નથી. તેમના નિર્ણયો અને યોજનાઓના અમલની બાબતમાં તેઓ ઘણા જ મક્કમ હોય છે. તેઓ કોઇ કોઈ વખત ઘણા જ જક્કી અને હઠીલા બને છે. અને સહેજ પણ નમતું જોખતા નથી કે બાંધછોડ કરતા નથી. પણ સાચા સ્નેહી કે પ્રેમી આગળ તેઓ ગુલામની માફક વર્તે છે.

સામાન્ય સંજોગોમાં તો તેઓ ભાગ્યે જ ગુસ્સે થાય

છે, પણ જ્યારે તેઓ ગુસ્સે થાય છે, ત્યારે કોઈપણ પ્રકારના વિરોધની પરવા કર્યા વિના કોઈપણ વ્યક્તિ કે બાબત માટે પોતાની પવિત્ર ફરજ સમજીને અંત સુધી લડી લે છે.

આ અંકવાળા લોકો હાજરજવાબી અને રમૂજી સ્વભાવના હોય છે, જો આ અંકને અંક ૨ અને અંક ૫ નો ટેકો હોય તો તેમનામાં અંતઃપ્રેરણાશક્તિ પણ જોવા મળે છે. જો આ અંક જન્મ તારીખમાં આવે તો તે જન્મ તારીખમાં આવેલા અન્ય અંકોને શુભ બનાવે છે. આ અંકની અસર જીવનમાં સ્થિરતા લાવે છે, ડોક્ટર ક્રોસના મત મુજબ આ અંક માનસિક કે આધ્યાત્મિક અંક છે, આમ તો આ અંક શુભ મનાય છે, પણ જો તે એક કરતાં વધુ વખત આવે એટલે કે તેની પુનરાવૃત્તિ થાય તો તે અશુભ બની જાય છે, જો આ અંક જન્માંક, નામાંક કે ભાગ્યાંકમાં એક કરતાં વધુ વખત આવે તો તે ચારિત્ર અને નસીબ માટે અશુભ બને છે, બાઈબલમાં અંક ૬૬૬ કે જેમાં ૬નો અંક ત્રણ વખત આવેલો છે અને જેનો સરવાળો ૧૮ થાય છે તેને પાશવિકતાનો અંક ગણવામાં આવેલો છે.

આ લોકોને સંસ્થાના વડા તરીકે કામ કરવાનું ગમે છે, તેઓ નર્સિંગ, શિક્ષણ, ઘરકામ, સંગીત, નૃત્ય, નાટક, ચિત્રકળા વગેરે વ્યવસાયો પ્રત્યે આકર્ષાય છે અને સ્વીકારે છે પણ. તેમનો મુદ્રાલેખ પ્રેમ છે.

નીચલી કક્ષાએ આ લોકો સંકુચિત મનના, સ્વાર્થી

અને લોભી બને છે. જો આ લોકો નાની વયે લગ્ન કરે છે, તો તેઓનું લગ્નજીવન દુઃખી બને છે; કારણ કે તેમનો લગ્ન માટેનો પ્રથમ પ્રયાસ ભૂલ ભરેલો હોય છે. જો તેઓ નાની ઉંમરે લગ્ન કરે અને તેમને તેમની ભૂલ પાછળથી સમજાય તો તેઓ અસામાજિક અને ગુપ્ત જાતીય સંબંધો રાખે છે, અને તેથી તેઓ સમાજમાં ખૂબ જ ટીકાને પાત્ર બને છે, નીચલી કક્ષાએ આ લોકો ઘણા જ જક્કી, હઠીલા, જૂનવાણી, રૂઢીચુસ્ત, આળસું તથા સુધારા અને પ્રગતિના વિરોધીઓ હોય છે.

તેમના માટે કોઈપણ માસની ૬ઠ્ઠી, ૧૫મી અને ૨૪મી તારીખો તથા મંગળ, ગુરુ તથા શુક્રવાર શુભ છે જો આ દિવસો અને તારીખો ૨૦મી એપ્રિલથી ૨૦મી કે ૨૭મી મે સુધીના અને ૨૧મી સપ્ટેમ્બરથી ૨૦મી કે ૨૭મી ઓકટોબર સુધીના સમયમાં આવે તો તે અતિ શુભ બની રહે છે, તેથી તેમણે ઉપરના સમયમાં ઉપર જણાવેલા દિવસો અને તારીખોએ તેમનાં અગત્યનાં કાર્યો કરવાં જોઇએ.

શુભ રંગોઃ–તેમના માટે બધા જ પ્રકારના એટલે કે આછીથી ઘેરી ઝાંખવાળા, ભૂરા, રાતા અને ગુલાબી રંગો શુભ છે, તેમણે કાળા અને ઘેરા જાંબલી રંગોથી દૂર રહેવું જોઇએ.

શુભ નંગ અને ઝવેરાતઃ–તેમના માટે પીરોજ (ટકવેોઈઝ) અને નીલમણિ શુભ રત્નો છે. આ નંગવાળી વીંટી તેમણે પહેરવી જોઇએ હીરો પણ તેમના માટે શુભ છે.

## આ અંકની અસર નીચે જન્મેલી મહાન વ્યક્તિઓની યાદી

જન્મદિવસ

| | | |
|---|---|---|
| ૧. | બ્રિટનનાં રાણી વિકટોરીઆ | ૨૪મી મે |
| ૨. | ઓલિવર ક્રોમ્વેલ | ૨૪મી મે |
| ૩. | મહાન ચિત્રકાર માઈકલ એન્જેલો | ૬ઠ્ઠી માર્ચ |
| ૪. | કવયિત્રી અને લેખિકા ઇલિઝાબેથ બ્રાઉનિંગ | ૬ઠ્ઠી માર્ચ |
| ૫. | અંગ્રેજ કવિ ટેનિસન | ૬ઠ્ઠી ઓગસ્ટ |
| ૬. | કવિવર રવીન્દ્રનાથ ટાગોર | ૬ઠ્ઠી મે |
| ૭. | યોગીશ્રી અરવિંદ ઘોષ | ૧૫મી ઓગસ્ટ |
| ૮ | જોન ઓફ આર્ક | ૬ઠ્ઠી જાન્યુઆરી |
| ૯. | અંગ્રેજ નવલકથાકાર સર વોલ્ટર સ્કોટ | ૬ઠ્ઠી ડિસેમ્બર |
| ૧૦. | મહાન ખગોળશાસ્ત્રી સર વિલિયમ હર્ષલ | ૧૫ મી નવેમ્બર |
| ૧૧. | કવિ તથા તત્વચિંતક મેક્સ મૂલર | ૬ ઠ્ઠી ડિસેમ્બર |
| ૧૨ | મહાન મોગલ સમ્રાટ અકબર | ૨૪ નવેમ્બર |
| ૧૩. | સંગીતકાર એસ. ડી. બર્મન | ૬ ઠ્ઠી ઓકટોબર |
| ૧૪. | અભિનેતા પૃથ્વીરાજ કપૂર | ૬ ઠ્ઠી નવેમ્બર |

## અંક ૬ના મિશ્ર અંકો કે અષ્ટકો

૧૫. આ અંકવાળા લોકો વાતચીત કરવામાં કુશળ અને વાક્ચાતુર્યવાળા હોય છે. તેમને સંગીત, ચિત્રકળા અને અભિનય કળાની કુદરતી બક્ષિશ મળેલી હોય છે. તેઓ બુદ્ધિશાળી, ભલા, ઉદાર અને મહેનતુ હોય છે. તેઓનું વ્યક્તિત્વ ઘણું જ આકર્ષક હોય છે. થોડે ઘણે અંશ તેઓ

વિષયાસક્ત પણ હોય છે. આ અંક બીજાઓ પાસેથી પૈસા, બક્ષિસ, લાભ અને મહેરબાની મેળવવા માટે ઘણો જ ભાગ્યશાળી છે.

આ અંકને જાદુઈ અને ગૂઢ વિદ્યાનો અંક પણ ગણવામાં આવે છે. પણ આ અંક ઉચ્ચ કક્ષાની જાદુઈ વિદ્યાનો દ્યોતક નથી. તેથી આ લોકો તેમની જાદુઈ વિદ્યાનો ઉપયોગ સ્વાર્થ સિદ્ધિ માટે વાપરતાં અચકાતાં નથી. જો આ અંક કોઈ શુભ મૂળ અંક (૧, ૩, ૫, ૬ જેવા) સાથે સંબંધિત હોય તો તે ઘણો જ શક્તિશાળી અને શુભ ફળ આપનારો પણ જો આ અંક ૪ કે ૮ના અંક સાથે સંબંધિત હોય તે અંકવાળા માણસો પોતાની ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે મેલી વિદ્યા અજમાવવામાં પણ પાછીપાની કરશે નહિ. આ લોકોને નાની મોટી મુસાફરીઓ કરવી ગમે છે.

૨૪. આ અંક ભાગ્યશાળી ગણાય છે. આ લોકોને તેમનાં કાર્યો અને યોજનાઓમાં ઉચ્ચ હોદ્દેદારો અને અધિકારીઓ તરફથી સારી એવી મદદ અને સહકાર મળી રહે છે. તેમને પ્રેમ દ્વારા, વિજાતીય વ્યક્તિઓ દ્વારા અને લાગવગવાળી સ્ત્રીઓ મારફતે લાભ મળે છે. તેમને ઊંચેથી પડવાથી અને ખાસ કરીને ઘોડા કે વાહન ઉપરથી પડવાથી ઈજા થવાનો સંભવ છે અને પરિણયમાં તેમણે મૂર્ખતા અને વરણાગિયાવેડાથી દૂર રહેવું જોઇએ ધીરજથી તેમને સફળતા મળે છે. અગત્યના સમાચારો જાણવા હોય તો તેમણે કોઈના આમંત્રણનો વિરોધ કે અસ્વીકાર ન કરવો જોઇએ. ભાવિ બનાવોના સંબંધમાં આ અંક ભાગ્યશાળી છે.

૩૩. આ અંક સ્થિર અને ભરોસાપાત્ર ગણાય છે. પણ તે સારા કે ખરાબ કાર્યો માટે બળવાન ગણાતો નથી. ચીલાચાલુ, રોજિંદા, પધ્ધતિસરનાં અને ભરોસાપાત્ર કાર્યો અને ધંધાઓ માટે આ અંક ઉત્તમ મનાય છે. આ લોકોમાં બીજાઓનું રક્ષણ કરવાની તીવ્ર ઈચ્છા હોય છે. તેમને સહેરના ધમાલિયા જીવન કરતાં ગામડાનું શાંત જીવન વધારે પસંદ હોય છે. આ અંકવાળા લોકો વિચારશીલ, વિવેકી અને પ્રતિષ્ઠાવાન હોય છે. જવલ્લે જ તેઓ ખરાબ અસર તળે આવે છે. પણ જયારે તેમ બને છે ત્યારે તેઓ બંડ, હુલ્લડ, વિરોધ, તોફાનો અને કાનૂન ભંગ સાથે સંડોવાયેલા માલૂમ પડે છે.

૪૨. આ અંક ઘણો જ ધાર્મિક મનાય છે. તેઓ ધાર્મિક વૃત્તિવાળા હોય છે. તેઓ પ્રોફેસનલ અને કલાત્મક ધંધાઓ અને ખાસ કરીને સંગીતના ધંધામાં જોડાય છે. તેઓ બીજાઓને શકય તેટલી બધી જ મદદ કરી છૂટે છે. બધા જ પ્રકારની ભાગીદારી માટે આ અંક ઉત્તમ છે. આ અંકની ખરાબ બાજુ એ છે કે તેમણે નીચતા, દગો-ફટકો અને વિશ્વાસઘાતથી ચેતતા રહેવુ કારણ કે આ બાબતોમાં કોઈ વખત તેમનું ખૂન પણ થવાનો સંભવ રહે છે.

૫૧. આ અંક યોધ્ધા કે લડવૈયાનો જુસ્સો દર્શાવે છે. આ અંક ખાસ કરીને સાનુકૂળ છે. તે દરેક કાર્યમાં પ્રગતિ તથા સફળતા સૂચવે છે. તે મુશ્કેલીઓમાંથી સહીસલામત પાર ઉતારે છે આ લોકો દરેક કાર્ય અને બાબતમાં આગેવાની લે છે. તેઓ મુશ્કેલીઓમાં પણ આનંદ અને

હસમુખા રહી શકે છે. નેતાઓ અને રાજાઓ માટે આ એક સફળતા સૂચવે છે. આ અંકવાળા લોકોનું પણ ખૂન થવાની શકયતા રહેલી છે.

૬૦. આ લોકો આનંદી હોય છે. તેઓ મેનેજર, નર્સ, સલાહકાર, સારા વકીલ તથા શારીરિક અને માનસિક દર્દોના ડૉક્ટર બનવા પ્રયત્ન કરે છે. તેમની તબિયત સારી હોય છે. તેઓ સત્તા આગળ નમતું જોખે છે. પણ નીચલી કક્ષાએ તેઓ તોછડા, ઉદ્ધત અને બંડખોર બને છે. અને આજ્ઞાનું ઉલંઘન કરે છે.

૬૯. આ અંક નસીબ, કીર્તિ અને માનમરતબો દર્શાવે છે.

# પ્રકરણ ૯ મું

## અંક ૭ અને તેના મિશ્ર અંકો કે અંકટકો

આ અંક નેપ્ચ્યુનના ગ્રહનો પ્રતીક છે. તેને ગુજરાતીમાં વરુણ કહે છે. ને પૃથ્વી કરતાં ૭૨ ગણો મોટો છે. તેનો રંગ ઝાંખો લીલો છે. તે સૂર્યની આસપાસ ૧૬૫ વર્ષમાં એક આંટો ફરે છે. તેને ૨ ઉપગ્રહ છે. તેને ફક્ત દૂરબીનની મદદથી જ જોઈ શકાય છે. હિન્દુ પુરાણો પ્રમાણે વરુણને જળનો દેવતા તથા શનિનો પુત્ર માનવામાં આવે છે. સેફારીઅલના મત પ્રમાણે આ અંક તથા નેપ્ચ્યુનને ચંદ્ર સાથે પણ સંબંધ છે. ચંદ્રને બે અંક આપવામાં આવ્યા છે. અંક ૨ અને અંક ૭. અંક ૨ ને ચંદ્રનો ઋણ અંક ( Negative number ) અને અંક ૭ ને ચંદ્રનો ધન અંક ( Positive number ) ગણવામાં આવે છે. અમાસનો ચંદ્ર અંક ૨ સાથે અને પૂર્ણિમાનો ચંદ્ર અંક ૭ સાથે સંબંધિત છે. એમ સેફારિયલનું માનવું છે અંક ૨ અને ૭ ચંદ્રના પ્રતીકો હોવાથી અંક ૭ ને અંક ૨ સાથે પણ સારા સંબંધો છે. સેફારીઅલ આ અંકને ગૂઢ અથવા રહસ્યમય ગણે છે. પૂર્ણિમાના દિવસે, જાદુ. ચમત્કાર કે મેલી વિદ્યા માટે પૂજાપાઠ, વિધિ કે સાધના કરવા માટે આ અંક ઉપયોગમાં લેવાય છે. કેટલાક આ અંક અને નેપ્ચ્યુનના ગ્રહને Venus–શુક્ર, સૌંદર્યની દેવી સાથે સંબંધિત માને છે. તેથી આ અંક અને ગ્રહ, અંક ૬ અને શુક્રવાર સાથે પણ સારા સંબંધો ધરાવે છે. શક્તિની દૃષ્ટિએ જોતાં આ અંક, અંક ૧ થી બીજા નંબરે આવે

છે, પણ તેનાં આંદોલનો સ્થિર નથી. આ અંક જન્મ તારીખમાં આવેલા બીજા અંકોની અસર પ્રબળ બનાવે છે. જો તેની સાથે ૨, ૫ અને ૮ જેવા લાગણીપ્રધાન અંક આવે તો તે ભાવનાત્મક જીવનસ્તર પ્રબળ બનાવે છે. જો આ અંકની સાથે માનસિક કે ભૌતિક અંક હોય તો તે જીવનના માનસિક કે ભૌતિક પાસાને વધુ બળવાન બનાવે છે. બીજા એક મતે આ અંકને કુટુંબ, કૌટુમ્બિક પરિસ્થિતિ અને બાળકોના જન્મ સાથે પણ સંબંધ છે. નેપ્ચ્યુનના ગ્રહની સંજ્ઞા  છે.

કોઈ પણ માસની ૭ મી, ૧૬ મી અને ૨૫ મી તારીખોએ જન્મેલાઓ આ અંકની અસર નીચે આવે છે. પણ જો આ તારીખો ૨૧ મી જૂનથી ૨૦મી કે ૨૭ મી જુલાઇના સમયમાં અને થોડેક અંશે ૨૦ મી જુલાઈથી ઓગસ્ટના અંત સુધીના સમયમાં આવે તો આ અંકની અસર વિશેષ થાય છે.

આ અંકવાળા લોકો સ્વતંત્ર, મૌલિક, વિલક્ષણ વ્યક્તિત્વવાળા, અજંપાવાળા તથા પ્રવાસ અને પરિવર્તનને ચાહનારા હોય છે. એક મત પ્રમાણે આ લોકો ઉતાવળીઆ અને બંડખોર સ્વભાવના હોય છે. પણ સાથે સાથે જન્મજાત લડવૈયા પણ હોય છે. જો આ અંકને અંક ૧ અને ૯નો સથવારો હોય તો આ અંકવાળા લોકો છેવટ સુધી લડી લેનારા હોય છે. કોઈ કોઈ વખત તેઓ જક્કી, હઠીલા ને આક્રમક પણ બને છે; પણ તેઓ તેમના આ

ગુણો તેમના સ્વાર્થ કે હિત માટે નહીં પણ જેમને અન્યાય થયો હોય તેવા તેમના મિત્રો કે સંબંધીઓ માટે વાપરે છે. આ લોકો દુન્યવી અને આર્થિક સફળતા માટે ઘણી જ ઓછી પરવા કરતા હોય છે. આમ છતાંય તેઓ તેમના મૌલિક વિચારો અને ધંધાકીય રીતરસમોથી સારું એવું ધન કમાય છે. જો તેઓ ધનવાન બને તો તેઓ તેમનું ધન દેશવિદેશોના વારંવાર પ્રવાસો કરવામાં, પુસ્તકો ખરીદવામાં કે સંસ્થાઓને દાન કરવામાં વાપરે છે. તેઓ દેશવિદેશની બાબતોમાં ઘણો જ રસ લે છે. તેઓ પ્રવાસના પુસ્તકોના તો ખાસ શોખીન હોય છે. તેમને આખીએ દુનિયાનું સારું એવું જ્ઞાન હોય છે. તેમનું મન તો જાણે જ્ઞાનકોષ ન હોય! પણ તેમની શારીરિક સ્થિતિ સંતોષકારક હોતી નથી. ઘણીવાર તેઓ સારાં લેખકો, કવિઓ કે ચિત્રકારો બને છે. જીવનમાં તેઓ વહેલા કે મોડા એક વિશિષ્ટ પ્રકારની વિચારસરણી ધરાવતા થઈ જાય છે. અને આ વિચારસરણીની અસર તેમના જીવનમાં તેમનાં કાર્યો કે કૃતિઓમાં પડયા વિના રહેતી નથી. તેમના ધાર્મિક વિચારો પણ વિશિષ્ટ અને વિલક્ષણ હોય છે. તેમને રૂઢિગત વિચારો ગમતા નથી અને તેથી તેઓ તેમને મનપસંદ ધર્મ ઉપજાવી કાઢે છે કે શોધી લે છે. તેમનાં સ્વપ્નો વિશિષ્ટ નોંધપાત્ર અને વિલક્ષણ હોય છે. તેમનામાં અંતઃપ્રેરણાશક્તિ તથા ગૂઢ વિદ્યાઓ પ્રત્યે પ્રેમ અને માન હોય છે. તેમના વ્યક્તિત્વના પ્રભાવથી બીજાઓને શાંતિ મળે છે. તેમના ધંધા સંબંધી વિચારો મૌલિક અને કીંમતી હોય છે. પણ તેનો અમલ તેઓ ઘણો જ ઓછો કરે છે. તેમને સમુદ્ર અને સમુદ્ર સાથે સંબંધ ધરાવતી વસ્તુઓમાં ઘણો જ રસ હોય છે. તેમને

પરદેશ સાથે આયાતનિકાસનો વેપાર કરવો ગમે છે અને શકય હોય તો તેઓ વહાણ કે સ્ટીમરના કપ્તાન કે માલિક પણ બને છે. વેપારધંધાને માટે જરૂરી એવી વહીવટીશક્તિ તેમનામાં હોય છે. પણ આર્થિક દૃષ્ટિએ તેઓ જરૂરી વિગતોનો અભ્યાસ અને અમલ ધૈર્યપૂર્વક કરી શકતા નથી. તેમની વ્યવસ્થાશક્તિ સારી હોવાથી તેઓ કોઈ ધંધાકીય પેઢી કે કોઈ સંસ્થાના વડા કે મુખ્યાધિકારી તરીકે સારું કામ આપી શકે છે. તેમને કવિ, લેખક, નવલકથાકાર, પત્રકાર, બાગાયતના નિષ્ણાત તથા ખાણોના અને ધાતુ-કામના ઇજનેર બનવાનું ગમે છે. તેઓ શારીરિક કે માનસિક શ્રમ ન કરવો પડે તેવી જવાબદારીવાળી જગ્યાએ કામ કરવાનું સ્વીકારે છે. આ અંકવાળી સ્ત્રીઓને ભવિષ્યની હંમેશાં ચિંતા રહ્યા કરે છે અને તેથી તેઓ પૈસાપાત્ર વ્યક્તિને પરણવાનું પસંદ કરે છે.

જો આ અંક ભાગ્યાંક હોય તો તે નસીબદાર ગણાતો નથી, કારણ કે તે અજંપાવાળો અને પરિવર્તનશીલ સ્વભાવ બને છે. અને તેથી નજીવી બાબતો કે વસ્તુઓ માટે ગેરસમજ ઊભી કરી દુઃખ ઉત્પન્ન કરે છે, આ લોકોનાં શરૂઆતનાં વર્ષો સારાં નીવડતાં નથી. ૩૫મા વર્ષ પછી જ તેમની સ્થિતિ સુધરવા માંડે છે.

જ્યાં સુધી બધું સરળતાપૂર્વક ચાલે છે ત્યાં સુધી તેઓ સારા પ્રમાણમાં બોજો ઊઠાવી શકે છે અને તેમને કંઈ મુશ્કેલી પડતી નથી. પણ જો તેમને પ્રતિકુળ સંજો-ગોમાં કામ કરવું પડે છે તો તેઓ પરિસ્થિતિને હોય તે કરતાં વધારે ખરાબ કલ્પી લે છે અને સહેલાઈથી ચિંતા

અને ગમગીનીમાં ડૂબી જાય છે. પરિસ્થિતિ પ્રત્યે તેઓ ઘણા જ લાગણીશીલ કે સતેજ હોય છે. તેમની કદર કરનાર માટે તેઓ રાજીખુશીથી જવાબદારી સ્વીકારે છે. તેમને મનગમતું કામ તેઓ ઘણા જ ઉમંગ અને ખિંતાથી કરે છે. કોઈ કોઈ વખત તેઓ તેમના ગજા ઉપરાંતનું કામ સ્વીકારે છે, અને કરે છે, અને તેથી તેમના નાજુક શરીરને નુકશાન પણ થાય છે. તેમને ખીલ, ગૂમડાં જેવાં ચામડીનાં દર્દો થવા સંભવ છે.

તેમનાં અગત્યનાં કાર્યો અને યોજનાઓ માટે ૭ અંકી તારીખો એટલે કે ૭મી, ૧૬મી કે ૨૫મી તારીખો શુભ છે. આ ઉપરાંત ૧–અંકી, ૨–અંકી અને ૪–અંકી તારીખો એટલે કે કોઈપણ માસની ૧લી, ૨જી, ૪થી; ૧૦મી, ૧૧મી, ૧૩મી, ૧૯મી, ૨૦મી, ૨૨મી, ૨૮મી, ૨૯મી અને ૩૧મી તારીખો પણ તેમના માટે લાભદાયક છે. રવિવાર અને સોમવાર તેમના માટે શુભ દિવસો છે. જો આ દિવસો અને તારીખો ૨૧મી જૂનથી ૨૦મી કે ૨૭મી જુલાઈ સુધીના સમય ગાળામાં અને કંઈક અંશે ઓગસ્ટના અંત સુધીમાં આવતાં હોય તો તે ઘણાં જ નસીબદાર બને છે.

શુભ રંગોઃ–તેમના માટે દરેક પ્રકારના લીલા રંગો, બધા જ પ્રકારના આછા કે ઝાંખા રંગો, સફેદ તથા પીળા રંગો શુકનિયાળ છે ભાગ્યશાળી છે, અને ત્યાં સુધી તેમણે ઘેરા રંગોથી દૂર રહેવા પ્રયત્ન કરવો જોઇએ.

શુભ નંગ કે ઝવેરાતઃ–તેમના માટે ચંદ્રકાન્તમણિ (Moonstone) Moss Agate–અકીક, Catls eye–વૈડર્ય

મણિ આ શુદ્ધ મોતી શુભ નંગો છે આ નંગવાળી વીંટી એમણે પહેરવી જોઇએ.

આ અંકની અસર નીચે જન્મેલી મહાન વ્યક્તિઓ

| | જન્મદિવસ |
|---|---|
| ૧. અંગ્રેજ કવિ વિલિયમ વર્ડ્ઝવર્થ | ૭મી એપ્રિલ |
| ૨. ફ્રાન્સના કેળવણીકાર અને ક્રાંતિકારી ચિંતક રૂસો | ૧૬મી એપ્રિલ |
| ૩. મહાન વૈજ્ઞાનિક સર આઇઝેક ન્યૂટન | ૨૫મી ડિસેમ્બર |
| ૪. મહાન દાનવીર એન્ડ્રુ કાર્નેગી | ૨૫મી નવેમ્બર |
| ૫. કવિ અને તત્વચિંતક એમર્સન | ૨૫મી જૂન |
| ૬. કવિ રોબર્ટ બ્રાઉનિંગ | ૭મી મે |
| ૭. અંગ્રેજ નવલકથાકાર ઓસ્કર વાઇલ્ડ | ૧૬મી ઓક્ટોબર |
| ૮. ફ્રાન્સનો રાજા લુઈ ૧૬મો | ૧૬મી સપ્ટેમ્બર |
| ૯. ગ્રેટબ્રિટનની રાણી ઇલિઝાબેથ | ૭મી સપ્ટેમ્બર |
| ૧૦. અંગ્રેજ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ | ૭મી ફેબ્રુઆરી |
| ૧૧. પ્રો. બલરાજ મધોક | ૨૫મી ફેબ્રુઆરી |
| ૧૨. શ્રી અટલબિહારી બાજપેઈ | ૨૫મી ડિસેમ્બર |
| ૧૩. શ્યામપ્રસાદ મુકર્જી | ૭મી જુલાઈ |

## અંક ૭ના મિશ્ર અંકો કે અષ્ટકો

૧૬. આ અંકનું પ્રતીક વીજળી પડવાથી ભાંગીતૂટી ગયેલ ટાવર કે મિનારો છે. ટાવરના તૂટી પડવાની સાથે તાજ–મુગુટ પહેરેલો એક માણસ પણ નીચે પડી રહ્યો છે. આ અંકનો ગૂઢાર્થ ઘણો જ વિચિત્ર છે અને તે વિચિત્ર નસીબનો ઘોતક છે. આ અંક નિર્બળતા, વિનાશ, પાયમાલી, અકસ્માત, આફત, ભૂકંપ, લડાઈઝગડા, દગાકટકા, દગાબાજ મિત્રો, વિસ્ફોટન (ઓચિંતો તીવ્ર ધડાકો), હાર, ભય, યોજનાઓમાં વિઘ્ન વગેરે સૂચવે છે. જન્માંકમાં આ અંક હોય તો તે પ્રેમ અને લગ્નમાં નિષ્ફળતા અને નિરાશા દર્શાવે છે. ભાવિ યોજનાઓના સંબંધમાં આ અંક આવે તો તેને વિચિત્ર નસીબ માટે અશુભની ચેતવણી રૂપે ગણી લેવો. કોઈક જ વખતે આ અંક શુભ ફળ આપે છે, ત્યારે તે સત્યવાદી અને પ્રામાણિક માણસની કીર્તિ અને વિજય સૂચવે છે.

બીજા એક મત પ્રમાણે આ લોકોએ કઠોર વાણી, બડાશ, ગપ્પાંબાજી અને ઠઠ્ઠામશ્કરીથી દૂર રહેવું જોઈએ. તેમણે રચનાત્મક કાર્યોમાં પ્રવૃત રહેવાની જરૂર છે.

૨૫. આ અંક અનુભવથી મેળવેલ શક્તિ તથા માણસો અને વસ્તુઓના અવલોકનમાંથી પ્રાપ્ત કરેલ જ્ઞાન અને લાભ સૂચવે છે. આ લોકો ઠોકરો ખાઈને તથા બીજાઓના દૃષ્ટાંતોના અનુભવથી સુધરે છે તથા પ્રગતિ કરે છે. આ અંકવાળા લોકો બાળપણ તથા જુવાનીમાં મુશ્કેલીઓ અને કસોટીઓમાંથી પસાર થયા પછી જ

સફળતા પ્રાપ્ત કરી શકે છે. પાણીમાં કામ કરવા માટે આ અંક સલામત મનાય છે. તેઓ સારા તરવૈયા હોય છે. તેઓ ગૂઢ વિદ્યાના નિષ્ણાત, સારા અંતર્જ્ઞાનવાળા, ભવિષ્યદ્રષ્ટા, કુદરતપ્રેમી અને મેલી વિદ્યા સામે રક્ષણ કરનારા હોય છે. ભાવિ બનાવોના સંબંધમાં આ અંક સાનુકૂળ મનાય છે.

બીજા એક મત પ્રમાણે આ અંક મુસાફરી, આધ્યાત્મિકતા અને પ્રેમપરિણયમાં મુશ્કેલીઓ તથા ભંગાણ સૂચવે છે. તેમણે અકસ્માત અને હાનિકારક પીણાં તથા દવાઓથી બચવાની અને દૂર રહેવાની જરૂર છે

૩૪. આ અંક ગૂઢ અને રહસ્યમય વસ્તુઓ સાથે સંકળાયેલો છે. આ અંક અંતઃપ્રેરણા અને ગૂઢ જ્ઞાનને અંકુશમાં રાખે છે આ અંક રૂઢાચાર અને રૂઢિબદ્ધતાનો દ્યોતક છે. અને તેથી આ લોકો વધારે પડતું કે આગળ પડતું પગલું ભાગ્યે જ ભરે છે, આ અંક સારી એવી ધાર્મિક અને આધ્યાત્મિક લાગણી ધરાવે છે બીજા એક મત પ્રમાણે આ અંક શાંતિ, સુખ, હસમુખો સ્વભાવ, ધીમી પણ સ્થિર પ્રગતિ, ઉદ્યોગ ધંધામાંથી સારો નફો અને સંગીતપ્રેમ સૂચવે છે. વૃદ્ધો માટે આ અંક ભાગ્યશાળી ગણાય છે.

૪૩. આ અંક ક્રાન્તિ, વિપ્લવ, સંઘર્ષ, લડાઈ, નિષ્ફળતા, અવરોધો અને રુકાવટોનો દ્યોતક છે, અને તેથી તે લશ્કરી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો છે. આ અંક ભાવિ બનાવો માટે અશુભ મનાય છે, કારણ કે તેનું પ્રતીક

"મૃત્યુબિંદુ" "Death Point" છે. છતાંય જો આ લોકો નિસ્વાર્થ ભાવથી અને કઠક હાથે કામ લે તો તેમને વિજય તથા સફળતા મળે છે એમાં લેશ પણ શંકા નથી.

૫૨. આ અંકવાળા લોકો કુદરતપ્રેમી, મુશ્કેલીઓમાં ધૈર્ય રાખનારા, ભારે હિંમતવાળા અને હાથમાં લીધેલા કાર્યને પૂરું કરનારા હોય છે. આ અંક જીવનના ઉચ્ચ આદર્શો પ્રત્યે ઉત્કટ ભાવ સૂચવે છે, આ અંક ભૌતિક કરતાં આધ્યાત્મિક વધારે હોય છે. અને જ્યારે તેમને આત્માનો પ્રકાશ લાધે છે ત્યારે તેઓ સાંસારિક બાબતોથી વિમુખ બની જાય છે. આ અંક દુશ્મનો, આર્થિક નુકસાન અને લડાઈ ઝગડા સૂચવે છે.

૬૧. આ લોકો શાંતિપ્રિય, સંયમી અને કાર્યમાં નિષ્ઠાવાળા હોય છે. તેઓ પોતાની જાતને તથા બીજાઓને દૃઢતાપૂર્વક તથા સંયમપૂર્વક કાબૂમાં રાખવાનુ જાણે છે, તેઓને લાંબીટૂંકી મુસાફરી, નિર્દોષ મનોરંજન તથા આનંદ ગમે છે.

૭૦. આ અંક ભાવિ બનાવો માટે નસીબદાર મનાય છે, તેની પોતાની ખાસ કંઈ વિશિષ્ટતા નથી, તેથી તેનો અર્થ અંક ૭ના જેવો જ સમજવો.

# પ્રકરણ ૧૦મું

## અંક ૮ અને તેના મિશ્ર અંકો કે અષ્ટકો

આ અંકનો પ્રતિનિધિ ગ્રહ શનિ છે. નરી આંખે એટલે કે દૂરબીનની મદદ વિના દેખાતા ગ્રહોમાં તેની ગતિ સૌથી ઓછી હોવાથી તેને શનિશ્ચર પણ કહેવામાં આવે છે. તે પૃથ્વીથી ૭૬૦ ગણો મોટો છે, તેની આસપાસ ત્રણ પ્રકાશિત વલયો (ચકરડાં) છે. તેથી દૂરબીનમાંથી જોતાં તેનું સ્વરૂપ સુંદર લાગે છે. આ ગ્રહનો રંગ રતાશ પડતો કાળો છે, તે સૂર્યની આસપાસ ૨૯½ વર્ષમાં એક આંટો ફરી રહે છે. તેને ૯ ઉપગ્રહો કે ચંદ્રો છે, હિન્દુ શાસ્ત્રો પ્રમાણે તેને સૂર્યપુત્ર કહેવામાં આવે છે. શનિને ભાગ્ય-નસીબનો ગ્રહ માનવામાં આવે છે. કેટલાક તેને ચારિત્ર તેમજ ભાગ્યનું સંતુલન ચક્ર (balance wheel) પણ કહે છે. અતિ પ્રાચીન કાળથી આ અંક અને ગ્રહને કોઈપણ વ્યક્તિના કે રાષ્ટ્રના જીવન માટે પૂર્વનિશ્ચિત ભાગ્ય સાથે સંકળાયેલો માનવામાં આવે છે. યહુદી પ્રજા કે જેને સૈકાઓથી ભાગ્યના હાથે વેઠવું પડયું છે તેમનો સત્તાધિશ ગ્રહ (Rubing Planet) શનિ માનવામાં આવ્યો છે, અંક ૮ ને સમજવાનું કામ ઘણું જ કપરું છે, તે એકબીજાને સ્પર્શતાં સમાન ભૌતિક અને આધ્યાત્મિક વતુંળોનું પ્રતિનિધિત્વ રજૂ કરે છે, આ અંક બે સરખા અંકોના સરવાળાથી બનેલો છે; ૪ અને ૪. આ અંકનું પ્રતીક ન્યાયની પ્રતિમા છે કે જેના જમણા હાથમાં ઉપર તરફ તાકેલી તલવાર છે અને જેના ડાબા હાથમાં તુલા-ત્રાજવું

છે. ત્રણ આઠ (૮૮૮) ના અંકને ઈસુ ખ્રિસ્તના જગતના ઉદ્ધારક તરીકેના અંક તરીકે માનવામાં આવે છે. આ અંકોનો સરવાળો કરીને ( ૮+૮+૮=૨૪=૬ ) મૂળ અંક શોધતાં ૬નો અંક આવે છે. અને આ ૬નો અંક પ્રેમનો દ્યોતક છે. આ અંક ૮ એકલા કે અંક ૪ની સાથે જીવનમાં અશુભ રીતે વારંવાર દેખા દેતો હોય તો તે અશુભ બને છે. અને અનેક આફતોને નોતરે છે. આ અંકના ગ્રહ શનિની સંજ્ઞા +) છે.

કોઈપણ માસની ૮મી, ૧૭મી કે ૨૬મીએ જન્મેલાઓ આ અંકની અસર તળે આવે છે, જો આ તારીખો ૨૧મી ડિસેમ્બરથી ૨૬મી જાન્યુઆરી સુધીના સમય ગાળામાં અને ૨૬મી જાન્યુઆરીથી ૧૯મી કે થોડે અંશે ૨૬મી ફેબ્રુઆરી સુધીના સમય ગાળામાં આવતી હોય તો તેમના ઉપર આ અંકની વિશેષ અસર થાય છે.

આ અંકવાળા લોકોનો સ્વભાવ ઘણો જ ગહન, તીવ્ર અને લાગણીવશ હોય છે. તેઓ પ્રબળ વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. પણ તેમનું જીવન મોટે ભાગે દૈવાધીન હોય છે. આ લોકોને બીજાઓ સમજી શકતા નથી એટલે કે તેમના વિષે બીજાઓના મનમાં ગેરસમજૂતી ફેલાઈ છે અને તેથી જ તેમના હ્રદયમાં એકલતા અને શૂન્યતા વ્યાપેલી રહે છે. તેમને લાગણીઓનું પ્રદર્શન કરવું કરવું ગમતું નથી એટલે જ તો તેઓ બહારથી ઠંડા એટલે કે લાગણી અને ઊમળકા વિનાના દેખાય છે. પણ ખરેખર તો તેમને દલિતો અને પીડિતો પ્રત્યે ઘણી જ લાગણી હોય છે. તેમના વિષે લોકો ગમે તે

ધારી લે તો પણ તેમને લાગણીઓનું પ્રદર્શન કરવાનું ગમતું નથી. જો તેઓ ધાર્મિક હોય તો તેઓ ધર્માંધ, ધર્મચુસ્ત કે મરજાદી બને છે. દલીલો કે વિરોધોની પરવા કર્યા વિના તેઓ જે કોઈ બાબત હાથમાં લે છે તેને પૂરી કરવા પ્રયત્ન કરે છે. આ લોકો માટે ભારે સફળતા કે ભારે નિષ્ફળતા નિમાયેલી હોય છે. તેમના માટે સફળતા અને નિષ્ફળતા વચ્ચેનો મધ્યમ માર્ગ હોતો નથી. દુન્યવી સુખસમૃદ્ધિની દષ્ટિએ આ અંક નસીબદાર નથી ગણાતો કારણ કે આ અંક વાળાઓને જીવનમાં રોગ, દુઃખ, ચિંતા શોક, નિરાશા, અસ્કસ્માત, મુશ્કેલીઓ તથા કાર્યમાં ઢીલ કે વિલંબના સામનો કરવો પડે છે. જો આ લોકો મહત્વાકાંક્ષીહોય તો તેઓનું ધ્યેય સામાજીક જીવન કે કોઈ પણ પ્રકારની સરકારી જવાબદારી વાળું સ્થાન પ્રાપ્ત કરવાનું હોય છે. ઘણી વખત તેઓ આત્મસમર્પણ કે આત્મભોગ માગતા ઊંચા હોદ્દા ઉપર કામ કરે છે. આ લોકોને એમ લાગે છે કે તેઓ બીજાઓ કરતાં વિશિષ્ટ અને જુદા જ પ્રકારના છે. આ અંકની શુભ અસર તળે આવેલા લોકો વાસ્તવિક્તાને સમજનારા, ચીવટવાળા, ખંતીલા, ધૈર્યવાન, સખત પરિશ્રમ કરનારા, ચિંતક, તત્વજ્ઞ, ગૂઢ વિદ્યાનો અભ્યાસી, ઉત્સાહી અને ધ્યેયપ્રાપ્તિ માટે સર્વસ્વ કરી છૂટનારા અને દૈવીવાદી હોય છે. આ લોકોમાં અંતપ્રેરણા શક્તિ હોય છે. અને તેમને ગૂઢ તથા રહસ્યમય અનુભવો પણ થાય છે. તેમને વિચિત્ર સ્વપ્નો આવે છે કે જે અગમ ચેતવણી રૂપે હોય છે. તેમને કોઈ કોઈ વખત અંતઃસ્ફૂરણાથી ભાવિ બનાવોની આગાહી થાય છે. આમ તેઓ સ્વપ્ન દષ્ટિ અને ભવિષ્ય દષ્ટિવાળા પણ હોય છે. જો અંક ૮ની સાથે ચંદ્ર અને ગુરુ પણ શક્તિશાળી હોય તો તેઓ

સંસાર અને દુનિયા સાથેનો સંપર્ક ત્યજીને એકાંતમાં રહેવાનું પસંદ કરે છે.

જો જન્મ તારીખમાં આ અંક, અંક ૧ અંક ૫ ની સાથે સંકળાયેલો હોય તો ચોક્કસ પ્રગતિ થાય છે. તદુપરાંત જો આ અંક અંક ૨, ૩ અને ૬ જેવા સાનુકૂળ અંકોથી પ્રબળ કે દૃઢ બન્યો હોય તો જીવન બનાવો અને પરિવર્તનોથી ભરપૂર બને છે. તથા જીવનની મહત્વાકાંક્ષાઓ પૂર્ણ થાય છે. તેઓને સંસ્થાઓના વડા બનવાનું ગમે છે. મકાન, બાંધકામ, ખેતીવાડી, બાગાયત અને ખાણ તથા ખનિજ પદાર્થોને લગતા ધંધાઓ પણ તેમને આકર્ષે છે. તેઓ ઉત્તમ ન્યાયાધીશ તથા ભાષાશાસ્ત્રી પણ બની શકે છે. આ લોકોમાંથી ઘણાને તેમના જીવન કાર્યો માટે યશ પ્રાપ્ત થતો નથી, પણ તેમના મૃત્યુ બાદ તેમના કાર્યોનાં વખાણ થાય છે. અને તેમને ચિરંજીવી યશ પણ પ્રાપ્ત થાય છે.

જો આ અંક અંકની અશુભ અસર થતી હોય તો તે અસ્થિરતા, એકાગ્રતાનો અભાવ, ચિંતા, શોક, નિરાશા, દુઃખ, વિઘ્નો, હેરાનગતિ, ઠપકો, કામમાં ઢીલ કે વિલંબ, ગરીબાઈ, તંગી, અકસ્માત માંદગી અને આળસ સૂચવે છે. આ સૂચવે છે. આ અંકની ખરાબ અસરવાળા લોકો સ્વાર્થી, લોભી, કંજુસ, એકાંતપ્રિય અને સમાજને તિરસ્કારનારા પણ બને છે. આ અંકની સૌથી ખરાબ અસર ભયંકર માંદગી, અકસ્માત અને મૃત્યુમાં પરિણમે છે.

આ અંકવાળા લોકોએ તેમનાં અગત્યનાં કાર્યો અને

યોજનાઓ ૮-અંકી તારીખોએ એટલે કે ૮ મી ૧૭ મી કે ૨૬ મીએ શરૂ કરવાં જોઈએ. તેમના માટે શનિવાર ખાસ શુભ છે. તેનાથી ઓછા શુભ રવિવાર અને સોમવાર છે. છે. જો આ તારીખો અને દિવસો ૨૧ મી ડિસેમ્બરથી ૧૯ મી કે કંઈક અંશે ૨૬ મી ફેબ્રુઆરી સુધીના સમય ગાળામાં આવતી હોય તે સર્વોત્તમ બની રહે છે. તેમના માટે ૪ અંકી તારીખો એટલે કે ૪, ૧૩, ૨૨ અને ૩૧ પણ શુભ હોય છે.

**શુભ રંગો**:-તેમના માટે ઘેરો ભૂખરો, કાળો, ઘેરો ભૂરો અને જાબંલી રંગો શુભ છે. આછા રંગો તેમને શોભતા નથી અને તેમનામાટે શુભ પણ નથી. **કીંમતી ઝવેરાત** : નીલમ અને નીલમણિ.

આ અંકની અસર નીચે જન્મેલી મહાન વ્યક્તિઓ. (Saffire). જન્મ દિવસ

| | |
|---|---|
| ૧. ખનિજ તેલના ધનિક ઉદ્યોગપતિ જે. ડી. રોકફેલર | ૧૭ મી જૂન. |
| ૨. બ્રિટિશ રાજનીતિજ્ઞ ડેવિડ લોર્ઈડ જ્યોર્જ | ૧૭ જાન્યુઆરી |
| ૩. અંગ્રેજ લેખક તથા નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડ શો | ૨૬ મી જુલાઈ |
| ૪. વૈજ્ઞાનિક સર હમ્ફ્રી ડેવી | ૧૭ મી ડિસેમ્બર |
| ૫. શીતળાની રસીના શોધક એડવર્ડ જેનર | ૧૭ મી મે |
| ૬. ફ્રેંચ નવલકથાકાર તથા ચિંતક જુલે વર્ન | ૮ મી ફેબ્રુઆરી |

૭. અમેરિકન તત્ત્વવેત્તા તથા રાજનીતિજ્ઞ
બેન્ઝામીન ફ્રેન્કલીન — ૧૭ મી
૮. મહાન સંગીતકાર અને સંગીત રચયિતા
બિથોવન — ૧૭ મી ડિસેમ્બર
૯. હેલીના ધૂમકેતુના શોધક એડમંડ હેલી — ૨૬ મી
૧૦. સ્વામી શિવાનંદ — ૮ મી સપ્ટેમ્બર
૧૧. સી. રાજગોપાલાચાર્ય — ૮ મી ડિસેમ્બર
૧૨. અભિનેતા દેવાનંદ — ૨૬ મી સપ્ટેમ્બર
૧૩. શીખોના ગુરૂ નાનક — ૮ મી નવેમ્બર

## અંક ૮ના મિશ્ર અંકો કે અષ્ટકો

૧૭. આ અંક ઘણો જ આધ્યાત્મિક છે. તે શુક્રના તારાનો અને "શાંતિ અને પ્રેમનો" પ્રતીક છે. તેને "મેજીનો તારક" "The Star of Magi" પણ કહે છે. તેને સમજણ કે ઉપાર્જનનો માર્ગ અને ન્યાયી કે સત્યવાદીનું ઈનામ પણ કહેવામાં આવે છે. આ લોકો તેમની કારકીર્દિ દરમ્યાન અનેક મુશ્કેલીઓ અને કસોટીઓ સહન કરીને આધ્યાત્મિક રીતે આગળ વધેલા હોય છે. આ અંક "અમરત્વ"નો અંક પણ કહેવાય છે. એટલે આ અંકવાળા લોકો તેમની પાછળ નામ અમર બનાવે છે એટલે કે તેઓ સારી કીર્તિ મેળવીને તેમનું નામ આ ફાની દુનિયામાં અમર બનાવે છે. આ અંક વ્યવસ્થાશક્તિ, સંચાલનશક્તિ, ઉપયોગિતા અને આર્થિક સફળતાનો સૂચક છે. અને મૂર્ત અને નક્કર વસ્તુઓ સાથેનું ડહાપણભર્યું વર્તન સૂચવે છે. આ અંક સત્ય, શ્રદ્ધા, આશા, અંતઃપ્રેરણાશક્તિ,

સમતુલા અને સૌંદર્યપ્રદર્શનનો ઘોતક છે. જો આ અંક ૪ અને ૮મા મૂળ અને મિશ્ર અંકો સાથે સંબંધિત ન હોય તો તે ભાવિ બનાવો માટે ઉત્તમ અંક ગણાય છે.

૨૬. સારા કે નરસા પ્રસંગો કે બાબતો માટે આ અંક પ્રબળ કે શક્તિશાળી ગણાય છે અને તેથી દુન્યવી સુખસમૃદ્ધિ અપાવે છે. આ અંક વ્યવહારદક્ષતા, મુત્સદ્દીગીરી અને જાસૂસી કે સી. આઈ. ડી. ખાતા જેવી છૂપી સેવાઓ માટે શુભ ગણાય છે. આ અંક તેની અસરવાળાને શક્તિશાળી ને જુસ્સાવાળો વક્તા બનાવે છે. આવા લોકો સંયમ, અનુભવ અને ડહાપણથી શક્તિ મેળવતા હોય છે. ઉચ્ચ સ્તરે આ અંક "જેહોવા"નો અંક કહેવાય છે. નીચલી કક્ષાએ આ અંક નીચેની આફતોની ચેતવણી સૂચવે છે. આ અંક બીજાઓ સાથેના સંબંધો કે ભાગીદારીથી, બીજાઓની ખોટી સલાહથી કે શેરસટ્ટાથી નુકસાન કે વિનાશ સૂચવે છે. આ ઉપરાંત આ અંક લૂંટ, ધાડ, કાયદાનો ભંગ, વિશ્વાસઘાત તથા દગાફટકાનો ઘોતક છે. તેથી તેમણે કપટી મિત્રો તથા ભાગીદારો તથા શેરસટ્ટાથી નુકસાન થવા સંભવ છે. ઉપરોક્ત અનુભવોથી આ લોકો ઘડાય છે અને તેથી તેમનામાં આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય છે. તેઓ આવા અનુભવોની શક્તિના બળે નેતા પણ બની શકે છે. છતાંય ભાવિ બનાવોના સંબંધમાં આ અંક ઘણો જ સાચવવા-જાળવવા જેવો છે.

૩૫. આ અંકવાળાઓને ઘણીવાર સારો એવો વારસો મળે છે. તેઓ શાંતિથી જીવે છે અને લાંબીટૂંકી મુસાફરીના શોખીન હોય છે. તેઓ કોઈ વખત ઘાતકી અને જુલ્મી

પણ બની શકે છે. સામાન્ય રીતે તો આ અંક મૈત્રી અને સહાયનો દ્યોતક છે આ લોકો ઓછી મહેનતે સફળતા પ્રાપ્ત કરે છે તથા પ્રગતિ સાધે છે.

૪૪. આ અંક ખાસ વિશિષ્ટતા ધરાવે છે. આ અંક શૌર્યનો દ્યોતક છે તથા વ્યવહારિક કાર્યોમાં સફળતા અને રાજકીય ને લશ્કરી બાબતોમાં કીર્તિ અપાવનારો છે. પણ સાથે સાથે આ લોકોને ધન અને કીર્તિ માટે પ્રબળ લાલસા હોય છે. તેથી તેમને નુકસાન થવા સંભવ છે. તેમને માટે સાચી સલાહ એ છે કે તેમણે આત્મસંયમ કેળવવો અને "अति सर्वत्र वर्जयेत् ।" સૂત્ર ધ્યાનમાં રાખીને હંમેશાં વર્તવું.

૫૩. આ અંકવાળા લોકો સારા ડિટેકટીવ અને જાસૂસ બની શકે છે. કારણ કે તેઓની નિરીક્ષણ-અવલોકન શક્તિ સારી હોય છે. નીચલી કક્ષાએ આ અંક જાસૂસી, એકદમ ધનવાન થવા માટેના ધૂર્ત ધંધાઓ, ભયંકર ગોટાળાઓ અને દુષ્ટ ધ્યેયો માટે સત્તાપ્રાપ્તિ સૂચવે છે. તેઓ સારા સૈનિક, ગંભીર સ્વભાવના અને સત્તાપ્રિય હોય છે. તેમની રીતરસમો આગવી હોવા છતાંય તેઓ હરહંમેશ પ્રગતિ કરતા રહે છે.

# પ્રકરણ ૧૧મું

## અંક ૯ અને તેના મિશ્ર અંકો કે અષ્ટકો

### અંક ૯

આ અંકનો પ્રતિનિધિ ગ્રહ મંગળ છે. મંગળનો ગ્રહ રાતા કે નારંગી રંગનો છે, તેને બે ઉપગ્રહો છે, ફોબસ અને ડિમોસ. તે પૃથ્વી કરતાં કદમાં થોડો નાનો છે. સૂર્યની આસપાસ એક આંટો ફરતાં તેને ૬૮૭ દિવસ લાગે છે. મંગળને યુદ્ધનો દેવતા કહેવામાં આવે છે. અંગ્રેજીમાં તેનું નામ માર્સ Mars છે સેફારીઅલના મતે Mars શબ્દ હિન્દી ધાતુ મારના ઉપરથી આવ્યો છે અને મારવાનો અર્થ ઈજા કરવી, મારી નાંખવું વગેરે થાય છે, અને તેના ઉપરથી બીજા શબ્દો જેવા કે To mar Martial વગેરે ઉત્પન્ન થયા લાગે છે. તેથી મંગળનો સંબંધ મારવાની ક્રિયા અને મારવાનાં એટલે લડાઈ અને યુદ્ધ કરવાનાં હથિયારો જેવાં કે ભાલા, તલવાર, ચપ્પુ, કટાર, બરછી વગેરે સાથે છે. મંગળને માટે "આર", "ક્ષિતિજ" અને અંગારક એવાં નામો પણ આપણા હિન્દુ શાસ્ત્રોમાં આપેલાં છે. આર એટલે લોખંડનો પાતળો અણીદાર સળીઓ ક્ષિતિજનો અર્થ સ્પષ્ટ જ છે, અંગારક એટલે અંગારો અથવા અગ્નિ, તેથી મંગળનો સંબંધ યુદ્ધ, ઝગડા, લડાઈનાં હથિયારો, અગ્નિ અને લોખંડનાં તીક્ષ્ણ, ધારદાર સાધનો સાથે છે. કેટલાક મંગળને અશુભ કે પાપગ્રહ કહે છે, પણ આ યોગ્ય નથી, મંગળનો એક

અર્થ શુભ અથવા સારું પણ થાય છે "મંગળ કાર્ય" નો અર્થ શુભ કાર્ય એવો કરવામાં આવે છે મંગળના ગ્રહની સંજ્ઞા →

કોઈપણ માસની ૯મી, ૧૮મી કે ૨૭મી તારીખે જન્મેલાઓ આ અંકની અસર તળે આવે છે. જો આ તારીખો ૨૧મી માર્ચથી ૧૯મી કે કંઈક અંશ ૨૬મી એપ્રિલ સુધીના સમય ગાળામાં અને ૨૧મી ઓકટોબરથી ૨૦મી કે કંઈક અંશે ૨૭મી નવેમ્બર સુધીના સમય ગાળામાં આવતી હોય તો આ અંકની અસર તેમના ઉપર વિશેષ થાય છે.

આ લોકો જીવનના દરેક ક્ષેત્રમાં જન્મસિદ્ધ યોદ્ધાઓ છે. આ લોકોનો બાલ્યવસ્થા તથા યુવાવસ્થા મુશ્કેલીઓથી ભરપૂર હોય છે. પણ છેવટે તેઓ પ્રબળ ઈચ્છાશક્તિ, દૃઢ મનોબળ અને ધૈર્યથી જીવનમાં સફળતા પ્રાપ્ત કરે છે. તેઓ સ્વભાવે ઉતાવળીઆ, આવેશશીલ, સ્વતંત્ર અને તેમના પોતાના જ ભાગ્યનિર્માતા બનવાની ઈચ્છાવાળા હોય છે. જો આ અંક જીવનમાં અસામાન્ય રીતે દેખા દેતો હોય તો આ લોકો અનેક દુશ્મનો ઊભા કરે છે અને જ્યાં હોય ત્યાં સંઘર્ષ અને વિરોધનો તેમને સામનો કરવો પડે છે. ઘણી વખત તેઓ યુદ્ધમાં કે જીવનસંગ્રામમાં ઘાયલ થાય છે કે મરણને શરણ પણ થાય છે. તેમનામાં અજબ હિંમત હોય છે. અને તેઓ ઉત્તમ યોદ્ધા તથા જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સફળ નેતા પણ બની શકે છે. તેમના ગૃહજીવનમાં પણ તેમને કુંટુંબીજનો સાથે કે સાસરી પક્ષનાં માણસો સાથે ઝગડા, કલેશ કંકાશ, વિરોધ અને

સંઘર્ષમાં ઊતરવું પડે છે. બીજાઓ તેમને તેમની ટીકા કરે, નિંદા કરે, કે તેમને ઊતારી પાડે તે તેમને ગમતું નથી. તેમને તેમની જાત માટે સારો અભિપ્રાય હોય છે અને તેમની યોજનાઓ કે કાર્યોમાં કોઈ દખલ વિરોધ કરે તે તેમનાથી સહન થતું નથી. પણ તેથી ઊલટું કોઈ તેમની સલાહ લે કે તેમને મોટા ભા બનાવે તે તેમને ગમે છે. તેમના હાથમાં સંપૂર્ણ સત્તા હોય તો તેઓ ઉત્તમ રીતે અને કુનેહપૂર્વક કોઈ પણ બાબતની વ્યવસ્થા કરી શકે છે. જો તેમના હાથમાં પૂરેપૂરી સત્તા નથી હોતી તો તેમનું દિલ તૂટી જાય છે અને અને તેઓ બાજુએ ઊભા ઊભા વ્યસ્થાને ભાંગી પડતી કે ખાનાખરાબી થતી જોતા રહે છે.

આ અંક જ્ઞાનવિજ્ઞાન, ડહાપણ અને સર્વોચ્ચ પ્રકારના નિસ્વાર્થ પ્રેમનો પણ દ્યોતક છે. વિજ્ઞાનના અંક તરીકે તે વ્યવહારુતા, સંશોધન શક્તિ અને વૈજ્ઞાનિક વૃત્તિ દર્શાવે છે જો આ અંક જન્મ તારીખમાં કે જન્માંકમાં આવતો હોય તો તે બીજા અંકોની અસરને પ્રબળ બનાવે છે. જો આ લોકો ખૂબ જ અને સતત પ્રયત્નશીલ રહે તો તેમના જીવનમાંથી વિઘ્નો અને મુશ્કેલીઓ દૂર કરી શકે છે. ડોકટર ક્રોસના મતાનુસાર જો આ અંક વ્યક્તિનો ભાગ્યાંક બનતો હોય તો તે વ્યક્તિ જ્ઞાનનો ભંડાર બને છે. પુનર્જન્મવાદી લોકો તો એમ પણ કહે છે કે ૯ અંકવાળા લોકો એ જૂના આત્માઓ હોય છે અને તેમણે આ જન્મ પહેલાં સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય છે. અને તેથી તેમને ચાલુ જન્મ પછીનો જન્મ લેવો પડશે નહીં. આ જન્મ તેમનો છેલ્લો જન્મ જ હશે. આ અંકવાળા લોકો સામાન્ય રીતે અશુભ અસર તળે હોતા નથી. આ લોકો

માનવ જાતના પુનરુદ્ધાર માટેની અવ્યવહારુ યોજનાઓ અને આકાંક્ષાઓ સાથે જોવામાં આવે છે. કેટલીક વખત તેઓ જેનું પરિણામ કંઈ જ ન આવે તેવી પરોપકારની અને માનવતાની યોજનાઓ શરુ કરે છે. તેઓ સર્વોચ્ચ નિસ્વાર્થ પ્રેમની અસરમાંથી મુક્ત થઈ શકતા નથી. આ અસરવાળા ઉચ્ચ આત્માઓ ઇશુ ખ્રિસ્ત, ભગવાન બુદ્ધ અને મહાત્મા ગાંધીનો માર્ગ પસંદ કર્યા વિના રહી શકતા નથી. તેઓ તેમની બુદ્ધિ કરતાં અંતર્જ્ઞાન ઉપર વધારે આધાર રાખતા હોય છે. તેઓ તેમના અંતરાત્માના અવાજને અનુસરતા હોય છે.

આ અંકવાળા લોકો વિજાતીય વ્યક્તિઓમાં લોકપ્રિય હોય છે. પ્રેમ અને સહાનુભૂતિના બદલામાં તેઓ ગમે તેવું મુશ્કેલ કાર્ય પણ કરી આપે છે. ચતુર અને ચાલાક સ્ત્રીઓ આ અંકવાળા લોકોને મોહપાશમાં નાંખીને સહેલાઈથી મૂર્ખ બનાવી શકે છે અને તેમનું કામ કઢાવી લે છે.

આ લોકો ઇલેક્ટ્રિશયન, મિકેનિક, કેમિસ્ટ, ડ્રગિસ્ટ, ડોક્ટર, નર્સ, સંશોધક, રેડિયો એન્જિનિયર, ફોટોગ્રાફર, વિજ્ઞાનના શિક્ષક કે અધ્યાપકનો ધંધો પસંદ કરે છે. તેઓને નાટ્યકાર (ખાસ કરીને દુઃખાંતક નાટકોના લેખક) ચિત્રકાર, શિલ્પી, વકીલ, ન્યાયાધીશ અને શિક્ષણશાસ્ત્રી બનવું ગમે છે, અનાથ, નિરાધાર તથા ત્યજાયેલાઓ માટેની સંસ્થાઓ સ્થાપવામાં અને ચલાવવામાં તેમને આનંદ આવે છે. સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટિ જેવી શૈક્ષણિક સંસ્થાઓના સંચાલનમાં કે તેના ઉપરી અધિકારી

બનવામાં તેઓ ગર્વ અનુભવે છે. તેમની કલાત્મક રુચિ, અંતઃપ્રેરણા અને ભાવનાઓનો ઉપયોગ સ્વતંત્રપણે કરી શકતા હોય તેવા કોઈ પણ કાર્ય, પ્રવૃત્તિ કે વ્યવસાયમાં તેઓ જરૂર સફળતા મેળવે છે.

આ લોકોની મુખ્ય મુશ્કેલી એ છે કે તેઓ સ્વભાવે ક્રોધી, ગુસ્સાવાળા, ઉતાવળીઆ, ઉછાંછળા અને આવેશમય હોય છે, અને તેથી જ તેઓ વાણી અને વર્તનમાં અવિચારી, અવિવેકી, તોછડા અને ઉદ્ધત હોય છે. તેમને જીવન દરમિયાન આગ, અકસ્માત, વિસ્ફોટન (ભયંકર ઓચિંતો ધડાકો), લડાઈ, ઝગડા, તીક્ષ્ણ હથિયાર વગેરેથી ઈજા કે નુકસાન થવાનો સંભવ છે. સામાન્ય રીતે તેમને સર્જનના હાથે ઘણાં ઓપરેશનો કરાવવાં પડે છે, જેમને શાંત, નીરસ, વિવિધતા વિનાનું, ચીલાચાલુ અને એકધારું જીવન ગમતું નથી તેમને માટે આ અંક ઘણો જ ભાગ્યશાળી છે. આ લોકો જો તેમના સ્વભાવને અંકુશમાં રાખીને દુશ્મનો ન બનાવે તો તેમના માટે આ અંક ભાગ્યશાળી બને છે.

આ લોકોને માટે સૌથી ઉત્તમ દિવસ (મંગળના ગ્રહનો દિવસ) મંગળવાર છે. ગુરૂવાર અને શુક્રવાર પણ તેમના માટે શુભ દિવસો છે, તેમના માટે ૯ અંકી તારીખો (૯, ૧૮ અને ૨૭) અને થોડે અંશે ૩ અને ૬ અંકી તારીખો (૩, ૬, ૧૨, ૧૫, ૨૧, ૨૪ અને ૩૦) શુભ છે. જો આ તારીખો "૯ના સમય ગાળામાં" એટલે કે ૨૧મી માર્ચથી ૧૯મી કે થોડે અંશે ૨૬મી એપ્રિલ

અથવા ૨૧મી ઓક્ટોબરથી ૨૦મી કે થોડે અંશે ૨૭મી નવેમ્બર સુધીના સમય ગાળામાં આવતી હોય તો તે ઘણી જ શુભ બને છે. તેથી તેમણે તેમનાં કાર્યો અને યોજનાઓ ઉપરના દિવસોએ, તારીખોએ અને સમય ગાળાઓમાં શરૂ કરવી જોઇએ.

શુભ રંગોઃ–આ લોકો માટે આછાથી માંડીને ઘેરા ગુલાબી, રાતા અને કીરમજી રંગો શુભ છે.

શુભ નંગ કે ઝવેરાતઃ–તેમના માટે માણેક, લાલ ગાર્નેટ (garnet) પરવાળું અને લાલ છાંટવાળો નીલમણિ (blood stone) શુભ નંગ છે, તેમણે આ નંગની વીંટી બનાવીને પહેરવી જોઇએ.

આ અંકની અસર નીચે જન્મેલી વ્યક્તિઓની યાદી

| | જન્મ દિવસ |
|---|---|
| ૧. મહાન ખગોળશાસ્ત્રી કેપ્લર | ૨૭મી ડિસેમ્બર |
| ૨. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ રૂઝવેલ્ટ | ૨૭મી ઓક્ટોબર |
| ૩. બ્રિટનના રાજા ૭મા એડવર્ડ | ૯મી નવેમ્બર |
| ૪. મહાન વૈજ્ઞાનિક ગેલિલિયો | ૧૮મી ફેબ્રુઆરી |
| ૫. વરાળયંત્રના શોધક જ્યોર્જ સ્ટિફન્સન | ૨૭મી ઓક્ટોબર |
| ૬. કૈસર વિલ્હેન | ૨૭મી જાન્યુઆરી |
| ૭. ગ્રિસના મહાન ધનપતિ ઓનાસિસી | ૯મી સપ્ટેમ્બર |

| | |
|---|---|
| ૮. સ્વામી શ્રી રામકૃષ્ણ પરમહંસ | ૧૮મી ફેબ્રુઆરી |
| ૯. જહોન મિલ્ટન | ૯મી ડિસેમ્બર |
| ૧૦. ઉમર ખૈયામ | ૧૮મી મે |
| ૧૧. શ્રી ગોલવલકર | ૧૮મી ફેબ્રુઆરી |
| ૧૨. સંગીતકાર નૌશાદ | ૨૭મી ડિસેમ્બર |
| ૧૩. હિન્દી લેખક કાકા હાથરસી | ૧૮મી સપ્ટેમ્બર |
| ૧૪. અભિનેત્રી નિમ્મી | ૧૮મી ફેબ્રુઆરી |

## અંક ૯ના મિશ્ર અંકો કે અષ્ટકો

૧૮. આ અંકનું પ્રતીક ચિત્ર નીચે પ્રમાણે છે. ચંદ્ર તેનાં કિરણો દ્વારા લોહીનાં બિંદુઓનો વરસાદ વરસાવે છે. આ લોહીનાં બિંદુઓને નીચે ઊભેલાં એક વરુ અને એક કૂતરો તેમના પહોળા કરેલા મુખમાં ઝીલે છે, અને તેમનાથી સહેજ દૂર ઊભેલો એક કરચલો તેમની સાથે જોડાવા માટે વેગથી દોડતો આવતો હોય તેમ જણાય છે. આ પ્રતિક ચિત્રનું અર્થઘટન કરવાનું કામ ઘણું જ અઘરું છે. આ અંક માનવીની આધ્યાત્મિક શક્તિનો દુન્યવી સુખ સમૃદ્ધિ અને પાશવિક બળથી થતો નાશ સૂચવે છે. આ અંકવાળા લોકો કૌટુમ્બિક, સામાજિક અને અન્ય પ્રકારના કડવાશભર્યા ઝગડાઓ, ક્રાન્તિ, સંઘર્ષ, વિપ્લવ અને યુદ્ધ સાથે સંકળાયેલા હોય છે, તેમને કેટલીક વખત યુદ્ધ દ્વારા ધન તથા સારું સત્તાસ્થાન પ્રાપ્ત થાય છે. તેઓને બીજાઓ તરફથી છેતરપિંડી દગોફટકો અને વિશ્વાસઘાતનો ભય રહે છે. આ અંક કુદરતી આફતો જેવી કે આગ, વાવાઝોડું, ઝંઝાવાત, દરિયાઈ તોફાન અને

વિસ્ફોટન (Explosion) નો દ્યોતક છે. ઘણી વખત આ અંક ડોકટરો અને વકીલોને અસર કરતો માલૂમ પડે છે, કારણકે તેમનામાં સાજા કરવાની શક્તિ હોય છે અને તેઓ સત્ય અને ન્યાયના પક્ષે હોય છે. ઉચ્ચ કક્ષાએ આ અંક આધ્યાત્મિકતા સૂચવે છે, જયારે નીચા સ્તરે તે ભૌતિકવાદ (Materialism) નો દર્શક છે. આ અંકને સરહદરેખા કે મધ્યરેખા પણ કહે છે. તે દશ્ય અને અદશ્ય દુનિયામાં જવા આવવાની શક્તિ આપે છે. આ અંક પ્રથમ સોપાનનો કે પ્રારંભનો અંક પણ ગણાય છે. આ અંકવાળા લોકો ઘણા જ સારા કે ઘણા ખરાબ, ઘણા જ સમતોલ મનવાળા કે ઘણા જ શિથિલ મનવાળા હોય છે. આ અંક પ્રતિભાનો તેમજ મૂર્ખતા અને ગાંડપણનો અંક કહેવાય છે, તે મૈત્રી વિદ્યા અને ઉદારતાનો પણ દ્યોતક છે, સામાન્ય રીતે આ અંક જૂનાનો અંત કે નાશ અને તેમાંથી નવાના સર્જનની શરૂઆત સૂચવે છે. તમે જયારે આ અંકની અસર તળે આવો ત્યારે તમે વિચારપૂર્વક, કાળજીપૂર્વક અને સાવચેતીથી કામ કરવાનું ચૂકતા નહીં, કારણ કે ભાવિ બનાવો માટે આ અંક શુભ ગણાતો નથી.

૨૭. આ અંક શુભ ગણાય છે. કારણ કે તેનું પ્રતીક "રાજદંડ" છે. આ અંક સામાજિક સ્થળો અને સંસ્થાઓમાં સત્તા, સ્વતંત્ર રીતે વિચારવાની અને કાર્ય કરવાની શક્તિ, બીજાઓને તન, મન અને ધનથી મદદ કરવાની ઇચ્છા અને સર્જનાત્મક શક્તિ આપે છે તથા શાંતિ, કલા, સૌંદર્ય અને ન્યાય પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. તેમને તેમની સર્જનાત્મક શક્તિનો સારો એવો બદલો મળી રહેશે એવી આશા પણ આપે છે. તેઓએ તેમના વિચારો અને યોજ-

નાઓને અનુસરવું જરૂરી છે. આ અંકની ખરાબ બાજુએ છે કે આ લોકો કોઈ કોઈ વખત અસહિષ્ણુ, ધર્માંધ અને ઝનૂની બની જાય છે. ભાવિ બનાવોના સંબંધમાં આ અંક શુભ મનાય છે.

૩૯. આ અંકની અસર શુભ મનાય છે. તે શક્તિનો સદુપયોગ કરનારને પ્રભુત્વ, સત્તા ને સફળતા અર્પે છે. આ લોકોના જીવનમાં આશ્ચર્યજનક અને અણધાર્યા બનાવો બને છે. આ અંક જાતિય સુખ માટે સારો છે. તેઓ ઉદાર, ભલા અને સહાનુભૂતિવાળા હોય છે. પણ તેઓ સહેલાઈથી ઉદ્વિગ્ન, સંતપ્ત અને નિરાશ બની જાય છે અને માનસિક સમતોલપણું ગુમાવતા હોય છે. તેમને જીવન દરમિયાન ઘણી ચઢતી પડતી જોવી પડે છે.

૪૫. આ અંક શિક્ષણ પ્રત્યેનો પ્રેમ તથા બીજાઓની સહાય અને સેવા દર્શાવે છે. આ અંક દીનદુઃખીઆ અને દલિતોનો ઉદ્ધાર અને દુષ્ટોને શિક્ષા સૂચવે છે. તે કટોકટીના સમયની પૂર્ણ તૈયારી પણ બતાવે છે. આ અંક નાની વયે લગ્ન, બાળકો, સમાજ, જૂથ અને સંસ્થાઓ સાથેની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો માલૂમ પડે છે. આ લોકોએ તેમની યોજનાઓ તેમની ઈચ્છા પ્રમાણે જ ઘડતી જોઈએ.

૫૪. આ અંક અભ્યાસવૃત્તિ, વિદ્વત્તા, વાક્છટા, સમૃદ્ધિ, દીર્ઘાયુષ્ય, સારી તંદુરસ્તી અને સફળતા સૂચવે છે. પણ સાથે સાથે તે અકસ્માત અને લંગડાપણાનો ભય પણ બતાવે છે.

૬૩. આ અંકવાળા લોકો જન્મથી જ મિશનરી સ્વભાવના અને સુધારક હોય છે. તેમનું સ્વાસ્થ્ય સારું હોય છે. તેઓ દુનિયના ભલા માટે કામ કરનારા હોય છે. તેમણે ધ્યાનમાં રાખવું જોઈએ કે તેઓ ઊડાઉ, નિરુપયોગી, આળસુ અને ઢસરડો કરનારા ન બની જાય. આ અંક થોડે અંશે શુભ મનાય છે.

૭૨. આ અંક દયા તથા દેવદૂતનો ઘોતક છે.

# પ્રકરણ ૧૨મું

## નામ અને નામાંક

"What is in a name?" Shakspere.
"નામમાં શું ?" સેકસપિયર.

શેકસપિયર ભલે માને કે નામમાં કંઈ જ નથી. પણ અંકશાસ્ત્રીઓને મન તો નામ ઘણું જ મહત્વનું છે. માણસનું મન એ તેની અંગત બાબત છે એવી માન્યતા પણ ઘણી જૂની છે. ઉત્તર અમેરિકાના રાતા ઇન્ડિયનો માને છે કે તેમનું તેમનું નામ એ તેમના વ્યક્તિત્વનો એક ભાગ છે અને તેનું લેબલ નથી. એસ્કિમો લોકો માને છે કે વૃદ્ધાવસ્થામાં નવું નામ પાડવાથી માણસના આયુષ્યમાં વધારો થાય છે. ઓસ્ટ્રેલિયા, એબિસિનિયા, પશ્ચિમ આફ્રિકા, દક્ષિણ અને મધ્ય અમેરિકાના મૂળ વતનીઓ માને છે નામને તેનું પોતાનું બળ કે શક્તિ છે. પહેલાંના સમયમાં ઇજિપ્તમાં દરેક જણને બે નામ આપવામાં આવતાં. મોટું નામ અને નાનું નામ. નાના નામને જાહેર કરવામાં આવતું હતું એટલે કે નાના નામથી માણસ ઓળખાતો હતો. જ્યારે મોટું નામ ગુપ્ત રાખવામાં આવતું હતું. ભારતમાં દરેક બ્રાહ્મણ બાળકને બે નામ આપવામાં આવે છે. આમાંથી એક નામનો જાહેર ઉપયોગ થાય છે. એટલે કે વ્યક્તિને એક નામથી ઓળખવામાં આવે છે. જ્યારે તેનું બીજા નામ છૂપું રાખવામાં આવે છે. ભારતીય જ્યોતિષમાં માણસની સાચી જન્મ તારીખ અને

સાચા જન્મ સમયની ખબર ન હોય ત્યારે. જે નામથી તે ઓળખાતા હોય તે નામના પહેલા અક્ષર પ્રમાણે તેની રાશિ ગણીને ભવિષ્ય કહેવામાં આવે છે. આ બધી માન્યતાઓ બતાવે છે કે નામ કંઈ અર્થસૂચક છે અને તે પણ મહત્વનું છે.

અંક શાસ્ત્રીઓના મત મુજબ દરેક નામમાં એક એવું આંદોલન હોય છે કે જે વ્યક્તિની સ્થિતિ કે મનોબળ પર અસર કરે છે. તથા દરેક નામમાં બીજું એક આંદોલન હોય છે કે જે વ્યક્તિનું વ્યક્તિતત્વ દર્શાવે છે. આ મનુષ્ય બીજા લોકો ઉપર જે છાપ પાડે છે તે જાણી શકાય છે. આ ઉપરાંત પૂર્ણ નામ અને ભાગ્યાંકથી માણસની જન્મ જાત શક્તિઓ ( માનસિક તેમજ શારીરિક ) વિષે જાણી શકાય છે.

દરેક વ્યક્તિના પૂર્ણ નામમાં નીચેની બાબતો હોય છે.

(૧) કુટુંબનું કે ગોત્રનું નામઃ આ નામમાં અટક અને પિતા કે પતિના નામનો સમાવેશ થાય છે.

(૨) મુખ્ય કે સક્રિય નામઃ આ નામ મોટે ભાગે તો પહેલું લખાય છે. દાખલા તરીકે "બકુલ રણછોડભાઈ પટેલ" માં બકુલ મુખ્ય નામ થશે. પણ જો તે બી. આર. પટેલના નામે સહી કરે કે ઓળખાય તો તેની અટક "પટેલ" મુખ્ય નામ ગણાય.

(૩) ગૌણ નામઃ ઉપરના "બી. આર. પટેલ"માં

બી. આર. ગૌણ નામ થશે. જો તે બકુલ પટેલ લખશે તો રણછોડભાઈ પણ ગૌણ નામ બકુલ અને પટેલ મુખ્ય અને સક્રિય નામો થશે.

ભાગ્ય નામઃ જન્મ પછી અપાયેલું નામ ભાગ્યનામ ગણાય છે. મોટે ભાગે તો આ નામનો ઉપયોગ સ્કૂલ, કોલેજ અને ઓફિસોમાં થતો હોય છે. બીજા એક મત પ્રમાણે વ્યક્તિ જે નામથી સૌથી વધુ ઓળખાતી હોય તે ભાગ્ય નામ છે. આ નામ ઉપરથી જ ભાગ્યાંક શોધી કાઢવામાં આવે છે. ખાલ્ડિયન કે હિબ્રૂ પદ્ધતિ પ્રમાણે દરેક અંગ્રેજી અક્ષરને અમુક ચોક્કસ અંક આપવામાં આવ્યો આ પદ્ધતિ બધી પદ્ધતિઓમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ પદ્ધતિ પ્રમાણે દરેક અંગ્રેજી મૂળાક્ષરને નીચે પ્રમાણે અંક આપવામાં આવ્યા છે.

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
|---|---|---|---|---|---|---|---|
| A | B | C | D | E | U | O | F |
| I | K | G | M | H | V | Z | P |
| Q | R | L | T | N | W | | |
| J | | S | | X | | | |
| Y | | | | | | | |

અંકશાસ્ત્રમાં વ્યક્તિના નામ ઉપરથી ત્રણ પ્રકારના અંકો શોધવામાં આવે છે.

(૧) પ્રથમ અંકને મનોમનાંક (મનોમન+અંક) કે માનસિક સ્થિતિ અંક (Mental state number), આત્માંક

(Soul number) કે મહત્વાકાંક્ષાંક ( મહત્વાકાંક્ષા+અંક ) કહેવામાં આવે છે આ અંક વ્યક્તિના નામમાં આવેલા સ્વરો ને અંકમાં ફેરવીને તેનો સરવાળો કરવાથી આવે છે. અંગ્રેજીમાં ફક્ત પાંચ જ સ્વરો છે. A, E, I, O અને U. બાકીના વ્યંજનો છે. જ્યારે નામમાં ઉપરનામાંથી કોઈપણ સ્વર આવતો નથી ત્યારે કેટલાક અંકશાસ્ત્રીઓ 'Y' ને સ્વર ગણે છે.

આ અંક વ્યક્તિનું મનોબળ, આત્મબળ, મહત્વાકાંક્ષા તથા આદર્શોનો ઘોતક છે. એક જ અંકને અનેક શબ્દો વાપરવાથી વાચકના મનમાં ગૂંચવારો થવાની શકયતા છે. તેથી આ અંકને આપણે ફક્ત મનોબળાંકથી જ ઓળખીશું.

(૨) બીજા અંકને વ્યક્તિત્વાંક ( વ્યક્તિત્વ + અંક Pusonality number ) અથવા પ્રભાવાંક ( પ્રભાવ+અંક Im pression number ) કહેવામાં આવે છે. આ અંક વ્યક્તિનું વ્યક્તિત્વ દર્શાવે છે. વ્યક્તિનો પ્રભાવ તથા છાપ બીજાઓ ઉપર કેવાં પડે છે તે આ અંક દર્શાવે છે. આ અંક ઉપરથી બીજા લોકો વ્યક્તિ સંબંધી શું માને છે કે શું ધારે છે તે જાણી શકાય છે. આ અંક વ્યક્તિના નામમાં આવેલા વ્યંજનોને અંકોમાં બદલીને તેનો સરવાળો કરવાથી આવે છે. આ અંકને આપણે ફક્ત વ્યક્તિત્વાંકથી જ ઓળખીશું.

(૩) ત્રીજા અંકને ભાગ્યાંક ( Dating Number ), નામાંક ( Name Number ) કે અભિવ્યક્તિ અંક ( Ex-

pression Number ) કહેવામાં આવે છે. જેમ્સ લી આ અંકને વ્યક્તિત્વાંક ( Individuality Number ) કહે છે. પણ આપણે બીજા અંકને વ્યક્તિત્વાંક નામ આપ્યું છે અને તેથી આ અંકને વ્યક્તિત્વાંક તરીકે ઓળખવાને બદલે ભાગ્યાંક (ભાગ્ય+અંક) કે નામાંક ( નામ + અંક ) તરીકે ઓળખીશું. આ અંક વ્યક્તિનું ભાગ્ય, ભાગ્યપ્રવાહ અને ચારિત્ર્ય દર્શાવે છે. આ અંક વ્યક્તિના મનોબળાંક અને વ્યક્તિત્વાંકના સરવાળાથી કે વ્યક્તિના નામના બધા અક્ષરોને અંકોમાં ફેરવીને તેમનો કુલ સરવાળો કરવાથી મળે છે.

હવે આપણે ઉદાહરણો દ્વારા ઉપરના અંકોને શોધવાની રીતો જોઈશું.

બકુલ રણછોડભાઈ પટેલ

મનોબળાંક ૧ ૬ ૧ ૭ ૧૧ ૧ ૫ = ૨૩
= ૫

BAKUL RANCHHODBHAI PATEL

વ્યક્તિત્વાંક ૨ ૨ ૩ ૨ ૫૩૫૫૪૨૫ ૮ ૪ ૩
= ૫૩
= ૮

ભાગ્યાંક કે નામાંક ૨૩ + ૫૩ = ૭૬ = ૧૩ = ૪

ઉપરના નામનો મનોબળાંક ૨૩ (મિશ્ર) કે ૫ (મૂળ) વ્યક્તિત્વાંક ૫૩ ( મિશ્ર ) કે ૮ ( મૂળ ) અને નામાંક કે

ભાગ્યાંક ૧૩ ( મિશ્ર ) કે ૪ ( મૂળ ) છે. મનોબળાંક શુભ છે, પણ નામાંક અને વ્યક્તિત્વાંક શુભ નથી.

(૨) રતિલાલ સોમેશ્વર ઠાકર

મનોબળાંક૧ ૧ ૧ ૭ ૫ ૧ ૧ ૫ = ૨૨
= ૪

RATILAL SOMESWAR THAKER

વ્યક્તિત્વાંક૨ ૪ ૩ ૩ ૩ ૪ ૩ ૩ ૨ ૪૫ ૨ ૨=૪૩
=૭

ભાગ્યાંક અંતિમ કુલ સરવાળો = ૨૨+૪૩ = ૬૫
= ૧૧ = ૨

ઉપરના નામનો મનોબળાંક ૨૨ (મિશ્ર) કે ૪ (મૂળ) વ્યક્તિત્વાંક ૪૩ (મિશ્ર) કે ૭ ( મૂળ ) અને નામાંક કે ભાગ્યાંક ૬૫ (મિશ્ર) કે ૭ (મૂળ) છે.

ઘણી વખત એવું બને છે કે વ્યક્તિ બે કે વધારે નામથી ઓળખાય છે. તો આપણે તેનું કયું નામ ઉપરના અંકો માટે લેવું જોઇએ? ખરેખર તો આ ઘણો જ અઘરો પ્રશ્ન છે. કેટલાક અંકશાસ્ત્રીઓ જન્મ સમયે પાડવામાં આવેલા નામને મહત્ત્વ આપે છે કારણ કે તે નામ સૌથી પ્રથમ આપવામાં આવેલું છે અને તે નામનાં આંદોલનોની અસર પાછળથી બીજું નામ આપવામાં આવે છે. મહાન જ્યોતિષી કીરોના મતે "the name one is most known by" એટલે કે "વ્યક્તિ જે નામથી (સમાજમાં) સૌથી વધુ ઓળખાતી હોય" તે નામ નામાંક

માટે લેવું જોઇએ. દાખલા તરીકે એક વ્યક્તિનું નામ હેમાભાઈ અમીન છે, પણ તેમના મિત્રો વગેરે તેમને "પ્રભુ" તરીકે વધારે ઓળખે છે. તો હેમાભાઈ અમીનના નામાંક કે ભાગ્યાંક નક્કી કરવા માટે "પ્રભુ" નામ લેવું જોઇએ. મહાત્મા ગાંધીનું મૂળ નામ મોહનલાલ કરમચંદ ગાંધી હતું. પણ ભારતમાં તથા સારાયે વિશ્વમાં તેઓ મહાત્મા ગાંધી તરીકે પ્રખ્યાત થયા હતા. તેથી તેમના નામાંક માટે મહાત્મા ગાંધી નામ લેવું જોઇએ.

મનોબળાંક   ૧ ૧ ૧ ૧ ૧ = ૫
MAHATMA GANDHI
વ્યક્તિત્વાંક   ૪ ૫ ૪ ૪ ૩ ૫ ૪ ૫ = ૩૪
= ૭

નામાંક કે ભાગ્યાંક=મનોબળાંક+વ્યક્તિત્વાંક = ૫+૭=૧૨=૩

મહાત્મા ગાંધીનો મનોબળાંક ૫ વ્યક્તિત્વાંક ૩૪ (મિશ્ર) કે ૭ (મૂળ) અને નામાંક કે ભાગ્યાંક ૩ આવે છે. એક વ્યક્તિનું નામ ચીમનભાઈ રણછોડભાઈ પટેલ છે, પણ લોકો તેમને ચીમન રાજા તરીકે ઓળખે છે. તો તે પ્રમાણે તેમનો નામાંક કે ભાગ્યાંક ૨૪ થાય છે અને તે શુભ

CHIMAN RAJA
૩ ૫ ૧ ૪ ૧ ૫   ૨ ૧ ૧ ૧ = ૨૪ = ૬

અંક છે. તેમનાં નામાંકનો મૂળ અંક ૬ થશે અને તે પણ શુભ છે.

નામાંક કે ભાગ્યાંક ગણતી વખતે મિસ્ટર, મિસ, મિસિઝ અથવા શ્રીમાન, શ્રીમતી કે કુમારી જેવા માન-

વાચક શબ્દો અને રાવસાહેબ, ખાનસાહેબ, રાજા, નવાબ જેવા ઇલ્કાબો કે ઉપનામો ગણતરીમાં લેવાં કે નહીં ? કીરોનો ઉપરોક્ત મત કે "વ્યક્તિ જે નામથી સૌથી વધુ ઓળખાતી હોય તે નામ નામાંક કે ભાગ્યાંક માટે ઉપયોગમાં લેવું જોઇએ." આપણને ઘણો જ ઉપયોગી થશે. જો કોઈ સંસ્થા, કોલેજ કે ઓફિસમાં કોઈ વ્યક્તિ Miss Usha Patel મિસ ઉષા પટેલ તરીકે ઓળખાતી હોય તો તે સંસ્થા, કોલેજ કે ઓફિસના સંબંધનાં તેનો ભાગ્યાંક ૫૭ (મિશ્ર) અને ૨ (મૂળ) થશે.

ભાગ્યાંક ૪ ૧ ૩ ૩ ૬ ૩ ૫ ૧ ૮ ૧ ૪ ૫ ૩=૪૭=૧=૨
M I S S U S H A P A T E L

આ નામાંકની અસર તે જયાં જયાં મિસ ઉષા પટેલ તરીકે ઓળખાતી હોય ત્યાં જ કરવો. બીજી પરિસ્થિતિ કે સંજોગોમાં નહીં. જો આ જ વ્યક્તિ તેના કુંટુંબમાં તેના માતાપિતા તથા ભાઇબહેનોથી "બેબી" કે એવા બીજા હુલામણા નામથી ઓળખાતી હોય તો તેના કુટુંબ માટે તેનો ભાગ્યાંક B A B Y
૨ ૧ ૨ ૧ = ૬

૬ થશે અને તે શુભ છે. આ જ સ્ત્રી લગ્ન બાદ તેની સાસરીમાં તેના પતિ સાથે રહે ત્યારે કદાચ બીજા જ નામે દાખલા તરીકે MRS RAMILA PATEL કે શ્રીમતી રમીલા પટેલ તરીકે ઓળખાતી હોય તો તેની સાસરીમાં તેનો ભાગ્યાંક

MRS RAMILA PATEL
૪ ૨ ૩ ૨ ૧ ૪ ૧ ૩ ૨ ૮ ૧ ૪ ૫ ૩ = ૪૨ = ૬

૪૨ (મિશ્ર) કે ૬ (મૂળ) થશે. આ રીતે એક જ વ્યક્તિ ત્રણ જુદાં જુદાં સ્થળોએ ત્રણ જુદી જુદી રીતે ઓળખાતી હોય તો દરેક સ્થળે તેનો નામાંક અને તેથી તેનો ભાગ્યાંક જુદો જુદો હોઈ શકે છે.

આ જ પ્રમાણે નામની આગળ કે પાછળ જે કંઈ નામ, ઉપનામ, ઉપાધિ કે ઇલ્કાબ, માનમરતબા કે જન્મ સિદ્ધ હક તરીકે લગાડવામાં આવે તે બધા જ ભાગ્યાંક માટે આવી શકે. પણ સમાજમાં તે વ્યક્તિ તે પ્રમાણે સૌથી વધારે પ્રમાણમાં ઓળખાતી હોવી જોઇએ. નેપોલિયન ત્રીજો, જ્યોર્જ પાંચમો, લુઈ ૧૬મો અને એડવર્ડ આઠમો, આ નામોમાં ત્રીજો, પાંચમો, ૧૬મો અને આઠમો ભાગ્યાંક નક્કી કરતી વખતે ગણતરીમાં લેવો જોઇએ.

નામની જોડણી વગેરેમાં ફેરફાર કરવાથી કેવા પ્રકારના ફેરફારો થાય છે તે નીચેનાં ઉદાહરણોથી સ્પષ્ટ થશે. મોટા ભાગનાં અંકશાસ્ત્રનાં પુસ્તકોમાં નેપોલિયન બોનાપાર્ટનો દાખલો આપવામાં આવે છે. શરૂઆતમાં તે તેનું પૂરું નામ નીચે પ્રમાણે લખતો હતો.

NAPOLEON BUONAPARTE
૫૧૮૭૩૫૭૫ ૨૬૭૫૧૮૧૨૪૫
= ૪૧ = ૫ = ૪૧ = ૫
૫ + ૫ = ૧૦ = ૧

આ નામ પ્રમાણે તેના ભાગ્યાંક ૪૧, ૫ અને ૧ આવે છે; મિશ્ર અંક ૪૧ "લોકો અને દેશોના જોડાણ સાથે

સંબંધ ધરાવનાર ચમત્કારિક અંક છે." મૂળ અંક ૧, ૫ અને ૧૦ પણ શક્તિ, સત્તા અને સમૃદ્ધિના દ્યોતક છે, જ્યાં સુધી મહાન નેપોલિયન તેના નામને ઉપરોક્ત રીતે લખતો હતો ત્યાં સુધી તેની સત્તામાં અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થતી હતી અને તે વિજયી પણ બનતો હતો. પણ દૈવવશાત્ તેણે પાછળથી તેનું નામ નીચે પ્રમાણે.

NAPOLEON BONAPARTE
૫ ૧ ૮૭૩૫૭ ૫ ૨૭ ૫૧૮ ૧૨ ૪ ૫
=૪૧=૫ =૩૫=૮
૫+૮=૧૩=૪

લખવાનું શરૂ કર્યું, આ પ્રમાણે નામની જોડણી (Spelling)માં ફેરફાર કરવાથી તેનો નામાંક કે ભાગ્યાંક ૪૧ અને ૫માંથી ૮, ૧૩ અને ૪ બન્યા. તેથી તેના ભાગ્યાંકનાં આંદોલનો પણ બદલાયાં, અંક '૮' નીચલી કક્ષાએ "અરાજકતા ક્રાંતિ, ન્યાય સાથે સંઘર્ષ અને જિંદગીના કરુણ અંતનો દ્યોતક છે." અંક ૧૩ મૃત્યુનો દ્યોતક છે અને "જો સત્તાનો દુરુપયોગ કરવામાં આવે તો તેનો દુરુપયોગ કરનારનું સત્યાનાશ વાળે છે." આ અંકોના અર્થઘટનનું સત્ય નેપોલિયન બોનાપાર્ટની ઉત્તરાવસ્થાની કારકીર્દિ જોતાં તદ્દન સ્પષ્ટ થાય છે, અંક ૮ અને અંક ૧૩ની ખરાબ અસરની નેપોલિયનને ખબર ન હતી અને તે બાબતમાં કોઇએ તેને ચેતવ્યો પણ ન હતો. નેપોલિયનને જ્યોતિષશાસ્ત્રમાં રસ હતો, પણ તે અંકશાસ્ત્ર વિષે માહિતગાર હોય તેમ લાગતું નથી. અને તેથી જ અંક ૮ અને અંક ૧૩ની તેના જીવન ઉપર

ખરાબ અસર થઈ. તેણે કુદરતના કોઈ ગૂઢ નિયમોને વશ થઇને કે કોઈ દૈવી સત્તાના અનુસારે તેના નામમાં ફેરફાર કર્યો અને ખુવાર થયો.

આજ Napoleon નો ફ્રાન્સના શહેનશાહ તરીકે ભાગ્યાંક જોઇએ. તે ફ્રાન્સનો શહેનશાહ બન્યો ત્યારે તેને નેપોલિયન બોનાપાર્ટ કહેતા ન હતા, પણ નેપોલિયન કે નેપોલિયન ૧ લા (Nepoleon I) તરીકે ઓળખતા હતા. આપણે ઉપર જોઈ ગયા તે પ્રમાણે.

NAPOLEON I
૫૧૮૭૩૪૭૫ ૧
=૪૧ ૧ =૪૨
= ૫

નેપોલિયનનો ભાગ્યાંક '૪૧' અને '૫' છે. જ્યારે નેપોલિયન '૧' નો ભાગ્યાંક ૪૨ (મિશ્ર) અને (મૂળ) છે. ૪૧ નો આંક "રાજ્યો અને લોકોના જોડાણ સાથે જોડાયેલો જાદુઈ અંક છે." જ્યારે અંક ૫ પણ પરીભવંતો અંક છે. અંક ૪૨ અને અંક ૬ પણ સત્તા અને સમૃદ્ધિ માટે શુભ છે. તેથી જ તે ઇતિહાસમાં મહાન નેપોલિયન તરીકે ત્રીજાનો (Napoleon III) ભાગ્યાંક ૩૪ (મિશ્ર અંક) અને ૮ (મૂળ અંક) થાય છે. આ આઠનો અંક "ભવિષ્યના બનાવો માટે સૌથી વધુ ગંભીર ચેતવણી રૂપ છે. ખોટી સલાહ અને બીજાઓની સાથેના સંબંધોથી આફતો અને ઉપાધિઓ સૂચવે છે." અને તેથી જ નેપોલિયન ત્રીજાએ ફ્રાન્સની ગાદી છોડી દેવી પડી. આ રીતે જન્મસિદ્ધ હક

કે નામ કે ઈલ્કાબ મળ્યા હોય તે પ્રમાણે માણસના ભાગ્યમાં સારાનરસા ફેરફારો થાય છે. પહેલો અને ત્રીજો નેપોલિયન, નેપોલિયન તો હતા જ પણ તેમના ભાગ્યાંકો જુદા જુદા હોવાથી તેમના ભાગ્યો પણ જુદા જુદા બન્યાં.

હવે આપણે જયપ્રકાશ નારાયણનો દાખલો લઈએ. ૧૯૪૨ની "હિન્દ છોડો"ની ચળવળ વખતે તેઓ લડાયક અને ક્રાંતિકારી જુસ્સાવાળા હતા. તે સમયે તેઓ હજારો લોકોને માટે આદર્શરૂપ હતા. આઝાદી મળ્યા પછી તેઓ જવાહરલાલ નહેરુના વારસદાર પણ મનાતા હતા. તે સમયે તેઓ "JAIPRAKASH NARAIN" તરીકે ઓળખાતા હતા. પણ પાછળથી તેમણે "J, P. NARAIN" ને બદલે "J. P NARAYAN" તરીકે નામ લખવાનું સહી કરવાનું અને ઓળખાવાનું પસંદ કર્યું. આ બંને નામોના ભાગ્યાંકો નીચે પ્રમાણે આવે છે.

J. P. N A R A I N
૧ ૮ ૫ ૧ ૨ ૧ ૧ ૫ = ૨૪ = ૬

J. P. N A R A Y A N
૧ ૮ ૫ ૧ ૨ ૧ ૧ ૧ ૫ = ૨૫ = ૭

આ પ્રમાણે નામમાં ફેરફાર થવાને લીધે તેમના ભાગ્યાંકો ૨૪ અને ૬માંથી બદલાઈને ૨૫ અને ૭માં ફેરવાઈ ગયા. તેથી જ તેઓ એક વખતના ક્રાન્તિકારી વીર મટીને શાંતિના ચાહક અને સર્વોદય નેતા બન્યા છે. આ છે નામમાં ફેરફાર કરવાથી થતી અસરનો જીવતો જાગતો દાખલો !

# પ્રકરણ ૧૩ મું

## જન્મ તારીખ અને જન્માંક કે જીવનપંથ

અંકશાસ્ત્રમાં નામના જેટલું જ કે તેનાથી પણ વધુ મહત્વ જન્મ તારીખનું છે. નીચેના કારણોસર જન્માંક અને જન્મ તારીખ, નામ અને નામાંક કરતાં વધારે અગત્યની માનવામાં આવે છે.

(૧) દરેક વ્યક્તિનો જન્મદિવસ ચોક્કસ એટલે કે કદીય બદલી ન શકાય તેવો હોય છે.

(૨) જન્મ તારીખ અને તેથી જન્માંક વ્યક્તિના જન્મ સમયના ગ્રહોની અસર દર્શાવે છે.

(૩) જન્મનો સમય તથા દિવસ વ્યક્તિના આંદોલનોની તીવ્રતા કે દૃઢતા નક્કી કરે છે અને તેની અસર જીવનભર રહે છે.

(૪) જન્માંક મોટે ભાગે ભૌતિક સુખસમૃદ્ધિ સાથે સંબંધ રાખે છે, જ્યારે નામાંક મોટે ભાગે આધ્યાત્મિક બાબતો અને ચારિત્ર્ય સાથે સંબંધિત હોય છે.

(૫) વ્યક્તિનો નામાંક ખાત્રીપૂર્વક શોધી કાઢવો તે ઘણું જ અઘરું કામ છે, કારણ કે જે નામથી આપણે સૌથી વધારે જાણીતા હોઇએ તે નામ ઉપરથી જ નામાંક શોધવો જરૂરી છે. અને આ નામ કદાચ વ્યક્તિ જાતે પણ ન જાણતી હોય તે બનવા જોગ છે. કેટલાક લોકો તેમના

નામથી, તો કેટલાક તેમની અટકથી, કેટલાક તેમના ઉપનામ કે ઇલ્કાબથી તો કેટલાક તેમના હુલામણા કે લોકપ્રિય નામથી વધારે ઓળખાય છે. આપણા તથા બીજા કેટલાક દેશોમાં લગ્ન પછી સ્ત્રીઓનું બીજું નામ પાડવામાં આવે છે. કલાકારો, અભિનેતાઓ અને દેશનેતાઓને પણ લોકો તેમના અસલ નામને બદલે બીજા નામથી ઓળખે છે. વલ્લભવિદ્યાનગરના સ્થાપક કે વિશ્વકર્માનું અસલ નામ ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ હતું. પણ લોકો તેમને "ભાઈકાકા"ના નામે જ ઓળખતા હતા. વલ્લભાઈ ઝવેરભાઈ પટેલને લોકો "સરદાર પટેલ"ના નામે ઓળખતા હતા. રાષ્ટ્રપિતા "ગાંધીજી" કે "મહાત્મા ગાંધી"નું મૂળ નામ મોહનલાલ કરમચંદ ગાંધી હતું. આ પ્રમાણે જે નામથી વ્યક્તિ લોકોમાં સૌથી વધુ જાણીતી હોય તે નામ તેના નામાંક માટે લેવું જોઇએ.

જન્મ તારીખ અને જન્માંકનું મહત્ત્વ જાણ્યા પછી આપણે હવે જન્મ તારીખ ઉપરથી નક્કી કરાતા જુદાજુદા અંકો વિષે જોઇએ.

(૧) જન્માંકઃ—( જન્મ + અંક Birth number ) એટલે વ્યક્તિની ફક્ત જન્મ તારીખ કે જન્મ દિવસ ઉપરથી નક્કી કરેલો સાદો કે મૂળ અંક. જન્માંક માટે જન્મની તારીખ એકલી જ ગણતરીમાં લેવામાં આવે છે; જન્મના માસ અને વર્ષ ગણતરીમાં લેવામાં આવતાં નથી. ધારો કે કોઈની જન્મ તારીખ ૨૭મી છે, તો તેનો જન્માંક ૨+૭=૯ થાય, ૨૯મીનો ૨ ૧૫મીનો (૧+૫=૬) ૬ થાય અને ૩૧મીનો (૩+૧=૪) ૪ થાય છે. આ જન્માંક

માણસની વ્યક્તિગત, અંગત અને નજીકની બાબતો માટે મહત્વનો મનાય છે, આ અંક જીવનનો ધ્યેય, આદર્શ તથા વ્યવસાય (ધંધો) નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. આ અંક વ્યક્તિની જિંદગીના મધ્યભાગ એટલે કે ૨૮માથી તે ૫૬મા વર્ષ સુધીના સમયગાળા માટે અગત્યનો અને અસરકારક મનાય છે. આ સમય જ ખરો ઉત્પાદક હોય છે, કારણ કે મોટા ભાગના માણસો ભર જુવાનીમાં જ અગત્યનું કંઈ કામ કરી શકે છે.

(૨) જન્મ માસાંકઃ-આ અંક અંગ્રેજી પદ્ધતિ પ્રમાણેના જન્મ માસના ક્રમાંકને મૂળ અંકમાં બદલવાથી મેળવી શકાય છે. જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના મહિનાઓનો ક્રમ ૧ થી ૧૨ છે. ઓકટોબર ૧૦મો માસ છે અને તેનો જન્મ માસાંક (૧+૦=૧) ૧ આવે, ડિસેમ્બર ૧૨મો માસ છે અને તેનો જન્મ માસાંક (૧+૨=૩) ૩ આવે વિગેરે, અંગત ન હોય અને બધાંને સ્પર્શતી એટલે કે સાર્વત્રિક કે સર્વદેશીય બાબતો હોય તે આ અંક ઉપરથી જાણી શકાય છે. આ અંકની અસર જિંદગીના પ્રથમ તબક્કામાં એટલે કે જન્મથી તે ૨૭મા વર્ષ સુધી વધુ પ્રમાણમાં થાય છે.

(૩) જન્મ વર્ષાંકઃ-જન્મના વર્ષના અંકોનો સરવાળો કરીને મુખ્ય અંક શોધવાથી જન્મવર્ષાંક મળે છે.

| જન્મ વર્ષ | જન્મ વર્ષાંક |
|---|---|
| ૧૯૩૪ | ૧+૯+૩+૪=૧૭=૮ |
| ૧૯૬૯ | ૧+૯+૬+૯=૨૫=૭ |

જન્મ વર્ષાંક ઉપરથી ભાવિ બનાવો અથવા ભાગ્ય કે ભાગ્યના પ્રવાહને સ્પર્શતી બાબતો સારી રીતે જાણી શકાય છે. આ અંકની અસર ૫૫મા વર્ષથી તે ૮૧મા વર્ષ સુધી વધારે પ્રમાણમાં રહે છે.

(૪) જીવન પંથ ( **Life Path** ) કે જન્મપથ (**Birth Path**):–આ અંકને વ્યવસાયાંક (વ્યવસાયક અંક **Vocation number**), વ્યક્તિત્વાંક (**Individuality Number**), ભાગ્યાંક (**Fadic number** કે **Destiny number**), જીવનપાઠ (**Life's lesson**), જીવન નિયામક (**controller of life** કે પૂર્ણ જન્માંક (**Complete birth number**) પણ કહેવામાં આવે છે. પણ વાંચકોના મનમાં ગોટાળો અને ગૂંચવાડો ઊભો ન થાય તે માટે આપણે આ અંકને ફક્ત જીવનપંથ કે પૂર્ણ જન્માંક તરીકે જ ઓળખીશું, હેલિન હિચકોક આ અંકને વ્યવસાયાંક તથા જીવનપાઠ કહે છે, જયારે જેમ્સ લી તેને વ્યક્તિત્વાંક તરીકે ઓળખાવે છે. ડોકટર ચુનાઈટ ક્રોસ તથા ચિરલો આ અંકને ભાગ્યાંક તરીકે ઓળખાવે છે. મોટા ભાગના અંકશાસ્ત્રીઓ આ અંકને ઘણો જ મહત્વનો માને છે કારણકે તે વ્યક્તિનો સ્વભાવ, ગુણધર્મો તથા ચારિત્ર્ય દર્શાવે છે, આ અંક પૂર્ણ જન્મ તારીખ એટલે કે જન્મની તારીખ, માસ અને વર્ષ લખીને, તેની અંદર આવતા આંકડાઓનો સરવાળો કરીને મુખ્ય અંક શોધવાથી આવે છે. ધારો કે કોઈ વ્યક્તિની જન્મ તારીખ ૧૧–૫–૧૯૨૨ છે, તો તેનો જીવનપંથ કે પૂર્ણજન્માંક ૧+૧+૫+૧+૯+૨+૨=૨૧=૩ થશે. આ જીવનપંથ જીવનમાં આપણું ધ્યેય, મિશન, કાર્ય અથવા વ્યવસાય શું છે તે

દર્શાવે છે એટલે કે આપણે આ દુનિયામાં કયું કાર્ય કરવા માટે નિમાયા છીએ તે નક્કી કરે છે. આ અંક જીવનના ધ્યેય કે મિશનને પૂરું કરવા માટેનો જીવનપંથ પણ સૂચવે છે, એટલે કે કયા માર્ગે, કઈ રીતે આપણે આપણું જીવન વ્યતીત કરીશું તે બતાવે છે. દરેક વ્યક્તિને માટે તેના જન્મ દિવસથી જ તેનો જીવનપંથ નક્કી થઈ જાય છે અને તેથી આ અંક જીવનભર સ્થિર, સ્થાયી અને મુખ્ય બની રહે છે. કેટલાકના મતે આ અંક વ્યક્તિના ૮૧મા વર્ષ પછી વધુ અસરકારક બને છે. નીચે જીવનપંથ કેવી રીતે કાઢી શકાય તેનાં ઉદાહરણો આપ્યાં છે.

(૧) ગ્રેટ બ્રિટન મુખ્ય પ્રધાન શ્રી વિંસ્ટન ચર્ચિલની જન્મ તારીખ ૩૦–૧૧–૧૮૭૪ હતી.

તેમનો જન્મપથ કે જીવનપથ ૩+૦+૧×૧+૧+૮+૭+૪ =૨૫=૭ થાય છે.

(૨) ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ તારીખ ૨–૧૦–૧૯૦૪ હતી. તેમનો જીવનપથ ૨+૧–૦+૧+૯+૦+૪=૧૭=૮ થાય છે.

(૩) એડોલ્ફ હિટલરની જન્મ તારીખ ૨૦–૪–૧૮૮૯ હતી. તેથી તેનો જીવનપથ ૨+૦+૪+૧+૮+૮+૯=૩૨ =૫ થાય છે.

(૪) અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અને ગુલામોના તારણહાર અબ્રાહમ લિંકનની જન્મ તારીખ ૧૨–૨–૧૮૦૯ હતી. તેમનો જીવન પથ ૧+૨+૧+૮+૦+૯=૨૩=૫ થાય છે.

(૫) મહાન વૈજ્ઞાનિક ગેલિલિયોની જન્મ તારીખો ૧૮-૨-૧૫૬૪ હતી. તે પ્રમાણે તેમનો જીવનપથ ૧+૮+૨+૧÷૫+૬+૪=૨૭=૯ થાય છે.

(૬) ગુજરાતના મહાન નવલકથાકાર સ્વ. શ્રી કનૈયાલાલ મુનશીની જન્મ તારીખ ૩+૦+૧+૨+૧+૮+૮+૭=૩૦=૩ થાય છે.

(૭) પંડિત જવાહરલાલ નહેરુની જન્મ તારીખ ૧૪-૧૧-૧૮૮૯ હતી તેથી તેમનો જીવન પથ ૧+૪+૧+૧+૧ ૮+૮+૯=૩૩=૬ થાય છે.

# પ્રકરણ ૧૪મું

## આશ્ચર્યકારક છતાં ય સત્ય !

કેટલાક અંકશાસ્ત્રીઓએ ઇતિહાસમાં સંશોધન કરીને એવા પ્રસંગો અને ઘટનાઓ શોધી કાઢી છે કે જે આપણને આશ્ચર્યચકિત કરી દે. છતાં ય આ પ્રસંગો સત્ય છે અને તેમાં શંકા લાવવાને માટે આપણી પાસે કોઈ કારણ નથી.

પ્રથમ આપણે કેટલીક વ્યક્તિઓના જીવનમાં અમુક અંકોએ જે અગત્યનો ભાગ ભજવ્યો તે જોઈશું. આ હકીકતો ઘણી જ રસપ્રદ છે.

(૧) ઇંગ્લેન્ડના રાજા બીજા ચાર્લ્સના જીવનમાં ૨૯ ના અંકે ઘણો જ અગત્યનો ભાગ ભજવ્યો હતો તે નીચેની હકીકતો પરથી સ્પષ્ટ થશે.

૨૯ મી મે એ તેનો જન્મ થયો, ૨૯મી મે એ તેનો રાજ્યાભિષેક થયો, ૨૯મી મે એ ડચ લોકોએ તેના નૌકા કાફલાને હરાવ્યો અને ૨૯મી મે એ સ્કોટલેન્ડમાં કોવેનાન્ટ સંપ્રદાયના લોકોએ તેની સામે બળવો પોકાર્યો.

(૨) શહેનશાહ ચાર્લ્સ પાંચમો ૨૪મી ફેબ્રુઆરીએ જન્મ્યો' ૨૪મી ફેબ્રુઆરીએ (Pavia) ની લડાઈમાં જીત્યો તથા ૨૪મી ફેબ્રુઆરીએ રાજદંડ ધારણ કર્યો.

(૩) ઓલિવર ક્રોમ્વેલ (ઇંગ્લેન્ડનો)

૩ જી સપ્ટેમ્બરે જન્મ્યો,

,, ,, ડનબારની લડાઈ જીત્યો.

,, ,, વોર્સેસ્ટરની લડાઈ જીત્યો.

,, ,, પ્રથમ પાર્લામેન્ટનું ઉદ્‌ઘાટન કર્યું

અને ,, ,, મૃત્યુ પામ્યો.

(૪) ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ વડા પ્રધાન ગ્લેડસ્ટનના જીવનમાં "૫" નો અંક કેવી રીતે સંકળાયેલો હતો તે નીચેની હકીક્તો ઉપરથી સાબિત થાય છે.

| પ્રસંગ | મુખ્ય અંક |
| --- | --- |
| ૧. જન્મ તારીખ ૨૯-૧૨-૧૮૦૯ તેથી તેમનો પૂર્ણ જન્માંક (૨+૯+૧+૨+૧ +૮+૯=૩૨=૫) | ૫ |
| ૨. પાર્લામેન્ટમાં પ્રથમ ચૂંટાયા ૧૮૩૨ (૧+૮+૩+૨+=૧૪=૫ | ૫ |
| ૩. તે વખતે તેમની ઉંમર ૩૨ વર્ષની (૩+૨=૫) | ૫ |
| ૪. તેમનું પ્રથમ ભાષણ ૫૦ મિનિટ ચાલ્યું. | ૫ |
| ૫. તેમની માતાનું મૃત્યુ તેમના ૨૩ મા વર્ષે થયું. | ૫ |
| ૬. તે ઇંગ્લેન્ડના નાણાં પ્રધાન ૨૩ મી તારીખે બન્યા. | |
| ૭. તે ૨૩મી તારીખે સંસ્થા મંત્રી બન્યા. | |
| ૮. તેમને ગ્લાસગોની આઝાદીનું માન મળ્યું તા ૧-૧૧-૧૮૬૫ મી એ | ૫ |
| ૯. તેમને ડબ્લીનની આઝાદીનું માન મળ્યું તા. ૭-૧૧-૧૮૭૭ ના રોજ | ૫ |

૧૦. તેઓ ઇંગ્લેન્ડના વડા પ્રધાન બન્યા ૧૮૬૮ માં ૫
૧૧. વડા પ્રધાન બન્યા ત્યારે તેમની ઉંમર
૫૯ વર્ષની હતી.
૧૨. તેમણે નિવૃત્તિ લીધી તા. ૨૦-૭-૧૮૮૬ ના રોજ ૫
૧૩. મૃત્યુ પામ્યા તા. ૧૯-૫-૧૮૯૮ ના રોજ ૫
૧૪. તેમના શબને વેસ્ટ મિનિસ્ટર એબેમાં
દફનાવ્યું તા. ૨૮-૫-૧૮૯૮ ના રોજ. ૫

(૫) ફ્રાન્સના રાજા ૧૪ માં લૂંઈ (Louis XIV) ના જીવનમાં પણ આ જ "૫" ના અંકે ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હતો.

૧. તેમના નામ (Louis) માં પાંચ અક્ષરો હતા. ૫
૨. તે ફ્રાન્સના લૂંઈ નામના ૧૪ મા રાજા હતા. ૫
૩. તેમનો જન્મ તા. ૫-૯-૧૯૩૮ ના રોજ થયો હતો. ૫
૪. તેઓ મે માસની (૫ મા માસની) ૫
૫. ૧૪ મી તારીખે (૧÷૪=૫)
૬. ઈ. સ. ૧૬૪૩ માં (૧+૬+૪+૩=૧૪=૫) રાજા બન્યા. ૫
૭. તેઓ ૫ વર્ષની ઉંમરે રાજા બન્યા. ૫
૮. તેઓ ૭૭ વર્ષની ઉંમરે (૭૭=૧૪=૫)
મૃત્યુ પામ્યા. ૫

(૬) જર્મનીના પ્રિન્સ બિસ્માર્કના જીવનમાં ૩ ના અંકે અગત્યનો ભાગ ભજવ્યો હતો, જેમકે

૧. તેણે ૩ શહેનશાહોના હાથ નીચે કામ કર્યું હતું.
૨. તેઓ ત્રણ લડાઇઓ લડયા હતા.

૩. તેઓ ત્રણ લડાઇઓ જીત્યા હતા.
૪. તેમણે ત્રણ વખત સુલેહશાંતિ માટે સંધિ કરી હતી.
૫. તેમણે ત્રણ દેશો વચ્ચે સંઘ રચ્યો હતો.
૬. તેમના લશ્કરી કે રાજદરબારી કોર્ટમાં એક વૃક્ષનાં ત્રણ પાન રહેતાં. અને (૭) તેઓ ૩ બાળકોના પિતા હતા.

(૭) સાહસિક અને પ્રવાસી સંશોધક કેપ્ટન કૂકના જીવનમાં ૪ અને ૮ના અંકોએ ભજવેલો ભાગ નીચેની વિગતો ઉપરથી જોઈ શકાશે.

| પ્રસંગ | મુખ્ય અંક |
|---|---|
| (૧) તેમણે તેમનું પ્રથમ કમિશન ૧૭૫૯ મેળવ્યું હતું. (૧+૭+૫+૯=૨૨=૪) | ૪ |
| (૨) તે વખતે તેમની ઉંમર ૩૧ વર્ષની હતી. | ૪ |
| (૩) તેમની પ્રથમ સફર ઓગસ્ટ (૮માં માસ)ની | ૮ |
| (૪) ૮મી તારીખે શરૂ થઈ. | ૮ |
| (૫) તે સમયે તેમની ઉંમર ૪૦ વર્ષની હતી. | ૪ |
| (૬) તેઓ સફરના અંતિમ સ્થળે-મંઝિલે પહોંચ્યા તા. ૧૩-૪-૧૭૬૯ ના રોજ | ૪ |
| (૭) તે વખતે ૧૩ તારીખ હતી. | ૪ |
| (૮) અને તે વખતે એપ્રિલ (૪થા માસ) હતો. | ૪ |
| (૯) તેઓ ન્યૂઝીલેન્ડ છોડીને ઓસ્ટ્રેલિયા ગયા તા. ૩૧-૪-૧૭૬૯ ના દિવસે | ૪ |

(૧૦) તે વખતે ૩૧મી તારીખ હતી. ૪

(૧૧) અને ૪થો માસ હતો.

(૧૨) તેમણે ૬-૫-૧૭૭૦ના રોજ ઓસ્ટ્રેલિયા છોડયું. ૮

(૧૩) તેમણે બ્રિટન માટે ન્યૂ સાઉથ વેલ્સ ઉપર હકદાવો કર્યો, તા. ૨૧-૮-૧૭૭૦ના રોજ ૮

(૧૪) તેઓ ઇન્ગ્લેન્ડ પાછા આવ્યા.
તા. ૨૯-૮-૧૭૭૧ના રોજ ૮

(૧૫) તેમણે એપ્રિલ (૪થા) માસની ૧૩મી તારીખે બીજી વખત ઓસ્ટ્રેલિયાની સફર શરૂ કરી. ૪

(૧૬) તે સમયે તેમની ઉંમર ૪૪ વર્ષની હતી. ૮

(૧૭) તેઓ તા. ૧૪-૨-૧૭૭૯ના રોજ મૃત્યુ પામ્યા હતા. ૪

(૧૮) મૃત્યુ સમયે તેમની ઉંમર ૪૯ વર્ષની હતી. ૪

(૧૯) તેમનું મૃત્યુ સવારના ૮ વાગે થયું હતું. ૮

(૮) ગુજરાતના ભૂતપૂર્વ વડાપ્રધાન બળવંતરાય મહેતાના જીવનમાં "૧૯"ના અંકે રહસ્યમય રીતે ભાગ ભજવ્યો હતો.

(૧) તેઓ ૧૯મી ફેબ્રુઆરીએ જન્મ્યા.

(૨) તેમણે ૧૯મી સપ્ટેમ્બરે વડાપ્રધાન તરીકે પ્રતિજ્ઞા લીધી.

(૩) ૧૯મી સપ્ટેમ્બરે તેમનું મૃત્યુ થયું.

(૯) બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન ચર્ચિલના જીવનમાં "૩"ના અંકે અગત્યનો ભાગ ભજવ્યો હતો.

(૧) તેઓ ૩૦મી તારીખે જન્મ્યા હતા.

(૨) તેમને ૩૦મા વર્ષે પહેલી સરકારી નોકરી મળી હતી.

(૩) તેઓ ૩જી સપ્ટેમ્બરે બ્રિટિશ યુદ્ધ કેબિનેટમાં દાખલ થયા હતા.

(૪) તા. ૧૩-૧૨-૧૯૩૧ (=૨૧=૩)ના દિવસે તેમણે ન્યૂયોર્કની મુલાકાત લીધી હતી. તે વખતે મોટર અકસ્માતમાં તેમને ગંભીર ઈજા થઈ હતી.

(૫) ઉપરના અકસ્માત વખતે તેમની ઉંમર ૫૭ (૫૭ = ૧૨ = ૩) વર્ષની હતી.

(૬) ૩૦મી જૂને તેમને લંડનની આઝાદી (freedom of London)નું માન મળ્યું હતું.

હવે આપણે કેટલીક ઐતિહાસિક ઘટનાઓ જોઈશું. કેટલીકવાર એક જ પ્રકારનો ઘટનાક્રમ અમુક વર્ષોના અંતરે પુનરાવર્તન પામે છે. આ બાબત નીચેની હકીકતો ઉપરથી સ્પષ્ટ થશે.

(૧) આ ઘટનાક્રમ ફ્રાન્સના ઇતિહાસનો છે.

(क) ડ્યૂક ધી બેરી ચાર્લ્સ દશમાનો પુત્ર હતો તેણે એક બીજા દેશની રાજકુમારી સાથે લગ્ન કર્યું હતું. તેની ૧૮૨૦ના ફેબ્રુઆરી માસની ૧૩મી તારીખે કતલ થઈ હતી. (આજ ફેબ્રુઆરીના મહીનામાં લૂઈ ફિલિપનું પતન થયું

હતું.) ડયૂક ધી બેરીએ એવું ઇચ્છયું હતું કે તે સિંહાસન ત્યજી દે અને તેના ૧૦ વર્ષના પૌત્રને રાજા બનાવે, પણ આ નિર્ણય તેણે એટલો મોડો કર્યો કે તે તેમાં સફળ ન બન્યો. ઈ. સ. ૧૮૩૦માં લોહિયાળ ક્રાન્તિ થઈ અને તે ૩ દિવસ સુધી ચાલુ રહી. ડયૂકના પિતા ૧૦મા ચાર્લ્સ ૭૪મા વર્ષે પદભ્રષ્ટ થયા, ઇંગ્લેન્ડ નાસી ગયા અને ત્યાંજ દેશનિકાલની સ્થિતિમાં માર્યો ગયા.

(ખ) ડયૂક ધી ઓરલિયન્સ, લૂઈ ફિલિપના પુત્ર હતા. તેઓ પણ એક વિદેશી રાજકુંવરી સાથે પરણ્યા હતા અને ઈ. સ ૧૮૫૨ના ફેબ્રુઆરી માસની ૧૩મી તારીખે એક દુર્ઘટનામાં માર્યો ગયા હતા, આ જ ફેબ્રુઆરી માસમાં લૂઈ ફિલિપનું પતન થયું હતું. ડયૂક ઓફ ઓરલિયન્સની ઇચ્છા રાજગાદી છોડીને છેમના પૌત્રને સોંપવાની હતી, પણ તેઓ તેમના આ નિર્ણયમાં મોડા પડવાને લીધે સફળ ન થઈ શકયા. ઈ. સ. ૧૮૪૮માં લોહિયાળ ક્રાંતિ થઈ અને તે ૩ દિવસ ચાલુ રહી હતી. તેમના પિતા લૂઈ ફિલિપ ૭૪ વર્ષની ઉંમરે પદભ્રષ્ટ થયા, ઇન્ગ્લેન્ડ નાસી ગયા અને ત્યાંજ દેશનિકાલની સ્થિતિમાં માર્યો ગયા.

ઉપરના વર્ણનથી સ્પષ્ટ થાય છે કે ૩૨ વર્ષના ગાળે એક જ પ્રકારની બે ઘટનાઓ બને છે.

(૨) યહુદીઓના શરૂઆતના આધાર રૂપે ૭ની સંખ્યા માનવામાં આવી છે. તેમના ધાર્મિક ઇતિહાસમાં ૭, ૭×૭=૪૯ અને ૭×૭૦=૪૯૦ ના અંકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. બેબિલોનમાં તેઓ ૭૦ વર્ષ સુધી પરતંત્ર

રહ્યા. આ બનાવના આધારે યહુદીઓ વિષે કેટલીક આગાહીઓ કરવામાં આવી હતી. ડેનિયલે ભવિષ્યકથન કર્યું હતું કે જેરૂસેલમનો નાશ થશે અને તેમને ફરીથી ત્યાં (જેરૂસેલમમાં) સ્થાપિત થવા માટે ૭×૭૦=૪૯૦ વર્ષ લાગશે. હિબ્રૂ જાતિના જન્મસમયથી "કનાન દેશ" માં પ્રવેશ કરતાં તેમને ખરેખર ૪૯૦ વર્ષ લાગ્યાં હતા. જોશુઆએ "કનાન દેશ" ઉપર વિજય મેળવ્યા બાદ ૪૯૦ વર્ષે "સોલ"ની સત્તા નીચે પ્રથમ યહૂદી રાજ્યની સ્થાપના થઈ. "સોલ" તેમનો પ્રથમ બાદશાહ હતો. આ બનાવ પછી ૪૯૦ વર્ષદ નેબૂદ્નેઝારે જેરુસેલમ જીતી લીધું. અને ત્યાર બાદ ૪૯૦ વર્ષે રોમનોએ જેરુસેલમનો નાશ કર્યો, "૪૯૦" વર્ષના "કાળચક્ર" પર આધારિત આ ઘટના કયારે બનશે તેની આગાહી ઘણા વર્ષો પહેલાં થઈ ચૂકી હતી. ઈ. સ. ૭૦ માં ટિટસે તેમના મંદિરનો નાશ કર્યો. ૭૦ વર્ષ પછી રોમનો સાથે તેમને બીજી વખત યુદ્ધ કરવું પડ્યું, અને યહૂદી જાતિ છિન્ન ભિન્ન થઈ ગઈ. ૭૦×૭=૪૯૦ વર્ષ સુધી આ લોકો ઠામ ઠેકાણા વિનાના રખડતા થઈ ગયા. બીજુ ૪૯૦ વર્ષનું "કાળચક્ર" પણ તેમને માટે પ્રતિકૂળ રહ્યું અને તેમની ઉપર અનેક સ્થળોએ અત્યાચારો થયા. ૯૮૦ વર્ષ (૪૯૦+૪૯૦) પસાર થયા પછી મુસ્લિમ સત્તા અને શક્તિ નબળી પડી અને મધ્ય એશિયામાં તેમનું પ્રભુત્વ વધવા લાગ્યું. આ બનાવ પછી ૪૯૦ વર્ષે અમેરિકાની શોધ ઈ. સ. ૧૪૯૨માં થઈ. અને ૧૪૯૨ પછીના ૪૯૦ વર્ષના "કાળચક્ર"ના અંતિમ વર્ષ સુધીમાં એટલે કે ઇ. સ. ૧૯૮૦ સુધીમાં યહૂદીઓ ફરીથી પોતાનું રાજ્ય સ્થાપી શકશે એવી આગાહી "કીરો" એ કરી હતી. અને આગાહી સાચી પડી છે.

(૩) ત્રીજો બનાવ ગ્રેટ બ્રિટનના ઇતિહાસનો છે.

ઈ. સ. ૧૬૮૮ના ડિસેમ્બર માસની ૧૧મી તારીખે ઇગ્લૈન્ડના રાજા બીજા જેમ્સ ગાદી છોડી નાસી ગયા હતા. અને બરાબ ૨૪૮ વર્ષ પછી ( ૧૬૮૮+૨૪૮=૧૯૩૬ ) ઈ. સ. ૧૯૩૬ના ડિસેમ્બરની ૧૧મી તારીખે આઠમા એડવર્ડને પણ ગાદીનો ત્યાગ કરવો પડયો હતો.

(૪) હિટલર અને નેપોલિયન વચ્ચે સમાનતા.

(૧) બંને યુરોપ ખંડના સરમુખત્યારો અને મોધાતાઓ હતા.

(૨) સન ૧૭૮૯માં ફ્રાન્સની લોહિયાળ ક્રાન્તિ થઈ અને નેપોલિયન ગાદીએ આવ્યો, બરાબર ૧૨૯ વર્ષ પછી (૧૭૮૯+૧૨૯=૧૯૧૮) ૧૯૧૮માં જર્મનીમાં ક્રાન્તિ થઈ અને તેના પરિણામે હિટલર અસ્તિત્વમાં આવ્યો.

(૩) ઈ. સ. ૧૮૦૪ માં નેપોલિયન ફ્રાન્સનો રાજા બન્યો અને બરાબર ૧૨૯ વર્ષ પછી (૧૮૦૪+૧૨૯×૧૯૩૩) ૧૯૩૩ માં હિટલર જર્મનીમાં નેતા બન્યો.

(૪) ઈ. સ. ૧૮૧૨ માં નેપોલિયને રશિયા સાથે યુધ્ધ શરૂ કર્યું અને ત્યારેથી જ તેની પડતીની શરૂઆત થઈ. અને બરાબર ૧૨૯ વર્ષ બાદ (૧૮૧૨+૧૨૯=૧૯૪૧) ૧૯૪૧ માં હિટલરે પણ રશિયા ઉપર ચઢાઈ કરી અને તેની પડતીની પણ ત્યારથી જ શરૂઆત થઈ.

સૂર્યોદય પછી ૧૨ કલાક દિવસ, પછી સૂર્યાસ્ત પછી,

૧૨ કલાક રાત્રિ, પછી સૂર્યોદય અને ફરીથી દિવસ અને રાત્રિ એમ "કાળચક્ર"ની ઘટના ચાલ્યા જ કરે છે. તે જ પ્રકારે વ્યક્તિ, દેશ અને જાતિના અભ્યુદય, ઉન્નતિ અને પડતી માટે કોઈ કોઈ વખત આપણે "કાળ ચક્ર" શોધી શકીએ છીએ અને તેની મદદથી ભવિષ્યમાં બનનારી ઘટનાઓની આગાહી પણ કરી શકીએ છીએ. અંકશાસ્ત્રના આ પુસ્તકની મદદથી દરેક માણસ વત્તાઓછા અંશે પોતાના ભવિષ્ય વિષે જાણી શકે છે. આપણે ઉપર આપેલી હકીકતો ઉપરથી એમ કહી શકીશું કે કોઈ પણ દેશ કે વ્યક્તિના જીવનમાં અમુક એક ખાસ અંક (સંખ્યા કે નંબર) અગત્યનો ભાગ ભજવે છે. અને તેને આપણે "સંજોગ", "જોગાનુજોગ" કે "કાગનું બેસવું અને તાડનું પડવું" કહીને અવગણી શકીશું નહીં, અને આ બાબતમાં સૌથી વધુ ચમત્કારીક લાગે તેવી ફ્રાન્સના બે રાજાઓ સેંટ લૂઈ અને ૧૬મા લૂઈની નીચે આપેલી હકીકતો જોઈએ. આ બને રાજાઓના જીવનના યાદગાર બનાવો વચ્ચે ઘણું જ સામ્ય છે અને સમાન બનાવો કે ઘટનાઓ વચ્ચે ૫૩૯ વર્ષનું એકધારું અંતર છે.

(૧) સેંટ લૂઈનો જન્મ (૨૩મી એપ્રિલ ૨+૩=૫)
સન ૧૨૧૫ માં
+ ૫૩૯

૧૬મા લૂઈનો જન્મ (૨૩ ઓગસ્ટ
૨+૩=૫) સન ૧૭૫૪ માં

(૨) સેંટ લુઈની બહેન "ઈસાબેલા"નો જન્મ સન ૧૨૨૫ માં
+ ૫૩૯

૧૬મા લૂઈની બહેન "ઈસાબેલા"નો ,, સન ૧૭૬૪ માં

(૩) સેંટ લૂઈના પિતાનું મૃત્યુ સન ૧૧૨૬ માં
+ ૫૩૯

૧૬મા લૂઈના પિતા "હાફિન"નું મૃત્યુ સન ૧૭૬૫ માં

(૪) સેંટ લૂઈના રાજ્યનો આરંભ કાળ સન ૧૨૨૬ માં
+ ૫૩૯

૧૬મા લૂઈના રાજ્યનો આરંભ કાળ સન ૧૭૬૫ માં

(૫) સેંટ લૂઈનું લગ્ન સન ૧૨૩૧ માં
+ ૫૩૯

૧૬મા લૂઈનું લગ્ન સન ૧૭૭૦ માં

(૬) સેંટ લૂઈ ગાદીએ બેસે છે. સન ૧૨૩૫ માં
+ ૫૩૯

૧૬મો લૂઈ ગાદીએ બેસે છે સન ૧૭૭૪ માં

(૭) વિજેતા સેંટ લૂઈ અને ઈંગ્લેન્ડના રાજા
હેનરી ત્રીજા વચ્ચે યુદ્ધ થયું અને
પછી સંધિ થઈ સન ૧૨૪૩ માં

વિજેતા ૧૬મા લૂઈ અને ઇંગ્લેન્ડના + ૫૩૯
રાજા જ્યોર્જ ૩જા વચ્ચે યુદ્ધ થયું
અને પછી સંધિ થઈ સન ૧૭૮૨ માં

(૮) પૂર્વના એક દેશના રાજકુમાર ખ્રિસ્તિ
બનવાને માટે સેંટ લૂઈ પાસે આવ્યા સન ૧૨૪૯ માં

| | |
|---|---|
| પૂર્વના એક દેશના રાજકુમારે ખ્રિસ્તિ બનવાને માટે પોતાના એક રાજદૂતને ૧૬મા લૂઈ પાસે મોકલ્યો | + ૫૩૯<br>સન ૧૭૮૮ માં |
| (૯) સેંટ લૂઈની હાર થાય છે, તેના સાથીદારો તેને ત્યજી દે છે અને તે કેદ પકડાય છે | સન ૧૨૫૦ માં |
| ૧૬મા લૂઇને તેના લશ્કરે ત્યજી દીધો તે પોતે નાસી ગયો પણ કેદ પકડાયો | + ૫૩૯<br>સન ૧૭૮૯ માં |
| (૧૦) નવીન ધર્મવાળા લોકોએ ક્રાંતિ કરી | સન ૧૨૫૦ માં<br>+ ૫૩૯ |
| “જેકબ” ધર્મવાળાઓએ ધાર્મિક ક્રાન્તિ કરી | સન ૧૭૮૯ માં |
| (૧૧) સેંટ લૂઈની માતા (રાજમાતા)નું અવસાન | સન ૧૨૫૩ માં<br>+ ૫૩૯ |
| ફ્રાન્સમાં “સફેદ લીલી”નો અંત | સન ૧૭૯૨ માં |
| (૧૨) સેંટ લૂઇએ “જેકોબિયન” સંપ્રદાય સ્વીકારીને શાંતિ અને રાહતની ઇચ્છા કરી | સન ૧૨૫૪ માં<br>+ ૫૩૯ |

"જેકોબિયન" સંપ્રદાયના લોકો
દ્વારા ૧૬મા લૂઈનો અંત સન ૧૭૯૩ માં

ઉપર જે બનાવો આપ્યા છે તે તો બંને રાજાઓની મુખ્ય ઘટનાઓ વિષેના છે પણ તે ઉપરાંત પણ બીજા અસંખ્ય સરખા બનાવો બંનેના જીવનમાં બની ગયા કે જેમની વચ્ચે ૫૩૯ વર્ષના ગાળાનું અંતર હતું. તેથી જો આપણે એમ કહીએ કે સેંટ લૂઈ ૧૭૫૪માં પુનર્જન્મ પામ્યો તો તેમાં કશું જ ખોટું નથી. અને ૧૬મો લૂઈ ઈ. સ. ૨૨૯૩માં (૧૭૫૪+૫૩૯=૨૨૯૩) પુનર્જન્મ પામે તો નવાઈ પણ નહીં, ઉપરોક્ત બનાવો જાણ્યા પછી ભાગ્યે જ કોઇને અંકશાસ્ત્રની સત્યતા વિષે શંકા રહેશે.

# પ્રકરણ ૧૫મું

## અંક ૧, ૨, ૪ અને વિષે વિશેષ

### અંક ૧ અને અંક ૪

અંક ૧ નો ગ્રહ સૂર્ય છે, જ્યારે અંક ૪નો પ્રતીક ગ્રહ યુરેનસ છે. અંક ૪, અંક ૧ નો ઋણ અંક (Negative number) અને નારી જાતિના ગુણો ધરાવતો અંક ગણાય છે. ગૂઢ વિદ્યાઓમાં અને અંકશાસ્ત્રમાં ૧ અને ૪ અંકોનાં આંદોલનો સહાનુભૂતિવાળાં, સંવાદી અને એકબીજાનાં પૂરક ગણાય છે. તેથી ૧–૪ અથવા ૪–૧ એમ લખવામાં આવે છે. પણ અંક ૪ "દૈવાધીન" ભાગ્યાધીન કહેવાય છે. એટલે આ અંકવાળા લોકોનું જીવન પ્રારબ્ધને આધીન હોય છે અને તેમને તેમના જીવન દરમ્યાન દૈવ કે ભાગ્યના હાથે ઘણું જ સહન કરવું પડે છે. કીરો તો અંક '૪' અને અંક '૮' વાળા લોકોને "Children of Fate" "ભાગ્યનાં સંતાનો" કહે કેટલાક લોકોના જીવનમાં અંક ૪. અંક ૮ સાથે રહસ્યમય રીતે સંકળાયેલો જોવા મળે છે. પણ આ બાબત વિષે વિગતવાર હવે પછીના પ્રકરણ ૧૬ મામાં વિચારીશું. અંક ૧ વાળા લોકો અંક ૪વાળા લોકો સાથે સારા સંબંધો કે ભાગીદારી રાખી શકે છે, પણ તેમણે અંક ૪ વાળા લોકોના વિચિત્ર અને વિલક્ષણ સ્વભાવથી પરિચિત થવાની જરૂર છે. તે માટે તેમણે પ્રકરણ ૬ માં આપેલા અંક "૪" લોકોનો સ્વભાવ ફરીથી વાંચી જવો. અંક ૧ વાળા લોકોએ અંક ૪ વાળા લોકોને દબાવવા કે અંકુશમાં રાખવા સહેજ

પણ પ્રયત્ન ન કરવો, તેમનો વિલક્ષણ અને નિરાળો સ્વભાવ બદલવા પણ પ્રયત્ન ન કરવો, તેમને તેમના વિશિષ્ટ દષ્ટિ બિન્દુથી વિચારતા કે અટકાવવા ન જોઇએ; એટલે કે ટૂંકમાં કહીએ તો અંક ૧ વાળા લોકોએ અંક ૪ વાળા લોકોને તેમને યોગ્ય લાગે તે રીતે કે પદ્ધતિએ જીવન જીવવા દેવું જોઇએ. જો અંક ૧ વાળા લોકો ઉપરોક્ત રીતે અંક ૪ વાળા સાથે વર્તશે તો બંને અંકોવાળા લોકો વચ્ચેના સંબંધો સંવાદી બનશે અને તેમને મૈત્રી, ભાગીદારી, લગ્ન જીવન વગેરેમાં સારી એવી સફળતા મળશે. તેથી ૧ જન્માંક વાળા લોકો ૧ અને ૪ અંકવાળા લોકો સાથે સારા સંબંધો, ભાગીદારી કે લગ્ન સંબંધ રાખી શકે છે. જન્માંક ૧ તથા "૪"વાળા લોકોએ તેમના શુભ અને અગત્યનાં કાર્યો ૧ અંકી અને ૪ અંકી તારીખોએ એટલે કે ૧ લી, ૪ થી, ૧૦ મી, ૧૩ મી, ૧૯ મી; ૨૨ મી, ૨૮ મી કે ૩૧ મી તારીખોએ કરવા જોઇએ.

કેટલીક વખત અંક ૧ વાળા લોકોના જીવનમાં ૪નો અંક આપોઆપ દેખા દે છે. એટલે કે ૪ અંકી (૪, ૧૩, ૨૨ અને ૩૧) તારીખોએ તેમના જીવનમાં અગત્યના (સારા અથવા નરસા) બનાવો બને છે. અને કેટલીક વખત આ તારીખોએ તેમને શોક, દિલગીરી, અકસ્માત અને મૃત્યુના સમાચારો મળે છે. અંક "૧" લોકો જાણે અજાણે પણ "૪" અંકી નબંરો મકાનો કે શેરીઓમાં રહેવા જાય છે. આ મકાનો વગેરે પણ તેમની કારકીર્દીના બનાવો સાથે સંકળાયેલાં હોય છે. પણ આ "૪"નો અંક તેમના જીવનમાં ભૌતિક લાભ કે સુખસમૃદ્ધિ સાથે સંબંધિધ માલુમ પડતો નથી. તેથી ૧ અંકવાળા લોકોએ ૪ અંકી તારીખો,

મકાનો, શેરીઓ, રસ્તાઓ અને ટેલિફોનો તથા જન્માંક ૪ વાળી વ્યક્તિઓને કમનશીબ અને અનિવાર્ય કે પૂર્વ-નિશ્ચિત દૈવના પ્રતીક તરીકે માનવી જોઇએ. જો અંક ૧ તથા "૪"વાળા લોકોના જીવનમાં અંક "૪" દુ:ખદ બનાવો અને મુશ્કેલીઓ સાથે સંકળાએલો માલુમ પડે તો તેમણે અંક "૪"ને કમનસીબ કે અપશુકનિયાળ માની લેવો જોઇએ. "૪" અંકી તારીખોએ શુભ અને અગત્યનાં કાર્યો ન કરવાં, "૪" અંકી મકાનો, શેરીઓ વગેરેમાં ન રહેવું, "૪" અંકી ટેલિફોનોનો ઉપયોગ ન કરવો તથા જન્માંક '૪" વાળી વ્યક્તિઓ સાથે સંબંધો ન રાખવા અંક "૪" અને અંક "૮" પરસ્પર સંબંધિત હોય છે. તેથી અંક ૧, ૪ અને ૮ વાળા લોકોના જીવનમાં જો અંક ૮ અશુભ માલુમ પડે તો તેમણે અંકી ૮ થી દૂર રહેવું જોઇએ. જે મકાનો, શેરીઓ અને ટેલિફોનોના નંબરોનો સરવાળો કરવાથી અંતિમ મૂળ અંક "૪" કે "૮" આવે તો તે "૪" અંકી કે "૮" અંકી કહેવાય છે. નીચે થોડાંક ઉદાહરણો આવ્યાં છે.

૫૮=૫+૮=૧૩=૪

૧૦૫૭=૧+૦+૫+૭=૧૩=૧+૩=૪

૭૧૯=૭+૧+૯=૧૭=૧+૭=૮

૧૯૨૫=૧+૯÷૨+૫=૧૭=૧+૭=૮

જો અંક "૧", "૪" અને "૮" વાળા લોકો માટે અંક "૪" તથા અંક "૮" અશુભ માલૂમ પડતા હોય તો તેમણે "૪"–અંકી તથા ૮–અંકી મકાનો તથા શેરીઓમાં ન રહેવું તથા તેવા નંબરોવાળા ટેલિફોનોનો ઉપયોગ ન કરવો.

## અંક ૧, ૨ અને ૭

અંક ૨નો પ્રતીક ગ્રહ ચંદ્ર અને અંક ૭નો પ્રતીક ગ્રહ નેપ્ચ્યુન છે. અંક ૨, અંક ૧ અને અંક ૭નો ઋણ અંક (Negative number) તથા તેમના નારી જાતિના ગુણો ધરાવે છે. તેથી અંક ૭, અંક ૨નો ધન અંક (Positive number) છે, તેથી ૨–૭ એમ લખવામાં આવે છે. અંક ૧ માટે ૨–૭ અંકો સંવાદી છે, એટલે જન્માંક ૧ વાળા લોકો માટે ૨ અંકી (૨, ૧૧, ૨૦. ૨૯, ૩૮, ૪૭ વગેરે) ૭અંકી (૭, ૧૬, ૨૫, ૩૪ ૪૩ વગેરે) તારીખો અને નંબરો અશુભ કે કમનસીબ તો નથી જ પણ થોડા પ્રમાણમાં શુભ છે. ૨–૭ અંકો ફેરફાર, પરિવર્તન અને અસ્થિર તથા પલટાતા સંજોગો સાથે સંકળાયેલા છે. તેથી જન્માંક "૧" વાળા લોકો ભાગ્યે જ ૨–૭ અંકી નબરોવાળા મકાનોમાં સ્થિર થઈને કે ઠરીને રહી શકે છે તથા ૨–૭ અંકી તારીખોએ ચોક્કસ કે સ્થિર નિર્ણયો કરી શકે છે કે વસ્તુઓને કે ઘટનાઓને થાળે પાડી શકે છે.

સામાન્ય નિયમ એવો છે કે દરેક જન્માંકવાળા લોકોએ તેમના જ અંક સાથે વધારેમાં વધારે સંબંધો સ્થાપિત કરવા જોઇએ, એટલે કે મિત્રતા, ભાગીદારી અને લગ્ન જીવનના સાથી માટે દરેકે પોતાના જન્માંકવાળી વ્યક્તિઓ જ પસંદ કરવી જોઇએ. દાખલા તરીકે જન્માંક "૧" વાળા લોકોએ જન્માંક '૧' વાળા લોકો સાથે સંબંધો રાખવાથી હંમેશાં ફાયદો જ થાય છે અને '૧' અંકી તારીખોએ તેમણે તેમનાં અગત્યનાં અને શુભ કાર્યો

કરવાં જોઇએ. જન્માંક "૨" અને ૩ વાળા લોકોએ ૨ અને ૩ અંકો સંવાદી તથા શુભ માનવા. તેવી જ રીતે બાકીના જન્માંકોવાળા ('૪' અને ૮ સિવાયના) લોકો માટે પણ સમજવું. કોઈપણ જન્માંકવાળા અને ખાસ કરીને ૪ અને ૮ જન્માંકવાળા લોકોને અંક ૪ અને અંક ૮ની અસર અશુભ એટલે કે ભૌતિક લાભ અને સુખસમૃદ્ધિ માટે પ્રતિકૂળ માલુમ પડતી હોય તો તેમણે અંક ૪ તથા ૮ના આંદોલનોની અસરને વધારવી નહીં કે પ્રબળ બનાવવી નહીં. પણ તેને બદલે તેમણે ૧, ૩, ૫ અને ૬ જેવા શક્તિશાળી અને ધન ( Positive ) અંકોના આંદોલનોની અસર વધારવા પ્રયત્ન કરવો જોઇએ.

આ પ્રકરણના અંતમાં જોઈશું કે ૧, ૨, ૪ અને ૭ના અંકો એકબીજા સાથે વત્તા ઓછા પ્રમાણમાં સંવાદી કે સુમેળમાં હોય છે, તેથી જન્માંક ૧, ૨, ૪ અને ૭વાળા લોકો ૧, ૨, ૪ અને ૭ના અંકોને સંવાદી કે શુભ માને તો વાંધો નહીં, પણ જો તેમના જીવનમાં અંક ૪ તથા અંક ૮ની ખરાબ અસર જણાય તો તેમણે તે અંકોથી દૂર રહેવું તથા અન્ય શુભ તથા સંવાદી અંકોની અસરને વધારવા કોશિષ કરવી.

# પ્રકરણ ૧૬મું

## અંક ૪ અને અંક ૮

આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે અંક ૪ અને અંક ૮ અશુભ કે અપશુકનિયાળ મનાય છે. તથા આ જન્માંકવાળા લોકોને દૈવના હાથે ઘણું સહન કરવું પડે છે. અંક '૪'નો પ્રતીક ગ્રહ યુરેનસ છે, જયારે અંક '૮'નો પ્રતીક ગ્રહ શનિ છે. શનિ ભાગ્યનો ગ્રહ મનાય છે. તેને ચારિત્રનું નિયામકચક્ર (Balance wheel of character) પણ કહે છે. એલન લીઓના મત પ્રમાણે તે "કસોટી કરનાર" "Tester" અને "લલચાવનાર" "Tempter" ગ્રહ છે. કીરો બંને જન્માંકવાળા લોકોને "ભાગ્યનાં સંતાનો" કહે છે, કારણ કે તેમના જીવનમાં ઘણી વાર દુઃખ, શોક, ચિંતા તથા નિરાશાજનક બનાવો આવ્યા કરે અંક ૪ અને અંક ૮ પરસ્પર આકર્ષાય છે. જન્માંક ૪ વાળા લોકોના જીવનમાં અંક ૮ અને જન્માંક ૮ વાળા લોકોના જીવનમાં અંક ૪ વારંવાર અગત્યના પ્રસંગો કે બનાવો માટે દેખા દે છે. જન્માંક ૪ વાળા લોકો વિચક્ષણ, વિચિત્ર, ક્રાંતિકારી તથા બંડખોર હોય છે. આ લોકોના સ્વભાવ વગેરે માટે વિશેષ માહિતી તેમને પ્રકરણ છઠ્ઠામાંથી મળી રહેશે.

પણ અંક ૮ વિષે આપણે વધુ વિચાર કરીશું. ઘણા જૂના સમયથી આ અંક પૂર્વનિશ્ચિત અને અનિવાર્ય ભાગ્યનો દ્યોતક મનાય છે. એક દષ્ટિએ તે ક્રાન્તિ, વિપ્લવ,

ઊથલપાથલ, અરાજકતા, સ્વચ્છંદતા, તરંગીપણુ તથા બધા જ પ્રકારની વિચિત્રતાઓનો દ્યોતક છે. બીજી દૃષ્ટિએ તે તત્વજ્ઞાન, ધર્મ, ભક્તિ, સેવા, જ્ઞાન, ગૂઢ વિદ્યાઓનો અભ્યાસ, ઉત્સાહ, એકાગ્રતા અને દૈવવાદ સૂચવે છે. આ અંકની અસરવાળા લોકોને તેઓ બીજા લોકોથી તદ્દન ભિન્ન હોય તેમ લાગ્યા કરે છે. લોકો તેમને ખોટી રીતે સમજે છે એટલે કે લોકોમાં તેમના વિષે ગેરસમજ ઊભી થાય છે. તેમના અંતરમાં તેમને એકલવાયાપણું લાગ્યા કરે છે. તેમના જીવનકાળ દરમ્યાન તો તેમને તેમનાં સારાં કાર્યોનો બદલો મળતો નથી. પણ તેમના મૃત્યુ બાદ તેમને તેમનાં સત્કાર્યો માટે માન અને કીર્તિ મળે છે. આ અંકની બે કક્ષાઓ હોય છે. નીચલી કક્ષાવાળા લોકો સામાન્ય રીતે દુનિયાદારી ( કે માનવીય ) ન્યાય સાથે સંઘર્ષમાં ઊતરે છે અને તેમના જીવનનો કોઈક પ્રકારે કરુણ અંત આવે છે. જ્યારે ઉચ્ચ કક્ષાવાળા લોકો તેમના ન સમજાયેલા કે ખોટી રીતે સમજાયેલા ધ્યેયોને પાર પાડવામાં તેમનું સારુંયે જીવન વ્યતીત કરે છે અને મરણ બાદ તેમના આત્માની કરુણતાને પ્રભુના દરબારમાં પ્રગટ કરે છે. આ બંને પ્રકારના લોકોને નીચેની રીતે જુદા પાડી શકાય છે. જો તેમના જીવનમાં મુખ્ય અને અગત્યના બનાવો '૪'ના કે '૮'ના અંકની અસર નીચે બનતા હોય તો તેઓ નીચલી કક્ષામાં આવે છે. પણ જો તેમનાં અગત્યના બનાવો અને ઘટનાઓ અંક '૪' અને અંક ૮ ઉપરાંત અંક ૧, ૩, ૫ અને ૬ જેવા પ્રબળ અંકોની અસર નીચે બનતા હોય તો તેઓ ઉચ્ચ કક્ષામાં આવે છે. આ બીજા પ્રકારના લોકો અનેક જન્મો દરમિયાન કસોટીઓ અને લાલચોમાંથી પસાર થયા પછી આ જન્મમાં

તેઓ ઊંચી કક્ષાએ જન્મ્યા હોય છે અને તેમને પ્રભુના દરબારમાં ન્યાય મળી રહે છે.

આ અંકનું પ્રતીક જેના જમણા હાથમાં આકાશ તરફ ધરેલી તલવાર અને ડાબા હાથમાં ત્રાજવું-તુલા છે. તેવી ન્યાયની મૂર્તિ છે. ગ્રીક લોકો પણ આ અંકને ન્યાયના અંક તરીકે માનતા હતા.

કોઈ ગૂઢ નિયમના આધારે અંક '૪' અને અંક '૮' વાળા લોકો એકબીજા તરફ આકર્ષાય છે. અંક '૪' વાળા, અંક '૮'વાળા લોકો સાથે મૈત્રી, ભાગીદારી કે લગ્ન સંબંધથી જોડાય છે અને તેવી જ રીતે અંક '૮' વાળા લોકો પણ અંક ૪ વાળા લોકો સાથે ઉપરોક્ત સંબંધોથી જોડાય છે. કેટલીક વખતે જાણે અજાણે પણ અંક '૪'વાળા અંક '૮' વાળા મકાનોમાં રહે છે. અને અંક '૮' વાળા લોકો '૪' અંકી મકાનો, શેરીઓ, વગેરેમાં રહે છે તથા '૪' અંકી નંબરોવાળા ટેલિફોનોનો ઉપયોગ કરે છે. પણ ભૌતિક સફળતા કે દુન્યવી સુખસમૃદ્ધિની દૃષ્ટિએ જોતા આ લોકો વચ્ચેનું જોડાણ ભાગ્યશાળી સાબિત થતું નથી. આ લોકો ચારિત્ર, સેવાભાવ અને આત્મસમર્પણની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારના હોય છે. માંદગી, વિઘ્નો, અડચણો, મુશ્કેલીઓ અને આફતો દરમિયાન આ લોકો એક બીજા પ્રત્યે ઉચ્ચ પ્રકારનો ભક્તિભાવ, સેવા ભાવ, ત્યાગ અને વફાદારી બતાવે છે. માનવ ઇતિહાસમાં, આત્મસમર્પણ અને બલિદાનના કેટલાંક મહાન ઉદાહરણો '૪' અંકી અને '૮' અંકી વ્યક્તિઓના લગ્ન અને જોડાણથી બનવા પામ્યા છે. આવા લોકો દુન્યવી સુખસમૃદ્ધિની પરવા કર્યા વિના જ

અંક '૪' અને અંક '૮'ની અસરને પસંદ કરે છે. આવા લોકો દુનિયારી લોકોની સમજમાં ન આવે તેવો આત્મ-સમર્પણ અને ત્યાગનો નિરાળો જીવનપંથ સ્વીકારે છે અને તેમાં તેમને સફળતા અને સિદ્ધિ પણ મળે છે. અને તેથી આવા પ્રકારના લોકોએ તેમના અગત્યનાં કાર્યો ૪ અંકી (૪, ૧૩, ૨૨ અને ૩૧) તથા '૮' અંકી (૮, ૧૭ ૨૬) તારીખોએ કરવા જોઈએ કારણ કે તેમને દુન્યવી સુખસમૃદ્ધિની પરવા તથા તમન્ના નથી. તેમ કરવાથી તેમનું જીવન દેવાધીન કે નસીબાધીન બનશે અને તેમણે દૈવના હાથે મનન પણ કરવું પડશે. આ લોકોને તેમનાં જીવનકાળ દરમ્યાન તેમના શુભ કાર્યોનો ભાગ્યે જ બદલો મળે છે. જો તેમને ઉચ્ચ સ્થાન મળે છે તો તેઓ તે સ્થાનને ચિંતાજનક (કાંટાળા તાજવાળું) અને જવાબદારી ભરેલું સમજે છે. જો તેઓ પૈસાદાર બને છે તો ધન તેમને ભાગ્યે જ સુખી બનાવી શકે છે અને પ્રેમને માટે તો તેમણે કિંમત ચુકવવી પડે છે જ. આમ આ લોકો દુન્યવી રીતે સુખી માની ન શકાય.

અંક '૮'ની નીચલી કક્ષાના લોકોના જીવનમાં '૪' અને '૮'ના અને તેમનાં નસીબમાં મોટે ભાગે કરુણતા જ હોય છે. મોટા ભાગનાં અંકશાસ્ત્રનાં પુસ્તકોમાં ઘણો જ ગવાયેલો અને નામીચો થયેલો ક્રિપન ( Crippen ) નો દાખલો આપવામાં આવે છે. તેને તેની પત્નીના ખૂન કરવા બદલ ફાંસીની સજા કરવામાં આવી હતી. તેના જીવનના મુખ્ય બનાવોમાં અંક '૪' અને અંક '૮' નું કેવું આધિપત્ય હતું તે નીચે આપેલી હકીકતો ઉપરથી જોઈ શકાશે.

મૂળ અંક

| | |
|---|---|
| ૧. જન્મ તારીખ ૨૬મી હતી. તેથી જન્માંક ૮. | ૮ |
| ૨. જન્મ વર્ષ ૧૮૬૨ અને તેથી જન્મ વર્ષાંક ૮. | ૮ |
| ૩. પૂર્ણ જન્મ તારીખ ૨૬–૧–૧૮૬૨. તેથી જીવનપંથ ૮ | ૮ |
| ૪. તેણે તેની પત્ની સાથે છેલ્લું ખાણું ૩૧મી જાન્યુઆરીએ લીધું. | ૪ |
| ૫. ૮મી જુલાઇએ તેણે ફોજદારને નિવેદન કર્યું | ૯ |
| ૬. ગુનામાંથી છટકવા કે બચવા માટે તેણે રોબિન્સન (ROBINSON) નું ગુપ્ત નામ ધારણ કર્યું. આ નામને ૮ અક્ષરો હતા. | ૮ |
| ૭. ૧૩મી જુલાઈના દિવસે તેની પત્નીના શબના અવશેષો મળયા હતા. | ૪ |
| ૮. મોન્ટ્રોઝ (Montrose) નામની સ્ટીમરમાં તેણે યુરોપ છોડયું અને મેગાન્ટિક (Megantic) નામની સ્ટીમરમાં તેને યુરોપ પાછો લાવવામાં આવ્યો હતો. આ બંને સ્ટીમરોના નામ ૮ અક્ષરોવાળાં હતાં. | ૮ |
| ૯. તે યુરોપ છોડીને મોન્ટ્રોઝ સ્ટીમરમાં બેસીને જતો હતો ત્યારે તેને તારીખ ૨૨મી જુલાઈના રોજ ઓળખી કાઢવામાં આવ્યો. | ૪ |
| ૧૦. ૩૧મી જુલાઈના રોજ તેની ધરપકડ કરવામાં આવી હતી. | ૪ |

૧૧. ૨૨મી ઓકટોબરે તેનો કેસ-મુકદમો પૂરો થયો હતો. ૪

૧૨. તેને ૮મી નવેમ્બરે ફાંસીની સજા કરવાની હતી, પણ અપીલ કરવાથી આ સજા મુલતવી રાખવામાં આવી હતી. ૮

૧૩. તેને ફાંસી દેવાઈ ત્યારે તેની ઉંમર ૪૮ વર્ષની હતી. આ પ્રાણઘાતક વર્ષે તેના જીવનના ચાવી રૂપ અંકો ૪ અને ૮ એક બીજાની સાથે હતા.

ઉપરોક્ત હકીકતો આપણને આશ્ચર્યજનક લાગ્યા વિના રહેશે નહીં, છતાંય તે સત્ય છે. આ હકીકતોથી સ્પષ્ટ થાય છે કે જેમના જીવનમાં '૪' અને '૮'ના અંકો ચાવી રૂપ અંકો (Key numbers) બન્યા હોય છે, તેઓ ભયંકર રીતે ભાગ્યના ક્રૂર પંજામાં સપડાયેલા હોય છે તથા તેમનુ જીવન ઘણું જ દુઃખમય તથા કરુણજનક હોય છે. પણ જેમ્સ લીનો મત કીરો અને મોન્ટોઝના મતથી થોડો જુદો છે. તેમના મત પ્રમાણે અંક ૮ ને ભાગ્યહીન કે કમનસીબ (unfortunate) કહેવું ખોટું છે તેમના મતે પણ આ અંક ભાગ્યશાળી–નસીબવંતો (Lucky) તો નથી જ. પણ તેનો અર્થ એવો નથી થતો કે તે કમનસીબ છે. દરેક પ્રસંગો તેનાથી વિરૂધ્ધ જ કામ કરે છે તેવો અર્થ તેમાંથી નીકળતો નથી. આ લોકોએ ઊલટક્રમ કે પીછેહઠને (Reverses) ને કમનસીબી "misfertune" સાથે સરખાવવાની ભૂલ કે ગૂંચવણ ઊભી ન કરવી જોઈએ. તેમણે ભાગ્યહીન unlucky" અને "ભાગ્યશાળી ન હોવા" "not being lucky" વચ્ચેનો ભેદ સારી રીતે સમજવો જોઇશે.

જેમ્સ લીના મતાનુસાર આ લોકો નિરાશાજનક અને મર્યાદિત કે નિયંત્રિત પરિસ્થિતિ અને સંજોગો સાથે સંકળાયેલા હોય છે. તેથી તેઓ તેમની મુક્ત ઇચ્છા (free will) અને સ્વાતંત્ર્યનો ઉપયોગ કરી શકતા નથી. આ લોકોનો જન્મ સેવા માટે જ હોય છે. તેથી કેટલાક એમ માને છે કે તેઓ ઊંચું સ્થાન કે પદવી પ્રાપ્ત કરી શકતા નથી. પણ આ સત્ય જ હોત તો ઇંગ્લેન્ડના શાહી કુટુંબોમાં–રાજારાણીઓમાં આ અંકે મહત્વનો ભાગ ભજવ્યો ન હોત. તેઓ સફળતા પ્રાપ્ત કરે છે તથા સત્તાનું સ્થાન પણ પ્રાપ્ત કરે છે. આ બાબતમાં નસીબ તેમની આડે આવતું નથી. પણ આ લોકો સત્તા મેળવ્યા પછી બીજી સત્તાઓ કે પરિસ્થિતિને લીધે તેમની સત્તાનો ઉપયોગ પૂર્ણ રીતે કરી શકતા નથી.

જેમ્સ લીના મત પ્રમાણે આ લોકોએ નસીબનો વિશ્વાસ ન કરવો અને તેથી તેમણે સટ્ટો, જુગાર, લોટરી અને એકદમ પૈસાદાર બનાવી દે તેવી સ્કિમો કે યોજનાઓથી અલિપ્ત રહેવું. તેમણે લાલચો અને ઝાંઝવાના જળ જેવી ભ્રામક યોજનાઓથી અળગા રહેવું. તેમણે સેવા, ખંત અને શ્રમનો માર્ગ અપનાવવો જોઈએ. સ્થિર અને રૂઢિવાદી બનવું તથા અંતરાત્માના અવાજને અનુસરવું જરૂરી છે. આ લોકોને તેમની મહેનત–શ્રમનો બદલો તો મળે જ છે. એક દૃષ્ટિએ જોઇએ તો તેમની કમાણી સાચી કમાણી એટલે પરસેવાની કમાણી હોય છે. અને જીવન જીવવાનો સાચો માર્ગ પણ આજ છે. આ રીતે આ અંક માનવતાને ઉત્તમ રીતે રજૂ કરે છે. એક વાત તેમનામાં

જ છે કે આ લોકોએ ઓછી મહેનતે કે વિના મહેનતે વધુ ફાયદો કે લાભ મેળવવાની આશા ન રાખવી જોઇએ.

પણ જો આપણા જીવનમાં '૪' અને '૮'ના અંકો વારંવાર અશુભ રીતે દેખા દેતા હોય તો આપણે શું કરવું ? તો આપણે આ અંકોની અસર આપણા જીવનમાં કેન્દ્રિત કે દૃઢીભૂત ન થાય તેમ કરવું જોઈએ એટલે કે તેમણે '૪' અને '૮' જન્માંકવાળા લોકોથી દૂર રહેવું જોઇએ. '૪' અને '૮' અંકી મકાનો, શેરીઓ અને ઓફિસોમાં ન રહેવું જોઇએ તથા '૪' અને '૮' અંકી નંબરવાળા ટેલિફોનોનો ઉપયોગ ન કરવો. તેમણે ૪ અંકી (૪, ૧૩, ૨૨ અને ૩૧) અને ૮ અંકી (૮, ૧૭ અને ૨૬) તારીખોએ તેમનાં શુભ અને અગત્યનાં કાર્યો ન કરવાં જોઇએ. તેને બદલે તેમણે તેમનાં શુભ અને અગત્યના કાર્યો, યોજનાઓ વગેરે ૧, ૩, ૫ કે ૬ અંકી પ્રબળ તારીખો (૧૦, ૧૨, ૧૪, ૧૫, ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૮ અને ૩૦) એ કરવાં જોઇએ. આમ કરવાથી તેમના જીવનમાં '૪' અને '૮'ના અંકોની અશુભ અસર ઓછી થશે અને ૧, ૩, ૫ કે ૬ જેવા શુભ અંકોની અસરમાં વધારે થશે. વધારામાં તેમણે તેમના નામ કે સહી (Signature) માં યોગ્ય ફેરફાર કરીને કે તેમને બદલી નાંખીને તેમનો નામાંક ૧, ૩, ૫ કે ૬ આવે તેમ કરવું. તદુપરાંત તેમણે તેમના મનમાંથી એ વિચાર દૂર કરવો જોઈએ કે તેમનો જન્માંક કે જીવનપંથ '૪' કે '૮' છે અને તેવા વિચારને બદલે બદલેલા નામ પ્રમાણે ૧, ૩, ૫ કે ૬ના શુભ નામાંકનો જ ભાગ્યાંક તરીકે વારંવાર મનમાં વિચાર કરવો. આમ કરવાથી તેમનું ભાગ્ય પણ બીજાઓના ભાગ્ય જેવું જ

શુભ બનશે. પણ આ ફેરની અસર તમે થોડા દિવસોના પ્રયોગથી થાય તેવી આશા રાખી શકો નહીં. તેને માટે તો તમારે મહીનાઓ અને જરૂર પડે તો વરસો સુધી આ પ્રયોગ કરવો પડે. આ પ્રયોગ ઓછામાં ઓછો એક વર્ષ સુધી તો કરવો જ પડે. તે પહેલાં તેના પરિણામની આશા રાખવી નકામી છે. ટૂંકમાં આવા લોકોએ તેમના જીવનમાં '૪' અને '૮' અંકની અસર કેન્દ્રિત કે દ્રઢીભૂત ન થાય તેમ કરવું જોઈએ. આ ઉપરાંત તેમણે પસંદ કરેલા નવા પ્રબળ અંક (૧, ૩, ૫ કે ૬) પ્રમાણે કપડાં વગેરેના રંગ નંગ તથા ઝવેરાતની પસંદગી કરવી જોઈએ. તેથી નવા શક્તિશાળી આંદોલનો ઉત્પન્ન થાય છે તથા ભાગ્યશાળી પરિણામો મેળવી શકાય છે. આ પ્રમાણે ઘણા લાંબા સમય સુધી અને સતત રીતે કરવાથી આ લોકો તેમના એકલવાયા, કમનસીબ અને દુઃખી જીવનને સુખી અને સફળ જીવનમાં પલટાવી શકે છે.

અંક ૯ મંગળનો પ્રતિનિધિ અંક છે, અંક ૪ નેપ્ચ્યુનનો તથા અંક ૮ શનિનો પ્રતિનિધિ અંક છે. મંગળ અને શનિ તથા નેપ્ચ્યુન પરસ્પર દુશ્મનો છે. એટલે કે તેમના ગુણધર્મો પરસ્પર વિરોધી છે. તેથી અંક ૪, ૮ અને ૯નું કોઈપણ પ્રકારનું જોડાણ બધા જ પ્રકારની મુશીબતો અને આફતોને નોતરે છે. તેથી અંક ૪ અને અંક ૮ વાળા લોકોએ અંક ૯ની અસર નીચે કોઈપણ સંજોગોમાં આવવું નહીં. જો કોઈ આ ચેતવણીની વિરૂદ્ધ વર્તશે તો તેમને મુશ્કેલીઓ અને દુઃખોનો સામનો કરવાનો રહેશે. તેવી જ રીતે અંક ૨ અને અંક ૭નાં આંદોલનો ૯નાં આંદોલનો સાથે સંવાદી નથી. તેથી અંક

૨, ૪, ૭ અને ૮વાળા લોકોએ અંક ૯ની અસર નીચે કોઈપણ દિવસ આવવું નહીં. તેથી જ અંક ૨, ૪, ૭ અને ૮વાળા લોકોએ ૯ અંકી તારીખોએ (૯મી, ૧૮ અને ૨૭મી) તેમનાં શુભ તથા અગત્યનાં કાર્યો કરવાં નહીં. ૯ જન્માંકવાળા લોકો સાથે મૈત્રી, ભાગીદારી કે લગ્નસંબંધ રાખવો નહીં ૯ અંકી નંબરોવાળા મકાનો, શેરીઓ અને ઓફિસોમાં રહેવું નહીં તથા ૯ અંકી નંબરોવાળા ટેલિફોનોનો પણ ઉપયોગ કરવો નહીં.

પણ અંક ૧, ૩, ૫, ૬ અને ૯નાં આંદોલનો શક્તિશાળી અને સંવાદી હોય છે તેથી આ અંકવાળા લોકો એકબીજા સાથે સારા સંબંધો રાખી શકે છે તથા દૃઢ બનાવી શકે છે. તેમ કરવાથી તેમને નુકસાન થતું નથી પણ ફાયદો જ થાય છે.

# પ્રકરણ ૧૭મું

## ૧૩ના અંકની વધારે પડતી બીક

પશ્ચિમના દેશોમાં ૧૩ના અંકને ઘણો જ અપશુકનિયાળ માનવામાં આવે છે. તેથી તે દેશોમાં કેટલીક વખત તો હોટલો ધર્મશાળાઓ અને હોસ્પિટલોમાં ૧૩ નંબરની રૂમ જ રાખવામાં આવતી નથી એટલે કોઈપણ રૂમને ૧૩નો નંબર આપવામાં આવતો નથી. પણ આ ૧૩ના અંકને બધા જ દેશો અશુભ માને છે એવું નથી. ભારતમાં હિન્દુઓ સુદ ૧૩ને શુભ માને છે, ભારતમાં બુદ્ધ ધર્મના દેવવૃન્દોમાં ૧૩ બુદ્ધ હોય છે. ભારતીય તથા ચીની પેગોડાઓમાં એટલે બૌદ્ધ મંદિરોમાં શિખર ઉપર ૧૩ રહસ્ય તકતીઓ કે ચક્રો હોય છે. જાપાનમાં અત્સુઆનો મંદિરમાં ૧૩ રહસ્યમય પદાર્થોથી બનાવેલા હાથાવાળી એક પવિત્ર તલવાર સાચવી રાખવામાં આવેલી છે, મેકિસકોમાં ૧૩ના અંકને પવિત્ર માનવામાં આવે છે અને ત્યાંના લોકો ૧૩ સર્પ દેવોને પૂજતા હતા. અમેરિકાના સંયુક્ત સંસ્થાનોમાં શરૂઆતમાં ૧૩ રાજ્યો જોડાયાં હતાં. તેમનો મુદ્રાલેખ "E Pluribus Uniom" છે અને તેમાં ૧૩ અક્ષરો છે. અમેરિકાના રાષ્ટ્રીય પક્ષી ગરૂડની દરેક પાંખમાં ૧૩ પીછાં છે. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જ્યોર્જ વોશિન્ગ્ટને જયારે પ્રજાસત્તાકનું ધોરણ ઊંચું કર્યું ત્યારે તેમને ૧૩ તોપોથી સન્માનવામાં આવ્યા હતા. કીરો એક સરસ ઉદાહરણ આપે છે, ગ્રેટ બ્રિટન જયારથી યુનાઇટેડ કિન્ગડમ તરીકે દુનિયામાં જાણીતું થયું ત્યારથી તેના

ભાગ્યનો ઉદય થયો. અને તે ધીમે ધીમે સૂર્યને કદીય અસ્ત ન થાય તેવું સામ્રાજ્ય બન્યું. તેનું કારણ કીરો નીચે પ્રમાણે આપે છે. GREAT BRITAIN માં ૧૨ અક્ષરો છે, જ્યારે UNITED KINGDOM માં ૧૩ અક્ષરો છે. દેશનું નામ ૧૨ અક્ષરોવાળા શબ્દમાંથી ૧૩ અક્ષરોવાળા શબ્દમાં પલટાયું અને તેથી તેની ઉન્નતિ થઈ. તેથી ૧૩નો અંક બધાને માટે ખૂબ જ અપશુકનિયાળ છે તેમ માનવું સત્યથી વેગળું ગણાશે.

તો પછી ૧૩નો અંક ઘણો જ ભયંકર છે એવી માન્યતા યુરોપ અને અમેરિકાના દેશોમાં કેવી રીતે પ્રચલિત બની ? એક મત પ્રમાણે છેલ્લા ખાણા (Last Supper) વખતે ૧૩ જણ જમવા માટે બેઠા હતા. અને તેમાંથી એક (ઈસુ ખ્રિસ્ત) નું થોડા જ સમયમાં અવસાન થયું હતું. આ હકીકત ઉપરથી આ વહેમ ઉત્પન્ન થયો હોય કે એકી સાથે ૧૩ જણ જમવા બેસે તે અશુભ છે અને તેમાંથી એક જણનું એકાદ વર્ષની અંદર જરૂરથી મૃત્યુ થાય છે. ધીમે ધીમે આ માન્યતામાંથી ૧૩ ના અંકને અશુભ માનવામાં આવ્યો હોય તે બનવા જોગ છે. આ અંકના અશુભ હોવા પાછળ તેનું પ્રતીક ચિત્ર પણ કારણરૂપ હોઈ શકે છે, પ્રકરણ છઠ્ઠામાં તેનું વિગતવાર વર્ણન આપવામાં આવેલું છે. તેમાં તેને માણસોના માથાઓની દાતરડા વડે લણણી કરતા મૃત્યુ કે હાડપિંજર તરીકે આલેખવામાં આવ્યો છે, આ ચિત્ર ઉપરથી પણ ૧૩ના અંકને ભયંકર માનવામાં આવ્યો હોય.

એક રીતે જોઇએ તો અંક-૧૩, અંક '૪'નો જ એક

અષ્ટક છે અથવા ૧૩નો મૂળ અંક '૪' છે, તેથી ૧૩ના અંકમાં '૪'ના અંકના બધા જ ગુણધર્મો આવી જાય છે. અંક '૪' છૂપા દુશ્મનો, ક્રાન્તિ, બળવો, સત્તા સામે વિરોધ, સામાજિક તથા રાજકીય સુધારાઓ અને ગેરસમજનો ઘોતક છે. અંક '૪'માં અંક ૧૩ના બધા જ ગુણધર્મો તીવ્રપણે હોય છે. પણ આ અંકમાં કેટલીક સારી બાબતો જેવી કે સમાજ સુધારણા પુનરુત્થાન, પુર્નજીવન, ગ્રામોદ્ધાર, સ્ત્રીઓનો ઉદ્ધાર, સ્ત્રીઓનો ઉદ્ધાર વગેરે પણ છે. આ ૧૩નો અંક, '૪'ના અંકની જેમ ભૌતિક સુખ-સમૃદ્ધિનો ઘોતક તો નથી જ. તેથી તે શુભ નથી, પણ કંઇક અંશે એક '૪'ની જેમ થોડો અશુભ છે, તેથી આ ૧૩નો અંક બધાંને માટે ભયંકર કે અપશુકનિયાળ છે, તેવી માન્યતા બરાબર નથી. તે દરેકને માટે અશુભ જ હોય તેવું બનતું નથી. કેટલાકને માટે તે શુભ પણ બને છે.

લિટન (Lytton) નામનો માણસ આ અંકને શુભ માનતો હતો કારણ કે તેના જીવનમાં આ અંક આનંદદાયક બનાવો સાથે સંકળાયેલો જોવામાં આવતો હતો. તે તેના જીવનનો એક પ્રસંગ આ બાબતને પૂરવાર કરવા ટાંકે છે, તે ૧૩મી ઓગસ્ટે તેના મિત્ર સાથે માછલી પકડવા ગયો. તે વખતે બંને એ ૧૩, ૧૩ માછલીઓ પકડી હતી, જે હોટલમાં તેણે રાત્રે મુકામ કર્યો હતો તે હોટલને ૧૩ નંબરની રૂમ હતી અને તેને ઊતારા માટે ૧૩ નંબરવાળી રૂમ જ આપવામાં આવી હતી.

ફીરો શર્મન (Sherman) નામના માણસનો દાખલો

આપે છે. તેની જન્મ તારીખ ૧૩મી હતી. ૧૩મી તારીખે તેનો વિવાહ થયો. ૧૩મી જૂને તેનું લગ્ન થયું. લગ્ન વખતે કુલ ૧૩ મહેમાનો હતા. તે વખતે તેની પત્નીના પુષ્પગુચ્છમાં ૧૩ ગુલાબનાં ફૂલો હતાં. તેની પત્નીની જન્મ તારીખ પણ ૧૩મી હતી.

જેમ્સ બી ઈટાલીમાં આવેલા સિનોર ફ્રાન્સિસ્કો ગેરાબાલ્ડીનો અંક ૧૩ની અશુભ તથા ભયંકર અસર માટેનો દાખલો આપે છે. તેની ફેકટરી વિસ્ફોટ-ભયંકર ધડાકાને લીધે નાશ પામી હતી. તેની વિગતો નીચે પ્રમાણે છે.

૧. શેરીમાં ફેકટરીનો નંબર ૧૩ મો હતો.
૨. ૧૩ મી નવેમ્બરે ફેકટરીમાં ભયંકર ધડાકો થયો હતો અને તેથી ફેકટરી નાશ પામી હતી.
૩. ધડાકો થયો ત્યારે મજૂરોની સંખ્યા ૧૩ હતી.
૪. તે તેના માતાપિતાનું ૧૩ મું બાળક હતો.
૫. ૧૩ મા વર્ષમાં તે પાણીમાં (જળઘાતથી) ડૂબતો બચ્યો.
૬. કોઇએ તેના ૨૬ મા (૧૩+૧૩) વર્ષે તેની છાતીમાં ગોળી મારી હતી. અને (૭) ૩૯ મા (૧૩+૧૩+૧૩) વર્ષે તેની પત્નીનું અવસાન થયું હતું.

અ તેથી જ તે ૧૩ ના અંકને ભયંકર માનતો હતો. પણ તેથી આ અંકને દરેક જણે ભયંકર અને અશુભ માની લેવાની જરૂર નથી. છેલ્લે ૧૩ ના અંકની અસરનો એક વધુ દાખલો જોઇએ. ગ્રેટ બ્રિટન અને ઇજિપ્તના રાજકીય

સંબંધોમાં પણ આ ૧૩ના અંકે મહત્વનો ભાગ ભજવ્યો છે નીચેની હકીકતો ઉપરથી સ્પષ્ટ થાય છે.

અંગ્રેજો ૧૩ મી જુલાઇએ એલેક્ઝાન્ડ્રિયામાં ઊતર્યા તથા ૧૩ મી સપ્ટેમ્બરે ઇજિપ્તના પાટનગર કેરોમાં દાખલ થયા. ૧૩ મી જૂનના દિવસે અંગ્રેજો અને ત્યાંના લોકો વચ્ચે અથડામણ થઈ. ૧૩ મી નવેમ્બરે ઇજિપ્તે તેની આઝાદી માટે પહેલવહેલી માગણી કરી. ઇજિપ્તે આઝાદીની માટે જે કમિટિ નીમી હતી. તેના સભ્યોની સંખ્યા પણ ૧૩ ની હતી.

કોઈ પણ વ્યક્તિના જીવનમાં અંક '૪' અને તેના મિશ્ર અંકો (૧૩, ૨૨ અને ૩૧) જો વારંવાર અશુભ રીતે દેખા દેતા હોય તો, તેણે શું કરવું ? તેણે આ અંકોની અસર કેન્દ્રિત ન થાય તેમ કરવું તથા ૧, ૩, ૫ અથવા ૬ જેવા પ્રબળ અને શક્તિશાળી અંકની અસર વધે કે કેન્દ્રિત થાય તેવા બધા જ પ્રયત્નો કરવા. પ્રકરણ ૧૬ માં અંક '૪' અને '૮' વાળા લોકોને માટે જે સલાહ-સૂચનો આપવામાં આવ્યાં છે તે ૧૩ અંકવાળા લોકોએ વિના સંકોચે સ્વીકારવાં. તેમ કરવાથી લાંબે ગાળે તેમના ભાગ્યમાં જરૂરથી સુધારો થશે જ.

# પ્રકરણુ ૧૮મું

## નામાંક, જન્માંક અને વિકાસલક્ષી કે અપનાવેલું નામ

**"There is a tide in the affairs of men, which taken at the flood leads on to fortune." Shekspere.**

**"માનવ જીવનમાં ભરતીનો સમય આવે છે જ અને તેના પૂરને ઓળખે (અને તેને સાનુકૂળ બને) તે સદ્ભાગ્યને વરી શકે." શેકસપિયર.**

હવે પ્રશ્ન એ થાય છે કે ભરતીના સમયે પૂરને ઓળખવાનો તથા તેને સાનુકૂળ બનવાનો કોઈ માર્ગ કે ઉપાય છે ખરો ?

અંકશાસ્ત્રીઓ કહે છે કે તેના માટેનો માર્ગ કે ઉપાય જરૂર છે જ. આપણે પ્રકરણ ૧૨માં નામાંક કે ભાગ્યાંક કેવી રીતે શોધવો તે અને પ્રકરણ ૧૩ માં જન્માંક તથા જીવનપંથ કેવી રીતે શોધવો તે જોઈ ગયા છીએ. તે પ્રમાણે દરેક જણ પોતાના વિશેષ પ્રચલિત નામ પ્રમાણે નામાંક કે ભાગ્યાંક શોધી કાઢે તથા જન્મ તારીખ ઉપરથી જમાંક તથા જીવનપંથ પણ નક્કી કરે અને પછી ખાત્રી કરી જુએ કે બંને વચ્ચે સુમેળ છે કે નહીં ? જો નામાંક અને જન્માંક કે જીવનપંથ વચ્ચે સુમેળ હોય તો તે ઘણી જ સારી બાબત છે. પણ આ બંને વચ્ચે સુમેળ ન હોય તો ? જો બંને વચ્ચે સુમેળ ન હોય તો વ્યક્તિ પોતાના નામ કે

સહીને બદલીને નામાંક બદલે અને તે રીતે નામાંક અને નામાંક અને જન્માંક કે જીવનપંથ વચ્ચે સુમેળ સાધી શકે કે નીચેના કેટલાંક ઉદાહરણ ઉપરથી આ બાબત સ્પષ્ટ થશે.

(૧) પ્રથમ બ્રિટનના ભૂતપૂર્વ વડા પ્રધાન લૉઈડ જ્યોર્જ વિષે જોઇએ. તેમનું મૂળ નામ કે પૂરું નામ ડેવિડ લૉઈડ જ્યોર્જ હતું. પણ તેઓ બ્રિટનમાં તેમજ દુનિયાના અન્ય નામાંક ગણી કાઢીએ.

| LLOYD | GEORGE |
|---|---|
| ૩૩૭૧૪=૧૮ | ૩૫૭૨૩૫=૨૫ |
| =૯ | =૭ |

"લૉઈડ" એકલો અંક ૧૮ (મિશ્ર અંક) અને ૯ (મૂળ અંક) બનાવે છે અને "જ્યોર્જ" એકલો અંક ૨૫ (મિશ્ર અંક) અને ૭ (મૂળ અંક) બનાવે છે. બંને નામ ભેગાં મળીને (૧૮+૨૫=૪૩) અંક ૪૩ (મિશ્ર અંક) અને ૭ (મૂળ અંક) બનાવે છે. જો DAVID શબ્દ નામમાં ઉમેરીએ (DAVID ૪૧૬૧૪=૧૬) તો તેનો અંક ૧૬ અને ૭ થાય છે તેથી અને ડેવિડ લૉઈડ જ્યોર્જનો નામાંક (૪૩+૧૬=૫૯) ૫૯ કે '૫' થાત. પણ તેઓ ફક્ત "લૉઈડ જ્યોર્જ" તરીકે જ ઓળખાયા હતા. તેથી તેમનો ભાગ્યાંક કે નામાંક ૫૯ અને '૫' થવાને બદલે ૪૩ અને ૭ બન્યો છે. અંક ૪૩ "ક્રાંતિ, વિપ્લવ, સંઘર્ષ, લડાઈ, નિષ્ફળતા, અવરોધો અને રુકાવટોનો દ્યોતક છે. અને તેથી તે લશ્કરી પ્રવૃત્તિઓ (લડાયક પ્રવૃત્તિઓ)

સાથે સંકળાયેલો છે. આ અંક ભાવિ બનાવો માટે અશુભ મનાય છે. કારણ કે તેનું પ્રતીક "મૃત્યુબિંદુ" છે. અને તેથી તે અશુભ છે જો તેઓ એકલો "લોઈડ" તરીકે ઓળખાયા હોત તો તેમનો નામાંક ૧૮ બનત અને તે પણ તેમના માટે અશુભ બન્યો હોત. પણ જો તેઓ એકલા જ્યોર્જ તરીકે ઓળખાયા હોત તો તેમનો નામાંક ૨૫ થાત. આ ૨૫ નો અંક "અનુભવથી પ્રાપ્ત થયેલી શક્તિ તરીકે દર્શાવાયેલો છે અને મુશ્કેલીઓમાંથી છેવટે સફળતા પ્રાપ્ત કરાવનારો અંક છે." ૫૯ નો અંક "વ્યક્તિને ભય અને હાનિથી સુરક્ષિત રાખે છે. તેઓ વિજેતા બને છે અને તેઓ રાજા અને તેવી પણ શકયતા રહેલી છે" જો લોઈડ જ્યોર્જ, કે ડેવિડ લોઈડ જ્યોર્જ કે એકલા જ્યોર્જ તરીકે ઓળખાયા હોત તો તેઓ અંત સુધી ઊંચા હોદ્દા પર ચાલુ રહી શકયા હોત. પણ કુદરત કે દૈવને તે મંજૂર ન હતું. અને તેથી જ તેઓ લોઈડ જ્યોર્જ તરીકે જ પ્રખ્યાત બન્યા. લોઇડ જ્યોર્જની જન્મ તારીખ ૧૭ મી જાન્યુઆરી હતી. અને તેથી તેમનો જન્માંક (૧+૭)=૮ થાય છે. આ અંક પણ દુર્ભાગ્યે તેમનાં નામાંક સાથે સુસંવાદી બનતો નથી. વધારામાં ૮ નો અંક જાતે જ અશુભ છે કારણ કે તે શનિનું પ્રતિનિધિત્વ રજૂ કરે છે. તેથી તે અંક તેમના નામાંક ૧૬ ના કમનશીબ ચિહ્નોમાં વધારો કરે છે.

બીજું ઉદાહરણ અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અને ગુલામોના તારણહાર અબ્રાહમ લિંકનનું લઇએ. તેમનો જન્મ તારીખ ૧૨-૨-૧૮૦૯ના રોજ અને તેમની હત્યા તા. ૧૪-૪-૧૮૬૫ના રોજ રાત્રે અને મૃત્યુ તા. ૧૫-૪-૧૮૬૫ના રોજ થયું હતું,

| ABRAHAM | LINCOLN |
|---|---|
| ૧ ૨ ૨૧ ૫૧ ૪=૧૬ | ૩૧૫૩ ૭૩૫=૨૭ |
| =૭ | =૯ |

તેમનો નામાંક (૭+૯=૧૬=૭) થાય છે. તેમનો જન્માંક (૧૨=૧+૨=૩) ૩ થાય છે અને તેમનો પૂર્ણ જન્માંક કે જીવનપંથ (૧૨+૨+૧૮૦૯=૧+૨+૨+૧+૮+૯= ૨૩=૫) ૨૩ અને ૫ થાય છે.

જન્માંક '૩', જીવનપંથ '૫' અને નામાંક ૭ ત્રણેય એકબીજાને સુસંવાદી નથી. જો કે ૫નો અંક વત્તાઓછા અંશે બીજા અંકો સાથે મિત્રતા ધરાવે છે. ૩નો અંક મહત્વાકાંક્ષા, સત્તા અને સરમુખત્યારશાહીનો દ્યોતક છે. આ લોકો સરકારી નોકરી, લશ્કર કે નૌકાદળમાં સત્તા સ્થાન પ્રાપ્ત કરે છે. તેઓ તેમની ફરજ માટે ઘણા જ સજાગ હોય છે. ૨૩ નો અંક "સિંહનો શાહી તારક" ગણાય છે અને તે સફળતા, સત્તાધિશો તરફથી મદદ અને રક્ષણ તથા કીર્તિનો દ્યોતક છે. આ લોકો પ્રામાણિક કુનેહવાળા, વિશ્વાસુ, સાહસિક, બુદ્ધિશાળી અને સારા વકતા હોય છે. લિંકનને માટે ઉપરોક્ત ગુણો કેટલા બધા બંધબેસતા છે. '૫'નો અંક (બુધનું) પ્રતિનિધિત્વ રજુ કરે છે. અને તેના બધા ગુણો જેવા કે મનની ચંચળતા, તેજસ્વિતા, સાહસિકતા, વકતૃત્વ વગેરે તેમનામાં હતાં જ. તેમનો નામાંક '૭' થાય છે. આ અંક અંક ૩ અને અંક ૫ના જેટલો શક્તિશાળી નથી, છતાં ય આ લોકોમાં એક પ્રકારની વિચિત્ર આકર્ષણશક્તિ હોય છે. અને તેની અસર

બીજાઓ ઉપર અચૂક પડે. જન્માંક '૩' અને ૭નો સરવાળો કરતાં મિશ્ર અંક ૧૦ મળે છે.

આ અંક શુભ, શક્તિશાળી, સફળતા તથા વિજય અપાવનારો છે. જન્મ તારીખનો મિશ્ર અંક ૧૨ છે. આ અંક શુભ નથી. તે આત્મ બલિદાન, દુઃખ, ચિંતા વગેરેનો ધોતક છે. વળી નામાંકનો મિશ્ર અંક ૧૬ છે, આ અંક પણ શુભ નથી, તે "વીજળીથી તૂટી ગયેલો મિનારો સૂચવે છે", તેઓ અમેરિકાના ૧૬મા પ્રમુખ હતા. આ રીતે પણ ૧૬નો અંક તેમના માટે અગત્યનો હતો. અને તેથી જ તેમનું ખૂન થયેલું.

ત્રીજું ઉદાહરણ એક જીવંત વ્યક્તિનું લઈએ તેમનું પૂરું નામ બકુલચંદ્ર રણછોડભાઈ પટેલ છે. તેમની જન્મ તારીખ ૧૦-૯-૧૯૫૦ છે, તેથી તેનો જન્માંક ૧૦ અને ૧ બને છે, પણ જીવનપંથ (૧+૯+૧+૯+૫=૨૫=૭) ૨૫ અને ૭ બને છે. અંક ૧ અને ૧૦ શુભ છે, પણ અંક ૭ અને ૨૫ તે શુભ નથી. તેથી તે અંકોની અસર વધે નહીં તે રીતે તેનું નામ રાખવામાં આવે તો તેને લાભદાયક બને. હવે જો તેનું પૂરું નામ લઈએ તેનો નામાંક ૭ બને છે.

BAKULCHANDRA RANCHHODBHAI PATEL

૨૧૨૬૩૩૫૧૫૪૨૧ ૨૧૫૩૫૫૭૪૨૫૧૧ ૮૧૪૫૩

=૩૫=૮ =૪૧=૫ =૨૧=૩

૮+૫+૩=૧૬=૭

અને આ ૭નો અંક શુભ નથી, તેથી તેણે તેના મૂળ

નામ પ્રમાણે ઓળખાવું ઈચ્છનીય નથી. દરેક વ્યક્તિની જન્મ તારીખ તો નિશ્ચિત હોય છે જ, તેથી તેના જન્માંક કે જીવનપંથ બદલી શકાય નહીં, નામાંકના પ્રકરણમાં આપણે જોઈ ગયા કે જન્મ સમયના પૂરા નામની અસર તદ્દન નાબૂદ કરી શકાતી અને તે થોડાઘણા અંશે જીવનના અંત સુધી રહે છે. છતાંય નામમાં ફેરફાર કરીને નામાંક બદલી શકાય છે અને તેની અસર પણ બદલી શકાય છે. નામાંક બદલવા માટે તેમણે તેમનું નામ અને સહી પણ બદલી નાખવી જોઇએ ધારો કે તે બકુલ પટેલ, બી. આર. પટેલ, બકુલ આર પટેલ બકુલકુમાર પટેલ કે બકુલકુમાર આર. પટેલ તરીકે ઓળખાવાનું તથા સહી કરવાનું પસંદ કરે છે. તો તે નામના નામાંકો નીચે પ્રમાણે થશે.

BAKUL PATEL B. R. PATEL

૨૧ ૨૬૩ ૮૧૪૫૩ ૨ ૨ ૮ ૧૪૫૩

૧૪ + ૨૧ = ૩૫ ૨+૨+૨૧=૨૫

= ૮ =૭

BAKUL R. PATEL

૧૪ + ૨+૨૧=૩૭=૧૦=૧

BAKULKUMAR PATEL

૨ ૧૨ ૬૩૨ ૬ ૪૧૨ ૨૧

૨૯ ૨૧

૨ + ૩ = ૫

BAKULKUMAR R. PATEL

૨૯ + ૨ + ૨૧ = ૫૨ = ૭

ઉપરનાં બધાં નામોનાં નામાંક જોતાં તેમને માટે બકુલ આર. પટેલ વધારે શુભ બને છે. કારણ કે તેનો જન્માંક ૩૭, ૧૦ અને ૧ આવે છે અને આ અંકો તેમના જન્માંક સાથે પણ સંવાદી બની રહે છે. તેથી તેમણે BAKUL R. PATEL તરીકે સહી કરવાનું તથા ઓળખાવાનું ચાલુ રાખવું જોઇએ. આવા ફેરફાર કરેલા કે બદલેલા નામને વિકાસલક્ષી કે વિકાસોન્મુખ નામ (Development Name) અથવા અપનાવેલું નામ (Adopted Name) કહેવામાં આવે છે. આવાં નામ વ્યક્તિની સહીને તથા નામને લંબાવીને કે ટૂંકાવીને, નામમાં કુમાર, ચંદ્ર, લાલ કે ભાઈ જેવા શબ્દો ઉમેરીને કે ઓછા કરીને તથા નામની જોડણી ( Spelling ) બદલીને કરી શકાય છે, પણ આ નવું નામ જો ઓળખવાને માટેનું ફક્ત લેબલ જ બની રહે તો તેનાથી કંઈ જ ફેરફાર કે ફાયદો થતો નથી. આ નવા નામનો જો વ્યક્તિ વધારે પ્રમાણમાં ઉપયોગ કરે તે નામ પ્રમાણે લોકોમાં ઓળખાવા તથા તે નામના નામાંક પ્રમાણે જીવવા પુરુષાર્થ કરે તો જ તે કંઈક સારું ફળ આપે છે. આ નવું નામ કંઈ થોડા દિવસોમાં જૂના કે અસલ નામની અસરને ભૂંસી કે દૂર કરી શકતું નથી. તેના માટે તો ઓછામાં ઓછી ૧ વર્ષ માટે મહેનત કે તપશ્ચર્યા કરવી પડે છે. કારણ કે અસલ નામના આંદોલનો એકદમ નાશ પામતાં નથી અને અપનાવેલા નામનાં આંદોલનો દૃઢ કે સ્થિર થતાં નથી. નવા નામની અસર દસ બાર માસ પછી જ જણાય છે. તેને માટે ઘણી જ ધીરજ રાખવાની જરૂર હોય છે. આ નવા નામને તમે જેટલું વધારે સ્થાપિત થતા દૃઢ બનાવશો તેટલું તે તમને વધારે લાભદાયક બનશે. આ

નવા નામથી તમે બીજાઓ ઉપર સારી છાપ પાડી શકશો. તમને નવીન તકો મળશે તથા બીજાઓ તરફથી મદદ પણ મળતી થશે. અને એ રીતે તમે વિજય અને તકો પ્રાપ્ત કરશો. આમ છતાં ય અસલ મૂળ નામની અસર તમે સંપૂર્ણપણે નાબૂદ કરી શકશો નહી. તેની થોડી ઘણી અસર તો રહેશે જ.

કેટલાક લેખકો, કવિઓ, ગાયક ગાયિકાઓ, અભિનેતાઓ તથા અભિનેત્રીઓ તેમના અસલ નામને બદલે ઉપનામ કે તખલ્લુસ વાપરે છે. અને તેનાથી ઓળખાય છે. દાખલા તરીકે કલાપી, ધૂમકેતુ, સુન્દરમ્, નગેન્દ્ર, નિરૂપારોય વગેરે નામો આ પ્રકારનાં છે, પણ આવાં કાયમનાં નામ બદલવાથી તો કોઈ વખત નુકસાન થવાનો સંભવ રહે છે, જ્યારે કોઈપણ વ્યક્તિ તેનું અસલ નામ બદલે ત્યારે તેણે પૂરો વિચાર કરીને તથા સમજીને નામ બદલવું જોઈએ અને જરૂર પડે તો આ શાસ્ત્રના નિષ્ણાતની પણ સલાહ લેવી જોઈએ, જો તમારા જીવનમાં વારંવાર મુશ્કેલીઓ, નિરાશાઓ, વિઘ્નો અને નિષ્ફળતાઓ દેખા દેતી હોય અથવા જો તમારે તમારા જીવનને અને તમારી પ્રવૃત્તિઓને ધરમૂળથી બદલવાં હોય તો જ તમે ઉપનામ કે તખલ્લુસ અપનાવજો. સાથે સાથે નવા નામ પ્રમાણે જીવવાની પણ તમારી તૈયારી હોવી જરૂરી છે. તમે તમારી ફરજો અને જવાબદારીઓમાંથી છટકવા, તમારા ભાગ્યથી દૂર રહેવા અને તમારા જીવનના આદર્શ અને ધ્યેયમાંથી ચલિત થવા જો તમે તમારું નામ બદલવા માગતા હો તો તેમ કરશો નહીં, પણ તમારું અસલ નામ જ ચાલુ રાખજો.

"He who deals with the Kabalas deals with fire." Montrose, "જે કબાલા સાથે પ્રસંગ પાડે છે તે અગ્નિ સાથે પ્રસંગ પાડે છે તેમ જાણવું." મોન્ટ્રોઝ

અને અગ્નિ સારો સેવક બની શકે છે, પણ જો તેને આપણો માલિક કે શેઠ બનવા દઈએ તો તે આપણું ઘણું જ નુકસાન કરે છે, તેની સેવા લેવામાં આવે એટલે કે તેની પાસે કામ કરાવવામાં આવે તો તે પ્રકાશ અને ગરમી આપે છે ખોરાક તૈયાર કરી આપે છે તથા વરાળયંત્રો પણ ચલાવી શકે છે, પણ જો અગ્નિને છૂટો દોર આપવામાં આવે તો તે ઘણું બધું નુકસાન કરી શકે છે.

આ ઉપરાંત એક બીજી બાબત પણ યાદ રાખવા જેવી છે, કોઈપણ અંક સંપૂર્ણપણે શુભ કે અશુભ હોતો નથી. દરેક અંકને બે બાજુઓ હોય છે; સારી અને નરસી અથવા દરેક અંકને ઊચી અને નીચી એમ બે કક્ષાઓ હોય છે, જેઓ નવું નામ અપનાવે તેમણે એ યાદ રાખવું જોઈએ કે નવાં નામાંકની સારી બાબતોની સાથે તેની ખરાબ કે કડવી બાબતો પણ હોય છે, આપણો જન્માંક અને જીવનપંથ તો જન્મતાંની સાથે જ નક્કી થઈ જાય છે અને તેમાં આપણે કંઈ ફેરફાર કરી શકતા નથી, પણ આપણે પુરુષાર્થ કરીને જન્માંક તથા જીવનપંથના અંકના ઉચ્ચ સ્તરે જીવી તો શકીએ જ.

# પ્રકરણ ૧૯ મું

## જન્મવર્ષ, જન્મવર્ષાંક અને યાદગાર વર્ષો.

કોઈપણ વ્યક્તિના જન્મવર્ષના આંકડાઓ કે સંખ્યાઓનો સરવાળો કરવાથી જે અંક આવે તેને આપણે જન્મવર્ષાંક કે વર્ષાંક કહીશું, તેવી જ રીતે કોઈપણ બનાવ કે ઘટનાના વર્ષના આંકડાઓનો સરવાળો કરવાથી જે અંક આવે તેને વર્ષાંક કહીશું. આ જન્મવર્ષાંક કે વર્ષાંકને વ્યક્તિના જન્મવર્ષમાં ઉમેરવાથી કે બનાવ કે ઘટનાના વર્ષમાં ઉમેરવાથી ભાગ્ય પ્રવાહનાં અગત્યનાં કે યાદગાર વર્ષો જાણી શકાય છે, એટલે કે ભવિષ્યમાં કયા વર્ષોએ અગત્યના બનાવો બનશે તે જાણી શકાય છે, અગત્યના બનાવો એટલે સારા બનાવો એવો નથી કરવાનો; તેમાં સારા અને નરસા બંને પ્રકારના બનાવોનો સમાવેશ થાય છે કે જેનાથી જીવન ઘડાયું હોય કે જીવનપ્રવાહને વળાંક મળ્યો હોય ટૂંકમાં અગત્યના બનાવો એટલે યાદગાર પ્રસંગો.

યાદગાર વર્ષ કાઢવાની એક બીજી રીત પણ છે, આ રીત પ્રમાણે વ્યક્તિના જન્મવર્ષમાં તેનો જીવનપંથ, જન્મદિવસ અને જન્મમાસ ઉમેરવામાં આવે છે, આ બંને રીતો જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલરની બાબતમાં નીચે પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવી છે.

### એડોલ્ફ હિટલર

(૧) તેમની પૂર્ણ જન્મતારીખ ૨૦-૪-૧૮૮૯ હતી.

આપણે ફક્ત તેમનું જન્મવર્ષ લઇએ તો તેમનો જન્મવર્ષાંક (૧૮૮૯=૧+૮+૮+૯=૨૬) ૨૬ આવે છે. પ્રથમ રીત પ્રમાણે જન્મવર્ષ ૧૮૮૯ માં જન્મવર્ષાંક ૨૬ ઉમેરવામાં આવે છે. આ ક્રિયા આગળ ચાલુ રાખવામાં આવે છે. તેમ કરવાથી તેનાં યાદગાર વર્ષો મળી રહે છે.

૧૮૮૯ જન્મ વર્ષ
\+ ૨૬ જન્મવર્ષાંક

૧૯૧૫ તેમના જીવનનું અગત્યનું વર્ષ નેઈન કેમ્ફની પૂર્વ તૈયારી
\+ ૧૬ વર્ષાંક (૧ + ૯ + ૧ + ૫ = ૧૬)

૧૯૩૧ નાઝી સત્તાના સ્વપ્નનો જન્મ
\+ ૧૪ વર્ષાંક (૧ + ૯ + ૩ + ૧ = ૧૪)

૧૯૪૫ તેમનું મૃત્યુ

(૨) બીજી રીત પ્રમાણે જન્મ વર્ષમાં, જીવનપંથનો અંક, જન્મદિવસ અને જન્મમાસ ઉમેરવામાં આવે છે. હિટલરની જન્મ તારીખ ૨૦–૪–૧૮૮૯ છે. તે પ્રમાણે તેમના જીવનપંથનો અંક (૨+૪+૧+૮+૮+૯=૩૨) ૩૨ આવે છે.

૧૮૮૯ જન્મ વર્ષ
\+ ૩૨ જીવનપંથનો અંક
\+ ૨૦ જન્મદિવસ
\+ ૪ જન્મમાસ

૧૯૪૫ માં મૃત્યુ

પણ આ રીત પ્રમાણે દરેક વ્યક્તિનું મૃત્યુનું જ વર્ષ મળે છે એવું નથી. બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલની બાબતમાં તેઓ વડાપ્રધાન બન્યા તે વર્ષ આવે છે. લોઈડ જ્યોર્જની બાબતમાં આ પ્રમાણે ગણતરી કરતાં ૧૯૦૮ની સાલ આવે છે અને તે વર્ષે તેઓ બ્રિટનમાં નાણાં પ્રધાન બન્યા હતા. રાણી વિક્ટોરીઆના જન્મવર્ષ સાથે આ રીતે ગણતરી કરતાં ૧૮૩૮ની સાલ આવે છે. અને તે વર્ષે જ તેઓ બ્રિટનનાં રાણી બન્યાં હતાં. પણ ટેલિવિઝનના શોધક બાયર્ડ (Baird)ની બાબતમાં આ પ્રમાણે ગણતરી કરતાં તેમનું મૃત્યુવર્ષ આવે છે. હવે બીજો દાખલો ચર્ચિલનો લઈશું.

## વિન્સ્ટન ચર્ચિલ

બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલની જન્મ તારીખ ૩૦-૧૧-૧૮૭૪ હતી. તે પ્રમાણે તેમના જીવન-પંથનો અંક (૩+૧+૧+૧+૮+૭+૪=૨૫) ૨૫ આવે છે.

૧૮૭૪ જન્મવર્ષ<br>
\+ ૨૫ જીવનપંથનો અંક<br>
\+ ૩૦ જન્મદિવસ<br>
\+ ૧૧ જન્મ માસ<br>
———<br>
૧૯૪૦ માં તેઓ બ્રિટનના વડાપ્રધાન બન્યા.

## સરદાર વલ્લભભાઈ પટેલ

તેમની જન્મ તારીખ ૩૧-૧૦-૧૮૭૫ હતી. તેમનો જન્મવર્ષાંક (૧+૮+૭+૫=૨૧) ૨૧ થાય છે.

૧૮૭૫ જન્મ વર્ષ
+ ૨૧ જન્મ વર્ષાંક

૧૮૯૬ ૧૮૯૭ માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી.
+ ૨૪ વર્ષાંક (૧+૮+૯+૬=૨૪)

૧૯૨૦ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનામાં તેમનો અગત્યનો ફાળો
+ ૧૨ વર્ષાંક (૧+૯+૨=૧૨)

૧૯૩૨ ગાંધીજી સાથે યરવડાની જેલમાં
+ ૧૫ વર્ષાંક (૧+૯+૩+૨=૧૫)

૧૯૪૭ ભારતને આઝાદી મળી તથા તેઓ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન બન્યા.

## મહાન વૈજ્ઞાનિક ગેલિલિયો

તેમની જન્મ તારીખ ૧૮-૨=૧૫૬૪ હોવાથી તેમના જીવનપંથનો અંક (૧+૮+૨+૧+૫+૬+૪=૨૭) ૨૭ થાય છે.

૧૫૬૪ જન્મ વર્ષ
+ ૨૭ જીવનપંથનો અંક

૧૫૯૧ ૨૭+૧૧+૧૪+૧૦+૧૧=૭૮મા વર્ષે તેઓ
+ ૧૬ મૃત્યુ પામ્યા હતા.

૧૬૦૭
+ ૧૪

૧૬૨૧
+ ૧૦

૧૬૩૧
+ ૧૧

૧૬૪૨ માં તેમનું મૃત્યુ થયું હતું

ગેલિલિયોની બાબતમાં શરૂઆતમાં જન્મ વર્ષાંક ઉમેરવાને બદલે જીવનપંથને અંક ઉમેરવામાં આવ્યો છે. તેથી તેમના માટે ગણતરી કરતી વખતે રીતમાં થોડા ફેરફાર કરવામાં આવ્યો છે.

## શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી

તેમની જન્મ તારીખ ૩૦-૧૨-૧૮૮૭ હતી. તેમનો જીવનપંથ (૩+૧+૨+૧ + ૮ + ૮ + ૭ = ૩૦) ૩૦ થાય છે. જીવનપંથ પ્રમાણે

૧૮૮૭ જન્મ વર્ષ
+ ૩૦ જીવનપંથનો અંક

૧૯૧૭ "ગુજરાતનો નાથ" નવલકથા પ્રગટ થઈ
+ ૧૮

૧૯૩૫ Gujarat and its literature પ્રગટ થયું
+ ૧૮ (ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું પુસ્તક)

૧૯૫૩ સ્વપ્નસિદ્ધિની શોધમાં, વાહ રે મૈં વાહ

+ ૧૮ વગેરે પ્રગટ થયાં.

૧૯૭૧ માં શ્રી મુનશીજીનું અવસાન થયું.

બીજી રીતે જોઇએ તો

૧૮૮૭ જન્મ વર્ષ

+ ૨૪ જન્મવર્ષાંક (૧+૮+૮+૭=૨૪)

+ ૧૨

૧૯૨૩ "ભગવાન કૌટિલ્ય" નવલકથા પ્રગટ કરી,
+ ૧૫ એડવોકેટ તરીકે ધૂમ કમાણી, સમાજસેવક
તરીકે શરૂઆત કરી.

૧૯૩૮ મુંબઈ રાજ્યની પ્રથમ પ્રાંતિક સરકારના
+ ૨૧ ગૃહપ્રધાન, ભારતીય વિદ્યાભવનની શરૂઆત

૧૯૫૯ ભગવાન પરશુરામ (ભાગ ૧લો તથા ૨જો) તથા બદ્રીનાથકી ઓર (હિન્દી) પ્રગટ કર્યાં.

## પંડિત જવાહરલાલ નહેરુ

તેમની જન્મ તારીખ ૧૪-૧૧-૧૮૮૯ હતી. તેથી તેમનો જીવનપંથ (૧+૪+૧+૧+૧+૮+૮+૯=૩૩) ૩૩ થાય છે.

જન્મ વર્ષ ૧૮૮૯
જન્મવર્ષાંક + ૩૩
જન્મ માસ + ૧૧
જન્મદિવસ + ૧૪

૧૯૪૭ માં ભારતની આઝાદી

મેળવી તથા ભારતના પ્રથમ પંતપ્રધાન બન્યા.

બીજી રીતે જોઇએ તો

૧૮૮૯ જન્મ વર્ષ
+ ૨૬ જન્મવર્ષાંક

૧૯૧૫ પ્રથમ વખત જાહેરમાં પ્રવચન કર્યું.
+ ૧૬ વર્ષાંક (૧+૭+૧+૫=૧૬)

૧૯૩૧ જેલમાં હતા
+ ૧૪ (૧+૯+૩+૧=૧૪)

૧૯૪૫ જેલમાંથી મુક્તિ મળી
+ ૧૯ (૧+૯+૪+૫=૧૯)

૧૯૬૪ ૨૭મી મે ૧૯૬૪ના રોજ તેમનું અવસાન થયું હતું.

## રાષ્ટ્રપતિ ડોકટર રાજેન્દ્રપ્રસાદ

તેમની જન્મતારીખ ૩-૧૨-૧૮૮૪ હતી. તેથી તેમના જીવનપંથનો અંક (૩+૧+૨+૧+૮+૪=૨૭) ૨૭ થાય છે.

૧૮૮૪ જન્મવર્ષ
+ ૨૭ જીવનપંથનો અંક

૧૯૧૧ માં તેમણે વકીલાત શરૂ કરી
+ ૧૨ (૧+૯+૧+૧=૧૨)

૧૯૨૩ છપરામાં ભયંકર પૂર આવ્યું અને તે સમયે
રાહતકાર્યમાં ભાગ લીધો તથા નાગપુર ઝંડા
\+ ૧૫ સત્યાગ્રહમાં પણ ભાગ લીધો હતો.

૧૯૩૮ માં હરિપુરા કોંગ્રેસનું અધિવેશન ભરાયું.
\+ ૨૧

૧૯૫૯

બીજી રીતે જોઈએ તો

૧૮૮૪ જન્મવર્ષ
\+ ૨૧ જન્મવર્ષાંક

૧૯૦૫ બંગભંગની ચળવળ
\+ ૧૫

૧૯૨૦
\+ ૧૨

૧૯૩૨
\+ ૧૫

૧૯૪૭ જેને માટે જીવન સમર્પણ કર્યું તે ભારત
માતાની આઝાદી પ્રાપ્ત કરી.

## ડૉકટર જીવરાજ મહેતા

ગુજરાતના ભૂતપૂર્વ વડાપ્રધાન જીવરાજ મહેતાની જન્મતારીખ ૨૯-૮-૧૮૮૭ હતી.

૧૮૮૭ જન્મવર્ષ
+ ૨૪ જન્મવર્ષાંક (૧+૮+૮+૭=૨૪)

૧૯૧૨ ઇન્ગ્લેન્ડમાં લંડનં ઇન્ડિયન એસોસિએશનની
+ ૧૨ સ્થાપના કરી.

૧૯૨૩
+ ૧૫

૧૯૩૮ મુંબઈ મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટની કમિટિના
+ ૨૧ પ્રમુખપદે નીમાયા.

૧૯૫૯ તા. ૧૩-૪-૧૯૫૯ ના રોજ આકાશવાણી ઉપરથી દારૂબંધી વિષે પ્રવચન કર્યું.

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનમાં

તેમની જન્મતારીખ ૨-૧૦-૧૮૬૯ હતી. તેમનું જન્મવર્ષ ૧૮૬૯ હતું.

તેથી તેમનો જન્મવર્ષાંક (૧+૮+૬+૯=૨૪) ૨૪ થાય.

૧૮૬૯ જન્મવર્ષ
+ ૨૪ જન્મવર્ષાંક

૧૮૯૩ વકીલાત કરવા માટે દક્ષિણ આફ્રિકા ગયા.
૧૮૯૩
+ ૨૧ (૧+૮+૯+૩=૨૧)

૧૯૧૪ પરદેશથી ભારત પાછા ફર્યાં.
+ ૧૫ (૧+૯+૧+૪=૧૫)

૧૯૨૯ ભારતની આઝાદી માટે માગણી કરી તથા
સાયમન કમિશન.

બીજી રીતે જોઇએ તો

૧૮૬૯ જન્મવર્ષ
+ ૨૭ જીવનપંથનો અંક (૨+૧+૧+૮+૬+૯=૨૭)

૧૮૯૬
+ ૨૪

૧૯૨૦ માં દેશવ્યાપી અસહકારનું આંદોલન શરૂ
કર્યું હતું.
+ ૧૨ (૧+૯+૨=૧૨)

૧૯૩૨ યરવડાની જેલમાં
+ ૧૫ (૧+૯+૩+૨=૧૫)

૧૯૪૭ જેને માટે સર્વસ્વ જીવન અર્પણ કર્યું તે
ભારતની આઝાદી પ્રાપ્ત કરી.

અંકશાસ્ત્ર દંપતિ કે પતિપત્ની માટે સાચું પડે છે તે નીચેના બે કિસ્સાઓ ઉપરથી સાબિત થાય છે.

## ફ્રાન્સના રાજા લૂંઈ ફિલિપ્સ

લૂંઈ ફિલિપ્સનું જન્મવર્ષ ૧૭૭૩ હતું, તેથી તેનો જન્મવર્ષાંક=૧૮ થાય.

(૧) લૂઈ ફિલિપ્સ ગાદીએ બેઠો ૧૮૩૦ માં
જન્મવર્ષાંક + ૧૮

લૂઈ ફિલિપ્સની પડતી થઈ ૧૮૪૮ માં

(૨) લૂઈ ફિલિપ્સની પત્નીનું જન્મવર્ષ ૧૭૮૨
તેથી તેની પત્નીનો જન્મવર્ષાંક (૧+૭+૮+૨=૧૮) ૧૮ થાય.

લૂઈ ફિલિપ્સ ગાદીએ બેઠો ૧૮૩૦ માં
તેની પત્નીનો જન્મવર્ષાંક +૧૮

લૂઈ ફિલિપ્સની પડતી થઈ ૧૮૪૮ માં

(૩) તેમનું લગ્ન ૧૮૦૯ માં થયું હતું. તેથી લૂઈ ફિલિપ્સનો લગ્ન વર્ષાંક (૧+૮+૯=૧૮) ૧૮ થાય.

લૂઈ ફિલિપ્સ ગાદીએ બેઠો ૧૮૩૦ માં
તેમનો લગ્ન વર્ષાંક + ૧૮

લૂઈ ફિલિપ્સની પડતી થઈ ૧૮૪૮ માં

તે જ પ્રમાણે નેપોલિયન ત્રીજાની બાબતમાં નીચે પ્રમાણે બને છે.

## નેપોલિયન ત્રીજો

(૧) તેમનું જન્મ વર્ષ ૧૮૦૮ હતું. તેથી તેમનો જન્મ વર્ષાંક ૧૭ થાય. નેપોલીયન ત્રીજો ગાદીએ બેઠો– ૧૮૫૩ માં
તેમનો જન્મ વર્ષાંક + ૧૭

નેપોલિયન ત્રીજાની પડતી થઈ ૧૮૭૦ માં

(૨) તેમની પત્નીનું જન્મ વર્ષ ૧૮૦૮.

તેથી તેમની પત્નીનો જન્મ વર્ષાંક ૧+૮+૮=૧૭ થાય

| | |
|---|---|
| નેપોલિયન ત્રીજો ગાદીએ બેઠો | ૧૮૫૩ માં |
| તેમની પત્નીનો જન્મવર્ષાંક | + ૧૭ |
| નેપોલિયન ત્રીજાની પડતી થઈ | ૧૮૭૦ માં |

(૩) તેમનું લગ્ન ૧૮૫૩ માં થયું.

તેથી તેમનો લગ્નવર્ષાંક (૧+૮+૫+૩=૧૭) ૧૭ થાય.

| | |
|---|---|
| નેપોલિયન ત્રીજો ગાદીએ બેઠો | ૧૮૫૩ માં |
| તેમનો લગ્નવર્ષાંક | + ૧૭ |
| નેપોલિયન ત્રીજાની પડતી થઈ | ૧૮૭૦ માં |

## પ્રશિયા (જર્મની)ના રાજા વિલિયમ ૧લો

ઈ સ. ૧૮૪૯માં પ્રશિયા (જર્મની) ના રાજા વિલિયમ ૧લો તેની માતા સાથે ઈન્ગ્લેન્ડ નાસી ગયો. ત્યાં તેને અંકશાસ્ત્રમાં નિષ્ણાત એવી એક સ્ત્રીનો ભેટો થયો. તેણે તે સ્ત્રીને "ત્યાર પછી શું ?" એમ કરીને પ્રશ્નો પૂછયા. તે સ્ત્રીએ દરેક વખતે વર્ષાંક ઉમેરતા જવાનું કહ્યું અને તે પ્રમાણે નીચેની આગાહીઓ સાચી પડી હતી.

૧૮૪૯ માં તે ઈન્ગ્લેન્ડ નાસી ગયો.
+ ૨૨ વર્ષાંક (૧+૮+૪+૯=૨૨)

૧૮૭૧ યુદ્ધનો અંત આવશે તથા તે શહેનશાહ બનશે.
+ ૧૭ વર્ષાંક (૧+૮+૭+૧=૧૭) ૧૭

૧૮૮૮ માં તેનું મૃત્યુ થશે તથા નવો શહેનશાહ ગાદીએ બેસશે.

+ ૨૫ (૧+૮+૮+૮=૨૫)

૧૯૧૩ નવો શહેનશાહ યુદ્ધની તૈયારી કરશે તથા દેશને નુકસાન થશે.

## બ્રિટિશરો અને યુદ્ધો

૧૮૩૦ માં વિલિયમ ચોથો ગાદીએ બેઠો.
+ ૧૨ વર્ષાંક (૧+૮+૩=૧૨)

૧૮૪૨ માં અંગ્રેજોએ અફઘાનિસ્તાન પર ચઢાઈ કરી
+ ૧૫ વાર્ષાંક (૧+૮+૪+૨=૧૫)

૧૮૫૭ માં ભારતમાં આઝાદી માટેનો બળવો.
+ ૨૧ વર્ષાંક (૧+૮+૫+૭=૨૧)

૧૮૭૮ માં અફઘાનો સાથે બીજો વિગ્રહ
+ ૨૪ વર્ષાંક (૧+૮+૭+૮=૨૪)

૧૯૦૨ માં એડવર્ડ સાતમો ગાદીએ બેઠો તથા દક્ષિણ આફ્રિકામાં બોઅરના વિગ્રહનો અંત.
+ ૧૨ વર્ષાંક (૧+૯+૨=૧૨)

૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત.

## મહત્વનાં યુદ્ધ અને શાંતિનાં વર્ષો

૧૮૫૭ માં ભારતમાં આઝાદી માટે બળવો
+ ૧ બળવાનો સમય

૧૮૫૮ શાંતિનું વર્ષ
+ ૨૨ વર્ષાંક (૧+૮+૫+૮=૨૨)

---

૧૮૮૦ માં ઇજિપ્તનું યુદ્ધ ફાટી નીકળ્યું
+ ૧ યુદ્ધનો સમય

---

૧૮૮૧ શાંતિનું વર્ષ
+૧૮ વર્ષાંક (૧+૮+૮+૧=૧૮)

---

૧૮૯૯ બોઅરનો વિગ્રહ શરૂ થયો.
+૩ યુધ્ધનો સમય

---

૧૯૦૨ શાંતિનું વર્ષ
+૧૨ વર્ષાંક (૧+૯÷૨=૧૨)

---

૧૯૧૪ પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું.
+૫ યુધ્ધના સમય ગાળો

---

૧૯૧૯ શાંતિનું વર્ષ
+૨૦ વર્ષાંક (૧+૯+૧+૯=૨૦

---

૧૯૩૯ બીજા વિશ્વયુધ્ધની શરૂઆત
+૧૯ વર્ષાંક (૧+૯+૪+૫=૧૯)

---

૧૯૬૪ વિયેટનામનું યુધ્ધ શરૂ થયું

## ભારતની આઝાદી અને યાદગાર વર્ષો

આઝાદીનું વર્ષ ૧૯૪૭ હતું.
તેથી તેનો વર્ષાંક (૧+૯+૪+૭=૨૧) ૨૧ થાય. ૨૧ નો મૂળ અંક ૨+૧=૩ થાય.

તેથી ભારતનાં અગત્યનાં કે યાદગાર વર્ષો માટેનો આંક ૩ વર્ષનો બની રહે છે.

૧૯૪૭ આઝાદીની પ્રાપ્તિ
૧૯૫૦ ભારતના પ્રજાસત્તાક રાજ્યની ઉજવણી
૧૯૫૩ વિમાન વ્યવહારનું રાષ્ટ્રીયકરણ તથા રાષ્ટ્રીય વિકાસ યોજના શરૂ કરવામાં આવી.
૧૯૫૬ ભારતનાં રજવાડાંઓનું એકીકરણ.
૧૯૫૯ ભારતોના સરહદોના ઝગડાઓ.
૧૯૬૨ ભારતચીન લડાઈ તથા યુધ્ધ પ્રધાનમાં ફેરફાર.
૧૯૬૫ ભારત પાકિસ્તાન સાથે યુદ્ધ
૧૯૭૧ પાકિસ્તાન સાથે બંગલા દેશ માટે યુધ્ધ.

## ફ્રાન્સના ઇતિહાસમાં

ફ્રાન્સમાં ક્રાન્તિ થઈ તથા રોબેસ્પિયરીની પડતી થઈ ૧૭૯૪ માં.

(૧+૭+૯+૪=૨૧) વર્ષાંક + ૨૧

નેપોલિયનની પડતી ૧૮૧૫
(૧+૮+૧+૫=૧૫) વર્ષાંક + ૧૫

રાજા ચાર્લ્સ ૧૦માની પડતી તથા ફ્રાન્સમાં ક્રાંતિ ૧૮૩૦માં
(૧+૮+૩=૧૨) વર્ષાંક + ૧૨

રાજગાદીના વારસદાર ડ્યુક ઓફ ઓર્લિયન્સનું મૃત્યુ ૧૮૪૨માં
(૧+૮+૪+૨=૧૫) વર્ષાંક +૧૫

ક્રિમિયાની લડાઈનો અંત ૧૮૫૭માં

(૧+૮+૫+૭=૨૧) વર્ષાંક + ૨૧

બર્લિનની પ્રખ્યાત સંધિ ૧૮૭૮માં
(૧+૮+૭+૮=૨૪) વર્ષાંક + ૨૪

ફેશોડાના પ્રશ્નની બાબતમાં ઇન્ગ્લેન્ડ સાથે યુદ્ધનો ભય ૧૯૦૨માં
(૧+૯+૨=૧૨) વર્ષાંક + ૧૨

પ્રથમ વિશ્વયુદ્ધનો આરંભ ૧૯૧૪માં
(૧+૯+૧+૪=૧૫) વર્ષાંક + ૧૫

ફ્રાન્સના ઇતિહાસમાં કટોકટી સર્જાઈ ૧૯૨૯

## નેપોલિયનના જીવનમાં

૧૭૬૯ નેપોલિયન બોનાપાર્ટનું જન્મ વર્ષ
+ ૨૩ જન્મ વર્ષાંક (૧+૭+૬+૯=૨૩)

૧૭૯૨ ફ્રાન્સમાં ક્રાન્તિ થાય છે તથા નેપોલિયનને સરસેનાપતિ બનાવવામાં આવે છે.
+ ૨૩ જન્મ વર્ષાંક
૧૮૧૫માં વોટર્લૂની લડાઈ

વૈજ્ઞાનિક સંશોધનો વગેરે માટે પણ અંકશાસ્ત્ર સાચું પડે છે. તે નીચેની બાબતો ઉપરથી જોઈ શકાશે.

૧૭૮૩ મોન્ટગોલ્ફિયરે બલૂનની શોધ કરી તથા ટન્સ્ટન
+ ૧૯ અને વુલ્ફ્રમ ધાતુઓની શોધ થઈ

૧૮૦૨ સિમિન્ગટને સ્ટિમરની શોધ કરી તથા ટેન્ટેલમ
+ ૧૧ તત્વની શોધ થઈ

૧૮૧૩
+ ૧૩

૧૮૨૬ નિપ્કેએ ફોટોગ્રાફીની શોધ કરી
+ ૧૭

૧૮૪૩ મર્સરે (અંગ્રેજ) મર્સરાઇઝડ કાપડની શોધ કરી.
+ ૧૬

૧૮૫૯ કિર્ચોફ અને બન્સને (જર્મનો) સ્પેકટ્રોસ્કોપની
+ ૨૩ શોધ કરી

૧૮૮૨
+ ૧૯

૧૯૦૧ મેકસ પ્લાન્કે કવોન્ટમ થિયરીની શોધ કરી
+ ૧૧

૧૯૧૨ એફ. સોડીએ આઇસોટોપ્સનો સિદ્ધાંત શોધ્યો તથા
+ ૧૩ એડિસને વિદ્યુતગોળો શોધ્યો

૧૯૨૫ માં ફિશરે (જર્મનીમાં) કાર્બનમાં સંયોજનો શોધ્યાં
+ ૧૭

૧૯૪૨ માં ફર્મીએ યુરેનિયમ ફિશન અને પ્રથમ સાંકળ
+ ૧૬ પ્રક્રિયા (ચેઇન રીએકશન) શોધ્યા

૧૯૫૮ માં રોકેટ તથા અવકાશ યુગની શરૂઆત થઈ ગઈ

+ ૨૩

---

૧૯૮૧ નવી શોધ થવાની શકયતા

અગત્યનાં વર્ષો શોધવાની એક બીજી રીત પણ છે. જન્મદિવસ ઉપરથી પ્રથમ જન્માંક શોધી કાઢો. ધારો કે કોઈ વ્યક્તિની જન્મતારીખ ૨૧ છે, તો તેનો જન્માંક (૨+૧=૩) ૩ આવશે. તેથી તે વ્યક્તિનાં ૩ અંકી વર્ષો એટલે કે ૧૨, ૨૧, ૩૯, ૪૮, ૫૭, ૬૬, ૭૫ અને ૮૪ની ઉંમરનાં વર્ષો યાદગાર બનશે તેજ રીતે ૫ અંકી (૫, ૧૪ અને ૨૩) જન્મ તારીખવાળા માણસનાં ૫, ૧૪, ૨૩, ૩૨, ૪૧, ૫૦, ૫૯, ૬૮, ૭૭ અને ૮૬ની ઉંમરનાં વર્ષો યાદગાર બનશે.

# પ્રકરણ ૨૦મું

## વર્ષના નવ વિભાગો વગેરે

અત્યાર સુધી આપણે અંકશાસ્ત્રને જ્યોતિષશાસ્ત્ર સાથે સાંકળ્યું ન હતું. આ પ્રકરણમાં અંકશાસ્ત્રનો જ્યોતિશાસ્ત્ર સાથેનો સંબંધ વિચારવામાં આવ્યો છે. તથા વર્ષના નવ વિભાગો કે સમયગાળાઓ અને તેમનો એકબીજા સાથેનો સંબંધ સમજાવવામાં આવ્યો છે. આ વિભાગો પણ નામાંક તથા જીવનપંથ જેટલા જ જરૂરના છે. વર્ષને નવ વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું છે અને દરેક વિભાગ લગભગ ૧⅓ માસ જેટલો થાય છે. દરેક વિભાગમાં મોટે ભાગે બે સમય ગાળાઓ છે. પણ બીજા વિભાગમાં ફક્ત એક જ સમયગાળો છે. આ બે સમય ગાળાઓમાંથી એક ધન (Positive) હોય છે. અને તેથી વધારે અસરકારક હોય છે. જ્યારે બીજો વિભાગ ઋણ (Negetive) એટલે ઓછો અસરકારક હોય છે. એક રીતે જોઇએ તો આપણે આ વિભાગો વિષેની માહિતી પ્રકરણ ૩ થી ૧૧ સુધીમાં મૂળ અંક '૧' થી મૂળ અંક '૯' ના મથાળા નીચે જોઈ ગયા છીએ. વિભાગ–૧ એટલે મૂળ અંક '૧', વિભાગ–૨ એટલે મૂળ અંક '૨' વગેરે સમજવું. આ પ્રકરણમાં આ માહિતી કોઠાના રૂપમાં ટૂંકમાં રજૂ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ કોઠામાં વર્ષના નવ વિભાગો તથા નવ મૂળ અંકો વિષે જરૂરી માહિતી સંક્ષિપ્તમાં આપવામાં આવી છે. દરેક ગ્રહને બે પ્રકારના ગુણધર્મો હોય છે; ધન અને ઋણ. ધન ગુણધર્મો વધારે પ્રમાણમાં શારિરીક અને પ્રગજ

હોય છે. જ્યારે ઋણુ ગુણધર્મો પ્રમાણમાં કંઈક ઓછા બળવાન અને માનસિક હોય છે. ઉદાહરણ તરીકે મંગળના ગ્રહ અને મૂળ અંક '૯' માટે બે સમયગાળાઓ છે. મેષ રાશિના ધન (Positive) મંગળનું પ્રતીક ચિત્ર બખ્તર પહેરેલો તથા હાથમાં નાગી તલવાર સાથેનો માણસ કે જે હમણાં જ શારીરિક રીતે હુમલો કરશે એમ લાગે તે છે. જ્યારે વૃશ્ચિકના ઋણ મંગળનું પ્રતિક ચિત્ર બખ્તર પહેરેલો અને મ્યાનમાં તલવાર પકડીને ઊભેલો માણસ કે જે માનસિક રીતે તૈયાર યોદ્ધાનું ચિત્ર રજૂ કરે છે છે તે હવે કોઠાનો કેવી રીતે ઉપયોગ કરવો તે વિષે હું એક વિભાગ લઈને વિસ્તારથી સમજાવું છું. ઉદાહરણ તરીકે વિભાગ '૩' અને મૂળ અંક'૩' લઈએ. તેની વિગતો '૫'માં પ્રકરણમાં વિસ્તારથી જોવા મળશે. તે પ્રકરણ મૂળ અંક '૩' ના ગુણધર્મો જાણવા માટે ફરીથી ધ્યાનથી વાંચી જશો. આ અંક અને વિભાગ જે લોકો કોઈ પણ માસની ૩જી ૧૨મી ૨૧મી અને ૩૦ મી તારીખોએ જન્મેલા હોય અને ખાસ કરીને ૨૧મી નવેમ્બરથી ૨૧મી ડિસેમ્બર અને ૧૯મી ફેબ્રુઆરીથી ૨૧ મી માર્ચ સુધીના સમયમાં ઉપરની તારીખોએ જન્મેલા હોય તેમને લાગું પડે છે. તેમને માટે શુભ તારીખો ૩જી, ૧૨મી, ૨૧મી અને ૩૦મી છે. આ ઉપરાંત '૬' અંકી અને '૯' અંકી તારીખો પણ થોડેઘણે અંશે તેમના માટે શુભ છે. જો આ તારીખો ગુરૂવાર, શુક્રવાર અને મંગળવારના દિવસોએ આવે તો તે વિષેષ શુભ બને છે. આ લોકોનો અધિપતિ કે મુખ્ય ગ્રહ ગુરૂ છે. તેમની સૂર્યની સાયન રાશિઓ ધન અને મીન છે. ધન રાશિ ગુરૂના પ્રબળ અને શારીરિક ગુણો દર્શાવે છે. જ્યારે મીન રાશિ ગુરૂના ઓછા બળવાન અને માનસિક ગુણો ધરાવે છે. આ વિભા-

અમાં જન્મેલા લોકો તેમના પોતાના વિભાગ '૩' માં જન્મેલા લોકો સાથે મૈત્રી, પ્રેમ, લગ્ન અને ભાગીદારીનાં સંબંધો સારા ધરાવે છે. એટલે કે તેમણે તેમનાં જ વિભાગનાં જન્મેલા લોકો સાથે મિત્રતા, પ્રેમ, લગ્ન અને ભાગીદારીના સંબધો સ્થાપવા જોઇએ. તેથી સહેજ ઉતરતા સંબંધો તેઓ '૬' અને '૯' મૂળ અંક વાળા લોકો સાથે સ્થાપી શકે છે. બાકીના વિભાગોવાળા લોકો સાથે તેઓ મિત્રતા, લગ્ન, પ્રેમ કે ભાગીદારીના સંબંધો સ્થાપવા જશે તો તેમાં તેમને સફળતા મળવાના સંભવ ઘણો જ ઓછો છે. ઉપરોક્ત તારીખો અને દિવસો તેમના માટે શુભ હોય છે. તેથી તેમણે તેમનાં અગત્યયનાં અને શુભ કાર્યો પણ ઉપરોક્ત તારીખો અને દિવસોએ જ કરવાં જોઇએ તે તારીખો અને દિવસોએ કામ કરવાથી સફળતા જરૂર મળે છે. તમે તમારી જન્મ તારીખ અને જન્મમાસ ઉપરથી કયા વિભાગમાં આવો છો તે નક્કી કરી શકો છો ધારો કે તમારી જન્મ તારીખ ૩૦-૧૨-૧૯૨૫ છે તો તમે જન્મ તારીખ કે જે ૩૦મી છે અને જન્મ માસ કે જે ડિસેમ્બર છે. તે બન્ને પ્રમાણે તમે મૂળ અંક '૩'ની અસર નીચે આવો છો પણ જો તમારી જન્મ તારીખ ૩૦-૧-૧૯૨૭ હોય તો જન્મ તારીખ પ્રમાણે તમે વિભાગ '૩' માં અને જન્મમાસ પ્રમાણે વિભાગ '૮' માં આવશો. અને આ બંને વિભગો એકબીજા સાથે સંવાદી પણ નથી, તો તમારે શું કરવું જોઇએ ? જો તમને અનુભવથી '૮' અંકી તારીખો અને સંખ્યાઓ અશુભ લાગતી હોય તો તમે "૮" અંકી તારીખો, સંખ્યાઓ અને વસ્તુઓથી દૂર રહેવા પ્રયત્ન કરજો, તથા '૩' જા વિભાગની અસર કેન્દ્રિત થાય તેવા પ્રયત્નો કરશો એટલે કે '૩' જન્માંક કે '૩' જીવનપથવાળા

લોકો સાથે મિત્રતા, ભાગીદારી, પ્રેમ કે લગ્ન સંબંધો સ્થાપવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહેજો.

આ ઉપરાંત '૩' ના અંકને કેન્દ્રિત કરવા માટે '૩' અંકી મકાનો, ઓફિસો, ટેલિફોન નંબરો અને ગામો સાથે સંબંધ રાખવો અને બીજા નંબરોવાળા પદાર્થો સાથે સંબંધો ન રાખવા કે ઓછા કરવા, ઉદાહરણ તરીકે બે મકાનના નંબરો ૧૫૯ અને ૪૭૯૨ છે તો તેમના મૂળ અંકો (૧+૫+૯=૧૫=૬) ૬ અને (૪+૭÷૯+૨=૨૨=૪) ૪ થાય છે, તો '૩' વિભાગવાળા માણસોએ ૧૫૯ નંબરવાળા મકાનમાં રહેવું ફાયદાકારક બનશે જ્યારે ૪૭૯૨ નંબરવાળા મકાનમાં રહેવું નુકસાનકારક તથા અપશુકનિયાળ બનશે. હવે ટેલિફોનના નંબરો વિષે જોઇએ. ત્રણ ટેલિફોનના નંબરો અનુક્રમે ૫૭૭૨, ૬૩૪૫ અને ૩૩૪૩ છે, તેમના મૂળ અંકો અનુક્રમે (૫+૭+૭+૨=૨૧=૩) ૩, (૬+૩+૪+૫ =૧૮=૯) ૯ અને (૩+૩+૪+૩=૧૩=૪) ૪ થાય છે, તો '૩' અંકવાળા માણસોએ ૫૭૭૨ અને ૬૩૪૫ નંબરોવાળા ટેલિફોનો સાથે સંબંધ રાખવો અને ૩૩૪૩ નંબરવાળા ટેલિફોન સાથે ઓછો સંબંધ રાખવો, હવે વિભાગ '૩' વાળા લોકો માટે કયા ગામો કે શહેરો શુભ બનશે તે જોઇએ. નીચે કેટલાક ગામો અને શહેરોનાં નામાંક ગણી બતાવ્યા છે તે રીતે તમે બીજાઓનાં નામાંક પણ ગણી શકશો. પ્રથમ ગામના નામને અંગ્રેજીમાં લખીને દરેક અંગ્રેજી અક્ષર માટે અંકો લખવા. અંકોનો સરવાળો કરીને મૂળ અંક શોધી કાઢવા.

સુરત SURAT
૩૬૨૧૪=૧૬=૭

નવસારી NAVSARI
૫૧૬૩૧૨૧=૧૯=૧

બિલિમોરા
BILIMORA
૨૧૩૧૪૭ ૨ ૧=૨૧=૩

વાસદ
VASAD
૬૧ ૩૧ ૪=૧૫=૬

મહુધા
MAHUDHA
૪ ૧ ૫ ૬૪ ૫૧=૨૬=૮

આણંદ
ANAND
૧૫ ૧ ૫૪=૧૬=૭

ભરૂચ
BHARUCH
૨ ૫૧ ૨ ૬ ૩૫=૨૪=૬

મહેસાણા
MEHSANA
૪ ૫ ૫૩ ૧૫ ૧=૨૪=૬

બરોડા
BARODA
૨ ૧ ૨૭૪ ૧=૧૭

પૂના
POONA
૮ ૭૭૫ ૧=૨૮=૧

બોમ્બે
BOMBAY
૨ ૭ ૪૨ ૧ ૧=૧૭=૮

વલસાડ
VALSAD
૬ ૧૩૩૧ ૪=૧૮=૮

મદ્રાસ
MADRAS
૪ ૧ ૪૨ ૧૩=૧૫=૬

કલકત્તા
CALCUTTA
૩૧૩૩ ૬ ૪૪ ૧=૨૫=૭

દિલ્હી
DELHI
૪૫ ૩૫૧=૧૮=૯

ઉપરોક્ત ગામોમાંથી બિલિમોરા '૩' અંકી વાસદ, ભરૂચ, મદ્રાસ અને મહેસાણા '૬' અંકી અને વલસાડ તથા દિલ્હી '૯' અંકી છે. આ ગામો અને શહેરો ૩–૬ અને ૯ અંકી આ માણસો માટે ફાયદાકારક રહેશે, કારણ

કે આ અંકો એકબીજાના મિત્રો કે સંવાદી છે. બાકીના ગામો કે શહેરો તેમને માટે લાભદાયક રહેશે નહીં.

હરેક વિભાગની સામે તેમના મિત્ર કે સંવાદી વિભાગો આપેલા છે. તેના ઉપરથી કયા માણસો સાથે મિત્રતા કે ભાગીદારી કરવી તે નક્કી કરી શકાય છે. તથા જીવનનાં કયાં વર્ષો અગત્યનાં કે ક્રાંતિકારક નીવડશે તે જાણી શકાશે

નીચે વિભાગો અને મૂળો અંકો માટેનાં અગત્યનાં અને ક્રાન્તિકારી વર્ષો આપેલાં છે. તમે તમારો મૂળ અંક કે વિભાગ તથા તેના સંવાદી અને મિત્ર અંકો જાણી લઈને તમારા અગત્યનાં વર્ષો નક્કી કરી શકશો.

| મૂળ અંક કે વિભાગ | અંકને લગતાં અગત્યનાં અને ક્રાન્તિકારી વર્ષો |
|---|---|
| ૧. | ૧, ૧૦, ૧૯, ૨૮, ૩૭, ૪૬, ૫૫, ૬૪, ૭૩, ૮૨, ૯૧, ૧૦૦ |
| ૨. | ૨, ૧૧, ૨૦, ૨૯, ૩૮, ૪૭, ૫૬, ૬૫, ૭૪, ૮૩, ૯૨, ૧૦૧ |
| ૩. | ૩, ૧૨, ૨૧, ૩૦, ૩૯, ૪૮, ૫૭, ૬૬, ૭૫, ૮૪, ૯૩, ૧૦૨ |
| ૪. | ૪, ૧૩, ૨૨, ૩૧, ૪૦, ૪૯, ૫૮, ૬૭, ૭૬, ૮૫, ૯૪, ૧૦૩ |
| ૫. | ૫, ૧૪, ૨૩, ૩૨, ૪૧, ૫૦, ૫૯, ૬૮, ૭૭, ૮૬, ૯૫, ૧૦૪ |
| ૬. | ૬, ૧૫, ૨૪, ૩૩, ૪૨, ૫૧, ૬૦, ૬૯, ૭૮, ૮૭, ૯૬, ૧૦૫ |
| ૭. | ૭, ૧૬, ૨૫, ૩૪, ૪૩, ૫૨, ૬૧, ૭૦, ૭૯, ૮૮, ૯૭, ૧૦૬ |
| ૮. | ૮, ૧૭, ૨૬, ૩૫, ૪૪, ૫૩, ૬૨, ૭૧, ૮૦, ૮૯, ૯૮, ૧૦૭ |
| ૯. | ૯, ૧૮, ૨૭, ૩૬, ૪૫, ૫૪, ૬૩, ૭૨, ૮૧, ૯૦, ૯૯, ૧૦૮ |

વિભાગ અને મૂળ અંક '૩' માટે તેમના જીવનનાં ૩, ૨૧, ૧૨, ૩૦, ૩૯, ૪૮, ૫૭, ૬૬, ૭૫, ૮૪, ૯૩ અને ૧૦૨ વરસો અગત્યનાં અને ક્રાન્તિકારી સાબિત થશે. વિભાગ '૩'ના સંવાદી અને મિત્ર અંકો '૬' અને '૯' છે. તેથી વિભાગ '૬' અને '૯'ની સામે આપેલાં વર્ષો ૬, ૧૫, ૨૪, ૩૩, ૪૨, ૫૧, ૬૦, ૬૯, ૭૮, ૮૭, ૯૬, ૧૦૫ તથા ૯, ૧૮, ૨૭, ૩૬, ૪૫, ૫૪, ૬૩, ૭૨, ૮૧, ૯૦, ૯૯ અને ૧૦૮ પણ તેમને માટે અગત્યનાં અને ક્રાન્તિકારી સાબિત થશે.

---

આજ પ્રમાણે બીજા વિભાગો માટે પણ સમજવાનું છે, પણ વિભાગ '૪' અને વિભાગ '૮' વાળા લોકોને જો તેમના વિભાગવાળી '૪'-અંકી '૮'-અંકી તારીખો અને સંખ્યાઓ અશુભ લાગે તો તેમણે તેના ઉપયોગથી દૂર રહેવું અને બીજા કોઈ શુભ અને પ્રબળ અંક જેવા કે ૧, ૩, ૫ અને ૬માંથી ગમે તે એક પસંદ કરીને તેની શક્તિને કેન્દ્ર કે પ્રબળ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. તેમણે તેમની સહી, નામાંક, મકાન નંબર, ટેલિફોન નંબર અને ગામ કે શહેરનો નામાંક તેમના નવા પસંદ કરેલા અંક પ્રમાણે આવે તે માટે ખાસ પ્રયત્ન કરવો જોઇએ.

# વર્ષના નવ વિભાગોની માહિતી

| વિભાગ અને મૂળ અંકનો નંબર | શુભ અને અગત્યના દિવસો | શુભ અને અગત્યની તારીખો | વર્ષના સમય ગાળાઓ | ધન કે ઋણ | સૂર્યની સાયન રાશિ | પ્રતિનિધિ ગ્રહ | શુભ અને મિત્ર વિભાગો કે અંકો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રવિવાર<br>સોમવાર | ૧,૧૦,૧૯<br>અને ૨૮ | ૨૧મી જુલાઇથી ૨૦મી ઓગસ્ટ<br>૨૧મી માર્ચથી ૨૮મી એપ્રિલ | ધન<br>ઋણ | સિંહ<br>મેષ | સૂર્ય | ૧,૨,૪<br>અને ૭ |
| ૨. | રવિવાર<br>સોમવાર<br>શુક્રવાર | ૨,૧૧,૨૦<br>અને ૨૯ | ૨૦મી જૂનથી ૨૫મી જુલાઈ | ધન | કર્ક | ચંદ્ર | ૨,૧અને૭ |
| ૩. | ગુરૂવાર<br>શુક્રવાર<br>મંગળવાર | ૩,૧૨,૨૧<br>અને ૩૦ | ૨૧મી નવેમ્બરથી ૨૧મી ડિસેમ્બર<br>૧૯મી ફેબ્રુઆરીથી ૨૧મી માર્ચ | ધન<br>ઋણ | ધન<br>મીન | ગુરૂ | ૩,૬અને૯ |
| ૪. | શનિવાર<br>રવિવાર<br>સોમવાર | ૪,૧૩,૨૨<br>અને ૩૧ | ૨૨મી જુલાઈથી ૩૧મી ઓગસ્ટ<br>૨૧મી જૂનથી ૨૧મી જુલાઈ | ધન<br>ઋણ | સિંહ<br>કર્ક | યુરેનસ | ૨,૪અને૮ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫. | બુધવાર<br>ગુરૂવાર<br>શુક્રવાર | ૫, ૧૪<br>અને ૨૩ | ૨૧મી મેથી ૨૩મી જૂન<br>૨૧મી ઓગસ્ટથી ૨૩મી સપ્ટેમ્બર | ધન<br>ઋણ | મિથુન<br>કન્યા | બુધ | ૫ તથા બાકીના બધા થોડે અંશે |
| ૬. | મંગળવાર<br>ગુરૂવાર<br>શુક્રવાર | ૬, ૧૫<br>અને ૨૪ | ૨૦મી એપ્રિલથી ૨૪મી મે<br>૨૧મી સપ્ટેમ્બરથી ૨૪મી ઓક્ટોબર | ધન<br>ઋણ | વૃષભ<br>તુલા | શુક્ર | ૬, ૩ અને ૯ બીજા વિભાગો સાથે થોડે અંશે |
| ૭. | રવિવાર<br>સોમવાર | ૭, ૧૬<br>અને ૨૫ | ૨૧મી જૂનથી ૨૫મી જુલાઈ<br>૨૫મી જુલાઈથી ૩૧મી ઓગસ્ટ | ધન<br>ઋણ | કર્ક<br>સિંહ | નેપચ્યુન | ૭, ૨<br>અને ૧ |
| ૮. | શનિવાર<br>રવિવાર<br>સોમવાર | ૮, ૧૭<br>અને ૨૬ | ૨૧મી ડિસેમ્બરથી ૨૬મી જાન્યુઆરી<br>૨૬મી જાન્યુઆરીથી ૧૯મી ફેબ્રુ. | ધન<br>ઋણ | મકર<br>કુંભ | શનિ | ૨, ૪<br>અને ૮ |
| ૯. | મંગળવાર | ૯, ૧૮<br>અને ૨૭ | ૨૧મી માર્ચથી ૨૭મી એપ્રિલ<br>૨૧મી ઓક્ટોબરથી ૨૭મી નવેમ્બર | ધન<br>ઋણ | મેષ<br>વૃશ્ચિક | મંગળ | ૯, ૩<br>અને ૬ |

| વિભાગ અને મૂળ અંકનો નંબર | શુભ અને અશુભ રંગો | ભારતીય પદ્ધતિ પ્રમાણે રંગો નંગો | પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે રત્નો, નંગો, ઝવેરાત |
|---|---|---|---|
| ૧. | આછાથી માંડીને ઘેરા પીળા, કાંસા જેવા અને સોનેરી રંગો | માણેક | Fopey–પોખરાજ Amber–એમ્બર અને પીળો હીરો |
| ૨. | શુભ–સફેદ, ક્રીમ, ઝાંખો પીળો તથા બધા જ પ્રકારના લીલા રંગો<br>અશુભ–ઘેરા, લાલ, કથ્થઈ, કીરમજી, જાંબલી અને કાળા રંગો | મોતી | મોતી, Moonstone ચન્દ્ર. કાન્તમણિ Jade અને લીલા રંગનાં નંગો |
| ૩. | બધા જ પ્રકારના ગુલાબી, ભગવા, જાંબલા અને કીરમજી રંગો | પુષ્પરાજ કે પોખરાજ | Amethyst એમિથિસ્ટ નીલમણિ |
| ૪. | ચળકતા, ચમકતા તથા ધૂપછાંય રંગો તથા ભૂરા ભૂખરા અને ખાખી રંગો | નીલમ કે ઇન્દ્ર નીલમણિ | આછા કે ઘેરા રંગના સેફાયર Sappire |

| | | | |
|---|---|---|---|
| ૫. | સફેદ, રાખોડી, ભૂખરા તથા ઝગઝગાટવાળા અને આછા રંગો<br>અશુભ-ઘેરા રંગો | પન્ના | હીરા, ચાંદી, પ્લેટિનમ તથા ચળકતી અને ઝગઝગાટવાળી ચીજો |
| ૬. | શુભ-બધા જ પ્રકારના રાતા ગુલાબી અને ભૂરા રંગો<br>અશુભ-જાંબલી, કીરમજી કાળો | હીરા | Turqusise ટર્કવોઈઝ ફિરોઝો<br>Emerald એમરલ્ડ |
| ૭. | શુભ-બધા જ પ્રકારના સફેદ, પીળા તથા લીલા રંગો<br>અશુભ-ઘેરા કાળા રંગો | લસણિયો<br>વૈદુર્ય | મોતી Moonstone ચન્દ્રકાન્ત મણિ, Moss Agate અકીક અને Cat's eyes |
| ૮. | શુભ-ઘેરા, ભૂખરા, જાંબલી, કીરમજી અને કાળા રંગો<br>અશુભ-આછા રંગો | નીલમકેનીલમણિ | Amethyst એમિથિસ્ટ ઘેરા રંગનો સેફાયર, કાળું મોતી તથા કાળો હીરો |
| ૯. | બધા જ પ્રકારના રાતા ગુલાબી અને કીરમજી રંગો શુભ છે | પરવાળું coral | માણેક, Garnet ગાર્નેટ બ્લડ સ્ટોન blood stone |

વિભાગો, મૂળ અંકો તેમના પ્રતિનિધિ ગ્રહો અને તેમને સંબંધિત તારીખો નીચેના ચક્ર ઉપરથી સારી રીતે યાદ રાખી શકાશે.




આ તારીખો મૂળાંકવાળી તારીખ ૯ ઉમેરવાથી આવે છે. દા. ત. ૧+૯=૧૦, ૧૦+૯=૧૯, ૧૯+૯=૨૮ અને ૮+૯=૧૭, ૧૭+૯=૨૬ વગેરે

# પ્રકરણ ૨૧મું

## સાર્વત્રિક કે સર્વદેશીય દિવસો, મહીનાઓ અને વર્ષો

હેલિન હિચકોકના મતે એકલા જન્મ દિવસનાં (એટલે જન્મમાસ અને જન્મવર્ષ ગણતરીમાં લેવાનાં નહીં) આંદોલનો જીવનપંથ, જીવનધ્યેય, વ્યવસાય વગેરે નક્કી કરવામાં ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. જન્મદિવસના સાદા કે મૂળ અંકને આપણે જન્માંક (Birth number) કહીએ છીએ તે બધાને યાદ હશે જ. આ જન્માંક આપણાં જીવનનાં અગત્યનાં અને ઉત્પોદક એવાં જિંદગીનાં મધ્ય ભાગનાં વર્ષો એટલે કે આપણી ઉંમરના ૨૮ મા વર્ષથી તે ૫૬ મા વર્ષ સુધીનાં વર્ષો માટે ઘણો જ અગત્યનો અને અસરકારક માલૂમ પડયો છે.

હેલન હિચકોક આ જન્માંકોને ત્રણ સંવાદી જૂથોમાં વહેંચી નાખે છે, જળ, અગ્નિ અને વાયુ સંવાદી જૂથો.

### ૧. જળ અથવા વૈજ્ઞાનિક સંવાદી જૂથ

આ જૂથમાં જન્માંક ૧, ૫ અને ૭ આવે છે. '૧' ખૂણાનો પથ્થર '૫' ચાવી અને '૭' શિખરનો પથ્થર છે. જળતત્વ મન સાથે સંબંધ રાખે છે. જન્માંક '૧'વાળા લોકો આક્રમક, બુદ્ધિશાળી વૈજ્ઞાનિક અને સર્જનાત્મક હોય છે. જન્માંક '૫'વાળા લોકો બહુમુખી પ્રતિભાવાળા, આકર્ષક, પરિવર્તનશીલ, જાગૃત અને અજંપાવાળા હોય છે

જન્માંક ૭વાળા લોકો વિદ્યાભ્યાસી, અતડા, શરમાળ અને વૈજ્ઞાનિક હોય છે. ત્રણે જન્માંકવાળા લોકો સહજજ્ઞાન, અંતર્જ્ઞાન કે અંતપ્રેરણાવાળા હોય છે. આ લોકો લેખક વિમાનસંચાલક, એન્જિનિયર, ચિકિત્સક કે વૈદ્યડોકટર તરીકે સફળ બને છે.

## ૨. અગ્નિ કે વ્યવસાયી સંવાદી જૂથ

આ જૂથમાં ૨, ૪ અને ૮ ના જન્માંકો આવે છે. આ લોકો વેપારધંધામાં સારી સફળતા પ્રાપ્ત કરે છે. આ અગ્નિનું તત્ત્વ લાગણીઓ અને ઊર્મિઓ સાથે સંબંધ ધરાવે છે તેથી આ લોકોને સંવેદનશીલ પણ કહેવામાં આવે છે. આ લોકો તેમના વેપારધંધામાં અને ધન પ્રાપ્ત કરવામાં એટલા બધા પ્રવૃત્ત રહે છે કે જેથી બીજા લોકોની દૃષ્ટિએ તેઓ હૃદયહીન કે લાગણીહીન પણ લાગે. આ લોકો ઘણા જ લાગણીશીલ હોય છે, પણ તેઓ તેમની લાગણીઓ વ્યક્ત કરી શકતા નથી. તેથી તેમને ઘણી વાર કઠોર હૃદયના કે લાગણીહીન તરીકે લોકો ઓળખે છે. આ લોકો સારા વેપારી, મુનીમ, પેઢીના સંચાલક, બેન્કર, કોન્ટ્રાકટર, ઓડિટર, સ્ટેનોગ્રાફર, ડિઝાઇનર તથા રાજનીતિજ્ઞ (પોલિટીશીઅન) બની શકે છે.

## ૩. વાયુ અથવા કલાત્મક સંવાદી જૂથ

આ જૂથમાં જન્માંક ૩, ૬ અને ૯નો સમાવેશ થાય છે. વાયુતત્વ જોમ અથવા જુસ્સા સાથે સંબંધ ધરાવે છે. તેથી આ જૂથને પ્રેરણાત્મક કે અંતઃપ્રેરણાત્મક જૂથ પણ કહે છે. આ લોકો કલાત્મક, સાહિત્યિક, બુદ્ધિશાળી,

અલિપ્ત તથા નિસ્વાર્થ હોય છે. આ લોકો સમાજ સમક્ષ તથા સમાજ માટે તેમની શક્તિઓ સારી રીતે અભિવ્યક્ત કરી શકે છે. તેઓ સારા સંગીતકાર, કળાકાર, લેખક, ડોક્ટર, વકીલ, એડવર્ટાઈઝર (જાહેરાત કરનારા) માનવતા-વાદી તથા દાનવીર બની શકે છે.

હવે આપણે આ પ્રકરણના અસલ વિષય તરફ જઈશું. વર્ષના દરેક દિવસ તથા માસને તેનું પોતાનું ચોક્કસ આંદોલન હોય છે. કોઈ દિવસ આપણે સારી રીતે કામ કરીએ છીએ તો કોઈ દિવસ આપણે રમતગમત, આનંદ અને મનોરંજનમાં ગાળીએ છીએ. કેટલાક દિવસો નોકરી અને મહેરબાની મેળવવા માટે લાભદાયક છે, તો કેટલાક દિવસ ઘેર કે ઓફિસમાં બેસીને વાચન, અભ્યાસ કે અન્ય કામ કરવા માટે યોગ્ય હોય છે. જે દિવસો આપણા સંવાદી જૂથમાં આવતા હોય છે તે મોટે ભાગે આપણને સાનુકૂળ હોય છે. જો તમે અગ્નિજૂથમાં જન્મ્યા હો તો તેમને ૨, ૪ અને ૮ દિવસો સંવાદી માલૂમ પડશે.

કોઇ પણ દિવસનું સાર્વત્રિક કે સર્વદેશીય આંદોલન મેળવવું હોય તો આપણે પૂર્ણ જન્મતારીખ ઉપરથી જીવનપંથ (Life path) કે પૂર્ણ જન્માંક કાઢીએ છીએ તેવી રીતે આપેલ દિવસની તારીખ, માસ અને વર્ષનો સરવાળો કરીને મિશ્ર કે મૂળ અંક કાઢવો પડે છે. ઉદાહરણ તરીકે ૮-૫-૧૯૭૨ની તારીખ લઇએ.

૮+૫+૧+૯+૭+૨=૩૨=૩+૨=૫

તો આ તારીખનો સાર્વત્રિક આંદોલન અંક ૫

આવ્યો. આ સાર્વત્રિક દિવસ ફક્ત જળજૂથવાળાઓ માટે અનુકૂળ રહેશે, જ્યારે અગ્નિ અને વાયુ જૂથવાળાઓને માટે તે પ્રતિકૂળ બની રહે છે.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી તા. ૧૧-૧૧-૧૯૧૮ના દિવસે સંધિપત્રક ઉપર સહી કરવામાં આવી હતી. આ દિવસનો સર્વદેશીય દિવસ ૧+૧+૧+૧+૧+૯+૧+૮=૨૩=૫ આવે છે. આ દિવસ આઝાદી, અજંપો અને અસ્થિરતા સૂચવે છે. આ દિવસ આ રીતે ઘણો જ ખરાબ ગણાય. પણ જો તારીખ ૧૨-૧૧-૧૯૧૮ પસંદ કરવામાં આવી હોત તો તે આ કાર્ય માટે ઉત્તમ સાબિત થઈ હોત. તા. ૧૨-૧૧ -૧૯૧૮નો સાર્વત્રિક દિવસ ૬ આવત અને તે સ્થિરતા, સંવાહિતા ઘર તથા સમાજનો દ્યોતક છે.

અમેરિકાને તા. ૪-૭-૧૭૭૬ના દિવસે આઝાદી મળી હતી. આ તારીખનો સર્વદેશીય દિવસ (૪+૭+૧+૭+૭+૬ =૩૨=૫) ૫ આવે છે. આ દિવસ સાહસ, અચોક્કસતા વગેરેનો દ્યોતક છે. તેથી જ તેમણે આઝાદી માટે હંમેશાં લડતા રહેવું પડે છે.

૪થી જુલાઈ ૧૯૦૩ના દિવસે પહેલી જ વખત દુનિયામાં એક સ્થળેથી બીજે સ્થળે તારથી સંદેશો મોકલવામાં આવ્યો. આ તારીખનો સાર્વત્રિક દિવસ (૪+૭+૧+૯+૦+૩=૨૪=૬) ૬ થાય છે આ દિવસ ઉત્તર-દાયિત્વનો દ્યોતક છે તથા ઘર, કુટુંબ, સમાજ, દેશ તથા વિદેશો સાથે મૈત્રીસંબંધો ગાઢા કરવા માટે સારો છે. તેથી તારસંદેશાથી દુનિયાના વિવિધ દેશો વચ્ચે પ્રગાઢ

અને મિત્રતાભર્યો સંબંધો સ્થાપી શકાયા છે.

પ્રથમ સફળ વિમાની ઉડ્ડયન તા. ૧૭-૧૨-૧૯૦૩ના રોજ થયું હતું. આ તારીખનો સાર્વત્રિક દિવસ પણ ૬ આવે છે. આ દિવસ ઘર અને દેશમાં સ્થિતિ સુધારવા માટેનો સંગીન દિવસ છે. એરોપ્લેનો કાયમ માટે રહેવાનાં છે. તથા સમાજ અને વિશ્વના દેશોના લોકોના હિત માટે પણ તેનો ઉપયોગ થતો જ રહેશે.

## સાર્વત્રિક કે સર્વદેશીય દિવસોની વિગતો

૧. આ દિવસ ધ્યેય, નિશ્ચય, પ્રવૃત્તિને આક્રમણનો દિવસ છે આ દિવસ પરિવર્તન કે ફેરફાર માટે સારો છે, તમારી વસ્તુઓ અને વિચારોનું આજે વેચાણ કરો. આજનો મુખ્ય સૂર "પ્રવૃત્તિ" છે.

૨. આ દિવસ સ્વીકૃતિ અને આવકારનો દિવસ છે. આ દિવસ શાંતિ, અભ્યાસ અને વસ્તુઓ ભેગી કરવાનો છે. મૃત્યુની જાહેરાતોમાં આજે વધારો થશે. આજે કુનેહ અને મુત્સદ્દીગીરીથી કામ લેવાની જરૂર છે. આજનો મુખ્ય ધ્વનિ "સહકાર" છે.

૩. આનંદપૂર્વકની આત્મ-અભિવ્યક્તિ અને પ્રવૃત્તિ. માટેનો આ દિવસ છે આ આંદોલન માનસિક ઉદ્વેગ અને અજંપાવાળું છે. આ દિવસે તમે નાટક સિનેમા, હોટેલ, રેસ્ટોરન્ટ વગેરેની મુલાકાત લો અને સ્નેહસંમેલનો અને સામાજિક સમારંભો અને મેળાવડાઓમાં ભાગ લો તે જ

સારું છે. આ દિવસનો મુખ્ય ધ્વનિ "મળતાવડાપણું" કે "સામાજિકતા" છે.

૪. આ દિવસ ચીલાચાલુ, રોજિંદા અને વિગતોવાળાં કામો કરવા માટે યોગ્ય છે તમે આજે કરકસરથી રહેજો. બજારો સ્થિર રહેશે, તમારા પૂરા બળ અને શક્તિથી તમારી જાતને આગળ ધપાવો. આજનો મુખ્ય ધ્વનિ "સખત પરિશ્રમ" છે.

૫. પ્રવૃત્તિ, સ્વતંત્રતા, ઉશ્કેરાટ, ઉત્તેજના અને જિજ્ઞાસાથી ભરપૂર એવો આ દિવસ છે, મળેલી તકનો લાભ લો તથા વેચાણમાં વધારો કરો. મુસાફરી માટે પણ સારો છે, આજનો મુખ્ય સૂર "ઉત્સાહ" છે.

૬. આજે તમે ઘર, કુટુંબ, સ્વાસ્થ્ય, શિક્ષણ અને સમાજ માટે કામ કરજો, નવું મકાન બાંધવા તથા કરારનામા ઉપર સહી કરવા માટે પણ આ દિવસ સારો છે. દલીલોથી વેગળા રહેજો તથા સાંજનો સમય ઘેર રહીને પસાર કરજો. આજનો મુખ્ય ધ્વનિ "જવાબદારી" છે.

૭. આ દિવસ, ધ્યાન, શાંતિ, આરામ અને આત્મ નિરીક્ષણનો છે. આજે ખનિજ પદાર્થો તથા તેના શેરોના ભાવો વધે એવી શકયતા છે. વસિયતનામું કે બીજા કાયદાના કાગળો તૈયાર કરવા માટે આ દિવસ સારો છે. આજનો મુખ્ય ધ્વનિ "સંપૂર્ણતા" છે.

૮. આ દિવસ મોટા વેપારધંધા, સહકાર, માર્ગદર્શન, દિગ્દર્શન અને શક્તિ માટેનો છે. કંપનીઓના ડાયરેકટરોની

મિટિંગ ભરવા માટે પણ સારો છે. મોટા મોટા કોન્ટ્રાકટ ઉપર સહી કરો તથા સ્થિર અને પ્રમાણભૂત (Standard) લોનશેરમાં રોકાણ કરો. આજનો મુખ્યસૂર "વ્યવસ્થા" છે.

૯. આ દિવસ શક્તિ, સહિષ્ણુતા, પ્રેમ અને સિદ્ધિનો છે. મોટા પાયા પર જાહેરાત કરો તથા ભાષણ કરો. આજે તમે તારટેલિફોન દ્વારા સામાજિક બાબતોનો સારો રીતે ઉકેલ લાવી શકશો આજનો મુખ્ય ધ્વનિ "શુભેચ્છા" છે.

૧૧. આ દિવસ ભવિષ્યદૃષ્ટિ ( Vision ), પ્રેરણા, નેતૃત્વ અને પ્રગતિ માટે છે. આ શ્રેષ્ઠ દિવસ છે વિદ્યુત, એન્જિનિયરીંગ, રેડિયો, ટેલિવિઝન અને હવાઈ ઊડ્ડયનમાં સંશોધન તથા પ્રગતિ માટે સારો છે જાહેરમાં આવવા પ્રયત્ન કરો. આજનો મુખ્ય સૂર "જ્ઞાન-પ્રકાશ" છે.

૨૨. મોટી મોટી યોજનાઓનો આરંભ કરવાનો તથા આદર્શ અને વ્યવહારિકતાનો સુમેળ સાધવા માટેનો આ આંતરરાષ્ટ્રીય દિવસ છે, મોટા અને સારા વિચારો, ઉદ્યોગ ધંધાઓ, અને સંસ્થાઓને આગળ ધપાવવા માટે પણ આ સારો દિવસ છે, આજનો મુખ્ય ધ્વનિ "પ્રેરણાત્મક વિચારોનો વ્યવહારિક ઉપયોગ છે.

## સાર્વત્રિક માસ

સાર્વત્રિક માસ શોધવા માટે માસના અંક અને વર્ષના અંકનો સરવાળો કરીને મુખ્ય અંક શોધવો પડે છે જાન્યુઆરી ૧૯૭૦નો સાર્વત્રિક માસ (૧+૧+૯+૭+૦=

૧૮=૯) ૯ આવશે અને નવેમ્બર ૧૯૭૧ નો (૧+૧+૧+૯+૭+૧=૨૦=૨) સાર્વત્રિક માસ ૨ આવશે. આ રીતે કોઈ પણ માસનો સાર્વત્રિક માસ શોધી શકાશે માસના અંકો તેમના ક્રમ પ્રમાણે છે, જાન્યુઆરીનો અંક ૧ અને ડિસેમ્બરનો અંક ૧૨ છે સાર્વત્રિક માસ ઉપર સાર્વત્રિક વર્ષની અસર પડે છે, છતાંય દરેક માસને તેની અલગ બાજુ પણ હોય છે.

## સાર્વત્રિક માસની વિગતો

૧. પ્રગતિ, નવા વિચારો, કમિટિઓ અને નેતૃત્વ.

૨. રાજકારણ, શાંતિ, સંગ્રહ અને નિરીક્ષણ.

૩. આનંદ, સર્જન, મનોરંજન અને પ્રવૃત્તિ.

૪. ભાવ અને સમયપત્રકો, નિયમિતતા, શક્તિ, સખત શ્રમ અને આત્મસંયમ.

૫. મુસાફરી, ઝડપ, વેચાણ, ઉત્સાહ અને શેરસટ્ટો.

૬. ઘર અને સામાજિક બાબતો, શિક્ષણ, સ્વાસ્થ્ય, લગ્ન અને સૌંદર્ય.

૭. અંતઃજ્ઞાન, સંશોધન, પૃથક્કરણ, માનસિક શાંતિ, પૃથક્કરણ અને આર્થિક બાબતોમાં-સુધારો કે પ્રગતિ.

૮. વૃદ્ધિ, વિકાસ, વ્યવસ્થા, એન્જિનિયરીંગ, મંડળીઓ, સંસ્થાઓ તથા નગરપાલિકાઓ.

૯. પૂર્ણતા, પ્રગતિ, માણસોને સમજવા તથા બીનજરૂરી વસ્તુઓનો ત્યાગ.

૧૧. અંતઃપ્રેરણા, ધર્મ, આધ્યાત્મિકતા, વિદ્યુત, રેડિયો, ટેલિવિઝન, હવાઈ ઊડ્ડયન અને અવકાશ સંશોધન તથા સફર.

૧૨. રેલ્વે એન્જિનિયરીંગ, સુધારા તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય યોજનાઓ.

## સાર્વત્રિક વર્ષ

સાર્વત્રિક વર્ષ શોધવા તે વર્ષના (ઈસ્વી. સનના વર્ષના) અંકોનો સરવાળો કરીને મૂળ અંક શોધવો પડે છે. ૧૯૭૧ નું સાર્વત્રિક વર્ષ (૧+૯+૭+૧=૧૮=૯) ૯ અને ૧૯૭૫ નું સાવત્રિંક વર્ષ (૧+૯+૭+૫=૨૨=૪) ૪ થશે.

## સાર્વત્રિક વર્ષની વિગતો

૧. આ વર્ષે નવીન સિદ્ધિઓ ખાસ કરીને એન્જિનિરીંગ અને હવાઈ તથા અવકાશ ઉડ્ડયનના ક્ષેત્રે જોવા મળશે.

૨. આ વર્ષ સંગ્રહ ભંડોળ, કરારો, શાંતિ, મુત્સદ્દીગીરી અને મોટે ભાગે રાજકારણથી ભરપૂર હશે.

૩. આ વર્ષ મનોરંજક અને સામાજિક પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ અને વિકાસનો સૂચક છે. તેથી આ વર્ષ આનંદ, મનોરંજન, મોજશોખ અને સર્જનાત્મક અભિવ્યક્તિનું વર્ષ છે. સમાજ અગત્યનો ભાગ ભજવશે. તમારી શક્તિઓનો વિસ્તાર કરી શકશે.

૪. આ વર્ષ રમતગમત, મોજશોખ અને મનોરંજન

માટેનું છે. ભવિષ્યનાં કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરવા માટે આ વર્ષે દઢ પાયો નાખવા માટે આ વર્ષ ઉત્તમ છે. સખત પરિશ્રમ, ત્રેવડ તથા કરકસરની જરૂર આ વર્ષે પડશે. તમારા કામમાં નિયમિત અને ચોક્કસ બનજો. આ વર્ષ કસોટીનું પૂરવાર થશે.

૫. આ વર્ષ નવીન શોખ, અભિરુચિ, બહુગુણી, પ્રતિભા, જિજ્ઞાસા અને પ્રવૃત્તિવાળું છે. તમે મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, ગૂઢ અને ઈન્દ્રિયાતીત વિષયોમાં રસ લેતા થશો. ૪ વર્ષ કરતાં આ વર્ષ ઓછું કઠિન અને ઓછી કસોટીઓ વાળું પૂરવાર નશે.

૬. આ વર્ષ પ્રેમ અને પરિણય તથા ગૃહજીવન અને સમાજ માટેનું છે. આ વર્ષ લગ્નોની સંખ્યામાં વધારો, શિક્ષણમાં પ્રગતિ અને સ્વાસ્થ્યને લગતી બાબતોમાં સુધારો થશે. આ વર્ષે ઘણાં નવાં મકાનો, સ્કૂલો, કોલેજો અને કલબો બંધાશે.

૭. આ વર્ષ વિકાસ કરતાં પૃથક્કરણ કરવા અને સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ભાગે ખેતીવાડી અને ખાણ ઉદ્યોગમાં પડેલાઓ માટે આર્થિક રીતે સારું છે. બીજાઓ માટે થોડું છે.

૮. આ વર્ષ સુખસમૃદ્ધિ અને તાકાત સૂચવે છે. આ આ વર્ષ પ્રગતિ બઢતી અને મોટા પાયા પરનો વેપારધંધો સૂચવે છે. આ વર્ષે એન્જિનિયરીંગને લગતી યોજનાઓ સફળ થશે.

૯. આ વર્ષનો મુદ્રાલેખ "તમારા પાડોશીને ચાહો." "Love thy neighbour" હોવો જોઈએ. આ વર્ષ અધૂરાં રહેલાં કાર્યો પૂરાં કરવાનો તથા સાફસૂફીનો છે. તમે આ વર્ષે પ્રેમ અને માનવતાને પ્રાધાન્ય આપજો. તમે જો આ વર્ષે પ્રેમ, નિસ્વાર્થતા તથા સહિષ્ણુતા નહીં વિકસાવો તો તમારે ઘણું સહન કરવું તથા ઘણું ગુમાવવું પડશે.

૧૧. પ્રગતિકારક બાબતો માટે આ વર્ષ સારું છે. આ વર્ષ અંતર્જ્ઞાન અને આદર્શોવાળું રહેશે. વિકાસ અને પ્રગતિ માટે પણ સારું છે. ધાર્મિક, આધ્યાત્મિક તથા ગૂઢ અને અતીંદ્રીય વિષયોમાં લોકોનો રસ વધશે. સમાજ સુધારણા, પુનરુદ્ધાર તથા પુનર્જીવન માટેની સભાઓમાં ભીડ રહેશે.

૨૨. આ વર્ષ આદર્શવાદ અને ભૌતિકવાદના સુભગ સમન્વય માટે ઉત્તમ છે. આ વર્ષે વેપારધંધા તથા ઉદ્યોગોમાં મહાન વિકાસ તથા વૃદ્ધિ થશે. તથા દુનિયાની મહાન યોજનાઓ સાકાર બનશે.

ઉપરોક્ત પદ્ધતિ કીરો અને મોન્ટ્રોઝની પદ્ધતિથી જુદી છે. હેલન હિચકોકની પદ્ધતિમાં અંક ૧૧ અને ૨૨ ને મૂળ અંકો જેટલું જ અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે.

સાર્વત્રિક કે સર્વદેશીય માટે અંગ્રેજી શબ્દ Universal છે. અને તેનો અર્થ બધા લોકોને, બધા દેશોને સંબંધિત એવો થાય છે. આપણે કોઈ વખત જ્યોતિષની દૃષ્ટિએ

જાણવા માગીએ છીએ કે અમુક દિવસ, માસ કે વર્ષ સામાન્ય રીતે એટલે કે બધાંને માટે કેવું જશે તેવો આ સાર્વત્રિક કે સર્વદેશીય દિવસ કે વર્ષનો અર્થ થાય છે. આપણે ઉદાહરણથી આ વાત વધુ સ્પસ્ટ કરી શકીશું. ધારો કે આપણે જાણવું છે કે (૧) ૩૧-૭-૧૯૭૨ નો દિવસ, (૨) સપ્ટેમ્બર ૧૯૭૪ નો માસ અને (૩) ૧૯૭૫ નું વર્ષ બધાંને માટે કે સર્વસામાન્ય રીતે કેવું જશે.

(૧) ૩૧-૭-૧૯૭૨ નો સાર્વજનિક દિવસ (૩+૧+૭ +૧+૯+૭+૨=૩૦=૩) ૩ થશે. તેથી તેના વિષેની માહિતી તમે આ પ્રકરણમાં આપેલ સાર્વજનિક દિવસ ૩ માંથી મેળવી શકશો.

(૨) સપ્ટેમ્બર ૧૯૭૪ નો સાર્વજનિક માસ (૯+૧+ ૯+૭+૪=૩૦=૩) ૩ થશે તો તે માસનું ફળ તમે સાર્વત્રિક માસની નીચે અંક ૩ માં જોઈ શકશો. (૩) ઈ. સ, ૧૯૭૫નું સાર્વત્રિક વર્ષ (૧+૯+૭+૫=૨૨) ૨૨ થશે. તેનું પરિણામ પણ તમે સાર્વત્રિક વર્ષ ૨૨ માંથી જોઈ શકશો.

સાર્વત્રિક આંદોલનો દરેકને સ્પર્શે છે, જ્યારે હવે પછીના પ્રકરણમાં આવનાર અંગત દિવસ, માસ અને વર્ષનાં આંદોલનો વ્યક્તિગત એટલે અમુક માણસને લાગું પડનારા હોઇને અંગત હોય છે.

---

# પ્રકરણ ૨૨ મું

## અંગત દિવસો, માસ અને વર્ષો

આપણે આગળના પ્રકરણમાં સર્વદેશીય દિવસ, માસ અને વર્ષ વિષે જોઈ ગયા તેનાં આંદોલનો દરેક જણને સ્પર્શે છે કે લાગું પડે છે. તે આપણામાંના દરેકને સામાન્ય દિશાસૂચન કે દિગ્દર્શન કરાવે છે. પણ આ ઉપરાંત આપણા દરેકને માટે આંદોલનો દરેકને વ્યક્તિગત રીતે કે અંગત રીતે માર્ગદર્શન આપે છે. સાર્વત્રિક આંદોલનો આપણા અંગત આંદોલનોની આડે આવતાં નથી કે તેને અવરોધરૂપ પણ થતાં નથી.

### અંગત દિવસો

અંગત દિવસ શોધવા માટે તમારે પ્રથમ અંગત વર્ષ (Personal Year) શોધવું. તે માટે તમારે તમારી જન્મતારીખ અને જન્મમાસ, સાર્વત્રિક વર્ષમાં ઉમેરવા પડશે. ધારો કે તમારી જન્મતારીખ ૨૯-૭-૧૯૩૭ છે અને તમારે ૧૯૭૩નું અંગત વર્ષ શોધવું છે.

જન્મદિવસ+જન્મમાસ+સાર્વત્રિક વર્ષ=અંગત વર્ષ

| | | | |
|---|---|---|---|
| ૨૯ | | ૭ | ૧૯૭૩ |
| ૨ | + | ૭ | + ૨=૧૧ |

૨+૯+૭+૧+૯+૭+૩=૩૮=૧૧

ઉપરોક્ત રીતે સરવાળો કરતાં તમારું ૧૯૭૩નું અંગત વર્ષ ૧૧ આવે છે અને તે ઘણું જ ઉત્તમ સાબિત થશે. જો તમારી જન્મતારીખ ૮-૧૦-૧૯૫૧ હોય અને તમારે ૧૯૭૫નું અંગત વર્ષ શોધવું હોય તો તે (૮+૧૦+૧૯૭૫=૩૧=૪) ૪ આવશે.

હવે અંગત વર્ષ ઉપરથી તમારે અંગત દિવસ શોધવો હોય તો તમારે તમારા અંગત વર્ષમાં જરૂરી તારીખ અને માસ ઉમેરો. ધારો કે તમારું અંગત વર્ષ ૧૧ છે અને તમારે ૫મી નવેમ્બર વિષે જાણવું છે. તો તમારો અંગત દિવસ (૧૧+૫+૧૧=૨૭=૯) ૯ આવશે. અંગત દિવસ અંગત વર્ષ શોધ્યા વિના નીચેની રીતે પણ શોધી શકાય છે. ધારો કે તમારી જન્મતારીખ ૨૯-૭-૧૯૭૩ છે અને તમારે ૫મી નવેમ્બર ૧૯૭૩નો અંગત દિવસ શોધવો છે. તે તમારે તમારી જન્મતારીખ અને જન્મમાસ સાર્વત્રિક દિવસમાં ઉમેરવો પડશે.

પ્રથમ સાર્વત્રિક દિવસ=૫+૧૧+૧૯૭૩

=૫+૧+૧+૧+૯+૭+૩

=૨૭=૯

હવે અંગત દિવસ=જન્મ તારીખ+જન્મ માસ+સાર્વત્રિક દિવસ

=૨૯+૭+૯

=૨+૯+૭+૯

=૨૭=૯ આવશે.

પ્રથમ રીતે પણ અંગત દિવસ ૯ આવ્યા હતો. બંને રીતે અંગત દિવસ એક જ આવશે. પણ બીજી રીત સહેલી લાગે છે.

અંગત દિવસ=અંગત વર્ષ+માસ+તારીખ

**અથવા**

અંગત દિવસ = જન્મતારીખ + જન્મમાસ + સાર્વત્રિક દિવસ ધારો કે આપણે આપણા વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની તારીખ ૭-૨-૧૯૭૨ નો અંગત દિવસ શોધવો છે. તેમની જન્મ તારીખ ૧૯-૧૧-૧૯૧૭ છે. માટે તેમનો અગંત દિવસ= ( ૧૯+૧૧+૭૫૩+૧+૯+૭+૨=૪૦=૪ ) ૪ આવશે. તેના વિષે તમે આગળ વિસ્તારથી વાચી લેશો. હવે આપવે અંગત દિવસોની વિગતો જોઈશું.

# અગંત દિવસોની વિગતો

## ૧. કાર્ય, પ્રભાવ અને વ્યક્તિત્વ

કંઈક નવીન વસ્તુની શરૂઆત કરો. તમારા મૌલિક વિચારોને આગળ ધપાવો. કોઈની મહેરબાની મેળવવા માટે આ દિવસ સારો છે. તમારા શેઠ કે ઉપરી અધિકારીને બઢતી કે પગારવધારા માટે વિનંતી કરો નોકરીની નવી જગ્યા માટે અરજી કરો. આગળથી નક્કી કર્યા પ્રમાણે ફેરફારો કરો. પ્રવૃત્તિશીલ રહો, સ્વતંત્ર, ઉત્સાહી અને આક્રમક બનો તથા તમારી અંતઃપ્રેરણા પ્રમાણે કાર્ય કરો. યાદ રાખો કે તમારી સફળતાનો આધાર તમારા ઉત્સાહ,

તમારી તત્પરતા અને તમારી આત્મનિર્ભરતા ઉપર છે. ઝડપી નિર્ણયો લો. તમારા ઘર અને ઓફિસ માટે નવી રીતો તથા પદ્ધતિઓ અજમાવો. આજે શરૂ કરેલી વસ્તુઓ, કાર્યો અને યોજનાઓ ઝડપથી પ્રગતિ કરશે.

સલાહ સૂચનો–એવાં કપડાં પહેરો કે જેથી તમે બીજાઓથી જુદા તરી આવો તથા નિરાળા લાગો. પહેરવેશ માટે તમે આજે રીબન, પટ્ટીઓ, પટ્ટા અને દુપટ્ટાઓનો ઉપયોગ કરો.

## ૨. સહકાર, ભલાઈ અને પરોપકાર

તમારું પાછલું લેણું ઉઘરાવવા માટે આ દિવસ સારો છે. દલીલોથી દૂર રહેજો, કારણ કે તેનાથી કંઈ લાભ થવાનો નથી. જૈનોનો સ્યાદ્‌વાદ સ્વીકારજો, એટલે કે બીજા માણસો પણ સાચા હોઈ શકે તેવું દૃષ્ટિ બિંન્દુ કેળવજો. તેથી તમને ઘણો ફાયદો થશે. વાતો ઓછી કરો અને બીજાઓને ધ્યાનથી સાંભળો. આગેવાની લેવાને બદલે બીજાઓને અનુસરો. સહિષ્ણુ તથા સારા સ્વભાવના બનો. બીજાઓની વાતને ગ્રહણ કરતાં, આવકારતાં કે સમજતાં શીખો ચારે બાજુએ સંવાદિતા ફેલાવો, શાંતિના ચાહક સ્થાપક તથા પ્રચારક બનો, કુનેહ અને મુત્સદ્દીગીરીથી તમે મૈત્રીસંબંધો દઢ અને સંવાદી બનાવો. એકઠું કરવા માટે તથા પૃથક્કરણ કરવા માટે આ દિવસ સારો છે.

સલાહ સૂચનો–બીનભપકાદાર અને બીજાઓનું ધ્યાન ન ખેંચે તેવો પોષાક અપનાવો, શાંત, વિનયી, નમ્ર, શરમાળ તથા સંકોચશીલ બનો. ઘેરા અને ગંભીર

લાગે તેવા રંગવાળાં કપડાં પહેરો. જો તમે નિરાશ કે હતાશ થયા હશો તો પીળો પોષાક તમારામાં જુસ્સો પ્રેરશે.

## ૩. સમાજ, મનોરંજન અને વિનોદ

ચિંતા કરો નહીં. વસ્તુઓને જેવી હોય તેવી એટલે કે તેમના અસલ સ્વરૂપમાં ઓળખતાં, સમજતાં અને સ્વીકારતાં શીખો, તમે તમારી શક્તિઓને ગમે તેમ વેડફી નાખશો નહીં, પણ તનો લેખન, અભિનય, ચિત્રકળા અને સંગીત જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરો. તમે જાતે સુખી અને આનંદી બનો તથા બીજાઓને પણ સુખી અને આનંદી બનાવો. અને તે માટે તમારી વિનોદવૃત્તિ અને હાસ્યવૃત્તિનો સારો એવો ઉપયોગ કરો. તમારા મિત્રો, સંબંધીઓ તથા સહકાર્યકર્તાઓને મનોરંજન કરાવો. ગમ્મત કરો, મજા કરો તથા આનંદ કરો, ગોલ્ફ, બ્રિજ વિગેરે રમો, નૃત્ય કરો, નાટકસિનેમા જુઓ તથા સૌંદર્ય પ્રસાધનોના ખંડોની મુલાકાત લો, કાયાકલ્પ કરો કે નવી જુવાની પ્રાપ્ત કરો, એટલે કે જુવાનની માફક શક્તિશાળી બનો. નવાં કપડાં ખરીદો અને તે પહેરીને સમાજમાં ફરો. રમતાંરમતાં એટલે કે હળવાશથી તમારું કાર્ય કરો.

સલાહ સૂચનો–ફેશન કે સ્ટાઈલને બદલે સુખ-સગવડ અને આરામ માટે કપડાં પહેરો. નરમ, સુંવાળો તથા આનંદદાયક પોષાક અપનાવો. વળાંક કે વક્રરેખાઓથી શરમાશો નહીં. કોર, કિનાર, પાલવ, ઝૂલ, ઝાલર અને ઘરેણાંનો સારો એવો ઉપયોગ કરો.

## ૪. રોજિંદુ કાર્ય અને એકાગ્રતા

આજે તમે સખત પરિશ્રમ કરો, તમારા કામ ઉપર તમારી સમગ્ર શક્તિ કેન્દ્રિત કરીને તમારા કામને વ્યવસ્થિત બનાવો તથા તમારું કામ પદ્ધતિસર, કરકસરથી અને સમયસર પૂરું કરો. ત્રેવડ અને કરકસર કરો તથા પૈસા બચાવીને બેન્કમાં ખાતું ખોલાવો. આજે કંઈ પણ નવું કાર્ય શરૂ કરશો નહીં, પણ રોજિંદા કાર્યની વિગતો તપાસીને તેને સારી રીતે પૂર્ણ કરો. આ દિવસ બીજાઓની મહેરબાની મેળવવા માટે તથા વિજાતીય વ્યક્તિઓ પાસે કામ કરાવવા માટે શુભ નથી. સારી રીતે પૂર્ણ કરેલું કાર્ય જ આજે તમને સારો સંતોષ આપી શકશે.

સલાહ સૂચનો–તમે આજે કપડાંની બાબતમાં સ્વચ્છતા, ચોક્કસાઈ અને રૂઢિચૂસ્તતા અપનાવો. ઘેરા રંગવાળાં અને સીધી લીટીઓની ડિઝાઈનવાળાં કપડાં પહેરો.

## ૫. સ્વતંત્રતા અને ઉત્સાહ

ઝડપથી અને નવીન ઢબે કાર્ય કરો કે જેથી સમાજમાં એટલે લોકોમાં તમારા માટે જિજ્ઞાસા ઉત્પન્ન થાય. નવા વિચારોને આગળ ધપાવીને ચારે તરફ ઉત્સાહ પ્રસરાવો. તેનો ચેપ બીજાઓને પણ લાગશે અને તમારા ગ્રાહકો પણ તમને ધ્યાનથી સાંભળશે. આ દિવસ મુસાફરી તથા ખરીદવેચાણ માટે શુભ છે. તમારા વિચારો અને સૂઝ પ્રમાણે કોઈ નવીન તક ઝડપી લો. ધંધાના વિકાસ અને વૃદ્ધિ માટે નવીન રીતો તથા યુક્તિઓનું સંશોધન કરો.

અને તેનું વેચાણ વધારો. વિજાતીય વ્યક્તિઓ પાસે કામ કરાવવા માટે આ દિવસ સારો છે. આજે તમે ખેલકૂદ અને રમતગમતોમાં સક્રિય ભાગ લો.

સલાહ સૂચનો–ફેશનમાં આગેવાની લો. ખેલકૂદમાં શોભે તેવાં કપડાં પહેરો. તમે વિનોદી, હસમુખા અને ચપળતાથી વાતચીત કરનારા બનો.

## ૬. ઉત્તરદાયિત્વ, સંવાદિતા

બીજાઓના કલ્યાણ માટે જવાબદારી ધારણ કરો. ઘર, કુટુંબ, ઓફિસ અને સમાજની સ્થિતિ સુધારો. બીજાઓના સુખસગવડ માટે તમે સંવાદી અને સાનુકૂળ બનો. તમારી સલાહ માગવામાં આવે ત્યારે છૂટથી આપો: તમે આજે હુકમો કે આજ્ઞાઓ કરશો નહીં. તમારા મિત્રો અને કુટુંબીજનોના ભલા માટે ઉત્સુક બનો. તેમના સ્વાસ્થ્ય, શિક્ષણ અને આનંદપ્રમોદ માટે તમારાથી શક્ય હોય તે બધું જ કરી છૂટજો. સામાજિક અને શૈક્ષણિક યોજનાઓને વ્યવસ્થિત કરો. આ દિવસ ખરીદી તથા મકાન બાંધવા કે ભાડે આપવા માટે સારો છે, દલીલો કરવાની નિષેધાત્મક વૃત્તિ ત્યજો. પ્રેમ તથા પરિણય માટે આ દિવસ શુભ છે.

સલાહ સૂચનો–સ્ટાઈલ કે ફેશનને બદલે સુખ-સગવડ માટે પોશાક પહેરો, લાંબી રેખાઓવાળો કલાત્મક પોશાક પહેરો. ઘર કે ઓફિસ માટે નવું ફર્નિચર ખરીદો.

કોઈપણ બાબતમાં અતિશયોક્તિ કરશો નહીં. આ કૌટુમ્બિક દિવસ છે.

## ૭. મનન, ચિંતન, ધ્યાન અને પૂર્ણતા

આ દિવસ આધ્યાત્મિક છે અને તેથી ભૌતિક સફળતા કે સમૃદ્ધિ માટે સારો નથી. તમે જે કંઈ કામ હાથમાં લીધું હોય તો સારી રીતે પૂર્ણ કરો. તમારા અંતરાત્માના અવાજને સાંભળો તથા અનુસરો. થોડો સમય શરીરના સ્નાયુઓ અને અવયવોને ઢીલા કરો તથા આરામ કરો. કામ કરવા માટે તમારી શક્તિ કેન્દ્રિત કરો. પચાસ પચાસ ટકાની ભાગીદારી હોય તેવા કાર્ય, યોજના કે ધંધામાં આજે જોડાશો નહીં. આ દિવસ પુરાતત્વની ચીજો, ઝવેરાત અત્તરો અને સુગંધી દ્રવ્યોના ધંધા માટે સારો છે. જો તમે ધૈર્ય રાખશો તથા રાહ જોશો તો વસ્તુઓ આપમેળે તમારી પાસે આવશે માટે ધીરજથી કામ કરજો.

સલાહ સૂચનો–તમે શિષ્ટાચારવાળા, ઓછાબોલા તથા દુર્ગમ બનો. જ્યાંથી મળે ત્યાંથી જ્ઞાન પ્રાપ્ત કરો. ભૂરા રંગનાં ઉત્તમ અને સુંદર કપડાં પહેરો. સમતુલા, અતડાપણું તથા કળાકસબની પદ્ધતિ વિકસાવો.

## ૮. દુન્યવી શક્તિ તથા ધંધાકીય વિકાસ

એક મોટા ધંધાના વગદાર કારભારી કે મેનેજર હો તેવું આજે વાતાવરણ ખડું (ખડું) કરો. મોટા કોન્ટ્રાક્ટો ઉપર સહી કરો ઉદ્યોગધંધાની વૃદ્ધિ તથા વિકાસ માટેના

કારોબાર માટે આ દિવસ સારો છે. મોટી મોટી સોસાયટીઓ, કોર્પોરેશનો અને મંડળીઓ તથા આર્થિક સંસ્થાઓ સાથે કામ કરો. તમારા કાર્યો અને યોજનાઓ પૂર્ણ બનાવવા માટે કુનેહ, ચતુરાઈ અને મુત્સદ્દીગીરીનો ઉપયોગ કરો. પ્રમાણભૂત લોન તથા શેરોમાં રોકાણ કરો. તમે આર્થિક કઠિનાઈમાં હો તોપણ પૈસાદાર હોવાની બીજાઓ ઉપર પાડો. શકય તેટલી બીજાઓને મદદ કરો અને તેમને તેનો સારો એવો બદલો જરૂરથી મળશે.

સલાહ સૂચનો:–કીંમતી દેખાતો હોય તેવો પોષાક વાપરો, મોટા માણસોની સોબત રાખો, જાડા અને બરછટ ઊનના જેવા કાપડમાંથી બનાવેલો પોષાક પહેરો અને તે રીતે પૈસાદાર તથા લાગવગવાળા દેખાવા પ્રયત્ન કરો.

## ૯. નિસ્વાર્થતા, માનવતા અને કલાત્મ શકિત

તમારી પાસે કઈ કઈ વસ્તુઓ છે તેની યાદી બનાવો તથા તેની ચોક્કસાઈ કરો. આજે અધૂરાં રહેલાં કાર્યો પૂરાં કરો અને આવતી કાલે સ્લેટથી શરૂઆત કરો. વિશ્વપ્રેમ તથા વિશ્વ બંધુત્વ માટે આ દિવસ સારો છે. "આત્મવ તુ સર્વભૂતષુ" પ્રમાણે વર્તવા કોશિષ કરો. દરેક જણમાં કંઈક સારું, વખાણવા જેવું કે કદર કરવા જેવું હોય છે. તમે તે શોધી કાઢો એટલે કે બીજાઓની સારી બાજુ તરફ નજર કરો. જૂના ઝગડાઓ સમેટી લો. મુશ્કેલીઓ અને અડચણો અને ગેરસમજૂતીઓ માટેની જવાબદારીઓ સ્વીકારો. જો તમે શુભેચ્છાનાં બીજ વાવશો તો ભવિષ્યમાં તમને તેનાં સારાં ફળ ચાખવા મળશે.

આજે તમે તાર ટેલિફોન તથા રેડિયોટેલિગ્રાફની મદદથી દૂર દેશાવર સાથે વેપારધંધો કરી શકશો. સમાજ સમક્ષ તમારી શક્તિઓ વ્યક્ત કરો. વિશાળ જનસમુદાયનો સંપર્ક સાધવા તથા લાંબી મુસાફરી કરવા માટે આ ઉત્તમ દિવસ છે.

સલાહ સૂચનોઃ–આ દિવસ પ્રેમનો તથા માનવતાનો છે. તેથી બધા જ પ્રકારના લોકો સાથે હળોમળો તથા મિત્રતા રાખો મોહક અને પ્રેમાળ બનો. અસામાન્ય અને કલાત્મક હોય છતાં ય છેલ્લી કક્ષાનો ન હોય તેવો પોષાક પહેરો. "કરભલા, હોંગા ભલા." સૂત્ર અપનાવો એટલે કે ભલાઈનાં કાર્યો કરો.

## ૧૧. અંતર્જ્ઞાન, અંતપ્રેરણા, આદર્શ, ભવિષ્યદૃષ્ટિ પ્રસિદ્ધિ.

આ એક શ્રેષ્ઠ દિવસ છે. તમારા અંતરાત્મના અવાજને ધ્યાનથી સાંભળો તથા અનુસરો. જો તમારી પાસે કોઈ વિશિષ્ટ શક્તિ હોય તો તમે તેનો કોઈ સામાજિક સમારંભ કે કાર્યક્રમ માટે ઉપયોગ કરો. આગેવાન બનો અથવા અથવા બીજાઓને પ્રોત્સાહન આપો. રાષ્ટ્રીય ધોરણે જાહેરાત કરો. રેડીઓ ઉપરથી ભાષણનો કાર્યક્રમ આપો. બીજાઓના લાભ માટે તમારા જ્ઞાનનો ઉપયોગ કરો અને અસંખ્ય લોકોના પ્રેરણાસ્રોત બનો. તમારી સૂઝ પ્રમાણે કામ કરો. તમે ગતિશીલ, આદર્શવાદી અને આધ્યાત્મિક બનો. ભવિષ્યદૃષ્ટિ (Vision) માટે સાવચેત રહો. આજે વ્યવહારું બનશો નહીં. હવાઈ કિલ્લાઓ બાંધો તથા આદર્શ-

વાદી સ્વચ્છંદુષ્ટ બનો. ઝઘડાઓ સમેટી લો કે સમાધાન કરો. ગીત, અભિનય અને રાજકારણ માટે આ સારો દિવસ છે. ઘોડદોડની હરીફાઇઓ (Racas) જોવા જાવ.

સલાહ સૂચનોઃ–શાંત, શિષ્ટાચારી અને સમતોલ બનો. આરામ અને શાંતિનું વાતાવરણ સર્જો. બીજાઓનું ધ્યાન ખેંચે તેવો સર્જનાત્મક પોષાક અપનાવો. સમાજના લોકો સાથે ભળી જાવ.

## ૨૨. દુન્યવી બાબતો, વ્યાવહારિક પ્રાવીણ્ય, સહકાર અને વ્યવસ્થા.

મોટી મોટી યોજનાઓ ઘડો પણ સાથે સાથે તમારી આ યોજનાઓ આદર્શલક્ષી અને વ્યવહારુ છે. કે નહીં તેની ખાત્રી કરો. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બાબતોને વ્યવસ્થિત કરો કે આગળ ધપાવો. તમે જો નક્કર અને વ્યવહારું પાયા ઉપર કામ કરો તો આ દિવસ તમારા માટે અમર્યાદ શક્તિવાળો પૂરવાર થશે. કમનસીબે વ્યક્તિના જીવનકાળ દરમ્યાન આ શ્રેષ્ઠ દિવસ ભાગ્યે જ આવે છે. તેથી જ્યારે આ દિવસ આવે ત્યારે તેનો સદુપયોગ કરી લેવો જોઇએ આજે તમારા આદર્શોને વ્યવહારું તથા ઉપયોગી બનાવો.

સલાહ સૂચનોઃ–આજે તમે તાકાતવાન, સત્તાશીલ, સહકારની ભાવનાવાળા તથા સુત્રધાર બનો જાડા તથા ખરબચડા દેખાવા વાળાં, કીમતી લાગે તેવાં તથા ઘેરાં

રંગવાળાં વસ્ત્રો ધારણ કરો. તમે પૈસાદાર, લાગવગવાળા તથા અગત્યના માણસ છો તેવી હવા ફેલાવો.

## અંગત માસ Personal Month

અંગત માસ શોધવા માટે તમારા અંગત વર્ષમાં માસનો અંક ઉમેરીને મૂળ કે સાદો અંક શોધો. તે તમારો અંગત માસ આવશે. ધારો કે તમારું અંગત વર્ષ ૭ છે અને તમારે ડિસેમ્બર માસ માટે જાણવું છે. તો તમારો અંગત માસ (૭+૧૨=૧૯=૧) ૧ થશે. કોઈ પણ વર્ષ માટે સપ્ટેમ્બરનો મહીનો ૯મો હોવાથી સપ્ટેમ્બર માસ માટે અંગત માસ, અંગત વર્ષ જેટલો જ આવશે.

અંગત દિવસની માફક અંગત માસ પણ બીજી રીતે શોધી શકાય છે. ધારો કે તમારી જન્મતારીખ ૩૦-૧૦-૧૯૨૩ છે અને તમારે ડિસેમ્બર ૧૯૬૫નો અંગત માસ શોધવો છે. તો પ્રથમ તમે સાર્વત્રિક માસ શોધો અને તેમાં તમારો જન્મમાસ તથા જન્મદિવસ ઉમેરીને મૂળ અંક શોધો.

સાર્વત્રિક માસ = ૧૨+૧૯૬૫
= ૧+૨+૧+૯+૬+૫
= ૨૪=૬

તેથી અંગત માસ=જન્મતારીખ+જન્મમાસ+સાર્વત્રિક માસ

= ૩૦+૧૦+૬
= ૩+૦+૧+૦+૬=૧=૧૦ થાય

પહેલી રીત પ્રમાણે,

અંગત વર્ષ=જન્મદિવસ+જન્મમાસ+સાર્વત્રિક વર્ષ
= ૩૦+૧૦+૧૯૬૫
=૩+૦+૧+૦+૧+૯+૬+૫
= ૨૫=૭

હવે અંગત માસ=માસનો અંક + અંગત વર્ષ
= ૧૨+૭=૧૯=૧૦=૧

બંને રીતે એક જ જવાબ આવે છે. જે રીત સહેલી લાગે તે અપનાવવી.

## અંગત મહીનાઓ માટેની વિગતો

૧. પ્રવૃત્તિ, સર્જન અને રચના
૨. સંવાદિતા, આવકાર અને જ્ઞાનપ્રાપ્તિ
૩. મનોરંજન, આત્મ-અભિવ્યક્તિ
૪. કાર્ય, વ્યાવહારિકતા, મકાન કે બાંધકામ
૫. સ્વતંત્રતા, વિકાસ અને નવીન શોખ તથા અભિરુચિ.
૬. કુટુંબમાં સંવાદિતા, સ્વાસ્થ્ય અને જવાબદારીઓ
૭. મનન, ચિંતન, ધ્યાન, પૃથક્કરણ અને પૂર્ણતા

૮. તાકાત, સારા ચુકાદા કે ન્યાય તથા ભવિષ્ટદષ્ટિ
૯. સેવા, ભ્રાતૃભાવ, પ્રેમ અને પરોપકારિતા
૧૦. આદર્શો, ભવિષ્યદષ્ટિ, જ્ઞાન, પ્રકાશ, ધર્મ અને સામાન્ય કલ્યાણ
૨૨. ભૌતિક પ્રાવિણ્ય, મહાન યોજનાઓ, આદર્શોને

## અંગત વર્ષ Personal Year

સાર્વત્રિક વર્ષ કે ચાલુ વર્ષમાં તમારો જન્મદિવસ તથા જન્મમાસ ઉમેરીને મૂળ અંક શોધવાથી તમારું અંગત વર્ષ મળે છે ધારો કે તમારી જન્મ તારીખ ૨૭-૭-૧૯૪૭ છે. તમારે ૧૯૭૧ માટેનું અંગત વર્ષ શોધવું છે.

જન્મમાસ+જન્મદિવસ+સાર્વત્રિક વર્ષ=અંગત વર્ષ

| | | |
|---|---|---|
| ૭ + ૨૭ + ૧૯૭૧ | અથવા | =૭+૨+૭+૧+૯+૭+૧ |
| = ૭ + ૯ + ૯ | | =૩૪ |
| = ૨૫ | | =૭ |
| = ૭ | | |

ઉપર પ્રમાણે તમારું ૧૯૭૧ માટેનું અંગત વર્ષ ૭ આવે છે.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ રૂઝવેલ્ટની જન્મ તારીખ ૩૦-૧-૧૮૮૨ હતી. તેમના માટે ૧૯૪૧ની સાલ માટેનું અંગત વર્ષ (૩૦+૧+૧૯૪૧=૩+૧+૧+૯+૪+૧=૧૯=૧૦=૧) ૧ થાય છે.

આ આઝાદી અને આક્રમકતાનો સૂચક છે. નવા વિચારોને આગળ ધપાવવા માટે શુભ તથા નવાં સાહસો શરૂ કરવા માટે આ વર્ષ ઉત્તમ છે. ૧૯૪૨ની સાલ માટે તેમનું અંગત વર્ષ (૩૦+૧+૧૯૪૨=૩+૧+૭=૧૧) ૧૧ થાય છે.

તેથી ૧૯૪૨નું વર્ષ રૂઝવેલ્ટ માટે શ્રેષ્ઠ હતું કારણ કે ૧૧નું અંગત વર્ષ પ્રેરણા, અંતઃપ્રેરણા અને કીર્તિનું દ્યોતક છે.

આપણા વડાપ્રધાન ઇન્દિરા ગાંધી વિષે જોઇએ. તેમની જન્મ તારીખ ૧૯-૧૧-૧૯૧૭ છે. તેમના માટે ૧૯૭૦, ૧૯૭૧ અને ૧૯૭૨નાં અંગત વર્ષો જોઇએ.

૧૯ + ૧૧ + ૧૯૭૦
= ૧ + ૨ + ૮ = ૧૧

૧૯૭૦ની સાલ માટેનું તેમનું અંગત વર્ષ ૧૧ આવે છે. તે તેમને માટે શ્રેષ્ઠ પૂરવાર થયું છે. આ વર્ષ તેમને માટે પ્રેરણા, અંતઃપ્રેરણા અને કીર્તિનું હતું. તેમણે આ વર્ષે લોકસભામાં અભૂતપૂર્વ બહુમતી પ્રાપ્ત કરી હતી.

૧૯ + ૧૧+૧૯૭૧
૧ + ૨ ૯ = ૧૨ = ૩

આ વર્ષે તેમણે નવી વસ્તુઓ શરૂ કરતાં પહેલાં જૂની શરૂ કરેલી વસ્તુઓ પૂરી કરવાની રહેશે. તેમણે ૧૯૭૦ની ચૂંટણી દરમ્યાન પ્રજાને આપેલાં વચનો પૂરાં કરવાનાં રહેશે.

હવે ૧૯૭૨ની સાલ ઇન્દિરા ગાંધી માટે કેવી હશે તે જોઇએ.

૧૯ + ૧૧ ૧૯૭૨
૧ + ૨ + ૧ = ૪

તેમનું ૧૯૭૨ની સાલ માટેનું અંગત વર્ષ ૪ થાય છે. તેથી ૧૯૭૨નું વર્ષ તેમને માટે સખત પરિશ્રમવાળું અને સ્વાસ્થ્ય માટે ખરાબ રહેશે.

## અંગત વર્ષ

૧. છેલ્લાં કેટલાંક વર્ષોથી તમે જે નવું કાર્ય કે સાહસ શરૂ કરવાનો વિચાર કરતા હતા તેનો આરંભ કરવાનો આ ઉત્તમ સમય છે. તમારા નવીન વિચારોને આગળ ધપાવો, સ્વતંત્ર બનો, તમને ગમે તે એક વિષયનું ખાસ જ્ઞાન પ્રાપ્ત કરો, પરિસ્થિતિમાં ફેરફાર કરો અને શકય હોય તો નવા ક્ષેત્રમાં ઝંપલાવો. આ વર્ષે જે કંઈ નવીન કાર્ય શરૂ કરશો તેનું ફળ તમને હવે પછીનાં નવ વર્ષમાં મળશે.

૨. નવી યોજનાઓના પ્રારંભ માટે આ વર્ષ ગયા વર્ષ જેટલું સારું નથી. આ વર્ષ ધૈર્ય, શાંતિ અને મુત્સદ્દીગીરી માટે સારું છે. જો તમે રાહ જોશો તો તમને જરૂરી વસ્તુઓ મળી રહેશે. આ વર્ષ જુનું લેણું ઊઘરાવવા માટે, ભવિષ્યના ઉપયોગ માટે વસ્તુઓ ભેગી કરવા અને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઉત્તમ છે.

૩. આ વર્ષ તમારી જાતે અથવા જૂના અને નવા મિત્રો સાથે આનંદપ્રમોદ કરવા માટે સારું છે. તમે તમારી વિનોદવૃત્તિનો ઉપયોગ કરો, સામાજિક સંમેલનો અને મેળાવડાઓમાં ભાગ લો તથા આનંદ અને સુખનો ફેલાવો

કરો. નવી વસ્તુઓ શરૂ કરો તે પહેલાં શરૂ કરેલી જુની વસ્તુઓ પૂર્ણ કરો.

૪. આ વર્ષ ગયા વર્ષ જેવું રમતગમત અને આનંદ પ્રમોદ માટેનું નથી. વ્યવહારું તથા કરકસરીઆ બનો અને સખત પરિશ્રમ કરો રોજિંદા કાર્યો અને વિગતો ઉપર પૂરતું ધ્યાન આપો અને તમારી બધી જ બાબતો વ્યવસ્થિત કરો. તમારી તબિયત સાચવો.

૫. આ વર્ષ મુસાફરી, પરિવર્તનો અને વિવિધતા માટે સાનુકૂળ છે. દરેક નવીન ચીજવસ્તુમાં રસ લો. તમે ઉત્પન્ન કરેલ વસ્તુઓની જાહેરાત કરો. આ વર્ષ ઉત્તેજનાથી ભરપૂર પ્રવૃત્તિમય છે. કોઈ પણ નવી તક માટે સજાગ રહો.

૬, આ વર્ષ તમારું ઘર અને કુટુંબ સમાજની આસપાસ સંકળાયેલું રહેશે. તમારે ઘર તથા કુટુંબની વધારે જવાબદારીઓ અદા કરવાની રહેશે. આ વર્ષ લગ્ન, મકાનના બાંધકામ કે ખરીદી તથા સામાજિક યોજનાઓના વિકાસ માટે સારું છે.

૭. તમને જેમાં રસ હોય અભ્યાસ, પૂર્ણતા, નિરીક્ષણ અને પૃથક્કરણ માટે આ વર્ષ સારું છે. ધંધા ઉદ્યોગના વિકાસ માટે આ સમય સારો નથી. આ વર્ષ મનન અને શાંતિ માટે સારું છે. જો તમે પૈસા પાછળ ન પડો તો તો આર્થિક રીતે આ વર્ષ સારું જશે.

૮. આ વર્ષ કાર્ય તથા પ્રવૃત્તિઓથી સભર હશે. જો તમે સારો પ્રયત્ન કરો અને સખત પરિશ્રમ કરો તો, તમને મોટી તકો મળી રહેશે. આ વર્ષ વિકાસ, વૃદ્ધિ, ધન અને

શક્તિ માટેનું છે. નં-૧ ના વર્ષમાં વાવેલાં બીના ફળ મેળવવા માટેનો આ સમય માટેનો આ સમય છે.

૯. જૂનાં અને અધૂરાં રહેલાં કાર્યો તથા યોજનાઓ પૂરી કરવા આ સમય સારો છે. જો તમે અનાસક્તપણે તથા નિર્લેપતાથી જીવન નહી ગુજારો તો તમારે વેપારધંધા અને મૈત્રીની બાબતોમાં ગુમાવવાનું રહેશે. વિગતો વાળી ચાલી તપાસી તપાસીને જૂની વસ્તુઓ અને બાબતો ફેંકી દો અને નવા વર્ષથી કોરી સ્લેટ ઉપર નવેસરથી શરૂઆત કરો.

૧૧. આ વર્ષ જ્ઞાન, પ્રકાશ અને પ્રેરણા માટે ઉતમ છે. તમે જો અંતપ્રેરણા અને વિચારો પ્રમાણ વર્તો તો, આ વર્ષે તમે કીર્તિ તથા સુખ સમૃધ્ધિ પ્રાપ્ત કરી શકશો.

૨૨. આ પણ એક શ્રેષ્ટ વર્ષ છે. પણ તે અંગત કરતાં સર્વદેશીય વધારે છે. આ સમય આદર્શ અને વ્યહાર-રિકતાનો સુભગ સમન્વય કરવોનો છે. અને તે રીતે માનવ-જાતને માટે કોઈ ભવ્ય સિધ્ધિ હાંસલ કરવાનો છે.

---

# પ્રકરણ ૨૩મું

## તમારા માટે પડકાર કે ચેલેન્જ

આપણા સ્વભાવમાં ઉણપો અને નબળાઇઓ હોય છે. આપણા સ્વભાવમાં નબળું પાસું હોય છે અને રોજ-બરોજના જીવનમાં આવનાર મુશ્કેલીઓને દૂર કરવા માટે આ નબળી બાજુને સુધારવાની જરૂર હોય છે. તમારી સફળતાની આડે આવનાર વિઘ્નો જ તમારા માટે પડકાર કે ચેલેન્જ રૂપ છે. તમારા સ્વભાવમાં રહેલી અવિકસિત કે અપૂર્ણ વિકસિત શક્તિઓ જ તમારા માટે પડકારરૂપ છે, તમારે આ શક્તિઓની રચનાત્મક રીતે વિકાસ કરવાનો હોય છે. જ્યારે આ શક્તિઓ પૂર્ણ રીતે વિકસે કે ખીલે છે, ત્યારે તમારા જીવનમાં થતા બધા જ પ્રકારના ફેરફારો પ્રબળ અને પ્રગતિકારક બને છે. આપણે દરેકે યાદ રાખવું જોઇએ કે પડકાર કે ચેલેન્જ એ એક પ્રકારની ચેતવણી છે અને તે આપણને અમુક ચોક્કસ બાબતમાં સાવચેત રહેવાનું સૂચવે છે.

## ચેલેન્જ કે પડકાર કેવી રીતે શોધવો

વ્યક્તિની પૂર્ણ જન્મતારીખ ઉપરથી પડકાર નીચે પ્રમાણે શોધી શકાય છે.

પ્રથમઃ—જન્મમાસના આંકડામાંથી જન્મદિવસનો આંકડો બાદ કરવાથી જે આંકડો આવશે તે પડકારનો અંક હશે, અને ગૌણ પડકાર કહેવામાં આવે છે.

દ્વિતીય:-જન્મદિવસના અને જન્મવર્ષના આંકડાઓની બાદબાકી કરો અને જે અંક આવે તે પડકારનો અંક હશે આ પણ ગૌણ પડકાર છે.

તૃતીય:-ઉપરોક્ત બંને પડકારોના આંકડાઓની બાદબાકી કરો અને જે આંકડો આવે તે અંતિમ પડકારનો હશે. પ્રથમ અથવા દ્વિતીય પડકાર જો શૂન્ય આવે તો શૂન્યને બાદ કરશો નહીં. એટલે જો પ્રથમ અથવા દ્વિતીય પડકાર શૂન્ય (૦) હોય તો અંતિમ પડકાર આવી શકે નહીં.

આપણે થોડાંક ઉદાહરણો જોઇએ.

(૧) એડોલ્ફ હિટલરની જન્મતારીખ એપ્રિલ ૨૦મી ૧૮૮૯ હતી.




૧. પ્રથમ ગૌણ પડકાર:-૨ જન્મથી તે ૩૫ મા વર્ષ સુધી.

૨. દ્વિતીય ગૌણ પડકાર:-૬ ૩૬ મા વર્ષથી તે જીવનના અંત સુધી.

૩. અંતિમ પડકાર:-૪. આખી જિંદગી સુધી.

(૨) સ્વામી રામકૃષ્ણ પરમહંસની જન્મ તારીખ ૨૦-૨-૧૮૩૩ હતી, પડકાર મેળવવા માટે નીચે પ્રમાણે જન્મતારીખ લખવાથી કામ સરળ બને છે.




તેમની બાબતમાં અંતિમ પડકાર નથી, પ્રથમ પડકાર ૦ છે અને તે તેમના જન્મથી ૩૫મા વર્ષ સુધી અસર કરે છે અને દ્વિતીય પડકાર ૪ છે અને તે તેમના ૩૬મા વર્ષથી તે જીવનના અંત સુધી અસરકારક રહે છે. મનુષ્યની સરેરાશ ઉંમર ૭૦ વર્ષની ગણતાં પ્રથમ ગૌણ પડકાર જન્મથી તે ૩૫મા વર્ષ સુધી ગણવામાં આવે છે અને બીજો ગૌણ પડકાર ૩૬મા વર્ષથી તે જીવનના અંત સુધી ગણવામાં આવે છે, કોઈ વખત શૂન્ય પડકારવાળી કે પડકાર વિનાની પણ વ્યક્તિ હોય છે નીચેના કાલ્પનિક ઉદાહરણમાં વ્યક્તિનો પડકાર નથી અથવા શૂન્ય છે.



## પડકારના અંકોના અર્થ

૧. તમારે બીજાઓ અને ખાસ કરીને તમારા સંબંધીઓ અને મિત્રો તરફથી તમારી ઈચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓની સામે અડચણો અને વિરોધો સહન કરવાના રહેશે. બીજા લોકો તમારી ઉપર સત્તા ચલાવવા કે તમને દબાવવા કોશિષ કરશે. તમે દૃઢ મનોબળ, હિંમત, મક્કમતા અને ચારિત્રબળ વિકસાવો તથા જીવનનું ચોક્કસ ધ્યેય નક્કી કરો. તમે હિંમત અને મક્કમતાથી આગળ વધો. પણ બીજાઓ સાથે લડાઈ કે ઝગડો કરશો નહીં. તમારામાં રચનાત્મક તથા સર્જનાત્મક શક્તિઓ સુપ્ત અને અવિકસિત રૂપે રહેલી છે, જો તમે તમારી નબળાઈઓ અને ઉણપો દૂર કરશો તો તમારી ઉપરોક્ત શક્તિઓ સારી રીતે વિકસશે.

૨. તમે અત્યંત સંવેદનશીલ કે લાગણીશીલ છો. તેથી જ તમારી લાગણીઓ સહેજમાં કે નજીવી બાબતમાં દુભાય છે. તમે સહેલાઈથી ભૂતકાળના બનાવો ભૂલી જઈ શકતા નથી તથા બીજાઓને માફ પણ કરી શકતા નથી. તમે સંકુચિત મનના દ્વેષીલા તથા ઝેરીલા પણ બની શકો છો. તમે લઘુતાગ્રંથિવાળા પણ હોઈ શકો છો. તમે આત્મશ્રદ્ધા વિકસાવો. મોટે ભાગે તમે તમારી જાતનો જ વિચાર કરતા હો તે બનવાજોગ છે. તેથી તમારે આત્મરત અને આત્મકેન્દ્રી મટીને બીજાઓની લાગણીઓનો પણ વિચાર કરવો જોઈએ. તમે ઉચ્ચ પ્રકારના સંસ્કારી અને શિષ્ટાચારી બનો.

૩. તમારામાં વાણી, લેખન અને સર્જનાત્મક કલ્પના માટે સુપ્ત શક્તિઓ રહેલી છે. છતાંય તમે તમારી જાતને અભિવ્યક્ત કરવામાં ઘણી જ મુશ્કેલીઓ અનુભવો છો. આ દૂર કરવા તમારે સમાજના લોકો સાથે છૂટથી હળવા-મળવાનું રાખવું જોઈએ તથા જીવનની વધુ હળવી અને સારી બાજુ તરફ દૃષ્ટિ રાખવી જોઈએ. કોઈ પણ સમૂહ, સામાજિક સંમેલન અને મેળાવડામાં તમે ભળી જાવ અને નૃત્ય, સંગીત, અભિનય, ભાષણ વગેરેથી બીજાઓનું મનોરંજન કરો. એકી વખતે અનેક વસ્તુઓ પાછળ તમારી શક્તિઓ વેડફી નાંખશો નહીં, પણ ફક્ત એક જ બાબત ઉપર તમારું ધ્યાન અને શક્તિ કેન્દ્રિત કરો. કોઈપણ બાબતમાં તમે ઝડપથી નિર્ણય લઈ લો. તમે ખિન્ન કે વ્યગ્ર બનશો નહીં તથા તમારા મનોભાવો વારંવાર બદલશો નહીં. ગપ્પાં કે નિંદામાં સમય વિતાવશો નહીં. ચોક્કસ વસ્તુ કે ધ્યેયને લક્ષમાં રાખીને, તમારામાં રહેલી અભિવ્યક્તિ માટેની છૂપી શક્તિઓ વિકસાવો. તેમ કરવાથી તમને જીવનમાં જરૂરથી સફળતા મળશે.

૪. તમારામાં કામને ઢીલમાં નાખવાની કે મુલતવી રાખવાની ટેવ છે. તમે કાળજી અને ચીવટ વિનાના, આળસુ, જક્કી અને અસહિષ્ણુ પણ છો. તમને વ્યવસ્થા, નિયમિતતા, કામકાજથી વિગત અને કરકસર ગમતાં નથી. તમે તમારામાં સુપ્ત રહેલી મૂલ્યાંકન માટેની શક્તિ વિકસાવો. તમે તમારા કામકાજ માટે સમયપત્રક તથા નોંધપત્રક બનાવો અને તે પ્રમાણે જ કામ કરવાનું રાખો. તમારા કામને વ્યવસ્થિત બનાવો અને તે રીતે તમારી

ભાવિ પ્રગતિ માટે મજબૂત પાયો નાંખો. તમારામાં છૂપાઇને રહેલી કરકસરતા, કાર્યદક્ષતા અને વ્યવહાર-કુશળતા વિકસાવો. તેમ કરવાથી તમને આર્થિક અને ભૌતિક સફળતા મળશે અને તમારા જીવનનો પાછળનો ભાગ સુખમાં જશે. "ઉતાવળા સો બાવરા" વાળી કહેવત હંમેશાં યાદ રાખજો.

૫. તમારો સ્વભાવ આવેગશીલ, ચંચળ અને અજંપાવાળો છે. તમારામાં સ્થિરતા એકાગ્રતા તથા દઢતાતો અભાવ છે, સારી કે નરસી એવી દરેક બાબતને તમે અજમાવી જોવાની ઇચ્છા રાખો છો અને તક મળતાં તે પ્રમાણે કરો છો પણ ખરા. તમારામાં જૂના મિત્રો અને વસ્તુઓને તરછોડી દઇને નવાને અપનાવવાની વૃત્તિ હોય છે, પણ થોડા જ સમયમાં તમે નવી વસ્તુઓ અને મિત્રોથી કંટાળી જાવ છો. એટલે કે તમે ટૂંકમાં વિવિધતાના પૂજારી છો. તમારે ટીકાટીપ્પણી, કૂથલી, નિંદા અને ગપ્પાબાજીથી દૂર રહેવાની જરૂર છે. અજંપાવાળા ચંચળ સ્વભાવને લીધે તમે વારંવાર, કોઈપણ કારણ કે જરૂર વિના તમારી ધૂન પ્રમાણે ફેરફાર અને પરિવર્તનો કરો છો અને જુનાને ત્યજીને નવાને સ્વીકારો છો. તમારે તમારા આવેગોને કાબૂમાં રાખવાની જાતીય જિજ્ઞાસાને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવાની અને ફક્ત વિવિધતા કે પરિવર્તન માટે વસ્તુઓ કે લોકોને ન તરછોડવાની વૃત્તિઓ વિકસાવવાની જરૂર છે. તમારે કૌટુમ્બિક ઉપરાંત સામાજિક જીવન જીવવાની તથા ઘણા મોટા પ્રમાણમાં મુસાફરી કરવાની જરૂર છે. તમે સહેલાઇથી નવા મિત્રો બનાવતાં શીખો.

(૬) તમે જીવનને ગંભીરતાથી જોનારા છો. "કાજી દુબલે કયો ? તો સારે ગાંવકી ફિકર." વાળી કહેવતને સાર્થક કરો તેવા પણ છો. એટલે કે તમને જરૂર વિના બીજાઓની ફિકર ચિંતા કરવાની ટેવ છે. તમે આદર્શવાદી છો, પણ તમારે તમારા આદર્શો અને માન્યતાઓ બીજાઓ ઉપર ઠોકી બેસાડવી નહીં. દરેક જણને તેની પોતાની રીતે જીવવાનો હક છે. તેથી તમારે તમારા આદર્શો, વિચારો કે ધોરણો પ્રમાણે બીજાઓને જીવવાની ફરજ ન પાડવી જોઈએ. તમારે સત્તાવાહી કે વધારે પડતા વિધેયાત્મક બનવું નહીં. તમે જ સાચા છો અને બીજાઓ જુઠ્ઠા તેવું વલણ પણ તમારે અખત્યાર કરવું નહીં. જો તમે તમારા આદર્શોને વળગી રહો અને તમારા કુટુંબ અને બીજા લોકો ઉપર આધાર ન રાખો તો તમને જીવનમાં સફળતા મળશે. તમે એમ માનો છો કે તમારા સિવાય દરેક જણ ભૂલો કરે છે તથા તમે જનતાજનાર્દનની સેવાને બદલે બીજા લોકો અને પ્રેમ ઉપર વધારે ભાર મૂકો છો. આ બાબતોને લીધે તમારા લગ્ન જીવનમાં મુશ્કેલીઓ ઊભી થવાનો સંભવ છે.

૭. તમે ધન તથા સત્તાના પૂજારી છો. તમારા માટે સત્તા અને પૈસો જ પરમેશ્વર છે. અને તેથી તમે આ બંને વસ્તુઓ મેળવવા માટે આકાશપાતાળ એક કરો છો તથા જરૂર પડે નિર્દય પણ બનો છો. જો તમે તમારા અંગત કારણો કે લાભ માટે સત્તા, ધંધો કે પદવી મેળવવા સખત શ્રમ કરશો તો તમને હાનિ થવાનો સંભવ છે. તમે વસ્તુઓનું ખોટી રીતે મૂલ્યાંકન કરો છો તથા તમારામાં નૈતિક અને આધ્યાત્મિક સમજનો અભાવ છે. તમારે સારી નિર્ણયશક્તિ તથા ન્યાયશક્તિ કેળવવાની તથા આધ્યાત્મિક

સત્યો અને જીવનની સાચી ફિલસુફી સમજવાની જરૂર છે.

૮. આ ચેલેન્જ કે પડકાર હમેંશાં '૦' પડકાર સાથે જ આવે છે. દાખલા તરીકે ધારો કે કોઈની જન્મ તારીખ ૧-૧-૧૯૨૬ છે. તો તેમનો પડકાર નીચે બતાવ્યા પ્રમાણે ૦ તથા ૮ આવશે.




પણ જો જન્મ તારીખ જાન્યુઆરીની ૯મી ૧૯૨૬ હોય તો પડકાર ૮ અને ૦ આવશે.




આ પડકાર વ્યક્તિને સખત પરિશ્રમ કરાવે છે. તથા તેના જીવનમાં મુશ્કેલીઓ અને હાડમારીઓ ઊભી કરે છે. પણ આ પડકાર જીવનના અમુક ભાગ પૂરતો જ હોય છે. જો આ પડકાર સાથે શૂન્ય પ્રથમ આવતી હોય તે વ્યક્તિ આપકમી એટલે બીજાઓની મદદ વિના પોતાની મેળે આગળ વધેલી હોય છે. જો ૮ નો પડકાર પ્રથમ અને ૦ નો

પડકાર પછી આવતો હોય તો તે વ્યક્તિ સત્તા અને ધનનો દુરુપયોગ કરે છે તથા કંજૂસ, લાલચુ અને પૈસા માટે કામ કરનારી કે જીવનારી બની જાય છે. અને તે તેનો પોતાનો વિનાશ નોતરે છે કે આબરુ ગુમાવે છે.

૯. આ અંક પડકાર તરીકે કદી પણ આવતો નથી. કારણ કે બધા મૂળ અંકોમાં ૯ નો અંક સૌથી મોટો છે. અને તેમાંથી ૦ સિવાયનો બીજો મૂળ અંક બાદ કરવાથી બાદબાકી ૯ આવી શકે નહીં. (પડકાર શોધવામાં કોઈપણ અંકમાંથી ૦ બાદ કરી શકાતી નથી.)

૦. શૂન્યની ચેલેન્જ કે પડકાર બારે કસોટીઓ કે બારે તકો સૂચવે છે. તેથી ૦ પડકારવાળી વ્યક્તિ ભાગ્યશાળી કે ભાગ્યહીન હોઈ શકે છે. તે "સર્વસ્વ" કે "કંઈ જ નહીં કે ખાલીખમ"નો દ્યોતક છે. પણ આ બાબત વ્યક્તિની પસંદગી ઉપર આધાર રાખે છે. તમે જેવી પસંદગી કરશો તથા જેવા બનવા પ્રયત્ન કરશો તેવું ફળ તમને મળશે. જો તમે દૃઢ ચારિત્ર, અદમ્ય ઈચ્છા અને આત્મશ્રદ્ધા કેળવશો તો તમે જરૂરથી સફળતા પ્રાપ્ત કરશો. તમારે જાતમહેનત ઉપર જ આધાર રાખવાનો છે અને નસીબના ભરોસે બેસી રહેવાનું નથી. પુનર્જન્મમાં માનનારા લોકો આ પડકારવાળી વ્યક્તિને જૂનો આત્મા માને છે.

## પડકારોના મુદ્રાલેખ

તમારા પડકાર અંકો શોધી કાઢો. અને તે અંક પ્રમાણે તમારે કયા ગુણો વિકસાવવાની જરૂર છે તે નીચેની યાદીમાંથી શોધી કાઢો.

૧. સ્વતંત્રતા, દૃઢ ઈચ્છાશક્તિ.

૨. કુનેહ, મુત્સદ્દીગીરી, આત્મવિશ્વાસ.

૩. આશાવાદ આત્મ-અભિવ્યક્તિ.

૪. ઉદ્યત, ખંત, ચીવટ, કાર્યદક્ષતા, વ્યવસ્થાશક્તિ.

૫. સંયમ, સ્થિરતા, દૃઢતા, સમજ, બુદ્ધિ, ચાતુર્ય.

૬. સેવા, સહિષ્ણુતા, અનુકુલન શક્તિ, યોગ્ય વ્યવસ્થા.

૭. ડહાપણ, ધર્મ, નીતિ અને અધ્યાત્મવિદ્યામાં શ્રદ્ધા.

૮. સર્જનાત્મક તથા રચનાત્મક શક્તિ, આધ્યાત્મિક જ્ઞાન અને સમજ.

૯. સાર્વજનિક સેવા, માનવતા, નિઃસ્વાર્થતા,

નીચે કેટલાંક વધુ ઉદાહરણો આપ્યાં છે.

૧. ગ્રેટ બ્રિટનના ભૂતપૂર્વ રાજા આઠમા એડવર્ડની જન્મ તારીખ જૂનની ૨૩ મી ૧૮૯૪ હતી.




એડવર્ડ આઠમાના પ્રથમ અને દ્વિતીય પડકારના અંક ૧ છે. અને અંતિમ પડકાર ૦ છે.

તેમણે શાહી કુટુંબની છોકરીને બદલે એક સામાન્ય છોકરી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું અને તેથી તેમને

રાજગાદી છોડવી પડી હતી. તેઓ રાજા હોવા છતાં તેમના ઉપર ઘણી મર્યાદાઓ હતી અને તે મર્યાદાઓ તેમને પસંદ ન હતી. તેમણે તેમના પડકાર ૧ પ્રમાણે રાજાના સુખ અને વૈભવ ત્યજીને સ્વતંત્ર રીતે લગ્ન કરવાનું અને જીવન વ્યતીત કરવાનું પસંદ કર્યું હતું. અને આ કાર્યમાં તેમની દૃઢ ઇચ્છાશક્તિ પણ છૂપી રહી શકતી નથી. તેમણે તેમના અંતિમ ૦ પડકારને પણ જીવનમાં સાર્થક કરી બતાવ્યો હતો. વિશાળ સામ્રાજ્યનું તખ્ત છોડીને તેઓ એક સામાન્ય માનવી બની ગયા હતા. આમાં પણ ૦ પડકારે સારો ભાગ ભજવ્યો હતો.

# પ્રકરણ ૨૪મું

## કર્મપાઠ અને કુદરતી શક્તિઓ

કર્મપાઠ આપણી નબળી કડીઓ કે ઊણપો રજૂ કરે છે, તે આપણી સફળતાની આડે આવતી દીવાલ દર્શાવે છે. આ ઊણપોને જો આપણે દૂર ન કરી શકીએ તો આપણને જીવનમાં સફળતા મળતી નથી.

જન્મ સમયે અથવા જન્મ પછી થોડા સમયે જે નામ વ્યક્તિને આપ્યું હોય તે નામના અક્ષરોમાં બધા જ મુખ્ય અંકો આવી જતા નથી. તેમાં કેટલાક અંકો તદ્દન ગેરહાજર હોય છે, તો કેટલાક અંકો ઘણી વખત આવેલા હોય છે, નામના અક્ષરોના અંકોમાં જે અંકો માટે પણ આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ તોપણ આપણને જીવનમાં અનુભવ મેળવવાનો રહે છેજ. આ ખૂટતા અંકોના પાઠને જ કર્મપાઠ કહેવામાં આવે છે, આ પાઠ જેટલો વહેલો શીખીએ તેટલું સારું. આપણું નામ કે સહી બદલીને પણ આ પાઠ શીખી શકાય છે. આ પાઠ જન્મ વખતના કે મૂળ નામના દરેક અક્ષરની નીચે હિબ્રૂ પદ્ધતિ પ્રમાણે કે બીજી કોઈ પદ્ધતિ પ્રમાણે અંકો લખીને નક્કી કરી શકાય છે. વાંચકોના મનમાં ગૂંચવાડો કે ગોટાળો ન થાય તે માટે આપણે ફક્ત એક જ (એટલે કે હિબ્રૂ) પદ્ધતિનો ઉપયોગ કરીશું. દાખલા તરીકે આપણે બકુલચંદ્ર રણછોડભાઈ પટેલનું નામ લઈએ.

BAKULCHANDRA RANCHHODBHAI PATEL
૨ ૧ ૨૧૩ ૩ ૫૧ ૫૪ ૨ ૧ ૨ ૧૫૩ ૫૫ ૭૪ ૨ ૫૧૧ ૮૧૪ ૫ ૩

આ નામમાં '૧', ૭વખત, '૫', ૭વખત, '૨' ૫વખત, '૩', ૪વખત, અને '૪', ૩વખત આવેલા છે. અંક ૬, ૭ અને ૮ ફક્ત એક જ વખત આવેલા છે, પણ અંક ૯ એક પણ વખત આવેલો નથી. તેથી ઉપરોક્ત વ્યક્તિનો કર્મપાઠ ૯ થશે. જ્યારે અંક ૧, ૨, ૩, ૪ અને ૫ તેની કુદરતી શક્તિઓ દર્શાવે છે. અંક ૧, ૨ અને ૫નું પ્રમાણ સૌથી વધુ હોવાથી તે અંકો તેની કુદરતી શક્તિઓના દ્યોતક છે.

## કર્મપાઠ (ખૂંટતા અંકો પ્રમાણે)

૧. આ અંક મહત્વાકાંક્ષા, સ્વતંત્રતા, મૌલિકતા અને કાર્યનો આરંભ કરવાની શક્તિનો અભાવ દર્શાવે છે, વ્યક્તિ પોતાનામાં રહેલ અહમ્‌નો ઉપયોગ તથા દેખાવ કરતી નથી. નામમાં ૧ના અંકની ગેરહાજરીથી ઉપર પ્રમાણે બને છે.

૨. નામમાં આ અંકની ગેરહાજરી સહકાર, કુનેહ, મુત્સદ્દીગીરી વિગતોની કાળજી, સંવાદિતા, તાલ તથા લયનો અભાવ સૂચવે છે. આ લોકો બીજાઓને ધ્યાનમાં રાખતા નથી કે તેમને કશી વિસાતમાં જ ગણતા નથી.

૩. નામમાં આ અંકનો અભાવ કલ્પનાશક્તિ, ધૈર્ય તથા પોતાની જાતને અભિવ્યક્ત કરવાની શક્તિનો અભાવ દર્શાવે છે, આ લોકો લઘુતાગ્રંથિવાળા અને મિજાજી

સ્વભાવના હોય છે. તેઓ તેમની શક્તિ એક જ વસ્તુ કે બાબત ઉપર કેન્દ્રિત કરવાને બદલે અનેક વસ્તુઓમાં વહેંચી નાખે છે.

૪. નામમાં આ અંકની ગેરહાજરી વ્યવસ્થા, વિગતો અને કાર્ય માટે અણગમો દર્શાવે છે. આ લોકોમાં ધૈર્ય અને એકાગ્રતાનો પણ અભાવ હોય છે.

૫. નામમાં આ અંકની ગેરહાજરી જૂની વસ્તુઓને ત્યજવાની તથા નવી વસ્તુઓને સ્વીકારવાની અનિચ્છા પ્રગટ કરે છે. આ ઉપરાંત તે જિજ્ઞાસા, અભિરુચિ અને સમજનો અભાવ તથા સુસ્તી, મંદતા અને જડતા પણ સૂચવે છે.

૬. નામમાં આ અંકપ ઊણપ, જવાબદારી ધારણ કરવાની અનિચ્છા, ફરજ પ્રત્યે બેદરકારી અને આદર્શોની ગેરહાજરી સૂચવે છે.

૭. નામમાં આ અંકની ગેરહાજરી આધ્યાત્મિક બાબતો પ્રત્યે અનાદર તથા જ્ઞાન. વિવેકશક્તિ, પૃથક્કરણ અને કાર્યપદ્ધતિના જ્ઞાનની ઊણપ દર્શાવે છે.

૮. નામમાં આ અંકનો અભાવ, કારોબાર અને વહીવટ કરવાની શક્તિ તથા મૂલ્યો નક્કી કરવાની શક્તિનો અભાવ દર્શાવે છે. આ લોકોએ પૈસાની બાબતમાં બેદરકાર ન રહેવું.

૯. નામમાં આ અંકની ગેરહાજરી, ઉદાસતા,

સહાનુભૂતિ અને બીજા લોકોમાં રસનો અભાવ સૂચવે છે. તેઓ સંકુચિત દૃષ્ટિ તથા મનોદશા ધરાવે છે.

## કુદરતી શક્તિઓ (અંકોનું અનેક વખત હોવું)

૧. જો આ અંક નામમાં ઘણી વખત આવે તો તે સ્વાતંત્ર્ય, મહત્ત્વાકાંક્ષા, હિંમત અને વ્યક્તિગત રસ બને છે. ઘણી વખત આ અંક સ્વાર્થ, અહંભાવ, તાકાત, પ્રભાવશાળી વ્યક્તિત્વ અને બડાશ મારવાની શક્તિ સૂચવે છે.

૨. નામમાં આ અંકનું અનેક વખત હોવું સહકાર અને કુનેહ સૂચવે છે તથા તે વસ્તુઓ તથા માણસોનું પૃથક્કરણ કરવાની શક્તિ અને સમૂહમાં અને બીજાઓ માટે કામ કરવાની શક્તિ દર્શાવે છે. આ લોકો સંગીત અને સંવાદિતાના ચાહક હોય છે. તેઓ રંગો તથા રંગોની પૂરવણીની પરખ તથા કદર કરી શકે છે.

૩. નામમાં આ અંકનું અનેક વખત અસ્તિત્વ, લેખન, વાણી અને અભિનયમાં વ્યક્તિગત આત્મ-અભિવ્યક્તિ દર્શાવે છે. તે વિનોદવૃત્તિ, સમજ, કલ્પના અને પ્રેરણાનો પણ ધોતક છે. આ લોકોએ જવાબદારી ધારણ કરતાં શીખવું જોઈએ.

૪. આ અંકનું નામમાં અનેક વખત હોવું પ્રામાણિકતા, ત્રેવડ, કરકસર, એકાગ્રતા અને સારી નિર્ણયશક્તિ કે ન્યાયશક્તિ સૂચવે છે. આ લોકો કામની ઝીણવટભરી વિગતો, રોજિંદા તથા પદ્ધતિસરના કામકાજ માટે સારા હોય છે. તેઓ જક્કી તથા દુરાગ્રહી હોવાનો સંભવ છે.

૫. આ અંકનું નામમાં ઘણી વખત હોવું વિજાતીય વ્યક્તિઓ સાથે પરસ્પર આકર્ષણ તથા પરિવર્તન, મુસાફરી, મોજશોખ, આનંદ, સ્વતંત્રતા અને ઉત્તેજના માટેનો પ્રેમ સૂચવે છે. તે બહુમુખી પ્રતિભા, દરેક નવીન વસ્તુમાં અભિરુચિ, આવેશશીલતા, સૂઝ તથા માનસિક દુર્બળતાનો પણ દ્યોતક છે.

૬. નામમાં આ અંકનું અનેક વખત હોવું વિશ્વાસપાત્રતા, જવાબદારીઓ ધારણ કરવાની શક્તિ અને ગૃહજીવન પ્રત્યે આસ્થા સૂચવે છે. આ લોકો જન્મસિદ્ધ માતાપિતા અને શિક્ષક હોય છે તથા કુટુંબ તથા સમાજના ભક્ત હોય છે. આ લોકોમાં દલીલો કરવાની વૃત્તિ હોવાનો સંભવ છે.

૭. આ અંકનું નામમાં અનેક વખત હોવું સંપૂર્ણતા, પૃથક્કરણ, સંશોધનવૃત્તિ, માનસિક ઉત્સુકતા, સંસ્કાર, અતડાપણું અને સમતુલા સૂચવે છે. આ લોકોને ગૂઢ વિષયોમાં રસ હોય છે. તેઓ ગુપ્તતા જાળવવાની ટેવવાળા તથા આત્મનિરીક્ષણ કરનારા હોય છે.

૮. જો નામમાં આ અંક ઘણી વખત આવે તો તે ઇજનેરી શક્તિ, સારી વ્યવસ્થા અને વહીવટીશક્તિ, કુનેહ, નેતૃત્વશક્તિ, સ્વાભિમાન અને કાર્યનો આરંભ કરવાની શક્તિ સૂચવે છે. તે આર્થિક બાબતો અને કાર્યોમાં સફળતા તથા ન્યાય, મૂલ્યાંકન અને સહકારની ઉત્તમ સમજનો દ્યોતક છે.

૯. જો નામમાં આ અંક અનેક વખત આવતો હોય

તો તે આસક્તિ વિનાનો ઉચ્ચ કક્ષાનો પ્રેમ, માનવતા, ઉદારતા, કદર, લાગણીશીલતા, ભલમનસાઈ, સહાનુભૂતિ તથા બીજાઓ પ્રત્યે શુભેચ્છા દર્શાવે છે.

ઉપરોક્ત બંને બાબતો માટે એક ઉદાહરણ લઈએ.

DAIRAJLAL MOHANLAL SHUKLA
૪૫૧૨૧૧૩૧૩ ૪૭૫૧૫૩૧૩ ૩૫૬૨૩૧

| અંક | કેટલી વખત | અંક | કેટલી વખત |
|---|---|---|---|
| ૧ | ૭ | ૫ | ૪ |
| ૨ | ૨ | ૭ | ૧ |
| ૩ | ૬ | ૮ | ૧ |
| ૪ | ૨ | ૯ | ૦ |

ઉપરોક્ત વ્યક્તિની બાબતમાં અંક ૮ અને અંક ૯ ગેરહાજર છે માટે કર્મપાઠમાં તેમના માટે ૮ અને ૯ના અંકોમાં તેમની ઊણપો જોઈ શકાશે. આ ઊણપો તેમના નામમાં અંક ૧, ૩ અને ૫ ઘણી વખત આવે છે તેથી કુદરતી શક્તિઓમાં ૧, ૩ અને ૫ના અંક પ્રમાણે તેઓ વિશિષ્ટ શક્તિઓ ધરાવે છે અને તેમણે તે શક્તિઓનો સારો એવો ઉપયોગ કરવો જોઈએ

# પ્રકરણ ૨૫મું

## પરાકાષ્ઠાઓ કે સર્વોચ્ચ શિખરો

પરાકાષ્ઠાને અંગ્રેજી પિનેકલ (Pinnacle) કહેવામાં આવે છે. પિનેકલ એટલે આપણા જીવનપ્રવાસ દરમ્યાન આવતા જુદા જુદા સમય ગાળાઓના સીમાસ્તંભો તે આપણા જુદા જુદા સમય ગાળાઓની સર્વોચ્ચ સિદ્ધિઓની શકયતાઓ સૂચવે છે. તે આપણા જીવનમાં ભવિષ્યમાં કેવા ફેરફારો, બનાવો તથા અનુભવો થશે તેની આગાહી કરે છે.

આપણી ઈચ્છા હોય કે ન હોય તોપણ આપણો જીવનપ્રવાહ પરાકાષ્ઠા–પિનેકલના અંકો સૂચવે તે દિશામાં જ વહે છે. પિનેકલથી થતું ભવિષ્યકથન ઘણું જ ચોક્કસ હોય છે અને આપણે તેનાથી છટકી શકતા નથી. આ પિનેકલ કે પરાકાષ્ઠાઓની આગાહી પ્રમાણે થનારા અણધાર્યા ફેરફારો તથા પરિસ્થિતિઓ માટે આપણે તૈયાર રહેવું જોઇએ. તેની મદદથી આપણે આપણા સ્વભાવમાં વસ્તુઓ અને લોકો માટે થતાં પરિવર્તનો તથા આપણા જીવનમાં આવતાં સુખદુ:ખ, ચઢતીપડતી વગેરેને સારી રીતે સમજી શકીએ છીએ. જો આપણે ભાવિ બનાવો અને ફેરફારો માટે આગળથી તૈયારી રાખીએ તો આપણે આઘાતજનક અને નુકસાનકારક પરિસ્થિતિમાંથી બચી શકીએ. ભાવિ બનાવોનું પૂર્વજ્ઞાન, તેમને માટેની પૂર્વ

તૈયારી તથા તેમની ઐચ્છિકસ્વીકૃતિ આપણને સલામતી અને રક્ષણ બક્ષે છે.

કુલ ચાર પરાકાષ્ઠાઓ કે પિનેકલ હોય છે. પ્રથમ પરાકાષ્ઠા જુવાનીમાં આવે છે અને તે અંગત બાબતો દર્શાવે છે. પ્રથમ તથા અંતિમ પરાકાષ્ઠાઓ સૌથી લાંબી હોય છે. બીજી અને ત્રીજી પરાકાષ્ઠાઓ ૯ વર્ષના સમય ગાળાની અને ટૂંકી હોય છે. ચોથી અને અંતિમ પરાકાષ્ઠા જિંદગીનાં અંતિમ વર્ષો વિષે નિર્દેશ કરે છે. મુખ્ય અંકોની સંખ્યા ૯ અને પરાકાષ્ઠાઓની સંખ્યા ૪ છે, તે પ્રમાણે (૯×૪=૩૬) ૩૬ અને ૯ના અંકોને આપણે પાયાના અંકો ગણીશું. પ્રથમ પરાકાષ્ઠા મેળવવા માટે આપણે જીવન-પંથના અંકને ૩૬માંથી બાદ કરીશું. જીવનપંથ માટે આપણે મિશ્ર અંક ન લેતાં એકાંકી મૂળ અંક જ લઈશું. ધારો કે એક વ્યક્તિની જન્મ તારીખ ૧૧–૫–૧૯૨૨ છે. તેથી તેમનો જીવનપંથ (૧૧+૫+૧૯૨૨ / ૨+૫+૫=૧૨=૩) ૩ આવશે

તેમની પ્રથમ પરાકાષ્ઠા ૩૬–૩=૩૩ વર્ષ સુધીની બીજી પિનેકલ (૩૩+૯=૪૨) ૩૪મા વર્ષથી ૪૨ વર્ષ સુધીની ત્રીજી પરાકાષ્ઠા (૪૨+૯=૫૧) ૪૩મા વર્ષથી ૫૧મા વર્ષ સુધીની અને અંતિમ પરાકાષ્ઠા ૫૨મા વર્ષથી તે જીવનના અંત સુધીની રહેશે. આ તો પરાકાષ્ઠાઓના સમયગાળા શોધવાની રીત થઈ. હવે પિનેકલના અંકો કેવી રીતે શોધવા તે જોઇએ.

૧. જન્મ દિવસ અને જન્મમાસના અંકોનો સરવાળો

કરવાથી પ્રથમ પિનેકલ કે પરાકાષ્ઠાનો અંક મેળવી શકાય છે.

૨. જન્મદિવસ અને જન્મવર્ષના અંકોનો સરવાળો કરવાથી બીજી પરાકાષ્ઠાનો અંક મળે છે.

૩. પ્રથમ અને બીજી પરાકાષ્ઠાના અંકોનો સરવાળો કરીને, સરવાળાને મૂળ અંકમાં ફેરવવાથી ત્રીજી પરાકાષ્ઠાનો અંક પ્રાપ્ત થાય છે.

૪. જન્મમાસ અને જન્મવર્ષના અંકોનો સરવાળો કરવાથી અંતિમ અને ચોથી પરાકાષ્ઠાનો અંક મેળવી શકાય છે.

ઉપરોક્ત ઉદાહરણમાં પ્રથમ પરાકાષ્ઠાનો અંક (૧૧+૫=૧૬=૭) '૭', બીજી પરાકાષ્ઠાનો અંક (૧૧+૧૯૨૨=૧૬=૭) '૭', ત્રીજી પરાકાષ્ઠાનો અંક (૭+૭=૧૪=૫) '૫' અને છેલ્લી પરાકાષ્ઠાનો અંક (૫+૧૪=૧૯=૧) '૧' આવશે. આ પરાકાષ્ઠાઓના સમય ગાળાઓ અને અંકોને નીચે પ્રમાણે આકૃતિની મદદથી સારી રીતે દર્શાવી શકાય છે.



અંકો તેમના મૂળ અર્થ બદલાતા નથી, પણ તેમના સ્થાન પ્રમાણે જુદી જુદી અસર દર્શાવે છે, પરાકાષ્ઠાના અંકો સ્વભાવ બતાવતા નથી પણ અનુભવ તથા બનાવોનો નિર્દેશ કરે છે જન્મ સમયના અસલ નામ અને જીવનપંથ સાથે પરાકાષ્ઠાઓના અંકો નીચે પ્રમાણે વિશિષ્ટ અર્થ અને મહત્વ દર્શાવે છે.

૧. જો તમારો આત્મબળાંક કે મહત્વાકાંક્ષાંક અને પરાકાષ્ઠાનો એક સમાન કે એક જ હોય તો તમને ઈચ્છાઓ મહત્વાકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે પૂરી તકો મળી રહેશે.

૨. જો તમારો નામાંક કે ભાગ્યાંક તમારા પરાકાષ્ઠાના અંક જેટલો જ હોય તો તમને તમારી શક્તિઓ પ્રમાણે કામ કરવા માટે યોગ્ય સહાય અને સહકાર મળી રહેશે.

૩. જો તમારા જીવનપંથનો અંક અને પરાકાષ્ઠાનો અંક સરખો હોય તો તમે તમારી પ્રવૃત્તિઓ માટે યોગ્ય અને પૂરતી તકો મેળવી શકશો તથા નવીન વસ્તુઓ ઘણીજ સરળતાથી શીખી શકશો.

૪. જો તમારો પરાકાષ્ઠાનો અંક તમારા કર્મપાઠના અંક જેટલો હોય તો તે સમય તમારા માટે મુશ્કેલીઓથી ભરપૂર હશે, પણ જો તમે તમારા કર્મપાઠ શીખીને તથા પચાવીને વર્તનમાં મૂકયા હશે તો તમને મુશ્કેલીઓ નહીં પડે.

## પરાકાષ્ઠાના અંકોના અર્થ

૧. સ્વતંત્ર બનવા માટેની તથા કોઈપણ સંસ્થા કે ખાતાના ઉપરી અધિકારી બનવા માટેની તમને પૂરતી તકો મળી રહે છે. આ સમય ફેરફારો અને પરિવર્તનોથી ભરપૂર તથા પ્રવૃત્તિમય હશે. આ સમય બીજાઓ ઉપર આધાર રાખવા માટેનો નથી. આ સમયમાં વ્યક્તિને પોતાના પગ ઉપર ઊભા રહેવાની તથા પોતાની જ તાકાત અને પ્રયત્નો ઉપર જ આધાર રાખવાની ફરજ પડે છે.

૨. "ઉતાવળા સો બાવરા"ની કહેવત ચરિતાર્થ કરે તેવો આ સમય છે. તમારે આ પરાકાષ્ઠાના સમયમાં સહકાર, કુનેહ અને બીજાઓની ઇચ્છાને માન આપીને વર્તવાની જરૂર છે. એકલા કરતાં બીજાઓ સાથે પ્રયત્ન કરવાથી કે કામ કરવાથી તમે વધારે પ્રાપ્ત કરી શકશો.

૩. મુસાફરી, આનંદ, મોજશોખ અને સમાજમાં હળવામળવા માટે આ સમય સારો છે, આળસુ અને બેદરકાર બનીને તમારું ધન તથા શક્તિ ગમે તેમ વેડફી નાંખશો નહીં, આ સમય આનંદદાયક મિત્રતા તથા મિત્રો દ્વારા મદદ મેળવવા માટે પણ સારો છે. આ સમયમાં તમે કલાત્મક રીતે આત્મ-અભિવ્યક્તિ કરી શકો છો. આ સમયમાં તથા પ્રેરણા અને મૌલિક વિચારો વડે તમારી સર્જનશક્તિ પણ વિકસાવી શકો છો.

૪. આ સમય પરિશ્રમ અને ધીમી પ્રગતિનો છે. ભવિષ્યમાં મજબૂત પાયા માટે ધૈર્ય, એકાગ્રતા તથા

ઉપયોગિતાની ઘણી જ જરૂર હોય છે. આ સમય વ્યવહારિકતાનો પણ છે, અને આ સમય સરળ અને સહેલો તો નથી જ કારણ કે આ સમયમાં તમારે સતત પ્રયત્ન અને શ્રમ કરવાનો રહેશે. ધન અને સંપત્તિ ભેગી કરવા કે બચાવવા માટે આ સમય સારો છે.

૫. આ સમય મુસાફરી, પરિવર્તનો, દુન્યાદારી અનુભવ, નવા સંપર્કો, અચોક્કસતા અને પરદેશની બાબતો માટેનો છે. આ સમયમાં જુની વસ્તુઓ ભૂલીને નવિન તથા પ્રગતિકારક વસ્તુ તમારે શીખવી પડશે. આ સમય નિરાંત કે ઠરીઠામ થવાનો નથી, છતાંય તમને ઘણી જ સ્વતંત્રતા અને જાહેરાત મળશે.

૬. આ સમય ઘણી જ ફરજો, જવાબદારીઓ અને ઘણા કામનો રહેશે. તનારે સાચો પ્રેમ અને ઐચ્છિક રીતે સેવા આપવાની કળા શીખવી પડશે. આ સમય, લગ્ન, લગ્નજીવન અને મકાનના બાંધકામની આસપાસ કેન્દ્રિત રહેશે. તમને બાળકો, સંબંધીઓ, પશુપંખી તથા માલમિલકતની કાળજી કે જવાબદારી આ સમય દરમ્યાન સોંપવામાં આવે તેવો સંભવ છે.

૭. જો આ અંક આત્મબળાંક કે નામાંકની સમાન ન હોય તો, આ સમય તમારા માટે મુશ્કેલીઓથી ભરપૂર રહેશે. આ સમય ભૌતિક લાભ કે સુખસમૃદ્ધિનો નહી પણ આત્મનિરીક્ષણ તથા માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટેનો છે. શૈક્ષણિક અને વૈજ્ઞાનિક કાર્યો માટે પણ આ સમય સારો છે. તમારા કામને અમુક વિષયો

કે બાબતો પૂરતું મર્યાદિત કરવાની જરૂર રહેશે. તમારી તબિયત માટે પણ આ સમય કસોટીનો સાબિત થશે. કેટલીક વખત તમારે અંગત નુકશાન પણ વેઠવું પડશે. ધૈર્ય, સમતુલા અને આત્મનિરીક્ષણની ટેવ વિકસાવો.

૦૮. સારી નિર્ણય શક્તિથી તમે કીર્તિ અને સારું સ્થાન પ્રાપ્ત કરી શકશો. ધન પ્રાપ્તિમાં પણ તમે સારી સફળતા મેળવી શકશો. પ્રયત્ન પરિશ્રમ અને ભૂતકાળના અનુભવથી તમને ધન ભેગું કરવાની ઘણી તકો મળશે. છતાં ય ભાગ્યના ભરોસે બેસી રહેશો નહીં.

૯. આ સમય પૂર્ણતાનો છે. તમારે બીજાઓ માટે નિઃસ્વાર્થ ભાવે જીવતા શીખવું પડશે. અંગત ઇચ્છાઓ, સ્વાર્થ અને લોભથી તમે દુ:ખી અને નિરાશ થશો. આ સમયમાં તમને તકો સાંપડશે, પણ પ્રેમ (અંગત) ધન અને મિત્રતા જેવી અંગત બાબતોમાં તમને નિરાશા જ મળશે. તમે જો માનવતા માટેનો ઉચ્ચ પ્રેમ, નિઃસ્વાર્થતા, સહાનુભૂતિ અને વિશ્વસેવાની ભાવના કેળવશો તો તમને તેનો જરૂર બદલો મળી રહેશે.

૧૧ આ સમય તમારા તથા તમારા બાળકો માટે જ્ઞાન, પ્રકાશ, કીર્તિ અને પ્રેરણાનો છે. આદર્શોની સિદ્ધિ તથા આધ્યાત્મિક વિકાસ માટે પણ આ સમય સારો છે. આ સમયમાં તમારી સંશોધન કરવાની શક્તિનો વિકાસ થાય.

૨૨. વેપારધંધા તથા ઉદ્યોગ માટે આ પરાકાષ્ઠાનો

સમય સર્વશ્રેષ્ઠ છે. તમે માનસિક રીતે વિશાળ સ્થળો ઉપર દેખરેખ રાખી શકશો. આ સમય દુન્યવી બાબતો અને આંતરરાષ્ટ્રીય વિકાસ માટે સારો છે.

હવે આપણે પંડિત જવાહરલાલની પરાકાષ્ઠાઓ તથા તેના અંકો વિષે જોઈએ. તેમની જન્મ તારીખ ૧૪મી નવેમ્બર ૧૮૮૯ હતી. તે પ્રમાણે તેમના જીવનપંથનો અંક

૧૪-૧૧-૧૮૮૯

૫+૨ + ૮ =૧૫=૬

૬ આવે છે. તેથી તેમની પરાકાષ્ઠાનો સમયગાળાઓ નીચે પ્રમાણે આવશે.

(૧) પ્રથમ પરાકાષ્ઠા જન્મથી ૩૦મા વર્ષ સુધી રહેશે (૩૬-૬=૩૦) (૨) બીજી પરાકાષ્ઠા ૩૧મા વર્ષથી તે ૩૯મા વર્ષ સુધી. (૩) ત્રીજી પરાકાષ્ઠા ૪૦મા વર્ષથી તે ૪૮મા વર્ષ સુધી અને (૪) ચોથી અને અંતિમ પરાકાષ્ઠા ૪૯મા વર્ષથી તે જીવનના અંત સુધી રહેશે. તેમની પરાકાષ્ઠાઓના અંક નીચે પ્રમાણે શોધી શકાશે. પરાકાષ્ઠાઓના અંક શોધતી વખતે પ્રથમ જન્મ માસ પછી જન્મ દિવસ અને છેલ્લે જન્મવર્ષ લખવું અનુકૂળ રહે છે.



# પ્રકરણ ૨૬ મું

## ભાગ્યનો પિરામિડ

આ ભાગ્યના પિરામિડનો ઉપયોગ વ્યક્તિનું અમુક વર્ષ કેવું જશે તે જાણવા માટે થાય છે. એડોલ્ફ હિટલરની જન્મ તારીખ ૨૦-૪-૧૮૮૯ હતી. આ તારીખ પ્રમાણે તેનો જીવનપંથ કે જીવન નિયામક (Controller of Life) (૨+૪+૧+૮+૮+૯=૩૨)=૫ આવે છે. ધારો કે આપણે તેનું ૫૧મું વર્ષ કેવું જશે તે શોધવું છે. પિરામિડની રીત પ્રમાણે આપણે પ્રથમ તેના વર્ષના આંકડાઓ અને પછી તેના જીવનપંથનો અંક એક સીધી લાઈનમાં લખીશું.

૫ ૧૫

પછી ડાબી બાજુએથી શરૂ કરીને આપણે પહેલા અને બીજા અંકનો સરવાળો કરીશું. આ સરવાળાના અંકોનો પણ સરવાળા કરીને તેને મૂળ અંકમાં ફેરવીશું. તેની બાજુમાં બીજા અને ત્રીજા અંકના સરવાળાને મૂળ અંકમાં ફેરવવાથી આવતો અંક લખીશું. આપણા ઉદાહરણમાં ૫+૧=૬ અને ૧+૫=૬ આવશે આ બંને અંકોને પિરામિડની પ્રથમ લાઈનની ઉપર લખીશું.

૬ ૬
૫૧૫

બીજી લાઈનના બંને અંકોનો સરવાળો કરીને જે

મૂળ અંક આવે તે પિરામિડનું શિખર, શિખર અંક કે નિર્દેશક અંક કહેવાય છે. આપણા ઉદાહરણમાં તે ૩ આવે છે. હિટલરનું ૫૧મું વર્ષ ( ૧૮૮૯+૫૧=૧૯૪૦ ) ૧૯૩૯-૪૦માં આવતું હતું. તેથી તેનું આ વર્ષ અંક ૩ની અસર નીચે આવે છે. આ અંક લાભ, સફળતા, વૃદ્ધિ અને વિકાસનો છે. ખરેખર હિટલરે ૧૯૩૯-૪૦માં બીજા વિશ્વયુદ્ધમાં સારી સફળતા મેળવી હતી. આ જ ગણતરી પ્રમાણે તેનું ૫૫મું વર્ષ અંક ૨ની અસર નીચે આવે છે.

૨
૧૧

આ વર્ષે એટલે ૫૫મ ૧૯૪૩-૪૪માં તેણે મેળવેલા પ્રદેશો ગુમાવવાનું શરૂ કર્યું હતું. ૫૬મા વર્ષમાં આ જ પદ્ધતિ પ્રમાણે તે અંક ૪ની અસર તમે આવે છે. આ અંક પણ નિષ્ફળતા અને કમનસીબી સૂચવે છે તેના ૫૬મા વર્ષે એટલે કે ૧૯૪૫માં તેનો અને બીજા વિશ્વયુદ્ધનો અંત આવે છે.

## ભાગ્યના પિરામિડના અંકોની વિગતો

૧. આ સૂર્યનો અંક છે, તે સફળતા, સિદ્ધિ, માન, સારા સ્વાસ્થ્ય અને ઉપરી અધિકારીની કૃપા અને મદદનો દ્યોતક છે, તે શુભ તથા ભાગ્યશાળી છે.

૨ આ ઋણ ચંદ્રનો અંક છે, તે અચોક્કસતા, ઢચુંપચુંપણા અને દ્વિધાને લીધે નિષ્ફળતા સૂચવે છે. તે ઈચ્છા શક્તિનો અભાવ, નિષ્ફળ પ્રયત્નો, નુકસાનકારક

મુસાફરી તથા સામાજિક ગેરવ્યવસ્થા અને રોગચાળાને લીધે ફેરફારો તથા મુશ્કેલીઓ દર્શાવે છે. આ અંકવાળા વર્ષે સ્ત્રીઓની અસર ખરાબ અને કમનસીબ હોય છે.

૩. આ અંક ગુરૂનો છે, તે આશા, વિશ્વાસ, આનંદ, સુખ, સંપત્તિ, સફળતા, વિકાસ અને વૃદ્ધિ સૂચવે છે. તે ઉત્પાદનના સિદ્ધિ તથા મહત્વાકાંક્ષાની પૂર્તિનો પણ દ્યોતક છે.

૪. આ અંક યુરેનસ તથા ઋણુ સૂર્યનો પ્રતીક છે. આ અંક દિગ્દર્શન શક્તિના અભાવે અંશતઃ સફળતા સૂચવે છે. આ અંક ઈચ્છાઓને પૂર્ણ રીતે સંતોષતો નથી. જો કોઈ પદવી મળશે તો તે સ્વતંત્રતા, સ્વમાન તથા પ્રતિષ્ઠાના ભોગે મળશે. તે મિથ્યાભિમાન પણ સૂચવે છે. ઉપરાંત તે અદેખાઈ, દ્વેષ, મુશ્કેલીઓ, વિઘ્નો અને વિરોધોને લીધે નિષ્ફળતા પણ સૂચવે છે. સફળતા મળે તો પણ તે નામની જ મળે છે. આ વર્ષે સાચી સફળતા મળતી નથી.

૫. આ અંક બુધનો પ્રતીક છે, તે માનસિક અને શારીરિક શક્તિઓ દ્વારા લાભ, મુસાફરી કે પત્રવ્યવહારથી સફળતા તથા જ્ઞાનરૂપી તાકાત સૂચવે છે. તે વેપારધંધાથી, વિગતોના અભ્યાસથી અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓથી લાભ સૂચવે છે.

૬. આ અંક શુક્રનો પ્રતીક છે. તે સંગીત, કાવ્ય, નૃત્ય, ચિત્રકામ જેવી સામાજિક અને કલાત્મક પ્રવૃત્તિઓ

દ્વારા સફળતા સૂચવે છે. આ વર્ષે જુવાન સ્ત્રીઓ તરફથી મદદ અને લાભની પણ શકયતા હોય છે. પ્રયત્નોનું શુભ ફળ પણ તેમને આ વર્ષે મળે છે.

૭. આ અંક ધન ચંદ્ર અને નેપ્ચ્યુનનો પ્રતીક છે. આ અંક ઉચ્ચ પદવી ધરાવતી પ્રૌઢ તથા પરિણિત સ્ત્રીઓની લાગવગ તથા કૃપાથી મળતી સફળતાનો સૂચક છે. તે મુસાફરી તથા વેપારધંધાથી મળતી સફળતાનો સૂચક છે. આ વર્ષે માનમરતબો મળે છે. વ્યક્તિની મોહકતા અને પ્રભાવને લીધે સફળતા પ્રાપ્ત થાય છે. મુસાફરી, જાહેરાત, સામાજિક કાર્યો અને પુરવઠાના નિયંત્રણના કાર્યો દ્વારા વ્યક્તિને મોટે ભાગે સફળતા મળે છે.

૮. આ અંક શનિનો પ્રતીક છે. તે વિઘ્નો, અડચણો, અભાવ, નુકસાન, ખામીઓ, ઈર્ષા, નિરાશા વગેરેનો દર્શક છે. તે લગ્નજીવનના સાથી તરફથી કે તેના માટે દિલગીરી કે શોક સૂચવે છે. તે દ્વેષ, અદેખાઈ, અવિશ્વાસ અને પ્રયત્નોની ખામીને લીધે નિષ્ફળતા સૂચવે છે.

૯. આ અંક મંગળનો પ્રતીક છે. આ અંક પ્રયત્ન, પરિશ્રમ અને સાહસ દ્વારા સફળતા અપાવે છે. વિરોધો અને હરીફાઈઓ હોવા છતાં વ્યક્તિ દૃઢ નિશ્ચયબળથી ધ્યેયસિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

# પ્રકરણ ૨૭મું

## પૂર્ણ જન્મતારીખના અંકોનો અર્થ

ડૉકટર યુનાઈટ ક્રોસ ( Dr. Unite Cross ) મૂળ અંકોને ત્રણ વિભાગોમા વહેંચી નાખે છે.

૧. માનસિક કે આધ્યાત્મિક અંકો—૩, ૬ અને ૯

૨. લાગણીપ્રધાન અંકો—૨, ૫ અને ૮

૩. ભૌતિક અને દુન્યવી અંકો—૧, ૪ અને ૭

જો જન્મતારીખમાં શૂન્ય (૦) આવે તો તે ડૉકટર ક્રોસના મતે ઘણી જ મહત્વની મનાય છે. તે બીજા અંકોની અસરને દૃઢ બનાવે છે તથા તેવી જન્મ તારીખવાળી વ્યક્તિને કીર્તિ તથા નામના અપાવે છે. જન્મતારીખ પશ્ચિમની પદ્ધતિ પ્રમાણે મધરાત પછી બદલાય છે તેમ માનવાનું નથી. પણ ભારતની પ્રથા પ્રમાણે તારીખ એક દિવસના સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી અમલમાં આવેલી સમજવાની છે. જો કોઈ વ્યક્તિનો જન્મ ૨૮મીએ સૂર્યોદય પહેલાં સવારે પાંચ વાગે થયો હોય તો તેની જન્મતારીખ ૨૮મી નહીં પણ ૨૭મી ગણવી જોઈશે. પણ કોઈને તેની જન્મતારીખના સમયની ખબર ન હોય તો શું કરવું ? તો તેણે તેની જે જન્મતારીખ વ્યવહારમાં કે ઉપયોગમાં લેવાતી હોય તે જન્મતારીખ પ્રમાણે ગણતરી કરવી.

ડૉકટર ક્રોસ જીવનપંથને ભાગ્યાંક કહે છે. અને

વ્યક્તિના ભાગ્યાંક પ્રમાણે અધિપતિ ગ્રહ નક્કી કરે છે અને તે ગ્રહની અસરને ખૂબ જ મહત્વની માને છે. બાકીના અંકોની અસરને પણ તેઓ મહત્વ આપે છે જન્મતારીખની અંદર રહેલા જુદા જુદા અંકો, જુદા જુદા ગ્રહોની અસર દર્શાવે છે. આ બાબત નીચે આપેલાં ઉદાહરણોથી સ્પષ્ટ થશે. મૂળ અંકોના અર્થ તથા અસર માટે જરૂર પડે તો પ્રકરણ ૩ થી ૧૧ ફરીથી વાંચી જશો.

૧. રાષ્ટ્રપિતા ગાંધીજીની જન્મતારીખ ૨-૧૦-૧૮૬૯ હતી. તેમનો જીવનપંથ કે ભાગ્યાંક (૨+૧+૦+૧+૮+૬+૯ =૨૭=૯) ૯ થાય છે. જન્મતારીખમાં આવેલી (૦) અન્ય અંકોની અસરને દૃઢ બનાવે છે. જન્મતારીખમાં બીજા અંકો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. માનસિક અંક | ૬ અને ૯ |
| ૨. લાગણીપ્રધાન અંક | ૨ |
| ૩. ભૌતિક અંક | ૧ |

તેમનો ભાગ્યાંક માનસિક અને આધ્યાત્મિક અંક ૯ છે તેથી તેઓ ૯ના અંકની અસર તળે હતા. આ અંક શક્તિશાળી અને દૃઢ અંક નથી. '૧'થી મજબૂત બને છે અને '૨'ની અસરથી તે અંક મિતાચારી અને સમાધાનકારી પણ બને છે. અંક '૨' સમાધાન અને સુમેળનો પ્રતીક છે. તેઓ તેમના વિરોધીઓ સાથે મિત્રતા અને સમાનતાથી વર્તતા હતા અને તેમના માટે વેરભાવ કે દ્વેષભાવ રાખતા ન હતા. '૯'નો અંક તેમના જન્મ વર્ષના અંતે તથા ભાગ્યાંક તરીકે આવે છે. તેથી તેમના માટે આ અંકની

અસર ભેવડાય છે. તેથી તેઓ સર્વોચ્ચ પ્રકારનો નિઃસ્વાર્થ પ્રેમ જીવનમાં આચરી બતાવે છે. તેઓ ગીતા પ્રમાણે અનાસક્ત યોગી કે કર્મયોગી હતા. તેઓ જૂના આત્મા હોવા જોઇએ એટલે કે તેમણે અનેક વખત મનુષ્ય જન્મ ધારણ કરીને મોક્ષ માટે નિષ્કામ સાધના કરી હશે અને આ જન્મમાં તેમને જરૂરથી મોક્ષ મળ્યો હશે. અક ૨, ૬, ૯ અને ૧ તેમને તેમની ધ્યેયપ્રાપ્તિ માટે શક્તિ અર્પતા હતા. તેમણે તેમના છેલ્લા અપવાસ તા. ૧૩-૧-૧૯૪૮ના રોજ શરૂ કર્યા હતા. આ અપવાસ તેમણે હિન્દુમુસ્લિમ એકતા માટે તથા હિન્દુમુસ્લીમ રમખાણોને શાંત કરવા કર્યા હતા. આ અપવાસથી તેમને સારી સફળતા મળી હતી. આ તારીખનો મૂળ અંક (૧+૩+૧+૧+૯+૪+૮=૨૭=૯) પણ તેમના ભાગ્યાંક કે જીવનપંથ જેટલો ૯ હતો.

૨. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની જન્મ તારીખ ૭-૫-૧૮૬૧ હતી. તેમનો ભાગ્યાંક (૭+૫+૧+૮+૬+૧=૨૮=૧) ૧ થાય તેમની જન્મ તારીખના અંકો નીચે પ્રમાણે વહેંચાયેલા છે.

૧. માનસિક ૬

૨. લાગણીપ્રધાન ૫

૩. ભૌતિક ૧ અને ૭

ત્રણેય વર્ગના અંકો તેમની જન્મ તારીખમાં આવે છે. તેથી નિશંકપણે કહી શકાય કે તેમનો સ્વભાવ સમતોલ અને સ્વસ્થ હતો. અંક '૬' તેમને નિઃસ્વાર્થ પ્રેમ, સાહિત્ય

સંગીત અને કવિત્વની શક્તિ બક્ષે છે. અને આ અંકને '૧', '૫' અને '૭'ના દૃઢ અંકોનો ટેકો મળી રહે છે. તેથી જ તેમને દુનિયાભરમાં ખૂબ જ માન અને કીર્તિ મળે છે. જન્મ દિવસનો '૭'નો અંક તેમને અપૂર્વ મહાનતા અપાવે છે. અંક '૫' બુધનો શક્તિશાળી અંક છે. આ અંક તેમને ચંચળતા, નવીન કાર્યો કરવા માટેનો અજંપો, વક્તૃત્વ-શક્તિ તથા વિજ્ઞાન માટેનો રસ અર્પે છે. '૧'નો અંક જન્મતારીખમાં આવે છે તથા જીવનપંથ તરીકે પણ આવે છે. અને તેથી અંક '૧'ની અસર તેમને માટે ઘણી જ અસરકારક બને છે. તેથી તે અન્ય અંકોને પણ શક્તિ-શાળી તથા અસરકારક બનાવે છે. અને તેથી તેઓ ભારતના જ નહીં પણ સારીય દુનિયાના એક મહાન કવિ અને લેખક બને છે.

(૩) પંડિત જવાહરલાલ નહેરુની જન્મ તારીખ ૧૪-૧૧-૧૮૮૯ હતી. તેમનો જીવનપંથ (૧+૪+૧+૧+૧+૮+૮+૯=૩૩=૬) ૬ થાય છે તેમની જન્મ તારીખમાં નીચે પ્રમાણે અંકો આવેલા છે.

| | | |
|---|---|---|
| ૧. | માનસિક | ૯ |
| ૨. | લાગણીપ્રધાન | ૮ |
| ૩. | ભૌતિક | ૧, ૪ |

તેમનો જીવનપંથ '૬' છે, આ અંક શુક્રનો અંક છે, તે પ્રેમ, કળા તથા સાહિત્યનો દ્યોતક છે. તેમના જીવનમાં કળાનું સ્થાન જરૂર હતું જ. તેઓ એક સારા સાહિત્યકાર પણ હતા. તેમનો બાળકો પ્રત્યેનો નિર્દોષ અને નિસ્વાર્થ

પ્રેમ કોઈથી અજાણ્યો નથી, તેમનો માનસિક અંક ૯ મંગળનો પ્રતીક છે, તે હિંમત, નીડરતા અને લડાયક વૃત્તિનો દ્યોતક છે, તેમણે તેમના આ ગુણો ભારતની આઝાદીની લડતમાં સારી રીતે બતાવી આપ્યા હતા. આ ૯નો અંક સર્વોચ્ચ પ્રકારનો નિઃસ્વાર્થ પ્રેમ પણ દર્શાવે છે. તેમણે દેશની આઝાદી માટે તેમના સર્વસ્વનો ભોગ આપ્યો હતો એ હકીકત નિર્વિવાદ છે. તેમનો ભારત અને ભારતના લોકો માટેનો પ્રેમ તથા દેશદાઝ અજાણ્યાં નથી. અંક '૪' તેમને માટે બંને જાતિનાં ( સ્ત્રી અને પુરુષો ) માણુસો સાથેની મિત્રતા સૂચવે છે. તેમને ઘણા લોકો સાચા મિત્ર તરીકે માનતા હતા. શનિનો અંક ૮ તેમને અવારનવાર મુશ્કેલીઓમાં મૂકી દેતો હતો. અને તેથી જ તેમને જેલયાત્રા સ્વજનોનો વિયોગ કે, મૃત્યુ વગેરે સહન કરવું પડતું હતું. જન્મ તારીખમાં અંક-'૧' ચાર વખત આવે છે, અને તેથી તે ઘણો જ શક્તિશાળી અને સત્તા-સૂચક બની રહે છે, અને આ અંકની અસરથી તેઓ ભારતના પ્રથમ વડા પ્રધાન બનવા શક્તિમાન થાય છે.

(૪) બ્રિટનના ભૂતપૂર્વ રાજા ૮મા એડવર્ડની જન્મ તારીખ ૨૩-૬-૧૮૯૪ હતી, તેમનો ભાગ્યાંક (૨+૩+૬+૧ +૮+૯+૪=૩૩=૬) ૬ થાય છે, અન્ય અંકો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. માનસિક | ૩, ૬ અને ૯ |
| ૨. લાગણી પ્રધાન | ૨ |
| ૩. ભૌતિક | ૪ |

તેમની જન્મતારીખમાં ત્રણેય માનસિક અંકો આવી

જાય છે. આ એક અસામાન્ય બાબત છે અને તેથી તેમનું વ્યક્તિત્વ અસામાન્ય, વિલક્ષણ અને આશ્ચર્યજનક બની જાય છે, તેમનો જીવનપંથ (ભાગ્યાંક) ૬ છે. તેથી તેમનો અધિપતિ ગ્રહ શુક્ર (પ્રેમ અને સૌંદર્યનો ગ્રહ) બને છે. તેથી તેમને દૃઢ ઈચ્છાશક્તિ અને પ્રેમમાં મક્કમ રહેવાની શક્તિ મળે છે. એટલે જ તો તેઓ પ્રેમને ખાતર જેમાં સૂર્ય કદીય અસ્ત ન પામે તેવા વિશાળ બ્રિટિશ સામ્રાજ્યની ગાદી ત્યજીને એક સામાન્ય સ્ત્રીને પરણવાનો નિર્ણય લઈ શકે છે. તેઓ સત્તા અને ધન કરતાં પ્રેમને વધારે મહત્ત્વ આપે છે. તેમણે ૧૯૩૮ માં ગાદી છોડી હતી. આ વર્ષનો મૂળ અંક ( ૧+૯+૩+૮=૨૧=૩ ) '૩' આવે છે અને તે તેમના ભાગ્યાંક '૬' સાથે સંવાદી છે. અને તેથી જ ૧૯૩૮નું વર્ષ તેમના માટે યાદગાર પૂરવાર થયું.

(૫) જર્મનીના સરમુખત્યાર હેર હિટલરની જન્મ તારીખ ૨૦-૪-૧૮૮૯ હતી. તેમનો જીવનપંથ (૨+૪+૧+૮+૮+૯=૩૨=૫) ૫ હતો. તેથી તેમનો અધિપતિ અંક ૫ થાય છે, તેઓ પ્રબળ અંક ૫ની અસર તળે હતા તે નક્કી જ છે, કારણ કે તેમણે '૫'-અંકી તારીખે બીજા વિશ્વ યુદ્ધની શરૂઆત કરી હતી. તેમની જન્મ તારીખના અન્ય અંકો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. માનસિક | ૯ |
| ૨. લાગણીપ્રધાન | ૨, ૮ |
| ૩. ભૌતિક | ૪ |

પ્રબળ '૫'ના અંકનું '૯'ના અંક તથા પ્રગતિકારક

'૪' અને '૮'ના અંકો સાથેનું જોડાણ તેમને જર્મનીના યુવાનો અને લોકો ઉપર સત્તા અપે છે. સાથે સાથે '૨' અને '૮'ના અંકો જ તેમને યુદ્ધની ગણતરીમાં થાપ આપે છે અને તે રીતે તેઓ અંતે હારે છે, અંક '૯' (મંગળ) અંક '૫' '૮' અને ૦થી પ્રબળ બને છે. તેથી તેમને ગજબની હિંમત તથા લડાયક શક્તિ મળે છે તથા તેમના જીવન દરમ્યાન જ તેમને ખૂબ જ પ્રસિદ્ધિ મળે છે, બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન તેમનું નામ લોકોની જીભ ઉપર રમતું હતું.

(૬) ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદની જન્મતારીખ ૩-૧૨-૧૮૮૪ હતી, તેમનો જીવનપંથ (૩+૧+૨+૧+૮+૮=૨૭=૯) ૯ હતો. તેમની જન્મતારીખના અંકોનું વર્ગીકરણ નીચે પ્રમાણે થાય છે. (૧) માનસિકઃ-૩, (૨) લાગણી-પ્રધાનઃ-૨ અને ૮ (૩) ભૌતિકઃ-૧ અને ૪.

અંક '૯'ની અસર તેમના જીવનમાં પ્રબળ હતી, તેથી તેઓ હિંમતવાન અને નીડર નેતા બની શકયા હતા તથા સર્વોચ્ચ અને નિઃસ્વાર્થ પ્રેમથી જનતાજનાર્દનના માનીતા બન્યા હતા. દેશને માટે તેમણે તેમની ધીકતી વકીલાત છોડી દીધી હતી. અંક ૩ ગુરૂનો અંક છે, આ અંક તેમને સારી એવી વિદ્યા અને યશ અપાવે છે. પરીક્ષાઓમાં તેઓ પહેલા કે બીજા નંબરે જ પાસ થતા હતા. અંક '૨' તેમનામાં રહેલી સમાધાનકારી વૃત્તિ અને સુમેળ સાધવાની આવડત છતી કરે છે. અંક '૪' તેમને સાચા અને વિશ્વાસુ મિત્ર બનાવે છે અંક '૮' કે જે શનિનો અંક છે તે તેમને અનેક વખત મુશ્કેલીઓમાં મૂકે છે. અને આ અંકને લીધે તેમને જેલયાત્રા, આર્થિક મુશ્કેલીઓ તથા સ્વજનોના

વિયોગ અને મૃત્યુનું દુઃખ સહન કરવું પડે છે, પણ સાથે સાથે આ અંક તેમને આ બધું સહન કરવાની શક્તિ પણ આપે છે. શક્તિશાળી અને સત્તાવાહક અંક ૧ તેમની જન્મતારીખમાં બેવડાય છે. તેને લીધે તેઓ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ થવાને માટે ભાગ્યશાળી બને છે.

(૭) સ્વામી વિવેકાનંદની જન્મતારીખ ૧૨-૧-૧૮૬૩ હતી. તેમનો ભાગ્યાંક (૧+૨+૧+૧+૮+૬+૩=૨૨=૪) ૪ થાય છે. તેમની જન્મતારીખના અન્ય અંકો નીચે પ્રમાણે છે.

૧. માનસિક ૩ અને ૬
૨. લાગણીપ્રધાન ૨
૩. ભૌતિક ૧

તેમના આધ્યાત્મિક અંકો '૩' અને '૬' છે અને તે સૂર્યના અંક ૧થી પબળ બને છે. '૨'નો અંક તેમના સ્વભાવનો મૃદુ અને મળતાવડો બનાવે છે. '૩' અને '૬' ના અંકો આધ્યાત્મિક ક્ષેત્રમાં તેમને ઉચ્ચ શિખરે બેસાડે છે, તેમનો ભાગ્યાંક '૪' તેમને શાંતિ અને ધર્મના દૂત બનાવે છે. '૩'નો અંક ગુરૂનો છે. આ અંક '૬'ના અંક અને ત્રણ વખત આવવાથી ઘણા જ શક્તિશાળી થયેલા અંક '૧'થી પ્રબળ બને છે. તેથી જ સ્વામીજી એક પ્રખર વક્તા, મહાન વિદ્વાન અને યોગી બની શકે છે, તેઓ એક સારા લેખક પણ હતા. તેમનાં ભાષણો અને લખાણો જુસ્સાવાળાં અને સ્પષ્ટ હતાં. અંક '૪'ને લીધે તેમણે સન્યાસ લીધો અને દુનિયાના તથા ભારતના લોકો માટે તેઓ શક્તિના સ્રોત બની રહ્યા હતા. અંક '૧'ને લીધે તેમને જગતભરમાં સારી એવી કીર્તિ મળે છે.

# પ્રકરણ ૨૮મું

## -: નામના પ્રથમ અક્ષર ઉપરથી ભાવિકથન :-

ભારતીય જ્યોતિષશાસ્ત્રમાં કોઈનું નામ જન્મરાશિ પ્રમાણે પાડવામાં આવ્યું ન હોય તો પણ તેના ચાલુ નામના પ્રથમ અક્ષર પ્રમાણે તેની જન્મરાશિ ગણીને ભવિષ્ય કથન કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે જેમનાં નામ 'ર' અને 'ત' થી શરૂ થતાં હોય છે તેમની તુલા રાશિ ગણવામાં આવે છે. એટલે વ્યક્તિના નામનો પ્રથમ અક્ષર ખૂબ જ અગત્યનો ગણાય છે. પણ આ રીતે સ્વભાવ દર્શન કે ભવિષ્યકથન કરતી વખતે વ્યક્તિ જે નામથી લોકોમાં સારી રીતે જાણીતી હોય તે નામનો પ્રથમ અંગ્રેજી અક્ષર લેવો જોઈએ. નામને અંગ્રેજીમાં લખવાથી જે પ્રથમ અક્ષર આવે તે પ્રમાણે નીચે આપેલી વિગતો ઉપરથી સ્વભાવદર્શન અને ભવિષ્યકથન કરી શકાશે.

A. આ અક્ષર મહત્વાકાંક્ષી સ્વભાવ અને દૃઢ મનોબળ દર્શાવે છે. તેઓ પ્રગતિ પંથે પ્રયાણ કરનારા હોય છે. તેમના ઈરાદાઓ સ્પષ્ટ અને વિધેયાત્મ હોય છે. તેમનામાં વ્યવસ્થા શક્તિ અને રચનાત્મક શક્તિ સારા પ્રમાણમાં હોય છે. તેઓ તેમની પાસેની બધી જ બાબતો કે શક્તિઓ એકદમ જાહેર કરી દેતા નથી. ખરેખર તેઓ તેમની પાસેની કેટલીક વસ્તુઓ અને શક્તિઓ સાચવી રાખે છે અને જરૂર પડે તેનો ઉપયોગ હિત માટે કરે છે. તેમને તાબેદારી કે દબાણને વશ થવું ગમતું નથી. તેઓ વ્યવહારકુશળ હોય

છે છે અને પ્રતિકૂળ સંજોગોમાં પણ તેમના કાર્યો અને યોજનાઓ પાર પાડે છે. જ્ઞાન સંપાદન અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેઓ સારું ધન પ્રાપ્ત કરે છે.

સૂચના:–તેમણે સખત શ્રમ અને ચિંતાથી દૂર રહેવું જરૂરી છે; નહીં તો તેમની તબિયત બગાડવાનો ભય રહે છે. તેમણે ખુલ્લા સ્થળોએ ફરવા જવાનું રાખવું જોઈએ.

B. આ અક્ષર થોડા પણ વફાદાર મિત્રો, લાગણીશીલતા દર્શાવે છે. સારા ય જીવન દરમિયાન આ લોકોના ધંધા અને રહેઠાણોમાં ફેરફારો થતા રહે છે. તેઓ સ્વભાવે શરમાળ હોવાથી નવી પરિસ્થિતને જલદીથી અનુકૂળ બની શકતા નથી. તેઓ સુધરેલા અને સંસ્કારી સજ્જનો હોય છે. તેઓ કુનેહ, કાળજી અને અનુભવ જ્ઞાનથી તેમના ધંધામાં પ્રગતિ કરે છે તથા સફળતા પ્રાપ્ત કરે છે. તેમને જમીન, બાગબગીચા, ખેતીવાડી તથા ખાણોને લગતા ધંધાથી ફાયદો થાય છે. તેઓ સ્વાશ્રયી હોય છે.

સૂચના:–તેમણે મુશ્કેલીના સમયમાં અનુભવી અને વૃદ્ધ માણસોની સલાહ લેવી જોઈએ. પાચનક્રિયાના રોગોથી બચવા માટે તેમણે ખાવાપીવામાં નિયમિતતા તથા પ્રમાણ જાળવવાં જોઈએ.

C. આ લોકો અતિશય ચંચળ, પ્રવૃત્તિશીલ અને શક્તિશાળી હોય છે. તેઓ કોઈ પણ શારીરિક પ્રવૃત્તિઓ રોકાયેલા ન હોય ત્યારે તેમનું મન વિચારોમાં રોકાયેલું રહે છે. તેમને પ્રવૃત્તિ કરતાં અટકાવા ઈચ્છનીય નથી કારણ

કે તેમને કાર્ય અને પ્રવૃત્તિમાં જ સુખચેન મળે છે. નિયં-ત્રિત સંજોગોમાં તેઓ બેચેની અનુભવે છે. તેથી તેઓ સારી રીતે કામ કરે તે માટે મુક્ત વાતાવરણ પૂરું પાડવું જોઈએ. તેઓ ભૌતિક કરતાં ધાર્મિક અને આધ્યાત્મિક વૃત્તિ તરફ વધારે ઢળેલા હોય છે. તેઓ "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचनः ।" માં માનનારા હોય છે. તેઓ ફરજમાં માન-નારા હોય છે અને તેમને માટે "પૈસો એ પરમેશ્વર" હોતો નથી. તેઓ બુદ્ધિશાળી હોય છે અને તેથી તેઓ સારા લેખક, વક્તા, કળાકાર, ન્યાયાધિશ, વકીલ, શિક્ષણ, પ્રાધ્યાપક, પત્રકાર વગેરે બની શકે છે.

સૂચના—તે માટે શકય તેટલો વધારે શારીરિક શ્રમ કરવો જોઈએ. તથા તમણે ચિંતા કરવી ન જોઈએ. ચિંતા થાય ત્યારે ભૂતકાળમાં તેમના જીવનમાં બની ગયેલા શુભ અને આનંદદાયક પ્રસંગોનું વારંવાર સ્મરણ કરવું જોઈએ.

D. તેઓ સ્વાશ્રયી હોય છે અને તેમના વિચારો જરૂર પડે બીજાઓથી છુપાવી શકે છે. તેઓ સારા પ્રમા-ણમાં શારીરિક શ્રમ કરી શકે છે. અણધાર્યા અને આપત્તિના સમયે કોઈ વખત તેઓ કાર્ય કરવામાં ધીમા પડી જાય છે. તેઓ સ્પષ્ટ અને સત્ય બોલનારા હોય છે. તેથી તેમને છૂપા દુશ્મનો સારા પ્રમાણમાં હોય છે. છતાં ય થોડા અને વિશ્વાસુ મિત્રોનો વિશ્વાસ પણ તેઓ સંપાદન કરી શકે છે. જીવન દરમિયાન તેમને કૌટુંબિક, સામાજિક અને ધંધા-કીય, મુશ્કેલીઓનો સામનો કરવાનો રહે છે. તેમને વિરોધ, ખોટ, હરીફાઈ, દગોફટકો તથા શારીરિક અને માનસિક તકલીફોનો પણ ઘણી વાર અનુભવ થાય છે. તેમના વિચારો

મૌલિક હોય છે અને તેઓ સુધારક અને ક્રાંતિકારી પણ બને છે. પણ કોઈ વખત સમાજ તેમને સમજી શકતો નથી. તેઓ સંબંધીઓ, મિત્રો અને તેમના ઉપરી અધિકારીઓને વફાદાર રહે છે. લગ્ન અને પૈસાની બાબતમાં તેઓ ભાગ્યશાળી હોય છે.

સૂચના—આ લોકોએ બીજાઓને પોતાના વિચારના માની લેવાની ભૂલ નહીં કરવી જોઇએ, નહીં તો અન્ય લોકો તેમને ખોટી રીતે સમજશે કે તેમને સમજવામાં ભૂલ કરશે.

E તેઓ ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓ ધરાવે છે. તેથી તેઓ ભૌતિક બાબતોની સાથેસાથે માનસિક અને આધ્યાત્મિક બાબતોને પણ અગત્યતા આપે છે. એટલે તેમનો સ્વભાવ એકપક્ષી હોવાને બદલે સમતોલન હોય છે. તેઓ ભૂતકાળ કરતાં ભવિષ્ય કાળને વધુ મહત્વ આપે છે. તેમને નવીન અને વિવિધ પ્રકારના અનુભવો કરવાનું ગમે છે. તેમના વિચારો અને કાર્યો કોઈ કોઈ વખત અસ્થિર અને ચંચળ લાગે છે; છતાં ય તેમની યોજનાઓ સફળ બને છે. તેમના નવા અનુભવો પ્રમાણે તેઓ તેમના મિત્રોનું વર્તુળ બદલતા રહે છે.

સૂચના—(૧) તેઓ હરહંમેશ કામમાં મશગૂલ રહે છે. અને તેથી તેમની તબિયત કોઈ કોઈ વખત બગડે છે. તેથી તબિયત જાળવવા તેમણે અવારનવાર સંપૂર્ણ આરામ લેવો જોઇએ. તથા જવાબદારી અને ચિંતાઓમાંથી મુક્તિ મેળવી જોઇએ.

(૨) તેમણે તેમના કામધંધામાં ઉતાવળ કે ઉછાંછળાઈ કરવી નહીં.

(૩) તેમના માટે વાણીનો સંયમ પણ જરૂરી છે.

F તેઓ લગ્ન અને પ્રેમમાં વફાદાર રહે છે અને બીજાઓ પણ તેમના પ્રત્યે સહાનુભૂતિ, પ્રેમ અને વફાદારી બતાવે તેમ ઇચ્છે છે. તેઓ સ્થિર સ્વભાવના અને મજબૂત મનના બની શકે છે. તેમને કુટુંબ અને બાળકો પ્રત્યે પ્રેમ હોય છે. તેઓ ઉમળકાભેર સત્કાર કરનારા હોય છે અને ઘરના સીધા સાદા આનંદોમાં મજા માણનારા હોય છે. તંગ સંજોગો અને વાતાવરણમાં તેઓ સંવાદિતા લાવી શકે છે. તેમનામાં કલ્પનાશક્તિ તથા તલ્લીનતા સારી હોય છે. તેમને અભ્યાસ કરવાનો તથા કરાવવાનો ગમે છે.

સૂચના :–(૧) તેમણે શેરસટ્ટા અને જુગારથી દૂર રહેવું જોઇએ. (૨) આરોગ્યને હાનિ કરે તેવા ખોરાક અને પીણાંથી દૂર રહેવું જોઇએ અને (૩) નકામી ચિંતાઓથી દૂર રહેવું જોઇએ.

G. આ લોકો ખૂબ જ દૃઢ મનોબળવાળા હોય છે અને તેથી તેઓ જે કંઈ કરે છે તેમાં ખૂબ જ ચોક્કસ હોય છે. તેમનો ભાષાઓ ઉપરનો કાબૂ સારો હોય છે. અને તેથી સંસ્કારી અને શિક્ષિત સમાજને તેઓ વધારે અનુકૂળ થઈ શકે છે. તેમને તાબેદારીમાં કામ કરવાનું ગમતું નથી. તેઓ સારા વ્યવસ્થાપક બની શકે છે. કોઈ કોઈ વખત તેમને અણધારી મુશ્કેલીઓનો સામનો કરવો

પડે છે. તેમના વિચારો યોગ્ય અને સાચા હોય છે અને તેમણે મુશ્કેલીઓમાંથી બચવા માટે તેમના વિચારોને અનુસરવું જોઇએ.

સૂચના –(૧) તેમણે તેમના અંતરાત્માના અવાજ પ્રમાણે કામ કરવું જોઇએ. (૨) તેમણે વાતોડીઆ તથા આળસુ બનવું નહીં. નહીં તો તેમની આવકમાં ઘટાડો થવાની શકયતા છે. (૩) તેમણે શકય તેટલા જલદી નિર્ણયો લેવા જોઇએ અને તેમાં ઢીલ ન કરવી જોઇએ.

H. આ લોકો સ્વાર્થી, અહંભાવવાળા અને સમતોલ સ્વભાવના હોય છે. તેઓ બહારથી મક્કમ, સખત અને કઠોર દેખાય છે, પણ અંદરથી તેઓ નમ્ર અને ભલા હોય છે. તેઓ કરડવા કરતાં ફૂંફાડો મારવામાં માનનારા હોય છે અને લોકો તેમના ફુંફાડાથી ગભરાય છે પણ ખરા. તેમની બોલવાની રીત એવી હોય છે કે લોકો તેમને હૃદયહીન માને છે. તેઓ ઉશ્કેરાટ વિના શાંત મનથી ઉપસ્થિત થયેલા પ્રશ્નો હલ કરી શકે છે. જયારે આ અક્ષર B, C, D, K અને T અક્ષરો સાથે શરૂઆતમાં આવે છે ( દા. ત. BH, CH, CHH, DH, KH અને TH ) ત્યારે તે આ અક્ષરોવાળા લોકોના નશીબને અસર પહોંચાડી તેમના જીવનમાં અડચણો અને નિરાશાઓ ઉત્પન્ન કરે છે. તેઓનું આયુષ્ય લાંબું હોય છે. જીવનમાં તેઓ ઘણી મુશ્કેલીઓ પછી સફળતા મેળવે છે.

સૂચનાઃ–તેમણે શકય તેટલું નિસ્વાર્થી અને નિરહંકારી બનવાની જરૂર છે.

I. આ લોકો જાગૃત, ચેતનવંતા અને સ્વાશ્રયી હોય છે. કોઈ પણ પ્રકારના વિરોધોની અવગણના કરીને તેઓ તેમની યોજનાઓ પાર પાડે છે. તેમની સીધી અને શક્તિશાળી રીતો અને પદ્ધતિઓ તેમને સફળતા અપાવે છે. તેમનામાં સારી લેખનશક્તિ, ઉચ્ચ શિક્ષણ પ્રત્યે પ્રેમ અને અભ્યાસ માટે ઉત્સાહ હોય છે. તેથી તેઓ સમાચારપત્રોના ખબરપત્રી તરીકે, પ્રાધ્યાપક, હિસાબનીસ અને વૈજ્ઞાનિક તરીકે સારું કામ કરે છે. સામાન્ય રીતે જીવનમાં તેમને સારા પ્રમાણમાં સફળતા અને ધન મળે છે.

સૂચના-(૧) આયોજનોમાં થતા વિલંબ અને રૂકાવટથી ધીરજ ગુમાવવી નહીં. (૨) તેમણે તેમના કાર્યમાં આવતી અસ્થિરતા, અડચણો અને અવરોધોની અવગણના કરવી. (૩) જૂની બાબતો, બનાવો અને વસ્તુઓ ભૂલી જવી જોઈએ. (૪) સંયમી બનીને મિજાજ ઉપર કાબૂ રાખવાની જરૂર છે. (૫) મુશ્કેલીઓ અને નિષ્ફળતાથી હિંમત હારવી નહીં.

J. આ લોકોને ફેરફારો ગમે છે. તેઓને નવીન મિત્રો બનાવવાનું અને નવીન પરિચયો કેળવવાનું ગમે છે. તેમનામાં કોઈપણ પ્રશ્નની બન્ને બાજુઓ જોવાની શક્તિ હોય છે. તેઓ આશાવાદી હોય છે. તેમનામાં મોટે ભાગે લેખનકળા કે ચિત્રકળા જેવી કોઈ મૌલિક અને રચનાત્મક શક્તિ હોય છે. પ્રેમ, લગ્ન અને ધન કમાવવાની બાબતમાં આ લોકો ભાગ્યશાળી હોય છે. તેઓ આશાવાદી હોય છે. સામાન્ય રીતે તેમનું સ્વાસ્થ્ય સારું હોય છે. તેઓ નવા વચારો જલ્દીથી ગ્રહણ કરે છે.

સૂચનો-(૧) તેમણે તેમની શક્તિ અને ધ્યાન અનેક બાબતો ઉપર વહેંચી નાખવાને બદલે એક જ વસ્તુ કે બાબત ઉપર કેન્દ્રિત કરવાં જોઇએ. (૨) તેમણે બીજાઓને તેમના જેવા સંસ્કારી, સરળ અને ખેલદિલીવાળા માનવા ન જોઇએ.

K. આ લોકો ધુની અને મનસ્વી હોય છે. તેઓ તેમના મનમાં આવે ત્યારે કામ કરે છે. કોઈ વખત તેઓ ઘણા જ આનંદમાં હોય છે તો કોઈ વખત તેઓ ઘણા ચિંતિંત અને શોકાતુર હોય છે. તેમની મનની સ્થિતિ વારંવાર હર્ષ અને શોકમાં બદલાતી જ રહે છે. તેમનામાં સારી એવી અંતઃપ્રેરણાશક્તિ હોય છે. તેઓ નિખાલસ હૃદયના હોવાથી તેમના ગુણદોષો કદી છુપાવતા નથી. તેઓ સંબંધીઓ અને વડીલોનું માન સાચવે છે. તેઓ સુખી કે દુઃખી, નશીબદાર કે કમનશીબ હોય છે. તેઓ કાં તો સાધુસંત જેવું પવિત્ર જીવન જીવે છે કે ચોર ડાકુ જેવું ખરાબ જીવન પણ જીવે છે. સામાન્ય રીતે આ લોકોને આનંદપ્રમોદ, મોજશોખ દરિયાઈ મુસાફરી અને કૌટુમ્બિક પ્રેમ ગમે છે. તેમને દૂધ, તેલ, કેરોસીન, દવાઓ, રસાયણો જેવા પ્રવાહી પદાર્થોનો ધંધો કરવાનો ફાવે છે. તેમને ફેફસાંના રોગ તથા શરદી થવા સંભવ છે ઘણી વખત નશીબ તેમને ચમત્કારિક રીતે મદદ કરી જાય છે,

સૂચના-(૧) સમૃદ્ધિવાન બનવા માટે તેમણે સદ્‌ગૃહસ્થ બનવું જરૂરી છે. (૨) તેમણે દગાફટકા, છળ-કપટ અને સ્ત્રીઓ તરફથી ઊભી કરાનારી તકલીફો પ્રત્યે સાવચેત રહેવાની જરૂર છે.

L. આ લોકો કોઈપણ બાબતમાં સ્પષ્ટ વિચારો ધરાવતા હોય છે. તેમની વિચારશક્તિ અને તર્કશક્તિ સારી એવી વિકસેલી હોય છે. તેઓ આદર્શો અને સિદ્ધાંતો કરતાં વાસ્તવિકતા અને તથ્યોમાં માનનારા હોય છે. તેમનું તેઓ ધાર્મિક અને આધ્યાત્મિક વિચારો ધરાવે છે. તેઓ શરૂ કરેલા કાર્યને કોઈપણ ભોગે પૂરું કરવામાં માને છે. તેમને માન, કીર્તિ, લોકપ્રિયતા અને ધન સારા પ્રમાણમાં મળે છે. ઘણી વાર તેમને શોક, ચિંતા તથા નિષ્ફળતાનો સામનો કરવો પડે છે. આમ છતાંય તેઓ કમનશીબ અને મુશ્કેલીઓવાળા સમયમાં પણ તેઓ ધૈર્ય અને મનની સમતુલા ગુમાવતા નથી.

સૂચના:-તેમણે તેમનાં લગ્ન મોટી ઉંમરે કરવાં અને વિજાતીય વ્યક્તિઓના આકર્ષણથી બચતા રહેવું.

M આ લોકો મનસ્વી, ધૂની અને તરંગી હોય છે, એટલે તેઓ ઘડીકમાં આનંદમાં તો ઘડીકમાં ચિંતા અને શોકમાં ડૂબેલા માલૂમ પડે છે. તેઓ કોઈ કોઈ વખત ઘણા જ જક્કી બને છે અને બીજાઓએ તૈયાર કરેલાં વિધાનો કે પરિસ્થિતિને સ્વીકારવાની ના પાડે છે, તેઓ લાગણીશીલ, ઉત્સાહી અને નિયમિત હોય છે, તેમની યાદશક્તિ સારી હોય છે. શાંતિ અને ધીરજથી મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં તેઓ સફળતા પ્રાપ્ત કરે છે, સિનેમા, નાટક, રેસ્ટોરન્ટ, હોટેલ જેવા ધંધાઓમાં અને શેરસટ્ટો, મકાનોના કોન્ટ્રાકટ, સ્થાપત્ય વગેરેમાં પણ મોટે ભાગે સફળ થાય છે.

સૂચનાઃ-(૧) આળસુ બનવું નહીં. (૨) જરૂર પડે બીજાઓની સલાહ સ્વીકારવી. (૩) માનસિક ખેંચ-તાણ (tension) થી તેમણે દૂર રહેવું જોઇએ. (૪) જરૂર પડે તો તેમણે તેમની જવાબદારીમાં ભાગ પડાવે તેવા માણસને મદદનીશ તરીકે રાખવો જોઇએ.

N. આ લોકોને ભાગ્યચક્રનો અનુભવ થયા કરે છે, એટલે કે જીવનમાં તેમને ઘણી વખત ચઢતી અને પડતી, સુખ અને દુઃખ જોવાં પડે છે, દુઃખના દિવસોમાં તેમને બધું જ ખરાબ લાગે છે, જ્યારે સુખના દિવસોમાં તેમને બધી જ બાબતોમાં સુખ અને સફળતા માલૂમ પડે છે. તેઓ અસ્થિર વિચારોવાળા, સહેજમાં ગુસ્સે થાય તેવા, શંકાશીલ સ્વભાવના અને શક્તિ બહારનું ખર્ચ કરનારા હોય છે, તેમના જીવનમાં ઝગડાઓ અને દુશ્મનાવટના પ્રસંગો અનેક વખત બને છે. તેઓ વારંવાર નોકરી કે ધંધો બદલતા રહે છે. આ પ્રથમાક્ષરવાળા લોકો ભૌતિક સુખસંપત્તિમ, માનનારા હોય છે. તેમને પરિવર્તનો, મુસાફરી જ્ઞાનસંપાદન, લેખન તથા પ્રકાશનની પ્રવૃત્તિઓ ગમે છે તેઓને માટે શેરસટ્ટો અને સાહસના કાર્યો લાભકારક હોય છે, તેઓ માનસિક નબળાઈ અને દર્દોથી પીડાતા હોય છે.

સૂચનાઃ-(૧) અનાસક્ત રહીને જીવન જીવતાં શીખો. (૨) ચિંતા શોક વગેરેથી શક્ય તેટલા દૂર રહો જૂનવાણી વૃત્તિવાળા.

O. આ લોકો આકર્ષક વ્યક્તિત્વવાળા વાણી તથા

ભાષાઓ ઉપર સારો કાબૂ ધરાવનારા, ધાર્મિક બાબતોમાં સર્વ ધર્મ સમભાવની ભાવનાવાળા તથા પદ્ધતિ તથા નિયમિતામાં માનનારા હોય છે. તેમને જીવન દરમિયાન વિલંબો, વિઘ્નો, મુશ્કેલીઓ અને કૌટુમ્બિક દુઃખો અવાર નવાર જોવાં પડે છે. આ અક્ષર સંગીત અને કળાત્મ ધંધાઓ માટે સારો છે. તેમને કીમતી અને સુંદર ચીજો ગમે છે. તેમના ઉપર ભાગ્યચક્રની અસર સારી એવી થાય છે, એટલે કે જીવનમાં તેમને સુખ દુઃખ, ચઢતીપડતી અનેક વખત જોવી પડે છે. અને તેથી તેમણે લગ્નજીવન અને ધંધામાં સંભાળીને કામ લેવું પડે છે. એમની આર્થિક સ્થિતિ એક ધારી અને સંગીન હોતી નથી. છતાં ય તેમને સુખના દિવસો પણ જોવાના મળે છે. તેમનું શરીર ખડતલ કહી શકાય તેવું હોતું નથી. તેમને ફેફસાં અને શ્વાસોચ્છવાસના રોગો થવાનો સંભવ છે.

**સૂચના**–(૧) તેમણે રસ્તા પર થતા અકસ્માતો અને ઝેરી દવાઓથી બચવાની જરૂર છે (૨) વિપરિત સંજોગોમાં નિરાશ ન થતાં માનસિક જુસ્સો અને ઉત્સાહ ટકાવી રાખવા જોઇએ. એટલે કે તેઓએ સુખમાં છકી ન જવું અને દુઃખમાં નિરાશ અને નાહિમ્મ ન થવું જોઇએ.

P. આ લોકોને એકાંત અને અલગપણું ગમે છે, ઘરમાં કે ઓફિસમાં તેઓ બીજાઓથી અળગા રહેવાનું પસંદ કરે છે. તેમને સમાજ, સમૂહ કે ટોળાંથી દૂર રહેવું ગમે છે. તેમના પોતાના ખાસ શોખ અને ટેસ્ટ હોય છે. તેઓ તેમની લાગણીઓનું પ્રદર્શન કરવામાં માનતા નથી. તેમના ખાસ મિત્રો આગળ પણ તેઓ તેમના વિચારો

અને લાગણીઓ વ્યક્ત કરવા નથી. તેઓ સારા વ્યવસ્થાપક, સંચાલક કે સુધારક બની શકે છે. તેઓ સંશોધક વૃત્તિવાળા અને ધાર્મિક વિચારોવાળા હોય છે. તેઓ પરદેશગમન, શેરસટ્ટો તથા દૂધ, તેલ, કેરોસીન, દવાઓ અને પ્રવાહી પદાર્થોના ધંધામાંથી સારી એવી કમાણી કરીને સ્થાવર અને જંગમ મિલકત પ્રાપ્ત કરે છે. તેમને વારસામાં સારી એવી મિલકત મળવા સંભવ છે, તેમને પ્રેમ અને લગ્નની બાબતમાં વિલંબ, વિરોધ અને વિઘ્નો અનુભવવાં પડે છે બાળપણમાં તેમનું સ્વાસ્થ્ય ઠીક હોય છે, પણ પછીથી વૃદ્ધાવસ્થામાં સારું થાય છે.

સૂચના : (૧) તેમણે હાનિકારક દવાઓ તથા પાણીની ઘાતથી બચતા રહેવું. (૨) સ્ત્રીઓની સોબતથી પણ બચતા રહેવાથી જરૂર છે.

Q. આ લોકો ચોક્કસ ધ્યેયવાળા તથા દૃઢ નિશ્ચયી હોય છે. તેમની રીતભાત અને ટેવો પણ દૃઢ થયેલી હોય છે. તેઓ મૌલિક વિચારો, સંશોધનવૃત્તિ અને વ્યવસ્થાશક્તિ ધરાવતા હોય છે. તેઓ મુશ્કેલીઓ અને દુઃખમાં પણ નિરાશ થતા નથી. તેઓ ગણુતરીબાજ અને તેમના કામકાજમાં વ્યવસ્થિત હોય છે. માનસિક અને શારીરિક શ્રમ સરખા પ્રમાણમાં હોય તેવા ધંધાઓ તેમને ગમે છે. આ અસર પ્રેમ અને લગ્ન માટે ભાગ્યશાળી છે. તેઓ ઓળખાણ, લાગવગ અને શેરસટ્ટાથી ધન કમાઈ શકે છે. સામાન્ય રીતે આ લોકોનું સ્વાસ્થ્ય સારું હોય છે. કોઈ વખત તેમને લોહી અને હૃદયની તકલીફ ઊભી થાય છે.

સૂચના:–વધારે પડતા શારીરિક અને માનસિક શ્રમથી તેમણે બચતા રહેવું.

R. આ લોકો મનસ્વી, ધુની અને તરંગી હોય છે. તેઓ ઘર, કુટુંબ અને સમાજના કલ્યાણમાં સુખ અનુભવે છે. તેમને ખેતી, બાગાયત અને જંગલની પેદાશથી લાભ થવા સંભવ છે. તેઓ વિજાતીય જાતિ પ્રત્યે સ્નેહ અને સહાનુભૂતિ રાખે છે ધીરજ અને સખત શ્રમ વડે તેઓ ગમે તેવી મુશ્કેલીમાંથી પણ પાર ઊતરે છે. તેઓ સ્વાર્થી હોતા નથી. તેમની શક્તિ અને લાગવગ દરેક સ્થળે ફેલાય તે માટે તેઓ પ્રયત્ન કરે છે. તેઓ બીજાઓની મુશ્કેલીઓ સારી રીતે સમજી શકે છે અને બીજાઓનાં દુઃખ અને મુશ્કેલીઓમાં ભાગીદાર થવા પ્રયત્નશીલ રહે છે. આ અક્ષર ધનપ્રાપ્તિ માટે સારો છે. તેઓનું સ્વાસ્થ્ય સારું હોય છે અને આયુષ્ય લાંબુ હોય છે.

સૂચના–(૧) અનુભવ એજ ઉત્તમ શિક્ષક છે. (૨) બીજાઓની સલાહ કરતાં સ્વાનુભવથી શીખવાનું પસંદ કરવું જોઈએ.

S. આ લોકો મહત્વાકાંક્ષી, સેવાભાવી અને નેતા બનવાની ઈચ્છાવાળા હોય છે. તેઓ વિશાળ હૃદયના અને સખત પરિશ્રમ કરનારા હોય છે. આ અક્ષર પ્રગતિ, ઉન્નતિ, સત્તા, સફળતા, વિજય, ભાગ્ય, બાળકો માટે પ્રેમ, શિક્ષણ, કળા, નાટક, થિયેટર, વગેરેનો નિર્દેશ કરે છે. આ લોકો પ્રેમ અને લગ્નમાં નસીબદાર હોય છે. તેઓ માટે નર્સ, ડોકટર, રસોઈયા, દરજી, ઇલેકટ્રીશીયન, મેનેજર વગેરેના

ધંધાઓ અનુકૂળ છે, વૃદ્ધવસ્થામાં પણ તેમની તબિયત સારી હોય છે તેઓ બીજાના જીવનમાં સારો એવો રસ લે છે અને તેમની સાથે દૃઢ મૈત્રી બાંધે છે. તેમનું મન કોઈ કોઈ વખત અસ્પષ્ટ અને ધૂંધળું બની જાય છે, પરિસ્થિતિને અનુકૂળ બનવાની જરૂર લાગવા છતાં પણ તેઓ તેમ કરી શકતા નથી.

સૂચનાઃ-(૧) નાની બાબતોને તેમણે મોટું રૂપ આપવું નહીં જોઇએ; નહીં તો તેઓ જાતે જ મુશ્કેલીમાં મુકાઈ જશે. (૨) તેમણે હૃદયરોગ અને રૂધિરાભિષણુની તકલીફ ન થાય તે માટે કાળજી રાખવી જરૂરી છે.

T. આ અક્ષર સ્વાર્થત્યાગ, સેવા, આત્મભોગ, સમર્પણ બલિદાન અને મહત્વાકાંક્ષાનો પ્રતીક છે. આ લોકોની મહત્વાકાંક્ષાઓ આધ્યાત્મિક પ્રકારની હોય છે. તેઓ બીજાઓ માટે સુખસગવડોનો ભોગ આપતા હોય છે. જે ઋતુમાં તેમનો જન્મ થયો હોય છે તે ઋતુની તેમના સ્વભાવ અને ચારિત્ર્ય ઉપર ખાસ અસર થાય છે. વસંત ઋતુ તેમને નેતા, ગ્રીષ્મ સત્તાવાળા, પાનખર કુદરતી જ્ઞાન અને સૂઝવાળા અને શિયાળો તેમને ચતુર બનાવે છે, તેમને એક કામ કે ધંધાથી સંતોષ થતો નથી અને તેથી તેઓ બીજાં વધારાનાં પૂરક કામ કરતા હોય છે, ઋતુઓ પ્રમાણે તેમની આર્થિક સ્થિતિમાં ફેરફારો થયા કરે છે. સામાન્યતઃ તેમની તબિયત સારી હોય છે.

સૂચનાઃ-(૧) તેમણે તેમના અંતરાત્માના અવાજ

પ્રમાણે કામ કરવું જોઇએ (૨) બીજાઓની ભૂલોથી તેમને નુકસાન ન થાય તે માટે તેમણે સાવધ રહેવું જોઇએ. (૩) રોમાન્સ, પ્રેમ અને લગ્નની બાબતમાં વ્યવહારુ બનવું જોઇએ. (૪) તેમનો જન્મ થયો હોય તે ઋતુમાં તેમણે તબિયતની કાળજી રાખવાની જરૂર હોય છે.

U. તેઓને એક જ વસ્તુ કે બાબતથી સંતોષ થતો નથી. પણ તેમને નવી નવી વસ્તુઓનો અનુભવ કરવાનો શોખ હોય છે. તેઓ કલ્પનાશક્તિવાળા અને સત્યશોધક હોય છે. તેઓ ખુલ્લા દિલથી જીવનનાં બધાં જ પાસાંઓનો અનુભવ અને વિચાર કરે છે. તેથી જ તેઓ કોઈ પણ પ્રકારની રીતિરિવાજો કે રૂઢિઓને દૃઢતાથી વળગી રહી શકતા નથી. કોઈ કોઈ વખત તેમની તબિયત બગડે છે તોપણ તેઓ જલદીથી સાજા થઈ જાય છે.

સૂચના:-(૧) અશકય મુશ્કેલીઓની કલ્પનાથી દૂર રહેવું. (૨) બીનજરૂરી ચિંતા કરવી નહીં.

V. આ ગ્રહણશક્તિ અને અભ્યાસ વૃત્તિનો દર્શક છે. તેઓ કૌટુમ્બિક અને સામાજિક રીતરિવાજો અને નીતિ-નિયમોમાં માને છે. ઘરમાં તથા સમાજમાં તેઓ "સંપ ત્યાં જંપ" અને "સંઘ શક્તિ" માનનારા હોય છે. તેઓ ગણતરીબાજ હોય છે, છતાં ય જરૂર પડે ખર્ચ કરવામાં પાછું વાળીને જોતાં નથી. તેઓ સારા મિત્રો પૂરવાર થાય છે. તેઓ કાર્ય કરતાં પહેલાં પૂરેપૂરો વિચાર કરે છે અને તેથી તેઓ સાંસારિક કાર્યોમાં સારી સફળતા પ્રાપ્ત કરે છે. તેમની ગ્રહણશક્તિ સારી હોય છે અને તેઓ ધારે તો

કોઈ પણ વસ્તુ સહેલાઈથી શીખી શકે છે. તેઓ સત્તા સ્થાન પ્રાપ્ત કરી શકે છે અને સત્તાનો ઉપયોગ વિવેકપૂર્વક કરી જાણે છે. તેઓ અનુભવથી ઘણું શીખી શકે છે અને તેમના જ્ઞાનનો વ્યાવહારિક ઉપયોગ પણ કરે છે.

સૂચના-નવા અને સારા વિચારોને સ્વીકારવા તૈયાર રહેવું જોઇએ.

W. આ લોકો ઘણા જ મહત્વકાંક્ષી અને ગમે તે પ્રકારનું જોખમ અને સાહસ ખેડનારા હોય છે તેઓ ન્યાયી, ભલા, કર્તવ્યનિષ્ઠ, પ્રમાણિક સખત પરિશ્રમ કરનારા, શક્તિશાળી અને ઉદાર હૃદયના હોય છે. આ અક્ષરની ખરાબ અસરવાળા લોકો સ્વાર્થી, મિથ્યાભિમાની, દંભી, અપ્રામાણિક તથા છૂપાં પાપકર્મો કરનારા હોય છે. તેથી તેમને જીવનમાં નિષ્ફળતા મળે છે. તેઓ જીવનમાં ઘણી મુશ્કેલીઓ અને દુઃખોનો સામનો કર્યા પછી જ તેમના ધ્યેયને પ્રાપ્ત કરી શક્યા હોય છે.

સૂચના-આ લોકોએ અતિશ્રમ, ખોટી ચિંતાઓ, વ્યભિચાર અને માદક પીણાંથી દૂર રહેવાની જરૂર છે, નહીં તો તેમને લોહીના દબાણનું દર્દ થવા સંભવ છે.

X. આ લોકો દેખાવે આકર્ષક પણ વિચારોમાં જૂનવાણી હોય છે. આ લોકોને જીવનમાં ઘણી વખત ચડતી પડતી અને સુખદુઃખ જોવાં પડે છે. ખરાબ સમયમાં તેઓ ઘણા જ ચિંતાતુર અને નિરાશ બની જાય છે. આ લોકો છેલ્લામાં છેલ્લી ફેશન પ્રમાણે કપડાં પહેરતાં હોય છે. આ

અક્ષરવાળી સ્ત્રીઓ કપડાં, ઘરેણાં અને ખાવાપીવાની શોખીન હોય છે. તેમનું શરીર ખડતલ હોતું નથી. આ લોકો મોજશોખ અને એશઆરામમાં રાચનારા હોય છે. તેઓ આધ્યાત્મિકતા અને ગ્રહન વિદ્યાઓ તરફ ઢળેલા હોય છે.

સૂચના-(૧) શકય તેટલું મોજશોખથી દૂર રહેવું અને સંયમિત જીવન જીવવા પ્રયાસ કરવો.

(૨) પૈસાની બાબતમાં ઉદાર બનવું, પણ ઉડાઉ ન બનવું.

Y. આ લોકો સમાજ અને ટોળાંથી દૂર એકાંતમાં રહેવાનું પસંદ કરે છે. તેમને શાંતિ અને એકાંત ગમે છે. તેઓ સ્વતંત્ર રીતે કાર્ય કરવાની તીવ્ર ઇચ્છા ધરાવે છે. તેઓ બીજાઓ સાથે ખાસ ભળતાં નથી. તેથી તેમને ઘણા જ થોડા મિત્રો હોય છે. તેઓ તેમના વિચારો બીજાઓ આગળ પ્રદર્શિત કરતાં નથી. ગમે તે ક્ષેત્રમાં કામ કરતાં હશે તો પણ તેમનું જુદાપણું દેખાયા વિના રહેશે નહીં. તેઓ તીવ્ર યાદ શક્તિવાળા, ભલા, હિંમતવાન અને ખુલ્લા દિલના હોય છે. તેઓ ધીમી પણ ચોક્કસ પ્રગતિ કરે છે. તેમને સખત પરિશ્રમ અને લાંબા સંઘર્ષ પછી સફળતા પ્રાપ્ત થાય છે. તેઓ કળાકાર, શિલ્પી, ઝવેરી અને સોના ચાંદીના વેપારી તરીકે સફળ બની શકે છે. મોટે ભાગે તો તેઓ ભૌતિકવાદી હોય છે. પણ જો તેઓ તેમની આધ્યાત્મિક શક્તિઓ ખીલવે તો તેઓ આ દુનિયામાં ઘણાં જ આશ્ચર્યજનક કાર્યો કરી શકે છે.

સૂચના-તેમનાં દુઃખો અને મુશ્કેલીઓ કરવા કે દૂર

કરવા માટે તેમણે મિથ્યાભિમાન, આળસ અને મોજશોખથી દૂર રહેવું જોઈએ.

Z. આ લોકો મજબૂત મનોબળવાળા દૃઢ ચારિત્ર્ય બળવાળા, અને સ્થિર ટેવોવાળા હોય છે, તેઓ કોઈપણ બાબતમાં એક વખત નિશ્ચય કરી લે તો તેમને તેમાંથી ચલાવવા કે ડગાવવા મુશ્કેલ બની જાય છે નિરાશાઓ અને પ્રતિકૂળ વાતાવરણની સામે પણ તેઓ સતત સંઘર્ષ કરવાની શક્તિ ધરાવે છે. તેમની સલાહ કે સહાય તેમના કરતાં બીજાઓને વધુ ઉપયોગી નીવડે છે, અને તેથી જ ઘણા લોકો તેમની મદદ શોધતા આવે છે. તેઓ ન્યાય અને માનવતા માટે લડતા હોય છે. તેમનું મિત્રમંડળ ઘણું જ વિશાળ હોય છે, પણ તેમાંના ઘણા જ થોડા તેમના સાચા અને વફાદાર મિત્રો હોય છે. તેમની કલ્પનાશક્તિ સારી હોવાથી તેઓ સારા સંશોધક વૈજ્ઞાનિક, મનના વિચારો જાણનારા અને ક્રાન્તિકારી બની શકે છે. તેઓ સ્વભાવે સ્વતંત્ર અને સ્વાશ્રયી હોય છે.

સૂચના:-(૧) તેમણે જલદીથી અને સહેલાઈથી પૈસાદાર બનવાની યોજનાઓથી દૂર રહેવું જરૂરી છે.

(૨) લગ્નજીવનમાં સુખી થવા માટે તેમના જીવનસાથી પ્રત્યે દુર્લક્ષ્ય ન સેવવું જોઈએ.

# પ્રકરણ ૨૯મું

## મૂળ અંકો અને રોગ

અમુક મૂળાંક (મૂળ+અંક)ની અસર નીચે જન્મેલ વ્યક્તિનો સ્વભાવ, ચારિત્ર, ભવિષ્ય વગેરે કેવા પ્રકારનાં હોય છે તે આપણે આગળનાં પ્રકરણોમાં જોઈ ગયા. સેફારીઅલ, કીરો, મોન્ટ્રોઝ, જેમ્સલી જેવા આ શાસ્ત્રના પશ્ચિમના વિદ્વાનો મૂળાંકો કે જન્માંકો અને જુદા જુદા રોગો વચ્ચે સંબંધ છે એમ દૃઢપણે માને છે. આ પ્રકરણમાં આપણે જુદા જુદા જન્માંકો કે મૂળાંકોવાળી વ્યક્તિઓને કેવા પ્રકારના રોગો થવાની શકયતા છે તે જોઇશું.

**મૂળાંક–૧** આ અંકવાળી વ્યક્તિઓ એટલે કે કોઈ પણ માસની ૧લી, ૧૦મી, ૧૯મી અને ૨૮મીએ જન્મેલા લોકોને હૃદયના રોગો થવાનો સંભવ છે. તેમને હૃદયના ધબકારા અને રૂધિરાભિસરણની અનિયમિતતા સંબંધી રોગો અને મોટી ઉંમરે લોહીના દબાણનો રોગ થવા સંભવ છે. તેમને ટૂંકી દૃષ્ટિ, લાંબી દૃષ્ટિ, ઝાંખું દેખાવું, મોતીઓ વગેરે આંખના દર્દો થવા પણ સંભવ છે. અને તેથી તેમણે અવારનવાર કોઈ નિષ્ણાત ડોકટર પાસે તેમની આંખો તથા હૃદય તપાસાવડાવવાં જોઇએ.

તેમની ઉંમરના ૧૯મા, ૨૮મા, ૩૭મા, ૪૬મા, ૫૫મા, ૬૪મા, ૭૩મા અને ૮૨મા વર્ષે તેમની તબિયતમાં સારા કે ખરાબ ફેરફારો થવાની શકયતા છે. અને તેથી તેમણે

તે વર્ષોએ તેમની તબિયત સાચવવા પ્રયત્ન કરવો જરૂરી છે તંદુરસ્તીની દૃષ્ટિએ કોઈપણ વર્ષના ઓક્ટોબર, ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનાઓ તેમના માટે સારા નથી. તેથી તેમણે આ મહિનાઓ દરમિયાન વધુ પડતા શારીરિક અને માનસિક શ્રમથી દૂર રહેવાની અને તબિયત સાચવવાની જરૂર છે.

મૂળાંક–૨ આ અંકવાળી વ્યક્તિઓ એટલે કે કોઈ પણ માસની ૨જી, ૧૧મી, ૨૦મી કે ૨૯મી જન્મેલા લોકોને જઠર, આંતરડાં વગેરે પાચનક્રિયાના અવયવોનાં દર્દો થવાની શકયતા છે. તેમને હોજરી, આંતરડાં વગેરેમાં સોજો, ચાંદી (Vecer) કે ગાંઠ થવાના રોગ, અપચો અને ગેસ–વાયુના રોગો થવાનો સંભવ છે.

તેમની ઉંમરના ૨૦મા, ૨૫મા, ૨૯મા, ૩૪મા, ૩૮મા, ૪૩મા, ૪૭મા, ૫૨મા, ૫૬મા, ૬૧મા, ૬૫મા, ૭૦મા અને ૭૪મા વર્ષોએ તેમની તબિયતમાં સારો કે નરસો ફેરફાર થવા સંભવ છે. તેથી તેમણે આ વર્ષો દરમ્યાન તેમની તબિયત સાચવવા પ્રયત્ન કરવો જોઇએ. આરોગ્યની દૃષ્ટિએ કોઈ પણ વર્ષના જાન્યુઆરી, ફેબ્રુઆરી અને જુલાઈ માસ તેમના માટે સારા નથી. તેથી આ મહિનાઓમાં તેમણે વધુ પડતા શ્રમથી અને અપથ્ય ખોરાકથી બચવાની જરૂર છે.

મૂળાંક–૩ મૂળાંક '૩'વાળી વ્યક્તિઓ એટલે કે કોઈપણ માસની ૩જી, ૧૨મી, ૨૧મી અને ૩૦મી તારીખે જન્મેલા લોકોને વધુ પડતા શારીરિક કે માનસિક શ્રમને

લીધે જ્ઞાનતંતુઓની નબળાઈના રોગ, રાંઝણુ (પગના દુઃખાવાનો રોગ) અને જુદા જુદા પ્રકારના ચામડીના રોગો થવાનો સંભવ છે.

તેમના જીવનના ૧૨મા, ૨૧મા, ૩૦મા, ૩૯મા, ૪૮મા, ૫૭મા, ૬૬મા, ૭૫મા તથા ૮૪મા વર્ષો દરમ્યાન તેમની તબિયતમાં સારાનરસા ફેરફારો થવાની શકયતા છે. તેથી તેમણે આ વર્ષોમાં વધુ પડતા શ્રમ અને અપથ્ય ખોરાકથી બચવાની જરૂર છે. કોઈપણ સાલના ડિસેમ્બર, ફેબ્રુઆરી, જૂન અને સપ્ટેમ્બર માસમાં તેમની તબિયત બગડવાની શકયતા છે. તો તે માસમાં પણ તેમણે આરોગ્ય સાચવવું જોઇએ.

મૂળાંક-૪ આ અંકવાળા એટલે કે કોઈપણ માસની ૪થી, ૧૩મી, ૨૨મી અને ૩૧મી તારીખોએ જન્મેલા લોકોને સમજી ન શકાય અને સરળતાથી જેનું નિદાન ન થઈ શકે તેવાં દર્દો થાય છે, તેઓ થોડે ઘણે અંશે શોક, ચિંતા, નિરાશા, ગમગીની કે હતાશાથી પીડાતા હોય છે, તેમને માનસિક દર્દો, પાંડુરોગ (anaemia), કમળો તથા પીઠ, કમર, પેઢા, કિડની અને માથાનો દુઃખાવો થાય છે. આ લોકોને માનસિક સૂચનો, જપ, ધ્યાન, હિપ્નોટિઝમ, વિજળીની સારવાર વગેરેથી તેમનાં દર્દોમાં ફાયદો થાય છે. તેમણે કોફી અને માદક પીણાંઓથી દૂર રહેવું તથા મરી-મસાલાથી ભરપૂર કે તળેલો ખોરાક શકય તેટલો ઓછો લેવો જોઇએ. તેમણે કોઈ પણ વરસના જાન્યુઆરી, ફેબ્રુઆરી, જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં વધુ પડતું કામ ન કરવું અને તબિયત સાચવવી કારણકે આ

મહિનાઓમાં તેમની તબિયત બગડવાનો સંભવ છે, તંદુરસ્તીની દૃષ્ટિએ તેમનું ૧૩મું, ૨૨મું, ૩૧મું, ૪૦મું, ૪૯મું, ૫૮મું, ૬૭મું અને ૭૬મું વર્ષ સારા નરસા ફેરફારોવાળું બનવાની શકયતા છે. અને તેથી આ વરસો દરમ્યાન તબિયત માટે કાળજી રાખવાની જરૂર છે.

મૂળાંક–૫ આ અંકવાળા લોકો શારીરિક કરતાં માનસિક શ્રમ વધારે પ્રમાણમાં કરતા હોય છે. તેથી તેમને જ્ઞાનતંતુઓ અને જ્ઞાનતંત્રને અસર કરે તેવા રોગો થાય છે તેમને ચિંતા, શોક વગેરેથી થતા અપચો, ગેસ, ડાયેરીઆ જેવા પાચનક્રિયાના રોગો, જીભ ચોંટવી, તોતડાવું, અનિદ્રા, નાક, આંખ, ગળાના તથા શ્વાસ-નળીઓના સોજાના રોગ ( બ્રોન્કાઈટિસ ) વગેરે થાય છે. તેમને પૂરતા પ્રમાણમાં ઊંઘ, આરામ અને શાંતિ મળે તો તેઓ ઉપરના રોગોમાંથી મુક્ત થઈ શકે છે, તેમણે જ્યારે માનસિક ખેંચ તાણ ( tension ) કે અશાંતિ લાગે ત્યારે ધ્યાન અને જપ કરવાં જરૂરી છે.

તેમની જિંદગીમાં ૧૪મા, ૨૩મા, ૩૨મા, ૪૧, ૫૦મા, ૫૯મા ૬૮મા અને ૭૭મા વર્ષોએ તેમની તબિયતમાં સારાનરસા ફેરફારો થવાની સંભાવના છે અને તેથી તેમણે તે વરસો દરમ્યાન તેમની તબિયત સાચવવી. તેમનું આરોગ્ય કોઈ પણ વર્ષના જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બર મહિનાઓમાં કથળવાની શકયતા છે, અને તેથી તે માસમાં પણ તેમણે વધારે પડતા શરીરશ્રમ અને અપથ્ય ખાનપાનથી બચતા રહેવાની જરૂર છે.

મૂળાંક–૬ આ અંકવાળા એટલે કે કોઈ પણ માસની ૬ ઠ્ઠી, ૧૫ મી અને ૨૪ મીએ જન્મેલા લોકોને સામાન્ય રીતે ગળા, નાક તથા ફેફસાંના રોગો, કાન, ગળા, છાતી અને માથામાં દુઃખાવો તથા ગુમડાં થવા સંભવ છે. વૃધ્ધાવસ્થામાં તેમને હૃદય અને લોહીના પરિભ્રમણના રોગો થવા સંભવ છે. તેમણે સ્વચ્છ અને તાજી હવામા હરવા અને કામ કરવાની ટેવ પાડવાની જરૂર છે. શકય હોય તો તેમણે શહેરના ધમાલિયા જીવનને છોડીને ગામડાના શાંત જીવનને પસંદ કરવું જોઇએ.

તેમણે કોઈ પણ મે, ઓકટોબર તથા નવેમ્બર માસમાં વધુ પડતો વર્ષના પરિશ્રમ ન કરવો તથા તેમની તબિયત સાચવવી જોઇએ કારણ કે તે માસમાં તેમનું આરોગ્ય બગડવા સંભવ છે, તેમના માટે ૧૫ મું, ૨૪ મું ૩૩ મું, ૪૨ મું ૫૧ મું, ૬૦ મું, ૬૯ મું અને ૭૮ મું વર્ષ તબિયતના સારા કે ખરાબ ફેરફાર માટેનું હોય છે. અને તે વર્ષોમાં તેમણે તેમની તબિયત સાચવી લેવી જોઇએ.

મૂળાંક–૭ આ મૂળાંકવાળા લોકો એટલે કે કોઈ પણ માસની ૭ મી, ૧૬ મી કે ૨૫ મી એ જન્મેલા લોકો અસ્થિર અને અજંપાવાળા સ્વભાવના હોય છે. તેમની તબિયત સામાન્ય હોય છે અને તેમનાં શરીર તકલાદી તથા સૂકલકડી હોય છે. જયાં સુધી બધું સરળતાપૂર્વક ચાલે છે. ત્યાં સુધી તેઓ સારા પ્રમાણમાં કામનો બોજો ઊઠાવે છે. તેઓ પરિસ્થિતિ પ્રત્યે ઘણા જ સતેજ અને લાગણીશીલ હોય છે. તેથી જો તેમને પ્રતિકૂળ સંજોગોમાં કામ કરવાનું આવે છે તો તેઓ પરિસ્થિતિને હોય છે તેના કરતાં વધારે

ખરાબ કલ્પી લે છે અને ચિંતા તથા ગમગીનીમાં ડૂબી જાય છે તથા હતાશ અને નિરાશ બને છે. તેમને એલર્જીથી થતાં ચામડીનાં દર્દો જેવાં કે ફોલ્લીઓ, શિળસ ખરજવું અને ગૂંમડાં તથા ખીલ થાય છે.

તેમણે દરેક વરસનાં જાન્યુઆરી, ફેબ્રુઆરી, જુલાઈ અને ઓગસ્ટ માસમાં તબિયત સાચવવી કારણ કે તે મહિનાઓમાં તેમની તબિયત બગડવાનો ભય છે. આરોગ્યમાં થતાં ફેરફારોની દષ્ટિએ તેમના જીવનનાં ૧૬ માં, ૨૫ માં, ૩૪માં, ૪૩ માં, ૫૨ માં, ૬૧ માં, ૭૦ માં અને ૭૭ માં વરસો અગત્યનાં છે. તેથી તે વરસોમાં તેમણે તબિયત સાચવવી જરૂરી છે.

મૂળાંક–૮ આ અંકવાળા લોકો એટલે કે કોઈ પણ માસની ૮ મી, ૧૭ મી અને ૨૬ મી તારીખે જન્મેલા લોકોને યકૃત, પિત્તાશય, પિત્ત, આંતરડાં અને ઉત્સર્ગના અવયવોને લગતા રોગો બીજા લોકોને થાય છે તેના કરતાં વધારે થાય છે. તેમને માથાનો દુખાવો, લોહી બગાડના રોગો તથા સંધિવા થાય છે. જો તેઓ માંસાહારી હોય તો તેમણે શકય તેટલો માંસાહાર ઓછો કરવો અને ફળફળાદિ તથા શાકભાજી ખોરાકમાં વધારે પ્રમાણમાં લેવાં.

તેમણે કોઈ પણ સાલના ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી અને જુલાઈ મહિનાઓ આરોગ્યની દષ્ટિએ સાચવી લેવા. તેમના જીવનના ૧૭ મા, ૨૬ મા, ૩૫ મા, ૪૪ મા, ૫૩ મા, ૬૨ અને ૭૧ મા વરસોએ તદુંરસ્તીમાં સારા કે ખરાબ ફેરફારો થાય છે.

મૂળાંક–૯ આ અંકવાળા એટલે કે કોઈ પણ માસની ૯ મી, ૧૮ મી, અને ૨૭ મી તારીખોએ જન્મેલા લોકોને બાળપણમાં જુદા જુદા પ્રકારના તાવ, ઓરી, અછબડા, શીતળા તથા લોહી વિકારનાં દર્દો થવા સંભવ છે. યુવાવસ્થામાં તેમને માથાનો દુઃખાવો, દાંતનાં દર્દો, તાણ, વાઈ, કિડની તથા ગુપ્ત અંગોના રોગો થવાની શકયતા થાય છે. વૃધ્ધાવસ્થામાં તેમને ચક્કર આવવા, એપોલેકેસી (મગજની નસ તૂટી-ફાટી જવાનો રોગ) હોજરી તથા આંતરડાનાં રોગો બીજાઓના કરતાં પ્રમાણમાં વધારે થાય છે. તેમણે પૂરતો આરામ તથા ઊંઘ લેવી જોઈએ, તેમના ગુસ્સાને કાબૂમાં રાખવો જોઈએ, સાદો ખોરાક લેવો જોઇએ અને માદક અને કેફી પદાર્થો અને પીણાંથી દૂર રહેવું જોઇએ.

તેમણે દરેક વર્ષ એપ્રિલ, મે, ઓકટોબર તથા નવેમ્બર મહિનાઓમાં પરિશ્રમ ઓછો કરવો જોઇએ તેમનું સ્વાસ્થ્ય સાચવવું જોઇએ કારણ કે આ માસ દરમ્યાન તેમની તબિયત બગડવા બગડવા સંભવ છે. તેનના જીવનના ૧૮ મા, ૨૭ મા, ૩૬ મા, ૪૫ મા, ૫૪ મા, ૬૩ મા અને ૭૨ માં વર્ષોએ તબિયતમાં સારોનરસો ફેરફાર થવાની શકયતા છે. તેથી તે વર્ષોએ તેમણે તબિયત સાચવવી જરૂરી છે.

# પ્રકરણ ૩૦મું

## ભાગ્યપ્રવાહ અને ભાગ્યચક્રો

મનુષ્યના જીવન દરમ્યાન સારામાં સારા નસીબના દિવસો આવે છે અને ખરાબમાં ખરાબ નસીબના દિવસો પણ આવે છે. કોઈ સમય એવો આવે છે કે મનુષ્યને તે સમય ઘણો જ ભાગ્યશાળી અને સુખસમૃદ્ધિવાળો લાગે છે, અને વળી પાછો તે કમનસીબોની ખાઈમાં છેક નીચે સુધી તે ગબડી પડે છે. સારા સમયમાં તેનું બધું જ ધાર્યું થાય છે, જ્યારે ખરાબ સમયમાં તેના પાસા સવળા પડવાને બદલે અવળા પડે છે. એક સરખી સ્થિતિ ભાગ્યેજ કોઈની જતી હશે. માટે ભાગે તો એક સરખા દિવસો કોઈના જ જતા નથી. દરેક વ્યક્તિ અને રાષ્ટ્ર માટે ભાગ્યપ્રવાહ અને ભાગ્યચક્રો હોય છે જ. આ ભાગ્યપ્રવાહ મનુષ્ય કે રાષ્ટ્રની જન્મથી જ થાય છે. આ ભાગ્યચક્રો બે પ્રકારનાં હોય છે. પહેલા પ્રકારનાં ભાગ્યચક્રો બધા જ માણસોને એક સરખી રીતે રીતે લાગુ પડે છે. તેથી તે ચક્રોને સાર્વજનિક ચક્રો (Universal Cycles) કહેવામાં આવે છે. આ ચક્રોમાં જીવનને લગભગ ૨૭ વર્ષના ત્રણ કે ચાર વિભાગોમાં વહેંચી દેવામાં આવે છે. મનુષ્ય વધારે જીવે તોપણ ૮૧મા કે ૧૦૮મા વર્ષ પછીનું તેનું જીવન બનાવોની દૃષ્ટિએ અગત્યનું હોતું નથી. આ સાર્વજનિક ચક્રોની માહિતી નીચે પ્રમાણે

૧. પ્રથમ સાર્વજનિક ચક્ર જન્મથી તે ૨૭મા વર્ષ

સુધી ચાલે છે. આ ગાળા દરમ્યાન વ્યક્તિ તેના જન્મ-માસાંકની અસર નીચે રહે છે.

૨. બીજું સાર્વજનિક ચક્ર ૨૮મા વર્ષથી ૫૪મા વર્ષ સુધી ચાલે છે અને આ ચક્ર દરમ્યાન વ્યક્તિ તેના જન્માંકની અસર નીચે આવે છે.

૩. ત્રીજું સાર્વજનિક ચક્ર ૫૫મા વર્ષથી તેના ૮૧મા વર્ષ સુધી ચાલે છે અને આ સમય દરમ્યાન વ્યક્તિ તેના જન્મવર્ષાંકની અસર તળે વધારે પ્રમાણમાં રહે છે.

૪. ચોથું અને છેલ્લું સાર્વજનિક ચક્ર ૮૧મા વર્ષથી જીવનના અંત સુધી ચાલે છે. અને આ સમય દરમ્યાન તે તેના પૂર્ણ જન્માંક કે જીવનપથની અસર તળે રહે છે. કેટલાક આ અંકને ભાગ્યાંક પણ કહે છે.

ઉપરોક્ત સાર્વજનિક ચક્રો ઉપરાંત બીજાં મહાચક્રો પણ હોય છે. આ ચક્રો વ્યક્તિના જન્મવર્ષ ઉપર આધાર રાખે છે અને તે વધારે પ્રમાણમાં વ્યક્તિને અંગત રીતે સ્પર્શે છે. આ ચક્રો માટે તમે પ્રકરણ ૧૯મું કે જે "જન્મવર્ષ, જન્મવર્ષાંક અને યાદગાર વર્ષો" ઉપર લખાયેલું છે તેને ફરીથી ધ્યાનથી વાંચી જશો. આ મહાચક્રોને અંગ્રેજીમાં grand cycles પણ કહે છે, ઉદાહરણ તરીકે લેખક પોતે પોતાનાં સાર્વજનિક અને મહાચક્રો નીચે પ્રમાણે ગણી બતાવે છે તેમની જન્મતારીખ ૧૧-૫-૧૯૨૨ છે. તેમનો જન્માંક ૧૧ અથવા ૧+૧=૨, તેમનો જન્મ-માસાંક ૫ અને જન્મવર્ષાંક (૧+૯+૨+૨)=૧૪ થાય છે,

તેમનો પૂર્ણ જન્માંક કે જન્મપથ (૧+૧+૫+૧+૯+૨+૨=૨૧=૩) ૨૧ કે ૩ થાય છે, મહાચક્રોની અસર નીચેના અંકો માટે મનોબળાંક, વ્યક્તિત્વાંક અને નામાંક કે ભાગ્યાંકની જરૂર પડે છે, આ અંકો બનાવવા માટે વ્યક્તિ જે પ્રમાણે સહી કરતી હોય તેના અક્ષરો લેવાના હોય છે લેખકે અત્યાર સુધી ફક્ત R. P. Patel એમ ટૂંકી સહી કરેલી છે. જો કોઇએ સહીમાં ફેરફાર કર્યો હોય તો તે પ્રમાણે તે અંકો લેવાના છે. આ અંકો કેમ બનાવવા તે માટે વાચકો ફરીથી પ્રકરણ ૧૨મું ધ્યાનથી વાંચી જશે.

મનોબળાંક ૧ ૫ = ૬

R. P. PATEL

વ્યક્તિત્વાંક ૨ ૮ ૮ ૪ ૩ = ૨૫

ભાગ્યાંક = મનોબળાંક + વ્યક્તિત્વાંક = ૬+૨૫=૩૧

હવે નીચે લેખકનાં સાર્વજનિક ચક્રો અને મહાચક્રો આપ્યાં છે.

**સાર્વજનિક ચક્રો**

જન્મવર્ષ ૧૯૨૨
આ પ્રથમ ૨૭ વર્ષ સા.
ચક્ર જન્મમાસાંક '૫'ની
અસર નીચે હતું ૧૯૨૨
બીજા સા. ચક્રની + ૨૭
શરૂઆત આ બીજા ———
૨૭ વર્ષ જન્માંક ૧૯૪૯

**મહાચક્રો**

જન્મવર્ષ ૧૯૨૨
પ્રથમ મહા ચક્ર
૧+૯+૨+૨ = ૧૪
વર્ષનું જન્મવર્ષાંક +૧૪
———
નવા મહાચક્રનો ૧૯૩૬
આરંભ

| | |
|---|---|
| '૧૧'ની પ્રબળ | બીજું મહાચક્ર |
| અસર નીચે હતાં + ૨૭ | ૧+૯+૩+૬ =૧૯ |
| પરિવર્તનનું વર્ષ —— | વર્ષ સુધી ચાલે છે. |
| ત્રીજું સા. ચક્ર ૧૯૭૬ | વર્ષાંક +૧૯ |
| ૨૭ વર્ષનું હશે | —— |
| અને વર્ષાંક ૧૪ની | નવા મહાચક્રનો ૧૯૫૫ આરંભ |
| પ્રબળ અસર નીચે | ત્રીજું મહાચક્ર |
| હોવું જોઈએ. + ૨૭ | ૧+૯+૫+૫ =૨૦ |
| પરિવર્તનનું વર્ષ —— | વર્ષ ચાલશે. |
| ચોથું સા. ચક્ર ૨૦૦૩ | વર્ષાંક =૨૦ |
| જીવનના અંત સુધી | —— |
| અને તે જીવન ૫ | નવા મહાચક્રનો ૧૯૭૫ આરંભ |
| '૨૧' અને ૩ની | ચોથું મહાચક્ર |
| અસર નીચે હશે. | ૧+૯+૭+૫ =૨૨ |

વર્ષ સુધી ચાલશે. +૨૨

——

નવા મહાચક્રનો ૧૯૮૭ આરંભ

પાંચમું મહાચક્ર

૧+૯+૮+૭ =૨૫

વર્ષ સુધી ચાલશે. +૨૫

——

નવા મહાચક્રનો ૨૦૧૨ આરંભ

સાર્વજનિક ચક્રો Universal cycles કરતાં મહાચક્રો grand cycles મોટે ભાગે નાનાં હોય છે અને તેથી દરેક સાર્વજનિક ચક્રમાં બે મહાચક્રો આવે છે. મહાચક્રો કયા કયા અંકોની અસર નીચે આવે છે. તે નીચે ગણી બતાવ્યું છે. આ અંકોની વિગતો નિરર્થક લંબાણની દૃષ્ટિએ ફરીથી આપવામાં આવી નથી. સંબંધિત અંકોની વિગતો વાચકોને પ્રકરણ ૩ થી ૧૧માંથી વાંચી લેવા વિનંતી કરવામાં આવે છે.

પ્રથમ સાર્વજનિક ચક્ર ૧૯૨૨ થી ૧૯૪૯ સુધી ચાલે છે. તેમાં બે મહાચક્રો આવે છે. પ્રથમ મહાચક્ર ૧૪ વર્ષનું ૧૯૨૨થી ૧૯૩૪ સુધી અને બીજું મહાચક્ર ૧૯૩૪થી ૧૯૫૫ સુધીનું છે. પ્રથમ સાર્વજનિક ચક્ર અંક '૫' ની પ્રબળ અસર નીચે છે. લેખકનો જન્મ ૧૧મી મે હોવાથી તેમના જન્મવિભાગનો અંક ૬ છે અને તે શુક્રના ગ્રહનો પ્રતીક છે.

(૧) પ્રથમ મહાચક્રમાં નીચેના અંકોની અસર પ્રબળ હતું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | પ્રથમ મહાચક્રનાં | | ૧૪ વર્ષ+માસાંક | ૫ | =૫ |
| (૨) | ,, | ,, | ૧૪ વર્ષ+જન્મવિભાંગ | ૬ | =૨૦ |
| (૩) | ,, | ,, | ૧૪ વર્ષ+મનોબળાંક | ૬ | =૨૦ |
| (૪) | ,, | ,, | ૧૪ વર્ષ+વ્યક્તિત્વાંક | ૨૫ | =૩૯ |
| (૫) | ,, | ,, | ૧૪ વર્ષ+ભાગ્યાંક | ૩૧ | ૪૫– |

મનોબળાંકથી બનતો અંક "૨૦" આ મહાચક્ર દરમ્યાન લેખકના માનસિક અનુભવો માટે અને વ્યક્તિત્વાંકથી બનતો અંક ૩૯, લેખકે બીજાઓ ઉપર કેવી છાપ પાડી તેને માટે છે. અંક, ૫, ૨૦ અને ૪૫ તેમના સામાન્ય અને સમગ્ર અનુભવ માટેના છે.

(૨) બીજુ મહાચક્ર ૧૯ વર્ષનું છે અને તે નીચેના અંકોની અસર નીચે પ્રબળ બન્યું હતુ.

(૧) બીજા મહાચક્રનાં ૧૯ વર્ષ+માસાંક ૫ =૨૪
(૧૯૪૯ સુધી જ)

(૨) ,, ૧૯ વર્ષ+જન્માંક ૧૧ =૩૦
(૧૯૪૯થી ૧૯૫૫ સુધી)

(૩) ,, ૧૯ વર્ષ+જન્મવિભાંક ૬ =૨૫

(૪) ,, ૧૯ વર્ષ+મનોબળાંક ૬ =૨૫

(૫) ,, ૧૯ વર્ષ+વ્યક્તિત્વાંક ૨૫=૪૪

(૬) ,, ૧૯ વર્ષ+ભાગ્યાંક ૩૧ =૬૦

અંક ૨૪ની અસર પ્રથમ સાર્વજનિક ચક્રના અંત એટલે કે ૧૯૪૯ના અંત સુધી ત્યાર પછી ૧૯૪૯ થી ૧૯૫૫ સુધી ગણવી.

બીજા સાર્વજનિક ચક્રમાં બીજા મહાચક્રનો થોડા ભાગ, ત્રીજા મહાચક્રનો પૂર્ણ ભાગ અને ચોથા મહાચક્રનું ૧ વર્ષ આવે છે. હવે બીજા મહાચક્રના પ્રબળ અંકો વિષે જોઈશું.

(૩) ત્રીજા મહાચક્રનાં કુલ ૨૦ વર્ષ છે. અને તેનાં પ્રબળ અંકો નીચે પ્રમાણે છે. તેની અસર ૧૯૫૫ થી ૧૯૭૫ સુધી છે.

(૧) ત્રીજા મહાચક્રનાં ૨૦ વર્ષ+જન્માંક ૧૧ =૩૧

(૨) ,, ,, ૨૦ વર્ષ+જન્મવિભાગાંક ૬ =૨૬

(૩) ,, ,, ૨૦ વર્ષ+મનોબળાંક ૬ =૨૬

(૪) ,, ,, ૨૦ વર્ષ+વ્યક્તિત્વાંક ૨૫ =૪૫

(૫) ,, ,, ૨૦ વર્ષ+ભાગ્યાંક ૩૧ =૫૧

અંક ૨૬ માનસિક અસર માટે અને અં ૪૫ બીજા લોકો ઉપર પડતી છાપ કે અસર માટે છે. બાકીના અંકો ૩૧ અને ૫૧ સર્વસામાન્ય અનુભવ માટે છે.

(૪) ચોથું મહાચક્ર ૧૯૭૫થી ૧૯૮૭ સુધી ચાલે છે. અને તેના પ્રબળ અંકો નીચે પ્રમાણે છે. પ્રથમ અંક ફક્ત ૧૯૭૬ના વર્ષ માટે જ છે. કારણકે બીજા સાર્વજનિક ચક્રની અંદર આવે છે, જ્યારે બાકીના અંકો ૧૯૮૭ના વર્ષ સુધીની અસર બતાવનારા છે.

(૧) ચોથા મહાચક્રનાં ૨૨વર્ષ+જન્માંક ૧૧ =૩૩

(૨) ,, ,, ૨૨ વર્ષ+જન્મવર્ષાંક ૧૪ =૩૬

(૩) ,, ,, ૨૨ વર્ષ+જન્મવિભાગાંક ૬ =૨૦

(૪) ,, ,, ૨૨ વર્ષ+મનોબળાંક ૬ =૨૮

(૫) „ „ ૨૨ વર્ષ+વ્યક્તિત્વાંક ૨૫ =૪૭
(૬) „ „ ૨૨ વર્ષ+ભાગ્યાંક ૩૧ =૫૩

આ પ્રમાણે વાચકો તેમનાં પોતાનાં મહાચક્રો grand cycles અને તેમના પ્રબળ અંકો પોતાની જાતે શોધી શકશે.

એક બીજી રીત પ્રમાણે જન્મપથના અંક ઉપરથી ભાગ્યચક્રો અને અગત્યનાં વારસો નક્કી કરવામાં આવે છે. લેખકનો જન્મપથ ૨૧ છે. અને તે પ્રમાણે તેમનાં અગત્યનાં વર્ષો ૨૧, ૪૨, ૬૪ અને ૮૪ હોઈ શકે છે.

ત્રીજી પધ્ધતિ પ્રમાણે અંગ્રેજીમાં પૂરું નામ લખાતાં કુલ કેટલા અક્ષરો બને છે તે ગણવાના હોય છે. લેખકનું પૂરું નામ RANCHHODBHAI PUNMBHAI PATE છે. અને તેમાં કુલ ૨૬ અક્ષરો છે. તેથી ૨૬ અને તેના ગુણકો એટલે કે ૨૬, ૫૨ અને ૭૮ અગત્યનાં વર્ષો છે અગત્યનાં વર્ષો એટલે સારાં વર્ષો એવું નથી, તે વર્ષો કટોકટીનાં કે માંદગીનાં પણ હોઈ શકે છે. પ્રથમ પધ્ધતિ જેવી બીજી અને ત્રીજી પધ્ધતિ ફળદાયી કે અસરકારક લાગતી નથી. પ્રથમ પધ્ધતિ પ્રમાણે મારાં અગત્યનાં વરસો નીચે પ્રમાણે હતાં.

(૧) ૧૯૩૬ માં મને વ્યાયામના પ્રયોગો કરવા માટે ઈનામ મળ્યું હતું.

(૨) ૧૯૪૯ માં બી. ટી. ની પરીક્ષા પાસ કરી હતી

અને કાયમને માટે શિક્ષકનો ધંધો સ્વીકારી લીધો હતો.

(૪) ૧૯૫૫ માં એક શાળામાંથી ફરજિયાત રાજીનામું આપીને છૂટા થવું પડયું હતું. આ વર્ષ લાભદાયક ન હતું પણ કટોકટીનું હતું.

૧૯૭૫, ૧૯૭૬ અને ૧૯૮૭નાં વર્ષો પણ અગત્યનાં કે કટોકટીનાં હશે.

ગુજરાતી ભાષામાં આ પ્રકારનું પ્રથમ જ પુસ્તક છે, ઉત્સાહી વાચકો આ વિષય ઉપરનાં પશ્ચિમના લેખકોનાં અંગ્રેજીમાં લખેલાં તથા હિન્દી લેખકોનાં હિન્દી પુસ્તકો વાંચશે અને તેમનો અભ્યાસ આગળ વધારશે તેવી આશા રાખું તો તે વધારે પડતી નથી. આ વિષય ઘણો જ વિશાળ છે, તેમાંથી મેં તો ફક્ત થોડો, અગત્યનો અને પ્રચલિત ભાગ જ આ પુસ્તકમાં સમાવિષ્ટ કર્યો છે. આ શાસ્ત્ર ગુજરાતી ભાષામાં સારી રીતે વિકસે અને તેનો અભ્યાસ પણ વધે એ આશા સાથે વિરમું છું.

---

# જ્યોતિષશાસ્ત્રના પુસ્તકો

૨–૫૦ રાશિફળ દર્શન
૨–૦૦ સરી જતું ભાવી
૨–૦૦ લઘુ પારાશરી
૩–૦૦ તત્વજ્ઞાન
૩–૦૦ ઘરઘરનો જોષી
૫–૦૦ કુંડળી રહસ્ય
૫–૦૦ જ્યોતિષ પરિચય
૬–૦૦ જ્યોતિષ વિદ્યાશિક્ષક
૬–૦૦ બાળબોધ જ્યોતિષસાર
૩–૦૦ સરળફળ જ્યોતિષ
૫–૦૦ જ્યોતિષ માર્ગદર્શન
૧૦–૦૦ તાજિક નિલકંઠી
૧૦–૦૦ સંહિતા જ્યોતિષ ફળ દર્પણ
૨–૦૦ પ્રશ્નેશ્વર
૦–૫૦ સંતાનદિપિકા
૦–૫૦ ગૌરીજાતક
૦–૫૦ ભાવ ફલા ધ્યાય

# હસ્ત સામુદ્રીક

૩–૫૦ હસ્ત પરિક્ષા
૭–૦૦ હસ્તરેખા દર્શન
૦–૫૦ સામુદ્રીક ગ્રંથ

# મંત્રવિદ્યાના મુલ્યવાન પુસ્તકો


૨-૦૦ શ્રી ગણપતિ ઉપાસના
૨-૫૦ શ્રી ભૈરવ ઉપાસના
૨-૫૦ શ્રી દુર્ગા ઉપાસના
૨-૫૦ શ્રી કાલી ઉપાસના
૨-૫૦ મંત્રતંત્ર ઉપાસના દર્શન
૧-૫૦ મંત્રદિપક
૬-૦૦ હનુમાન ઉપાસના
૩-૦૦ શ્રી લલિતા સહસ્ત્ર નામ ગુ. ટી.
૧૨-૦૦ દેવી ઉપાસના
૧૫-૦૦ ભારતે ભગવાન
૧૨-૦૦ મંત્રવિદ્યા રહસ્ય
૧૫-૦૦ સચિત્ર ત્રિકાળજ્ઞાન દર્શન વિદ્યા ભા. ૧-૨
૫-૦૦ જાદુકળા સંગ્રહ
૪-૦૦ આર્ય ઈન્દ્રજાળ
૨-૫૦ દત્તાત્રય તંત્ર
૧-૫૦ ઉડ્ડીશ તંત્ર
૧-૫૦ સિદ્ધશંકર તંત્ર
૧-૫૦ ગુપ્તસાધન તંત્ર
૨-૦૦ વશીકરણ વિદ્યા
૨-૦૦ મેસ્મેરિઝમ
૪-૦૦ ૐકાર ઉપાસના
૫-૦૦ સોહંમ ઉપાસના
૧૨-૦૦ ગાયત્રી ઉપાસના ભા. ૧—૨—૩
૨-૦૦ જેબી ગુપ્ત વિદ્યા

# વાંચવા લાયક ઉત્તમ પુસ્તકો

૬-૦૦ સ્વર વિજ્ઞાન
૧૨-૦૦ સરળયોગ શિક્ષા ભા. ૧—૨—૩
૪-૦૦ વૈરાગ્ય ચિંતામણી
૫-૦૦ વ્યવહાર નીતિદર્પણ
૫-૦૦ સુબોધક દૃષ્ટાંતમાળા
૭-૦૦ ચમત્કારિક દૃષ્ટાંત સાગર
૮-૦૦ નવનાથ કથા સાગર
૫-૦૦ સૃષ્ટિનું જ્ઞાન
૩-૫૦ ડાકોર માહાત્મય
૩-૫૦ દત્તાખ્યાન
૧૨-૦૦ વિશ્વકર્મા પુરાણ સચિત્ર વાર્તામાં
૨-૦૦ સોરઠી સંતો
૨-૦૦ સૌરાષ્ટ્રના સંત ભક્તો
૫-૦૦ નવદંપતિને શીખામણ
૬-૦૦ સારી સંતતિ
૬-૦૦ આધુનિક કામશાસ્ત્ર
૫-૦૦ દાંપત્યસુખનું શાસ્ત્ર
૧૨-૦૦ મહાભારત સચિત્ર વાર્તામાં
૬-૦૦ નૂતન પાકશાસ્ત્ર
૬-૦૦ નૂતન હુન્નર સાગર